# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.
અસ્તુ!


**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

## સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social Work - BSW)
## BSW – 304 ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન (Field Work & Report Writing-III)


**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| **પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય** | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**સહ-સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| **શ્રી આશિષ વસાવા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. જયેશ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. શિલ્પા રાજ્યગુરુ** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **શ્રી કરણસિંહ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા* |
| **પ્રો.(ડૉ.) ભાવના મહેતા** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| **ડૉ.વિપિનભાઈ મકવાણા** | *ફિલ્ડ વર્ક ઓફિસર, સમાજકાર્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| **ડૉ. રઘાભાઈ બારૈયા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, એકલવ્ય કોલેજ ઓફ સોશિયલ વર્ક, તા.જેતપુર પાવી; જી. છોટા ઉદેપુર* |
| **શ્રી કરણસિંહ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. શીતલબેન હિરસકર** | *એકેડેમિક કાઉન્સેલર, અધ્યાપન* (MSW) *ફિલ્ડવર્ક સુપરવાઈઝર, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી* (IGNOU), *સરખેજ - ગાંધીનગર હાઈવે રોડ, અમદાવાદ* |
| **ડૉ.વિનોદભાઈ સોનવણે** | *એસોસિયેટ પ્રોફેસર અને/ઝ પ્રિન્સીપાલ, બાલહંસ કોલેજ ઓફ સોશિયલ વર્ક, થવા, ભરૂચ* |

ભાષા પરામર્શન (**Language Review**)

**ડૉ. અજયભાઈ રાવલ** *એસોસિએટ પ્રોફેસર, ઉમિયા આર્ટ્સ કોલેજ, અમદાવાદ*

પ્રકાશક (**Publisher**)

**કુલસચિવ** *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-972-7

978-93-5598-972-7

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**BSWR-304**

## ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્યના આ પાઠ્યક્રમના પ્રથમ વિભાગ (ક્ષેત્રકાર્ય અને અહેવાલલેખન)માં એકમ – 1 થી 6નો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં સમાજકાર્યની દ્રષ્ટિએ ક્ષેત્રકાર્યની વિભાવાના અને શહેરી ક્ષેત્રકાર્યનું મહત્વ જેમાં ક્ષેત્રકાર્ય એ એક પ્રકારનું માનવ સંસાધન વ્યવસ્થાપન છે જે સમાજના વિવિધ મથકોમાં અથવા ક્ષેત્રોમાં અમલમાં આવે છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનો અર્થ એ છે કે તે એ વિસ્તારોમાં થતી ક્રિયાઓ, પ્રવૃત્તિઓ અને સેવાઓને સમાપ્ત કરે છે જ્યાં સામાજિક સમસ્યાઓનો નિરાકરણ લાવવો હોય છે. આ પ્રકારનું કાર્ય સ્થાનિક, ગૃહ, શહેરી અથવા ગામવાસીઓના પરિસ્થિતિઓની સમજૂતી પર આધારિત હોય છે. શહેરી ક્ષેત્રમાં, જે મોટા શહેરોમાં હોય છે, લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓ વિવિધ અને જટિલ હોય છે. આ જગ્યાઓમાં નગર વિકાસ, શૈક્ષણિક સંસાધનો, આરોગ્ય સેવાઓ, વસવાટ અને નોકરીઓની મુશ્કેલીઓ, તેમજ સાંસ્કૃતિક અને સામાજિક સમસ્યાઓનો સમાવેશ થાય છે. સમાજકાર્યના દ્રષ્ટિકોણથી, ક્ષેત્રકાર્ય માટે ચોક્કસ મિશન અને દૃષ્ટિ એ મહત્વપૂર્ણ છે. તે કાર્યકર્તાઓને લોકોના અસ્તિત્વની મર્યાદા અને જરૂરિયાતોને ઓળખવામાં મદદ કરે છે. આ કાર્યની દૃષ્ટિ એ છે કે લોકો માટે સર્વાંગીણ વિકાસ થાય અને તેમની સ્થિતિમાં સુધારો થાય. એકમ-બેમાં શહેરી સમુદાયનો અર્થ, પ્રકાર અને સમસ્યાઓ હેઠળ વાત કરીએ તો પ્રસ્તુત પ્રકરણમાં શહેરી સમુદાય એ તે લોકોનું સમૂહ છે, જે શહેરોમાં રહે છે અને જે કોઈ નગર અથવા શહેરની મર્યાદામાં સામૂહિક રીતે રહેતા હોય છે. આ સમુદાયમાં પ્રધાનત્વે નગર કે શહેરની શહેરીયાઓ, ત્યાંના નાગરિકો, વેપારી, કાર્યકર્તા, વેપાર મકાનધારી, વ્યાવસાયિકો, કાર્યકર્તાઓ વગેરેનો સમાવેશ થાય છે. શહેરી સમુદાયમાં રહેનારા લોકોના જીવનમાં આધુનિક સુવિધાઓ, સુવિધાઓ અને આધુનિક વ્યવસાયોનાં માળખા માટે અનુકૂળ પરિસ્થિતિઓ હોય છે. એકમ-ત્રણમાં જોઈએ તો તેના ટાઈટલ અનુસાર ક્ષેત્રકાર્યની કુશળતાઓ અને કાર્યકરની ભૂમિકાઓઅંગેની ચોક્કસ સ્પષ્ટતા કરવામાં આવી છે.એકમ ચારમાં ક્ષેત્રકાર્યની પદ્ધતિઓ અને ક્ષેત્રકાર્ય માર્ગદર્શિકા આ અનુસાર જોઈએ તો માજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ એવી પદ્ધતિઓનો સમૂહ છે જેના દ્વારા સામાજિક સેવા કાર્યને જમીન પર અમલમાં લાવવામાં આવે છે. ક્ષેત્રકાર્ય એ વિશિષ્ટ જાતની કામગીરી છે જે જનતા અને સમાજના વિવિધ વર્ગોના સપોર્ટ અને મદદ માટે નમ્ર અને વિવિધ રીતોમાં કરવામાં આવે છે. આ પદ્ધતિઓને જરૂરી સાધનો અને સંસાધનો સાથે કાર્યક્ષમ બનાવવું મહત્વપૂર્ણ છે, જેથી તે લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ કરી શકે. કમ્યુનિટી પાથફાઇન્ડિંગ પદ્ધતિ, વિશ્વસનીય પદ્ધતિ, પ્રતિસાદી પદ્ધતિ, પ્રક્રિયા-કેળવણી પદ્ધતિવગેરે નો આભ્યાસ અને એ અંગેની માર્ગદર્શિકા જોવા મળે છે.એકમ પાંચ જેમાં શહેરીકરણ અને તેની સમાજ પર અસરનું નિરીક્ષણ માં શહેરીકરણ એટલે શું?અને તેની સમાજ પર કેવા પ્રકારની અસરો જોવા મળે છે. જયારે છઠા પ્રકરણમાં શહેરી ક્ષેત્રકાર્યનું અહેવાલ લેખનજેમાં શહેરી સમુદાય અંગે સંશોધન કરીને અહેવાલ અંગેની બાબતો છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSWR-SEM-3**
**BSWR – 304 : ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન**


| | | | |
|---|---|---|---|
| 1. | **એકમ - 1** | **સમાજકાર્યની દ્રષ્ટિએ ક્ષેત્રકાર્યની વિભાવાના અને શહેરી ક્ષેત્રકાર્યનું મહત્વ** | **01** |
| 2. | **એકમ - 2** | **શહેરી સમુદાયનો અર્થ, પ્રકાર અને સમસ્યાઓ** | **19** |
| 3. | **એકમ -3** | **ક્ષેત્રકાર્યની કુશળતાઓ અને કાર્યકરની ભૂમિકાઓ** | **37** |
| 4. | **એકમ - 4** | **ક્ષેત્રકાર્યની પદ્ધતિઓ અને ક્ષેત્રકાર્ય માર્ગદર્શિકા** | **47** |
| 5. | **એકમ - 5** | **શહેરીકરણ અને તેની સમાજ પર અસરનું નિરીક્ષણ** | **73** |
| 6. | **એકમ - 6** | **શહેરી ક્ષેત્રકાર્યનું અહેવાલ લેખન** | **85** |

# એકમ ૧

# સમાજકાર્યની દ્રષ્ટિએ ક્ષેત્રકાર્યની વિભાવના અને શહેરી ક્ષેત્રકાર્યનું મહત્ત્વ

**રૂપરેખા**


**1.0 ઉદ્દેશ્ય**

**1.1 પ્રસ્તાવના**

**1.2 શહેરી સમુદાયની વિભાવના**

**1.3 શહેરી સમુદાયનું વહીવટી માળખું**

**1.4 ઉપસંહાર**

**1.5 તમારી પ્રગતિ ચકાસો**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 સંદર્ભસૂચિ**


## 1.1 એકમના હેતુ :

આ એકમમાં સમાજકાર્ય શિક્ષણમાં શહેરી ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓની અને અહેવાલ લેખનની ચર્ચા કરી છે. આ એકમનો અભ્યાસ અને પ્રત્યક્ષકાર્ય કર્યા બાદ તમે – સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓની જાણકારી અને ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર થશો. સમાજકાર્ય અભ્યાસમાં ક્ષેત્રકાર્ય ગોઠવણ, ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ, ક્ષેત્રકાર્યમાં સુપરવિઝન, ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખન, ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન અને ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં કરવાની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી અને સમજ આપવામાં આવી છે. જેના આધારે વિદ્યાર્થીઓને નીચેની બાબતો શીખવા મળશે અથવા વિદ્યાર્થીમાં બદલાવ આવશે. જેને આપણે નીચે પ્રમાણેના આ વિભાગના હેતુઓ તરીકે ઓળખીશું.

(1) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની સમજ આપવી.

(2) વિદ્યાર્થીને શહેરી ક્ષેત્રમાં કાર્ય કરવાની પદ્ધતિઓની અને કુશળતાની તાલીમ આપવી.

(3) વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય દરમિયાન સુપરવિઝનનો ઉપયોગ કરવાની વ્યાવસાયિક કુશળતાનો વિકાસ કરવો. હેતુઓ, કાર્યો અને પધ્ધતિઓની સમજ મળશે.

(4) વિદ્યાર્થીને શહેરી ક્ષેત્રકાર્ય કરીને વિસ્તારના લોકો વચ્ચે સમાયોજન સાધતા, શીખવાની પ્રક્રિયા ગોઠવી, વલણમાં સંવેદનશીલતા લાવવી.

(5) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન દ્વારા મૌલિકતાનો અને વિચારધારાનો વિકાસ કરવો.

(6) આપવામાં આવેલ શહેરી ક્ષેત્રકાર્યના મુદ્દાઓ વૈજ્ઞાનિક ઢબે કામગીરી કરવાની કુશળતાઓનો વિકાસ કરવો.

(7) વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય આયોજન સ્વતંત્ર રીતે કરવાની પહેલવૃત્તિ અને વલણને વિકસાવવું.

(8) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનની પધ્ધતિઓ અને માળખાની સમજ મળશે.

(9) શહેરી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય સમયે ધ્યાનમાં રાખવાની બાબતો સહિત ક્ષેત્રકાર્યની સૂચનાઓની જાણકારી મળશે.

## 1.2 પ્રસ્તાવના :

સમાજકાર્ય શિક્ષણના અભ્યાસમાં ક્ષેત્રકાર્યનું મહત્ત્વ રહેલું છે. પ્રસ્તુત અભ્યાસ દરેક વિદ્યાર્થીના અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ કેળવવા, સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારનો અભ્યાસ વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરમાં નિર્ણાયક બની રહેશે, પ્રત્યક્ષ અભ્યાસનો અનુભવ મેળવી ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે છે, સમાજકાર્ય પારંગત અભ્યાસક્રમ વ્યાવસાયિક અભિગમ ધરાવે છે. આ વ્યાવસાયિક અભિગમના આધારો વૈજ્ઞાનિક જ્ઞાન, મૂલ્યો, કુશળતાઓ, શિક્ષણ અને તાલીમ, આચારસંહિતા અને સમુદાય દ્વારા સ્વીકાર પર રહેલો છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહાર બંને વ્યવસાયના વિકાસ માટે પરસ્પર આધારિત છે. વ્યવહાર સાથે જોડાયેલા વ્યાવસાયિકોએ સતત પોતાના ક્ષેત્રોમાં નવા જ્ઞાનનું સર્જન કરવું જરૂરી બને છે. તેથી શિક્ષણવિદોએ સમાજકાર્યના અભ્યાસક્રમ વ્યવહાર સાથે જોડાઈ રહે તે માટે શિક્ષણકાર્યમાં ક્ષેત્રકાર્યનું આયોજન સામેલ કર્યું છે.

આ એકમ વિદ્યાર્થીને સમાજકાર્ય શિક્ષણમાં શહેરી ક્ષેત્રકાર્ય મુલાકાતની પ્રયુક્તિઓ અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કરાવે છે. ક્ષેત્રકાર્ય વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે કઇ પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકાય તે બાબતોને ધ્યાને લઈને જાણકારી આપી છે. ક્ષેત્રકાર્ય વિસ્તારની મુલાકાત, નિરિક્ષણ, જૂથ ચર્ચા અને સહભાગી વિસ્તારની ચકાસણીની પ્રાથમિક જાણકારી આપી છે. સમાજકાર્ય પારંગત સ્નાતક અભ્યાસક્રમ અનુસાર સમાજકાર્યનું જ્ઞાન જેવું કે મૂલ્યો, સિધ્ધાંતો, પ્રક્રિયા, ભૂમિકા અને કુશળતાઓનો ઉપયોગ ક્ષેત્રકાર્યમાં કરવાનો હોવાથી તેની જાણકારી આપી છે. ક્ષેત્રકાર્યમાં તમારી શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવનાર વ્યવસ્થા સુપરવિઝનના હેતુઓ, કાર્યો અને પધ્ધતિઓની સમજ આપ વામાં આવી છે. ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવું એ પણ સમાજકાર્ય શિક્ષણનો ભાગ છે. જે તેને વધુ અસરકારક બનાવે છે. આ દસ્તાવેજીકરણમાં દૈનિક કે કલાકો પ્રમાણેનો અહેવાલ લેખન અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખનની સમજ તથા માળખું આપવામાં આવ્યું છે. સત્રના અંતે કરવામાં આવતા ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પધ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ આપવામાં આવી છે. ઉપરાંત, આ એકમમાં વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતાને ધ્યાનમાં રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે. આ માહિતી અને જ્ઞાનનો તમારે ક્ષેત્રકાર્યમાં પ્રત્યક્ષકાર્ય સમયે ઉપયોગ કરવાનો છે.

## 1.3 વ્યાવસાયિક સમાજકાર્ય અને ક્ષેત્રકાર્ય :

વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમ ક્ષેત્રકાર્યને વધારે પ્રાધાન્યતા આપે છે. એટલે કે વર્ગમાં શિક્ષણકાર્ય દરમિયાન શીખેલી બાબતોને માનવીઓની સમસ્યાઓના ઉકેલના પગલાં તરીકે ઉપયોગ કરવો. જેવી રીતે ડોક્ટર, વકીલ વગેરે વ્યવસાયલક્ષી લોકો પોતે સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેક્ટિસ કરીને પોતાનો વ્યાવસાયિક વિકાસ કરે છે. તેવી રીતે વ્યાવસાયિક સમાજકાર્યકર એ દેશ અને કાળ પ્રમાણે લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓના ઉકેલ માટે સતત મથનાર પ્રેક્ટિશ્નર છે. કોઈપણ વ્યાવસાયિકનો ટકવાનો આધાર તેની પ્રેક્ટિસની અસરકારકતા પર રહેલો છે. લોકોને તેમની સમસ્યા નિવારણમાં કેટલા અંશે તે મદદરૂપ બને છે, તેના આધારે અસરકારકતા નક્કી થાય છે. પ્રેક્ટિસને અસરકારક બનાવવામાં ક્ષેત્રકાર્યની અગત્યની ભૂમિકા છે.

વ્યાવસાયિક સમાજકાર્યની પ્રેક્ટિસને અસરકારક બનાવવાના ભાગરૂપે ક્ષેત્રકાર્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વ્યાવસાયિક પ્રેક્ટિસનો આધાર તેના સેવાર્થી પર રહેલો હોય

છે. સેવાર્થી ક્યાંથી આવે છે? કોણ છે? તેની શું જરૂરીયાત છે ? તે કેવા પ્રકારની મદદ ઇચ્છે છે? આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતમાં સમાજકાર્યનું શિક્ષણ આપતી વિશ્વ વિદ્યાલયો મોટાભાગે પ્રથમ સત્ર કે વર્ષમાં વિદ્યાર્થીઓને ગ્રામીણ તેમજ શહેરી ક્ષેત્રકાર્ય સાથે જોડે છે. આપણી યુનિવર્સિટીએ પણ આ નિર્ણયને સ્વીકાર્ય કરીને સમાજકાર્ય પારંગત અભ્યાસમાં ગ્રામીણ તેમજ શહેરી ક્ષેત્રકાર્યની જોગવાઈ કરી છે.

સમાજકાર્ય પારંગત અભ્યાસમાં ક્ષેત્રકાર્ય અંગેની સંપૂર્ણ જાણકારી અને સમજ પ્રાપ્ત થશે. આ સમજ અને જાણકારી આધારે તમારે અભ્યાસ સબંધિત વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરવાનું છે. ક્ષેત્રકાર્ય અસરકારક રીતે કરી શકો તે માટે આ વિભાગમાં ક્ષેત્રકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનથી લઈને કેવી રીતે તમારા ક્ષેત્રકાર્યમાં તેનો અમલ કરશો તેની જાણકારી અને સમજ આપવામાં આવી છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની સૈદ્ધાંતિક સમજ તેમજ ક્ષેત્રકાર્યમાં કઈ પ્રયુક્તિઓ અને કયા સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ કરવો, ક્ષેત્રકાર્યમાં શીખવાની પ્રક્રિયાને અસરકારક બનાવવા કેવું સુપરવિઝન ઉપયોગી બની શકે તેની રીતો, ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્ત્વ અને માળખું, ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનની પદ્ધતિઓ અને ક્ષેત્રકાર્ય સમયે સમાજકાર્યની આચારસંહિતાની સૂચનાઓના પાલનની સમજ અને જાણકારી આપવામાં આવી છે.

ક્ષેત્રકાર્યમાં જઈને તમારે કઈ કામગીરી કરવાની છે, કઈ જાણકારી અને સમજ મેળવવાની છે તેની જાણકારી આપવામાં આવે છે. વિસ્તારની આરોગ્ય, શિક્ષણ, સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, ઔદ્યોગિકરણ, વિકાસ અને કુદરતી સંસાધનોની સ્થિતિ અને સમસ્યાઓને સમજતાં ગામના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થવાનું છે. આ સમસ્યાઓના ઉકેલ માટેના પગલાંઓ આપવા એ તમારી પ્રાથમિક જવાબદારી બને છે. ઉપરાંત ક્ષેત્રકાર્ય વિસ્તારને વિકાસના સંદર્ભમાં ઉપયોગી બની શકે તેવા આંતરિક અને બાહ્ય સંસાધનોની ઓળખ કરવી. ક્ષેત્રકાર્યની કામગીરી કરવાથી તમારામાં મૂલ્યો, વલણ, કુશળતા અને જ્ઞાનનો વિકાસ થશે. જે તમને વ્યાવસાયિક સમાજકાર્યકર બનાવવામાં સહાયક બનશે.

## ૧.૪ : ક્ષેત્રકાર્યની વિભાવના :

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય આપને રોજગારક્ષમ બનાવે છે. વ્યાવસાયિક પ્રેક્ટિસ દરમિયાન તમને આવતા પડકારોમાં દરમિયાનગીરી કરવા સક્ષમ બનાવે છે. સમાજકાર્ય શિક્ષણની શરૂઆત ઍપ્રેન્ટિસના સ્વરૂપમાં અમેરિકામાં (ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી) દાન સંગઠન સમિતિ દ્વારા થઈ હતી. સમાજકાર્ય એક વ્યવસાય તરીકે ક્ષેત્રકાર્ય તાલીમની શરૂઆત ૧૮૯૮થી કરવામાં આવી. દાન સંગઠન સમિતિ દ્વારા સમાજકાર્ય શિક્ષણ માટે નવી ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે તાલીમ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. અહીં તાલીમનું સ્વરૂપ માત્ર વ્યાવહારિક હતું. પાંચ અઠવાડિયાનો વ્યાવહારિક સૈદ્ધાંતિક તાલીમનો આ કાર્યક્રમ નવી ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે હતો. તાલીમની પદ્ધતિ પણ ખૂબ જ સરળ હતી. દા.ત. જુનિયર કાર્યકર દ્વારા કરવામાં આવેલ કાર્યનું નિરીક્ષણ કરવું. આ માટે સૈદ્ધાંતિક જ્ઞાનના કોઈ વર્ગ ચલાવવામાં આવતા ન હતા, કે પછી તેમની કામગીરીની કોઈ ચકાસણી કરવામાં આવતી ન હતી. આ રીતે સમાજકાર્ય શિક્ષણની શરૂઆત વ્યાવહારિક ક્ષેત્ર તાલીમના માધ્યમથી થઈ. સમાજકાર્યમાં વ્યાવહારિક તાલીમ (ક્ષેત્રકાર્ય) શરૂ કરવાનો સંપૂર્ણ શ્રેય મૅરી રીચમંડને જાય છે. તેઓ દાન સંગઠન સમિતિ સાથે જોડાયેલા હતા. સામાજિક વૈયક્તિક સેવાકાર્ય અને સમાજકાર્ય શિક્ષણના ખ્યાલ અને વિચારને વિકસાવવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું.

વર્તમાન સંદર્ભમાં સમાજકાર્યમાં વ્યાવહારિક તાલીમનો વિકાસ થયો છે. જે એક

માત્ર કોઈ એકમ માટેના વ્યક્તિઓ માટે તાલીમનો કાર્યક્રમ ન રહેતા તેના ક્ષેત્રો, તબક્કાઓ, સંસ્થાઓ અને વિસ્તાર એમ અનેક પ્રકારથી તાલીમ આપવામાં આવે છે. આજે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય કાર્યક્રમમાં ગ્રામીણ કે શહેરી ક્ષેત્રકાર્ય. બાળકોના અધિકાર કે મહિલા સશક્તિકરણ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય. બિનસરકારી સંસ્થાઓમાં કે સરકારી વિભાગમાં ક્ષેત્રકાર્ય, પ્રથમ વર્ષનું કે બીજા વર્ષનું ક્ષેત્રકાર્ય વગેરે ભાગોમાં વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો પ્રયાસ થાય છે. જેમાં આપ સમાજકાર્ય પારંગતના શહેરી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે વ્યાવહારિક કે ક્ષેત્રકાર્ય કરવામાં તમને કેટલીક સૈદ્ધાંતિક બાબતો ઉપયોગી થાય છે. તેવો ઉદ્દેશ્યથી સૈદ્ધાંતિક બાબતો અંગેની સમજ સ્પષ્ટ કરવામાં અત્રે પ્રયાસ કરેલ છે. પ્રત્યક્ષ કાર્ય કરશો.

## 1.4.1 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો ખ્યાલ :

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે. જે તમારા માટે એક સામાજિક પ્રયોગશાળા છે. અહીં તમારે સૈદ્ધાંતિક જ્ઞાનની વ્યાવહારિક સ્થિતિમાં ચકાસણી કરવાની છે. જેનાથી તમારી સામાજિક જીવનની કુશળતા વિકાસ પામે છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ સૈદ્ધાંતિક જ્ઞાન દ્વારા કુશળતા અને પદ્ધતિઓને ક્રિયામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. વ્યાવસાયિક શિક્ષણમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન કરતાં વ્યવહારું જ્ઞાનના શિક્ષણની આવશ્યતા વધુ રહેલી છે. ક્ષેત્રકાર્ય એ સમાજકાર્યના અનુભવી કાર્યકરના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ કરવામાં આવતું કાર્ય છે. આ રીતે ક્ષેત્રકાર્ય દ્વિમાર્ગી પ્રક્રિયા છે. ટૂંકમાં કહીએ તો પ્રેક્ટિસ વગર થિયરી જ્ઞાન ખાલી છે અને થિયરી વગર પ્રેક્ટિસ અર્થહીન છે.

ક્ષેત્રકાર્યમાં તાલીમ અને શિક્ષણ બંનેનો સમાવેશ થાય છે. ક્ષેત્રકાર્ય તાલીમ અહીં વલણ અને કુશળતા અભિમુખ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન સમાજકાર્યને અનુકૂળ તમારું વલણ વિકસાવવામાં આવે છે અને વિવિધ કુશળતાઓનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે. તમે વર્ગખંડમાં જે સૈદ્ધાંતિક જ્ઞાન- થિયરી મેળવો છો તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ જ્ઞાનનું દઢીકરણ થાય છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ જ્ઞાનની વિભિન્ન સ્થિતિમાં સર્જનાત્મક, નાવીન્યપૂર્ણ અને ગત્યાત્મક પ્રક્રિયા છે. ક્ષેત્રકાર્યથી વલણોનો બૌદ્ધિક અને સાંવેગિક વિકાસ થાય છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં કાર્ય દરમિયાન થતી ભૂલો નિવારવા માટે માર્ગદર્શન અને સુપરવિઝન જરૂરી છે. જેથી વિદ્યાર્થી અને સેવાર્થીને કોઈ નુકસાન ન થાય. આમ સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય તમને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રત્યક્ષકાર્યના માધ્યમથી વ્યાવહારિક બનાવે છે.

## 1.4.2 સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની વિભાવના

''સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કરી અનુભવ મેળવવો અને માનવીની સમસ્યાઓ સાથે કામગીરી કરવા કુશળતાઓ વિકસીત કરવી.''

''સમાજશાસ્ત્ર શબ્દકોશ અનુસાર ક્ષેત્રકાર્ય એટલે સામાજિક સર્વેક્ષણ અથવા વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતી વસ્તીમાંથી પ્રાથમિક માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા.આ વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી તદ્દન સાચી છે. પરંતુ સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનો અર્થ ભિન્ન છે.''

સમાજકાર્યના વ્યાવસાયિક કાર્યકરો દ્વારા સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

"સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારની સામાજિક સંસ્થા કે એજન્સીમાં વ્યાવહારિક અનુભવ મેળવવો. એ વિદ્યાર્થીઓ જેઓ સામાજિક કાર્યકર બનવા માંગે છે તેમને ધ્યાનમાં લઈને સમજી વિચારીને આ અનુભવ તેમના શિક્ષણ માટે આયોજિત કરવામાં આવે છે."

"ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી અને સામાજિક જીવનની સ્થિતિ વચ્ચેની માર્ગદર્શીત આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે. જેમાં વ્યાવસાયિક સમાજકાર્ય માનવ પર્યાવરણની સંભાવનાઓનો વિકાસ કરી જરૂરિયાતને લક્ષમાં રાખી ઈલાજ, સુધાર અને પરિવર્તન માટે બંધાયેલ છે અને ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે."

"ક્ષેત્રકાર્ય એ સામાજિક કલ્યાણ સંસ્થા અને સમુદાયમાં થતું કાર્ય છે. જ્યાં વિદ્યાર્થી કુશળતાઓ શીખે છે. શૈક્ષણિક આયોજન અનુસાર જ્ઞાનની ચકાસણી કરે છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી અને ક્ષેત્ર આધારીત છે."

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ ક્ષેત્રના નિષ્ણાંત અને સમાજકાર્યની તાલીમ પ્રાપ્ત કરેલ કાર્યકરના સુપરવિઝન હેઠળ વિદ્યાર્થી માટે કરવામાં આવતી કામગીરી છે. શૈક્ષણિક રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓનું જોડાણ સંસ્થાઓ, એજન્સીઓ અને સમુદાય સાથે થાય છે જ્યાં તેઓ માનવ જરૂરિયાતને પોતાના જ્ઞાન, સમજ અને અનુભવથી સમજી મદદ કરવાનો પ્રયાસ કરે છે. આ અનુભવ સમજી વિચારીને પૂર્ણ સમય કે પછી ખંડ સમય માટે ગોઠવવામાં આવે છે.

## 1.4.3 : સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના હેતુઓ

સમાજકાર્ય એ વ્યાવસાયિક શિક્ષણ છે. જેનો હેતુ સમાજકાર્યના ધ્યેયો અને હેતુઓ પ્રાપ્ત કરવા માટે તમને સૈદ્ધાંતિક જ્ઞાનની ઊંડી સમજ મળે અને રીતો પ્રાપ્ત થાય એ માટે મદદ કરવાનો છે. સમાજકાર્ય શિક્ષણમાં સ્નાતક કક્ષાએ ત્રણ વર્ષ અને અનુસ્નાતક કક્ષાએ ૨ વર્ષ દરમિયાન વિદ્યાર્થી પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે સમાજકાર્યના સિદ્ધાંતો, ખ્યાલો, નીતિઓ અને પ્રક્રિયાઓ અંગે તાલીમના સમયગાળા દરમિયાન સમજ પ્રાપ્ત કરે. ક્ષેત્રકાર્ય કાર્યક્રમ તમને સક્ષમ સામાજિક કાર્યકર બનાવવા માટે મદદ કરે છે. ક્ષેત્રકાર્યનો મૂળભૂત હેતુ તમે વર્ગખંડમાં સમાજકાર્યનું જે સૈદ્ધાંતિક જ્ઞાન મેળવો છો, તેનો વ્યવહારમાં વ્યાવસાયિક સમાજકાર્યની કુશળતાઓનો અમલ કરતાં શીખવવાનું છે. તમે ક્ષેત્રના માધ્યમથી પરિસ્થિતિનું અર્થઘટન અને અનુદાન કરવાનો પ્રયત્ન કરો. લોકોની પરિસ્થિતિ સાથે સમાયોજન થાય તે અંગે સમજ મેળવી સહાય કરો. આ રીતે ક્ષેત્રકાર્યનો હેતુ તમને જટીલ સમસ્યાઓ અને વ્યક્તિઓ સાથે કામગીરી કરવા માટે સજ્જ કરવાનો છે. લોકો સાથેની આંતરક્રિયાથી લોકો વિશેના તમારા જ્ઞાનમાં વધારો થાય છે. લોકોની સમસ્યાઓને સમજવામાં મદદ મળે છે. કામગીરી કરવા માટે નિર્ણય શક્તિમાં મદદ મળે છે. જે સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે તમારી શૈક્ષણિક જરૂરિયાત છે.

ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અહેવાલમાં સોશ્યલ રીવ્યુ કમિટી (૧૯૭૮) દ્વારા ક્ષેત્રકાર્ય તાલીમ અંગેના ચોક્કસ હેતુઓ દર્શાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

(1) વ્યાવહારિક શિક્ષણ પ્રસ્તુત ક્ષેત્રની હકીકતોનો અભ્યાસ કરવા માટે. મેળવેલ જ્ઞાનનો અમલ કરવા માટે, સમસ્યાઓનું પૃથક્કરણ અને સમસ્યાઓના ઉચિત ઉકેલની પસંદગી માટે વ્યાવસાયિક કુશળતાઓનો વિકાસ કરે છે.

(2) વ્યક્તિ, કુટુંબ, જૂથ અને સમુદાયની સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવાની અને સામાજિક સંસ્થાઓ તેમજ તેની પ્રક્રિયાઓમાં સૂક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવા માટેની કુશળતાઓનો વિકાસ કરવો.

(3) વર્ગખંડ શિક્ષણ અને ક્ષેત્રકાર્ય વચ્ચે જોડાણ ઊભું કરવાની તક પૂરી પાડવી.

(4) ચોક્કસ તાલીમના સ્તરે વ્યાવસાયિક પ્રેક્ટિસ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ કરવો.

(5) કોઈપણ પરિસ્થિતિમાં વ્યાવસાયિક નિર્ણયાત્મકતા, નિષ્પક્ષપાત અને વસ્તુલક્ષીતાના વલણોનો વિકાસ કરવો.

(6) વ્યાવસાયિક મૂલ્યો અને પ્રતિબદ્ધતા વિકસિત કરવા. જેવા કે માનવ ગૌરવને આદર આપ વો. સહભાગીતાના અધિકારનું મૂલ્ય.

(7) સ્વ અને વ્યાવસાયિક વિચારધારાના સંદર્ભમાં જાગૃતતા લાવવી.

દિલ્હી યુનિવર્સિટી સંલગ્ન દિલ્હી સ્કૂલ ઑફ સોશ્યલ વર્ક દ્વારા ૧૬ થી ૧૯ માર્ચ ૧૯૮૧માં આયોજિત ફિલ્ડવર્ક ઇન સોશ્યલ વર્ક એજ્યુકેશન (સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય) વિષય પરના ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં ક્ષેત્રકાર્ય તાલીમ માટેના નીચેના ચોક્કસ હેતુઓ નિર્ધારિત કરવામાં આવેલા છે.

(1) જ્ઞાન. કુશળતા અને વલણોના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે સુપરવાઇઝરના માર્ગદર્શન હેઠળ આંતરક્રિયાના માધ્યમથી જીવનની સ્થિતિઓ સાથે હેતુપૂર્ણ શીખવાનો અનુભવ પૂરો પાડવો.

(2) જ્ઞાન, કુશળતા અને વલણના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે વિદ્યાર્થીઓના વલણોનો વિકાસ કરવો.

(3) સમાજકાર્યની પદ્ધતિઓના ઉપયોગ અને સંસ્થાકીય કાર્ય દ્વારા જરૂરિયાતમંદોને સહાયતા પૂરી પાડવા માટે જરૂરી કુશળતાઓનો વિદ્યાર્થીમાં વિકાસ કરવો.

(4) વિદ્યાર્થીની સૈદ્ધાંતિક જ્ઞાનની પ્રેક્ટિસ સાથે અનુભવોની અને સૈદ્ધાંતિક જ્ઞાન સાથે અનુબંધ જોડાણ કરવાની ક્ષમતાને મજબૂત બનાવવી.

મૂળભૂત રીતે સમાજકાર્ય ક્ષેત્રકાર્ય તાલીમનું હાર્દ સમાજકાર્ય શિક્ષણ અને સેવાના હેતુઓ પર આધારિત છે. જે જ્ઞાન, કુશળતા અને વલણો સાથે સંબંધિત છે. ક્ષેત્રકાર્યના અનુભવના માધ્યમથી વિદ્યાર્થીઓને નીચેની બાબતો શીખવા મળે છે.

(1) સહાયતા-મદદ અને પરિવર્તનની પ્રક્રિયામાં ભાગીદારી.

(2) પોતાના અને બીજાઓના પ્રત્યે હકારાત્મક વલણોનો વિકાસ.

(3) ટીમવર્ક, આયોજન અને સંગઠનની કુશળતાનો વિકાસ.

(4) કટોકટીની સ્થિતિઓમાં ખભેખભા મિલાવીને જવાબદારી વિનાનો અનુભવ.

## 1.5 શહેરી સમુદાય :

સામાન્ય રીતે શહેરી અથવા ગ્રામ સમુદાયની પરિભાષા જે તે સમુદાયની વસ્તીના પ્રમાણને આધારે થતી આવે છે. ખાસ કરીને વસ્તી ગણતરીના અધિકારીઓ શહેરની વ્યાખ્યા અર્થે વસ્તીના કદને કેન્દ્રીય બાબત ગણે છે. તે ઉપરાંત, જ્યાં નગરપાલિકા હોય અથવા જે વસાહતનો કાયદાથી શહેર તરીકે સ્વીકાર થયો હોય તે પણ શહેર ગણાય છે. વિશ્વનાં સર્વ રાષ્ટ્રોમાં વસ્તી ગણતરીના અધિકારીઓ આ રીતે જે તે માનવ વસાહતોનો શહેર અથવા ગ્રામ તરીકેનો દરજ્જો નક્કી કરે છે.

### 1.5.1 વ્યાખ્યાઓ :

**(1) ફેરચાઈલ્ડ :**

"શહેર સાધારણ રીતે સ્થાયી વસવાટ કરતી વસ્તી (બંને જાતિઓનાં પુખ્તવયનાં માનવીઓ અને બાળકો સહિત) કે જે પ્રધાનતઃ સંયોજિત ક્ષેત્રમાં વસે છે. તેને કહી શકાય. આ વિસ્તારમાં જ સમાજ અને કુટુંબ પરંપરાથી ચાલી આવતું જીવન જીવવામાં આવે છે અને જ્યાં રાજનૈતિક સંગઠન તથા આર્થિક પ્રવૃતિઓ અને રોજગાર ચાલે છે."

**(2) સોમર્ટઃ**

"નગર એટલું મોટું હોય છે કે ત્યાંના રહીશો એકબીજાને ઓળખાતા નથી."

**(3) બર્ગેલ :**

"શહેરની વ્યાખ્યામાં ધંધાકીય તત્વને મહત્ત્વ આપે છે. તેના મતે કોઈ પણ એવી વસાહતને આપણે શહેર કહીશું કે જયાંના મોટા ભાગના રહીશો ખેતીવાડી સિવાયના ધંધાઓમાં રોકાયેલા હોય છે."

**(4) ગિબ્સ :**

"રાજકીય દરજ્જા, વસ્તીવિષયક લક્ષણો, આર્થિક પરિવર્ત્યો, વર્તણૂકનાં સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓ અને મનોવૈજ્ઞાનિક લક્ષણો વગેરે પરત્વેનાં દષ્ટિબિંદુઓથી કરી શકાય છે.

**(5) ગિડિયન સ્ઝોબર્ગઃ**

"નગરને વિસ્તૃત સમાજ વ્યવસ્થાના એક અંગ રૂપે જુએ છે અને કહે છે નગરમાં વસતા લોકોનું પ્રમાણ કુલ વસ્તીના અનુપાતમાં ઘણું ઓછું હોવા છતાં નગરમાં વસતા બુધ્ધિજીવીઓ અને ભદ્ર લોકોને કારણે નગરનું જે તે સમાજમાં મહત્ત્વ વધી જતું હોય છે.!!"

**(6) ઝોબર્ગ :**

સામંતશાહી સમાજવ્યવસ્થા ધરાવતા સમાજોના સંદર્ભમાં વ્યક્ત કરે છે. નગરની વ્યાખ્યા કરતા તેઓ કહે છે કે નગર શબ્દનો ઉપયોગ વિવિધ રીતે થતો આવ્યો છે છતાં ગ્રામ સમુદાયની તુલનામાં કસબા અથવા નગરનું કદ, તેની વસ્તીની ગીચતા અને વસ્તીનું પ ચરંગીપણુ વધારે હોય છે. ત્યાંના રહીશો બિન-ખેતીવાડી વિષયક બાબતોમાં વિસ્તૃત ફલક ઉપર નિષ્ણાંતપણું ધરાવતા હોય છે અને ત્યાં સાક્ષર લોકોનું પ્રતિષ્ઠિત સ્થાન હોય છે.

### 1.5.2 શહેરી સમુદાયની લાક્ષણિકતાઓ :

નગર સમુદાયો બધી રીતે એક સરખા હોતા નથી. તેમના કદ, કાર્યો, વહીવટીય દરજ્જો, વ્યાવસાયિક બંધારણ અને ઔદ્યોગિક વિકાસ વગેરેની બાબતોમાં ભિન્નતા હોવાથી નગરો જુદા જુદા પ્રકારના હોય છે. નગર સમુદાયોના એવા મુખ્ય પ્રકારોની પ્રકરણ ચારમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. છતાં નગરોની કેટલીક એવી પાયાની લાક્ષણિક્તાઓ હોય છે કે જે નગરોમાં અંદરો-અંદરના તફાવતો હોવા છતાં દરેકે દરેક નગર સમુદાયમાં ઓછાવત્તા અંશોમાં જોવા મળે છે. સમાજશાસ્ત્રીય દષ્ટિથી નગરનો અર્થ સમજાવવામાં એવી મૂળભૂત લાક્ષણિકતાઓ ઘણી અગત્યની હોય છે. હકીકતમાં સમય અને સ્થળના ભેદ વિના પ્રત્યેક સમાજના નગર સમુદાયોમાં આ લાક્ષણિક્તાઓ જોવા મળતી હોવાથી તેની વિગતવાર સમજૂતી પ્રાપ્ત કરવી જરૂરી છે.

**1) સામાજિક જીવનની વિવિધતા :**

નગર સમુદાયોમાં વિશાળ વસ્તી નાના ભૂ-ભાગ ઉપર કાયમી ધોરણે વસવાટ કરતી હોવાથી નગરવાસીઓના સામાજિક જીવનમાં વૈવિધ્ય અને પચરંગીપણું નૈસર્ગિક રીતે જ જન્મ પામે છે. આ અંગે કિંગ્સ્લે ડેવિસ જણાવે છે કે જેટલા પ્રમાણમાં નગરોનો વિકાસ થાય છે તેટલા જ પ્રમાણમાં તેના સામાજિક જીવનમાં વિવિધતા પણ વધે છે. એટલે કે નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા અને તેની વસ્તીમાં આવતું વૈવિધ્ય એ બંને બાબતો સહગામી હોય છે. આ વિવિધતાનો આધાર નગરવાસીઓની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, ભાષા, વ્યવસાય, કૌટુંબિક તથા સામાજિક રીતરિવાજ તથા તેમના વિભિન્ન મનોવૃત્તિઓમાં વ્યક્ત થાય છે. નગર અથવા શહેર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના વૈવિધ્યને માત્ર ચલાવી લેતું હોય તેવું નથી. પણ તે એવા વૈવિધ્યને પ્રોત્સાહન આપે છે. લૂઈ વર્થના મંતવ્યને સમર્થન આપતાં 'ડેવિસ કહે છે કે જયારે સામાજિક આંતરક્રિયામાં વધુ ને વધુ લોકો ભાગ લે છે ત્યારે તેમનામાં વધુ ને વધુ વૈવિધ્ય માટેની ભૂમિકા સર્જાય છે. આથી નગરના લોકોમાં વૈયક્તિક ગુણો, ધંધા અને સાંસ્કૃતિક જીવન વગેરેની બાબતોમાં વિશાળ ફલક ઉપરની વિવિધતા જોવા મળે છે. ટૂંકમાં કહીએ તો નગરવાસીઓમાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનના ક્ષેત્રે સમરૂપતા હોતી નથી.

**2) દૂરવર્તી સબંધ :**

નગરનું કદ વિશાળ હોવાથી તે એક નિકટવર્તી અથવા પ્રાથમિક જૂથ હોતું નથી. નગરવાસીઓ અવારનવાર અને ઘણી નિકટતાથી બિનપરિચિત એવી વ્યક્તિઓના સંસર્ગમાં આવતા હોય છે. તેથી કોઈપણ નગરવાસી પોતે જે વ્યક્તિઓનાં સંસર્ગમાં આવે છે તે સર્વ સાથે નિક્ટવર્તી સંબંધો બાંધી શકતો નથી. કારણ કે તે જેટલી વ્યક્તિઓના સંસર્ગમાં આવે છે તેમની સંખ્યા વિશાળ હોય છે તથા તેનો એ વ્યક્તિઓ સાથેનો સસંર્ગ કામ પૂરતો હોય છે. દા.ત. બસ કંડક્ટર સાથે અથવા તો કામના સ્થળે મળતા લોકો સાથેનો સસંર્ગ ભૌતિક રીતે નિકટનો હોવા છતાં તેના સામાજિક સ્વરૂપમાં તો તે દૂરવર્તીજ રહે છે. કિંગ્સલે ડેવિસ કહે છે કે નગરવાસીઓમાં એકબીજા પ્રત્યેની વર્તણૂંકમાં દોસ્તી કે દુશ્મનાવટને સ્થાને ઉપેક્ષાવૃત્તિ જોવા મળે છે. નગરની સ્થાનિક પરિસ્થિતિ જ એવી હોય છે કે ત્યાં અજાણ્યા માણસોએ પણ સાથે સાથે રહેવું પડે છે. તેથી નગરવાસીઓમાં એક તરફ ઉદારતા અને સહિષ્ણુતા અને બીજી તરફ સંબંધમાં છીછરાપણું અને ઉપેક્ષાવૃત્તિ જોઈ શકાય છે. અજાણ્યાપણું અગર તો અલિપ્તતા એ નગરની બીજી મુખ્ય લાક્ષણિક્તા બની જાય છે. નગરમાં અજાણ્યા માણસોના મહાસાગરમાં વ્યક્તિ અન્ય લોકો પ્રત્યેના પોતાના નિર્ણયો વર્ગ-દરજ્જા મુજબની રહેણીકરણીનાં બાહ્ય ચિહ્નો અથવા પ્રતીકોને આધારે લે છે.

નગર સમુદાયમાં લોકો પોતાના પરિચિતોને પણ અમુક સંદર્ભમાં જ ઓળખતા હોય છે. વળી, નગરવાસી તેની જરૂરિયાતો સંતોષવા અર્થે ઘણી વ્યક્તિઓ ઉપર અવલંબે છે. તેમ છતાં કોઈ ખાસ વ્યક્તિ અથવા સમૂહ ઉપર તેની કાયમી નિર્ભરતા હોતી નથી. હકીકતમાં નગરમાં વ્યક્તિની બીજી વ્યક્તિઓ ઉપરની નિર્ભરતા અમુક ધ્યેય અથવા સ્વાર્થ પૂરતી જ હોય છે. આને કારણે નગરી સંસર્ગ અથવા 'અર્બન કોન્ટેકટ' ખંડીય પણ મનાય છે. તે સિવાય નગરમાં વ્યક્તિ પોતાની વ્યાવસાયિક સંસ્થાઓમાં, પડોશમાં અગર ન બદલી શકાય તેવી પરિસ્થિતિ હોતી નથી. ખરેખર તો નગરમાં વ્યક્તિ પોતાના ધંધાકીય સંબંધો, રહેઠાણ ક્ષેત્ર અથવા સંકોચ વિના બદલી શકે છે. તેથી નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતા અને ભૌતિક ગતિશીલતા સ્વાભાવિક બાબત ગણાતી હોય છે. વળી, નગરવાસીઓમાં એકબીજાનો સમાગમ સ્થાયી નથી રહેતો.

**3) સામાજિક સહિષ્ણુતા અથવા સહનશીલતા :**

નગરની વસ્તીના પચરંગીપણા અને લોકોના દૂરવર્તી સંસર્ગને કારણે નગરવાસીઓમાં જોવા મળતી સહનશીલતા અથવા સહિષ્ણુતા નગરની ત્રીજી મુખ્ય લાક્ષણિકતા હોય છે. આનો અર્થ એવો નથી કે નગરવાસીઓમાં આપસમાં ઝઘડા અને હિંસાત્મક બનાવો બનતા નથી. નગરવાસીઓમાં જોવા મળતી સહિષ્ણુતા એટલે કે પોતાનાથી તદ્દન જુદી રહેણીકરણી અને માન્યતા ધરાવતા લોકો પણ એકી સાથે રહેતા હોય છે અને તેઓમાં એકબીજાની આવી સામાજિક સંસ્કૃતિ ભિન્નતા પરત્વે સૂગ હોતી નથી. વળી નગરમાં શિક્ષિત-અશિક્ષિત અને અમીર- ગરીબના ભેદની સાથોસાથ વિચારસરણી તથા સ્વાર્થો વગેરેની બાબતોમાં તીવ્ર વિષમતાઓ જોવા મળે છે. એવા સંજોગોમાં નગરવાસીઓમાં અલિપ્તતા કેટલાક અંશોમાં જરૂરી બની જાય છે અને કેટલેક અંશે તે સંબંધોમાં પોતાનાપણાની ભાવનાના અભાવને કારણે આવતી હોય છે. પારસ્પરિક જીવનમાં નગરવાસી એક રીતે શુષ્ક બની જાય છે અને ખૂબ વિચિત્ર ગણાતી એવી બાબતને જોઈને પણ તે આશ્ચર્ય પામતી નથી. હકીકતમાં નગરમાં શિષ્ટાચારી અપેક્ષાએ સંતોષવી તથા પોતાની સગવડતા અર્થે નગરવાસી અણગમતી પરિસ્થિતિનો પણ દેખાવ પૂરતો સ્વીકાર કરે છે. આથી નગરવાસીઓના અંગત જીવનને સ્પર્શતી બાબતો અને તેના જાહેર જીવન પ્રત્યેના અભિગમ વચ્ચે ખૂબ જ તીવ્ર ભેદ પ્રવર્તતો હોય છે. સામાન્ય રીતે નગર વ્યક્તિના જાહેર જીવનનું નિયમન કરે છે, પણ તેના ખાનગી જીવનમાં રસ લેતું નથી. આ સર્વ પરિસ્થિતિ ઓ નગરવાસીઓમાં સામાજિક સહિષ્ણુતા પ્રેરે છે.

**4) દૂરવર્તી નિયંત્રણ :**

દૂરવર્તી નિયંત્રણ એ નગર સમુદાય ની ચોથી લાક્ષણિક્તા અથવા વિશિષ્ટતા હોય છે. નગરમાં અજાણ્યા લોકોના સંસર્ગ વખતે તેમની વચ્ચે ભૌતિક નિકટતા હોવા છતાં સામાજિક અંતર તો રહે જ છે. પરિણામ સ્વરૂપે નગરવાસીઓમાં પારસ્પરિક વ્યવહારની નિયમન અર્થે સામાજિક સમસ્યા જટિલ બનતી જાય છે. હકીકતમાં નગરમાં વ્યક્તિ અજાણ્યા માણસોના મહાસાગરમાં સામાજિક નિયંત્રણના પ્રાથમિક સાધનો, જેવા કે રીતરિવાજ, શિસ્ત, શિષ્ટાચાર, બીજાઓની શરમ વગેરેના દબાણથી મુક્ત થઈ જાય છે. તેને બીજાઓ તેના વિશે શું વિચારશે તેની ચિંતા રહેતી નથી. ધાર્મિક અકુંશો અને નૈતિક બંધનો તેને નડતા નથી. વળી, વ્યક્તિ પોતાના જરૂર પુરતા પ્રાથમિક સંબંધો કુટુંબ, પડોશ સિવાયના અન્ય જૂથો જોડે બાંધી શકે છે, પણ એવા સંબંધો પણ સ્વાર્થ પૂરતા જ રહે છે. માટે તે ગમે ત્યારે તોડી શકાય છે. આ સંજોગોમાં નગરમાં સામાજિક નિયંત્રણનાં પ્રાથમિક સાધન અસરકારક રહેતાં નથી અને કાનૂની તથા બિન-અંગત નિયંત્રણો જરૂરી બની જાય છે. તેથી કાયદો, પોલીસ, ગુપ્તચર, નગરપાલિકા, ન્યાયાલયો અને વહીવટી વિભાગો વગેરે નગરમાં સામાજિક નિયંત્રણ માટે અતિઆવશ્યક ભૂમિકા ભજવતા હોય છે. જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરની જટિલતા વધતી નગરનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરની જટિલતા વધતી જાય છે. તેને હલ કરવાના પ્રયાસોમાં કુદરતી રીતે જ નગરોમાં દૂરવર્તી નિયંત્રણોની જાળ વધુ ને વધુ ફેલાતી જાય છે.

**5) સામાજિક ગતિશીલતા :**

નગર સમુદાયમાં લોકોની ભૌતિક ગતિશીલતાની જેમ સામાજિક ગતિશીલતા અનિવાર્ય હોય છે. અને નગરી પરિસ્થિતિઓ પણ તેને પ્રોત્સાહન આપે છે. નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતાનો સંબંધ સ્થાનના પરિવર્તન સાથે, વ્યવસાયના પરિવર્તન સાથે અને સામાજિક સંબંધના પરિવર્તન સાથે સંકળાયેલો છે. નગરવાસીની સામાજિક સ્થિતિનો આધાર

તેણે હાંસલ કરેલી સિધ્ધિ પર રહે છે. વ્યક્તિ ગમે તે કુટુંબમાં જન્મ પામે એના પૂર્વજો ભલે સામાન્ય હોય કે પ્રતિષ્ઠિત હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, તેની પ્રતિષ્ઠા તે શું કરે છે અને તેની કેવી છાપ છે તેના સંદર્ભમાં નક્કી થતી હોય છે. તેવી નગરમાં વ્યક્તિનો તેના જીવનકાળ દરમ્યાન પોતાની સ્થિતિ સુધારવાની તકો મળી શકે છે.

ઉપરોક્ત કથન પાછળનું ધ્યેય એવું નથી કે નગરમાં સામાજિક વિષમતાઓ ઓછી અથવા તો નહિવત્ હોય છે. હકીક્તમાં નગર સમુદાયમાં જ સામાજિક વિષમતાઓ તેમના તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્તિ થતી હોય છે. આવી વિષમતાઓ માત્ર અસમાન તકો ને કારણે જ આવતી નથી. પણ વ્યક્તિઓની અસમાન સિધ્ધિઓમાંથી પણ ફલિત થાય છે. ભારતીય પરિસ્થિતિ ઓના સંદર્ભમાં કહીએ તો નગરની સમાજ સ્તરરચનામાં જ્ઞાતિવ્યવસ્થાનાં તત્ત્વો તેમના શુધ્ધ સ્વરૂપમાં અસરકારક રહ્યાં નથી. આજે જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓમાં ઊભી ગતિશીલતા એક સામાન્ય બાબત બની ગઈ છે. આજે વ્યક્તિની જ્ઞાતિ પૂછવાને સ્થાને તેનાં કાર્યો અને સિધ્ધિઓના સંદર્ભમાં તેની પ્રતિષ્ઠા નક્કી થાય છે. ભારતનાં નગરોમાં આવી ઊભી ગતિશીલતાને યાંત્રીકરણ, ઔદ્યોગીકરણ, અવરજવરની સગવડતા તથા ગામડામાંથી વસ્તીના સ્થળાંતર વગેરે પરિબળોનું પીઠબળ મળે છે.

**6) સ્વૈચ્છિક મંડળો :**

નગર સમુદાયમાં હિત અને રસની સમરૂપતા ધરાવતા લોકોનાં સ્વૈચ્છિક મંડળો સ્થાપ વા માટેની જરૂરી ભૂમિકા મળી આવે છે. તેથી આવા સ્વૈચ્છિક મંડળોનું નગર સમુદાયમાં પ્રાધાન્ય હોય છે. આ મંડળોનું સભ્યપદ ભૌગોલિક કે સગપણ જેવી બાબતો ઉપર આધાર રાખતું નથી. હકીકતમાં વિશિષ્ટ એવાં હિતોને કેન્દ્રમાં રાખીને ભાત ભાતના મંડળો નગરમાં જન્મ લે છે. તેથી નગરવાસી તેનાં જુદાં જુદાં હિતો સંતોષવા અર્થે એકી વખતે અનેક સ્વૈચ્છિક મંડળોને સભ્ય હોઈ શકે છે. એવાં મંડળો પડોશ, રમતગમતનાં જૂથ, ભજનમંડળ, ક્લબ, જ્ઞાતિ, વ્યાવસાયિક જૂથ, ધાર્મિક જૂથ, યુનિયન વગેરે જેવાં અનેક સ્વરૂપોમાં જોવા મળે છે. આ અને બીજા અનેક સ્વૈચ્છિક મંડળો નગરમાં હોવા છતાં તેમની વચ્ચે નિસ્બત હોતી નથી.

**7) વૈયક્તિકતા :**

વ્યક્તિની સામાજિક અલગતા અથવા વૈયક્તિકતા નગર સમુદાયની એક અન્ય નોંધપાત્ર લાક્ષણિક્તા હોય છે. નાગરી સંસર્ગોની દ્વૈતીયિક પ્રકૃતિ સામાજિક ગતિશીલતા અને તકોનું બાહુલ્ય વગેરે વ્યક્તિને પોતાના વિષે પોતે નિર્ણયો લેવાની તેમજ પોતાની કારકિર્દીનું પોતે આયોજન કરવાની ફરજ પાડે છે. વળી, નગરવાસીઓમાં જીવનની સફળતા અર્થે જુદાં જુદાં ક્ષેત્રોમાં સતત હરીફાઈ થતી રહે છે. પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિની સામે હરીફ તરીકે જ ઊભી હોય એવું જણાય છે. આપણે આગળ જોયું કે નગરમાં વ્યક્તિ કોઈ કોઈ ખાસ સમૂહ સાથે કે સંબંધથી કાયમી બંધાતી નથી. તેને પોતાનો માર્ગ પોતે જ શોધવો અને નક્કી કરવો પ ડે છે. વળી ધારેલાં લક્ષ્યોની પ્રાપ્તિ માટે છેવટે તો તેને એકલાં જ મથવાનું હોય છે. પરિણામે નગરવાસી એક એકલવાયાપણાંનો અનુભવ કરે છે. આને પરિણામે તે ખૂબ જાગ્રત વ્યવહાર અને હરીફવૃત્તિ ધરાવતો થાય છે. કિંગ્સ્લે ડેવિસ કહે છે કે નગરમાં નાગરી પરિસ્થિતિઓની જટિલતાના વર્ચસ્વ સમક્ષ વ્યક્તિનું અલગ અસ્તિત્વ અલોપ થઈ જતું હોય છે.

**8) સ્થળકીય વિભાજન અથવા કુદરતી વિસ્તારો :**

નગરમાં જમીનની અછતને કારણે તેનાં ભૌતિક બંધારણમાં સમૂહો અને કાર્યોને આધારે કુદરતી રીતે જુદા જુદા વિસ્તારો વિક્સતા હોય છે. નગરના આવા કુદરતી વિસ્તારો

તેની એક ખાસ લાક્ષણિક્તા હોય છે. સામાન્ય રીતે નગરનો કેન્દ્રીય વિસ્તાર સમસ્ત નગરને માટે ઉપયોગી એવા વેપારી અને વહીવટીય કાર્યો સાથે સંકળાયેલો હોય છે. નગરમાં અનેક વૈપારિક સંસ્થાઓ અને પેઢીઓ ઊંચા ઊંચા ભાડાં ભરીને પણ એવા કેન્દ્રીય વિસ્તારમાં સ્થાયી થવાનું યોગ્ય ગણે છે. નાની દુકાનો અને છૂટક વેપાર કરતી પેઢીઓ નગરના જુદા જુદા પડોશ અને વિસ્તારોમાં ફેલાયેલી જોવા મળે છે. વળી, નગરમાં જમીનની કિંમત ખૂબ ઊંચી હોવાથી ત્યાં બહુમાળી ભવનો અને મકાનો બાંધવાનું વધુ ઉપયોગી થઈ પડે છે. તેથી જ નગરોમાં અને ખાસ કરીને મહાનગરોમાં ગગનચુંબી મકાનો જોવા મળે છે. આવાં મકાનો નગરમાં મધ્ય વિસ્તારોમાં વધારે હોય છે. એવા વિસ્તારોમાં અન્યત્ર લોકોનાં રહેઠાણો ઝાઝાં જોવા મળતાં નથી. સામાન્ય રીતે નગરમાં લોકો કેન્દ્ર વિસ્તારની આજુબાજુના વિસ્તારો અને નગરના છેવાડે વસવાટ કરવાનું વધુ પસંદ કરે છે. આ હકીકત આધુનિક સમયનાં નગરોમાં અપેક્ષાકૃત વધુ જોવા મળે છે. પરિણામે લોકોના કામનું સ્થળ અને રહેઠાણ એક-બીજાથી છૂટાં અને દૂર હોય છે.

નગરમાં રહેઠાણના વિસ્તારો અને પડોશનો વિકાસ મોટેભાગે સમાન સામાજિક દરજ્જા, જ્ઞાતિ, પેટા-જાતિ, વ્યવસાય, ધર્મ અને સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોના વસવાટો તરીકે થાય છે. આથી મોટેભાગે જે તે વિસ્તાર અથવા તો પડોશમાં સામાજિક આર્થિક રીતે સમાન દરજ્જો ધરાવતા લોકો વસતા હોય છે. તેથી નગરમાં એક વિસ્તાર બીજા વિસ્તારથી જુદો તરી આવે છે. વળી નગર સમુદાયમાં જોવા મળતી અનેક સામાજિક સમસ્યા ઓ જેવી કે ગુનાખોરી, બાળ-ગુનેગારી, ભિક્ષાવૃત્તિ, જુગાર,દેહવ્યાપાર, અનૈતિક જાતીય સંબંધ, આત્મહત્યા, નિરક્ષરતા વગેરેનું પ્રમાણ ગંદા અને પછાત વસવાટોમાં ભદ્ર વિસ્તારો કરતાં ઘણું વધુ હોય છે, તે પણ દેખાઈ આવે છે.

## 1.6 શહેરી-ક્ષેત્રકાર્યનું મહત્ત્વ :

તમારા મનમાં એ સવાલ આવતો હશે કે અમારે ક્ષેત્રકાર્ય શહેરી વિસ્તારમાં જઈને કરવાનું શુ? આ પ્રશ્નનો જવાબ આ ભાગમાં રહેલો છે. તેમાં છતાં આ સંપૂર્ણ નહી કહી શકાય કારણ કે ક્ષેત્રકાર્યને નિશ્ચિત માળખામાં બેસાડવુ યોગ્ય નથી. તે એક જીવંત પ્રક્રિયા છે. અહિંયા તમે ગ્રામિણ સમુદાયનાં જીવન સાથે શીખવાની પ્રક્રિયાને ગોઠવી રહ્યા છો. તેમ છતાં તમને કામગીરી અંગેનું માર્ગદર્શન મળી રહે. તેમજ સત્ર એક દરમિયાન ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં ગ્રામિણ સમુદાય અંગેની સમજ અને જાણકારી વધવી જોઈએ તે બાબતને ધ્યાનમાં રાખીને, ઉપરાંત, ક્ષેત્રકાર્યના હેતુઓને નજર સમક્ષ રાખીને કેટલાક મૂદ્દાઓની તારવણી કરી છે જેનાથી તમને ક્ષેત્રકાર્યમાં જઈને એક વિદ્યાર્થી તરીકે શું સમજ, જાણકારી મેળવવી જોઈએ તેનું માર્ગદર્શન આ ભાગમાંથી મળી રહે તેવી કાળજી રાખી છે.

પ્રસ્તુત એકમમાં તમારે ક્ષેત્રકાર્ય શહેરમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવવી, તેમજ તેમાં કાર્યરત વ્યવસ્થાઓનો પરિચય, અસરકારકતા-મર્યાદાઓની સમજૂતી પ્રાપ્ત કરવી. આ સમસ્યા ઓના સંભવિત ઉકેલો શુ હોઈ શકે તેવા પગલાઓ આપવાના રહેશે. ઉપરાંત તમે ક્ષેત્રકાર્ય શહેર સ્લમના વાસ્તવિક સ્વરૂપનો પરિચય અને ઓળખ કરશો. છે તેમને ભવિષ્યની કરવાની કામગીરીમાં સહાયક બની શકે. શહેર સ્લમમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને અમલીકૃત કરવું.

શાસ્ત્રીય જ્ઞાનના પદ્ધતિસરના વિકાસ અર્થે જે તે શાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ અને અભ્યાસની પધ્ધતિઓ વિશે સ્પષ્ટતા હોવી અતિ આવશ્યક બાબત હોય છે. એટલે કે

પૂર્વ પરિભાષિત વિષયવસ્તુનો ચોક્કસ અને વિશ્વસનીય પધ્ધતિઓ વડે થયેલો અભ્યાસ જે તે શાસ્ત્રના વૈજ્ઞાનિક અને પધ્ધતિસરના વિકાસમાં પાયાનો ભાગ ભજવે છે. શહેર સમાજશાસ્ત્રના પધ્ધતિસરના વિકાસ માટે પણ આ બન્ને બાબતો એટલી જ અગત્યની છે. પરંતુ કમનસીબે સમાજશાસ્ત્રીઓ અને શહેર સમાજશાસ્ત્રીઓમાં આછે પણ શહેર સમાજશાસ્ત્રની વિષયવસ્તુ અંગે જરૂરી સ્પષ્ટતા જોવા મળતી નથી. તે પાછળનું એક કારણ એ છે કે, શહેર સમાજશાસ્ત્રની શરૂઆતથી તે આજ સુધી નગર સમુદાયો અને નગર સમુદાયના કોઈક પરિવર્ત્યને જ કેન્દ્રસ્થાન આપ્યુ છે. આથી શહેર સમાજશાસ્ત્રના વિષયવસ્તુ પર એક સૂત્રતા સાધી શકાય નથી તે એક કડવી હકીકત છે. શહેર સમાજશાસ્ત્રની વિષયવસ્તુ પરત્ત્વે આવી અસ્પષ્ટતા હોવા છતાં એક વસ્તુનો ચોક્કસ રીતે કરી શકાય કે શહેર સમાજશાસ્ત્ર એવા સામાજિક તથ્યોના અભ્યાસ સાથે સંકળાયેલુ છે કે જેમના મુળ શહેર સમુદાયો, અને નાગરી વાતાવરણમાં હોય છે. આ અર્થમાં શહેર સમુદાયો તથા ત્યાં પ્રવર્તતી માનવ-માનવ વચ્ચેની સામાજિક આંતરક્રિયા સામાજિક સંબંધો અને તેમના પરિણામો શહેર સમાજશાસ્ત્રના અભ્યાસના વિષયવસ્તુમાં કેન્દ્રસ્થાને રહે છે. વળી નગર જીવનના સ્થાયિત્ત્વ અને ગત્યાત્મક પાંસાંનો અભ્યાસ પણ શહેર સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં આવી જાય છે.

**(1) ઉધોગીકરણ અને નગરીકરણની અસરોનો અભ્યાસ કરે છે :**

વિકસતા સમાજમાં ઉધોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયા સામાજિક પરિવર્તનના કારક અને પરિણામ એમ બંન્ને સ્વરૂપોમાં જોઈ શકાય છે. નગરજીવનની અસરો, સ્લમ્સ સમુદાય કરતાં વ્યાપક હોવાથી શહેરીકરણની અસરોથી માત્ર શહેર સમૂદાયોમાં વસતાં લોકો જ નહી પણ ગ્રામ્ય  સમૂદાયોમાં વસતાં લોકો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રભાવિત થાય છે. એટલું જ નહી પરંતુ મહાનગરોની વિસ્તૃત સમાજવ્યવસ્થા ઉપર પણ ઊંડી અને એકધારી અસરો પડે છે. આથી નગરીકરણની પ્રક્રિયા, તેનો વ્યાપ અને તેની અસરોનો અભ્યાસ શહેર સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ બને છે. ઉપરાંત શહેર સમૂદાયોનો વિકાસ અને તેના પ્રવાહોમાં અભ્યાસમાં પણ રસ ધરાવે છે.

**(2) શહેર (નગરો)ની ભૌતિક રચના અને તેના પ્રશ્નોનો અભ્યાસ કરે છે :**

ગ્રામ પ્રદેશોની તુલનામાં નગરસમૂદાયોમાં વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી કાયમી ધોરણે નાના ભૂભાગ ઉપર વસવાટ કરતી હોય છે. આથી નગરો એક એવું વિશિષ્ટ પ્રકારનું ભૌતિક સ્વરૂપ ધરાવતા હોય છે કે જે ગ્રામસમુદાયોની રચનાને કારણએ ત્યાં બનતુ નથી નગરની એવી વિશિષ્ટ ભૌતિક રચનાને કારણે ત્યાં જમીનના ઉપયોગનું સ્વરૂપ, માનવ વસવાટો, જાહેર સગવડો અને વસ્તીની ગીચતા તથા પ્રદુષણ વગેરેને લગતા કેટલાક એવા પ્રશ્નો ઉદભવતા હોય છે કે જેના ઉકેલને માટે વાસ્તવિક પરિસ્થિતિઓના અભ્યાસને આધારે મેળવેલા વૈજ્ઞાનિક જ્ઞાનની જરૂર ઉભી થાય છે. વિષયવસ્તુમાં નગરનું ભૌતિક સ્વરૂપ અને તેમાંથી ફલિત પણ પ્રશ્નોના અભ્યાસનો સમાવેશ થાય છે.

**(3) સામાજિક પરિવર્ત્યનો અભ્યાસ કરે છે :**

નગર માત્ર એક ભૌતિક સંકુલ જ હોતુ નથી પણ તેનું એક વિશિષ્ટ સામાજિક પ ર્યાવરણ પણ હોય છે. નગરનું સામાજિક પર્યાવરણ માનવ-માનવ વચ્ચેની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ તેમજ સામાજિક સંગઠનો અને સંસ્થાઓ વગેરે ઉપર પ્રત્યક્ષ અગર તો પરોક્ષ રીતે અસર પાડે છે. જીવનની પરંપરાગત પ્રણાલિકાઓ નબળી અને વિઘટીત થતી જાય છે. આગળ જતો તેમાંથી જ કેટલાક સામાજિક પ્રશ્નો અને વૈયક્તિક વિઘટનના પ્રશ્નો સર્જાય છે.

આવા સંજોગોમાં નગરસમાજશાસ્ત્રમાં સામાજિક જીવનના વિવિધ પાંસાંઓ જેવા કે મૂલ્યો, માન્યતાઓ, સંગઠનો, મંડળો અને સંસ્થાઓ વગેરેના રચનાત્મક સ્વરૂપો તેમજ તેમના પ રિવર્તિત પાંસાઓના નગર સમુદાયોમાં પ્રવર્તતા સામાજિક વિચલન અને સામાજિક ધોરણ અનુમતિની દીશા તથા પ્રમાણ પણ આવી જાય છે.

**(4) નગરમાં સ્થળાંતર કરીને વસવાટ કરતાં લોકોનો અભ્યાસ કરે છે :**

વિકસતા સમાજોમાં આજે ગ્રામસમૂદાયોથી નગર તરફી એકધાર્યુ વસ્તી સ્થળાંતર એક અભૂતપૂર્વ ઘટના બની છે. ખાસ કરીને એવા સમાજોમાં મહાનગરો તરફ ગ્રામીણ વસ્તીનો પ્રચંડ ધસારો જોવા મળે છે. ગ્રામ સમૂદાયોથી સ્થળાંતર કરીને આવેલા લોકો માટે નગરજીવનની પરિસ્થિતિઓ સાથે અનુકુલનના પ્રશ્નો સર્જાય છે. આવા પ્રશ્નો, આર્થિક, સાંસ્કૃતિક, માનવશાસ્ત્રીય, કૌટુંબીક અને જીવનની બીજી કેટલીક આધારભૂત જરૂરિયાતોને લગતા હોય છે. આ ઉપરાંત નગરોમાં સ્થળાંતર કરીને આવેલા લોકો પોતાના રહેઠાણ વગેરેની બાબતમાં સમરૂપ, સામાજિક, સાંસ્કૃતિક, પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો સાથે જ રહેવાનું વલણ દાખવે છે. આથી નગરોમાં ભિન્ન ભિન્ન જૂથોના વિસ્તારો ઉપસી આવે છે. ગ્રામ સમૂદાયમાંથી આવેલા લોકો સૈકાઓથી રહેતા હોવા છતાં પણ તેમના મૂળ વતન સાથેના સંબંધો કાપી નાખતા નથી. હકીકતમાં મૂળ ગામડાં સાથેના સંબંધો જાળવી રાખવા પ્રયત્ન કરે છે. જયારે, નગરોમાંથી સ્થળાંતર કરીને નાગરી પરિસ્થિતિઓ વચ્ચે પોતાની મૂળ સામાજિક, સાંસ્કૃતિક, પૃષ્ઠભૂમિનુ વાતાવરણ સર્જવાનો પ્રયાસ કરે છે. તેના પરિણામ સ્વરૂપે નગરોમાં જુદા જુદા ક્ષેત્રોમાંથી આવતા લોકોના વિશેષ પ્રકારના સ્વૈચ્છિક મંડળો અને સંસ્થાઓ વગેરેનો ઉદ્ભવ થાય છે. સ્થળાંતર કરીને આવેલા લોકોની જીવવની ઉપરોક્ત અને બીજી કેટલીક બાબતો પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે નાગરી પરિસ્થિતિઓને લાગતી વળગતી હોઈ નગર સમાજશાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ બને છે.

**(5) કુટુંબ અને તેના વિવિધ પાંસાઓનો અભ્યાસ કરે છે :**

સામાજિક રચનાના ઝાળ-ઘટમાળમાં કુટુંબ એ સાર્વત્રિક અને પાસાનું સામાજિક એકમ હોય છે. વિકસતા સમાજોમાં તેનુ પરંપરાગત સ્વરૂપ, ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરો હેઠળ રચનાત્મક અને કાર્યાત્મક રીતે બદલાઈ રહ્યુ છે. નગર સમાજશાસ્ત્રમાં નગરી પરિસ્થિતિમાં કૌટુંબીક સ્વરૂપ અને તેમાં આવી રહેલા પરિવર્તનો વગેરેનો અભ્યાસ સુસંગત વિષયવસ્તુ પુરૂ પાડે છે.

**(6) સામાજિક વિઘટન અને સામાજિક પ્રશ્નોનો અભ્યાસ કરે છે :**

નગરીકરણ અને નાગરીજીવનની અસરોને કારણે સામાજિક ક્ષેત્રે આવી રહેલા વિવિધ પરિવર્તનોની એક અભિવ્યક્તિ તે સામાજિક વિઘટન છે. વિકસીત સમાજોની જેમ વિકસતા સમાજોમાં પણ નગરોમાં સામાજિક વિઘટનનો પ્રશ્ન ઉતરોઉત્તર વિકટ બનતો જાય છે. એવા વિઘટનમાં વૈયક્તિક વિઘટનના જુદા જુદા પ્રકારો જેવા કે ગુનેગારી, બાળગુનેગારી વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. નગરોમાં નિયંત્રણના પરંપરાગત સાધનો મૃતઃ પાય થઈ જતા હોવાથી આપઘાત, વેશ્યાવૃત્તિ, ગુનેગારી, બાળગુનેગારી, માનસિક રોગગ્રષ્ઠપણુ, જુગાર, મદિરાપાન અને ભિક્ષાવૃત્તિને લગતા પ્રશ્નો મોટા પાયા ઉપર ઉપસ્થિતિ થાય છે. જેતે પ્રશ્નના વૈજ્ઞાનિક ઢબે થયેલા અભ્યાસને આધારે પ્રાપ્ત જ્ઞાનની મદદથી નગરીકરણના વિકાસની સાથે આવા પ્રશ્નો વધુ ઉગ્ર ન બને તેમજ તેનો યોગ્ય ઉકેલ આવે તે માટેના પગલા લઈ શકાય છે.

**(7) નગરમાં વસતા શ્રમિકો અને તેમના પ્રશ્નોનો અભ્યાસ કરે છે :**

વિકસતા સમાજોમાં મોટેભાગે ઉધોગીકરણ અને નગરોના વિકાસની પ્રક્રિયા સહભાગી છે, તેવું કહીએ તો ખોટુ નથી નગરો તેમના ઔદ્યોગિક વિકાસને કારણે રોજગારીની નવી અને ગ્રામ સમુદાયોની તુલનામાં વિપુલ તકો પૂરી પાડે છે. આથી ગ્રામસમુદાયોના લોકો નગરો તરફ આકર્ષાય છે. અને પોતાના મુળ વતનથી સ્થળાંતર કરીને નગરમાં વસવાટ કરે છે. ગ્રામસમૂદાયમાંથી સ્થળાંતર કરીને આવતા લોકો નગરોમાં ઔદ્યોગિક સંસ્થાનો અને કારખાનાઓના ધોરણે શ્રમિક તરીકે રોજગારી મેળવતા હોય છે. આમાના કેટલાક લોકો શ્રમ અને અનુભવ વડે ઔદ્યોગિક દક્ષતા હાંસલ કરીને શ્રમિકો તરીકે કામ કરવા લાગે છે. પરંતુ તેનાથી સર્વો પ્રશ્નો હલ થઈ જતા નથી. કેટલાક વણ ઉકલ્યા પ્રશ્નો રહેતા જ હોય છે. ધણી તેઓ સંગઠીત બની પોતાના હિતોના રક્ષણ અર્થે ક્રિયાશીલ બને છે. આથી નગરોમાં વસતી શ્રમિકોના પ્રશ્નોના ઉકેલ શોધવા માટે નાગરી પૃષ્ઠભૂમિમાં તેમના જીવનના જુદા-જુદા પાંસાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવો જરૂરી બની જાય છે. આ દ્રષ્ટિથી શ્રમિકોનું જીવન અને તેમના પ્રશ્નો નગર સમાજશાસ્ત્રના અભ્યાસનુ વિષયવસ્તુ પ્રદાન કરે છે.

**(8) કલા અને હુન્નરના પલ્ટાતા સ્વરૂપનો અભ્યાસ કરે છે :**

વિકસતા સમાજોમાં પરંપરાગત કલા અને હુન્નર મોટે ભાગે ઉપયોગીતાવાદી હતા. આજે નગરોમાં કારખાનાઓમાં મશીનોની મદદ વડે મોટા પાયા ઉપર થતા વસ્તુઓના ઉત્પાદન સાથે પરંપરાગત કલા અને હુન્નર વડે સર્જાતી વસ્તુઓનો પ્રત્યક્ષ હરિફાઈમાં ઊતરવું પડે છે. દેખીતી રીતે આવી હરિફાઈ વચ્ચે આધુનિક કારખાનાઓમાં બનેલી વસ્તુઓ સમક્ષ તે ટકી રહી શકતી નથી. આવી નગરસમાજ શાસ્ત્રમાં નગરજીવનની પરંપરાગત કલા હુન્નર અને મનોરંજનની રીતભાતો ઉપર પડતી અસરો અને તેમના પલટાતા સ્વરૂપોનો અભ્યાસ એક અગત્યનું ક્ષેત્ર બને છે.

**(9) નગરમાં શિક્ષણ અને શૈક્ષણિક સગવડોનો અભ્યાસ કરે છે :**

વિકસતા સમાજોમાં શિક્ષણનું મહત્ત્વ વધતું જતુ હોવા છતાં ત્યાંના નગરોમાં પુરતી શૈક્ષણિક સગવડોનું પુરતુ અસ્તિત્વ જોવા મળતું નથી. આ હકીકત બાળકો અને વયસ્કો બંન્નેના શિક્ષણ માટેની સગવડોને સરખી રીતે લાગુ પડે છે. આથી વિકસતા સમાજોમાં નિરક્ષરતાં અને નિમ્ન જીવન-ધોરણ અનેક પ્રકારના પ્રશ્નો સર્જે છે. હાલમાં વિકસતા સમાજોના નગરોમાં શૈક્ષણિક સગવડોનુ વિકાસ તરફ વિશેષ ધ્યાન અપાવા લાગ્યુ છે. તેમ છતાં ભોજન, રહેઠાણ, સ્વાસ્થ્ય, અને ગંદા વસવાટોના પ્રશ્નોને પ્રાધાન્ય આપવાનું હોવાથી શૈક્ષણિક સગવડો અર્થે પુરતા સાધનો અને પૈસા ફાળવી શકાય નથી. આવી પરિસ્થિતિ વચ્ચે વિકસતા સમાજોમાં નગરોમાં શૈક્ષણિક વિકાસ અને શિક્ષણના પ્રશ્નોનો અભ્યાસ એક બીજુ અગત્યનું ક્ષેત્ર બને છે.

**(10) નગરની વસ્તીના લક્ષણો, રચના અને વિસ્તરણનો અભ્યાસ છે :**

નગરોની વસ્તીના ક્ષેત્રે જન્મદર, મૃત્યુદર, વસ્તીનું સ્થળાંતર, વસ્તીની રચના અને તેનું વિસ્તરણ વગેરે ને લગતા કેટલાક નવા પ્રશ્નો સર્જાય છે. આજ રીતે આંતરિક સ્થળાંતરના પ્રવાહો અને તેના પરિણામોને ક્ષેત્રે પણ વૈજ્ઞાનિક માહિતીની જરૂર છે. વળી નગરોમાં વસ્તીના સંગઠન અને સ્વરૂપ પરના વિવિધ પાંસાઓને લગતી માહિતી પણ આવશ્યક છે. આવા અભ્યાસો ખાસ કરીને વસ્તીની જાતિ, વય, શિક્ષણ, ધંધાકીય જૂથો, ઔદ્યોગિક દક્ષતા પ્રજાતિય તત્વો અને સામાજિક સાંસ્કૃતિક લાક્ષણિકતાઓના સંદર્ભમાં હોવા જરૂરી છે.

**(11) નગર પ્રશાસન અને નગર આયોજનના પ્રશ્નોનો અભ્યાસ છે :**

નગરસમુદાયો અને નગરજીવન તેની સામાજિક જટીલતા તથા વસ્તીના વિશાળ કદ અને વૈવિધ્યને કારણે નગરવાસીઓની ક્રિયા-પ્રતિક્રિયાઓના સુગ્રથન અને સંચાલન અર્થે સામાજિક નિયમનના કેટલાક ઔપચારિક સાધનોના જરૂરિયાત ઊભી કરે છે આ જોતા નગરસમાજ શાસ્ત્રની નગરની સ્થાનિક પ્રશાસન રાજ્ય અને સરકારો, કેન્દ્ર નગર આયોજન વગેરે આવરી લેવામાં આવે છે.

## 1.7 સમાપન

આ એકમમાં સમાજકાર્ય શિક્ષણમાં શહેરી ક્ષેત્રકાર્યનો પરિચય કર્યો. સમાજકાર્ય હેતુઓ સાથે ક્ષેત્રકાર્યના હેતુઓનું જોડાણ જોયું. ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની પસંદગીની પ્રક્રિયા, ક્ષેત્રકાર્ય વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે મુલાકાત, નિરિક્ષણ અને સહભાગી શહેરી ચકાસણીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું આંકન કર્યું. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પધ્ધતિઓ અને મહત્ત્વ અંગે અભ્યાસ છે. ઉપરાંત, સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતા મુજબની સૂચનાઓ અમલમાં મૂકી.

સમાજકાર્ય પારંગત સ્નાતક અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જુદા - જુદા અભ્યાસ, વિષય અને વિસ્તારમાંથી આવે છે. આવા સંજોગોમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમના પાયા સમાન ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવાનું હોય તેનો પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. જેની સમજ અને પ્રત્યક્ષ અનુભવ તમને આ શહેરી સમુદાયની મુલાકાત દ્વારા થઇ શકશે. ભારતમાં વસવાટ કરતી વસ્તીઓ મોટો હિસ્સો શહેરી વિસ્તારમાં વસવાટ કરતો થયો છે. એટલે કે પરિસ્થિતિ અનુસાર સમાજકાર્ય કરવા માટે શહેરીમાં કાર્યરત થઈ શકે તેવા કાર્યકર તૈયાર કરવા ખૂબ જ જરૂરી બને છે. તેથી આ અભ્યાસક્રમમાં પણ આપ શહેરી સમુદાયમાં કામગીરી કરવાનું જ્ઞાન અને કુશળતા મેળવો તે જરૂરી છે.

## 1.8 ચાવીરૂપ શબ્દો :

(1) **શહેર/નગર :** ''નગર એટલું મોટું હોય છે કે ત્યાંના રહીશો એકબીજાને ઓળખાતા નથી.''

(2) **ક્ષેત્રકાર્ય :** ક્ષેત્રકાર્ય એ જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે. જે તમારા માટે એક સામાજિક પ્રયોગશાળા છે.

(3) **મુલાકાત :** ચોક્કસ માહિતી એકત્ર કરવા માટે બે વ્યક્તિ વચ્ચે રૂબરૂ વાર્તાલાપ.

(4) **વ્યાવસાયિક સમાજકાર્ય :** સમાજકાર્ય એ વ્યાવસાયિક સેવા છે જે મૂલ્યો, વલણ, કુશળતા અને જ્ઞાન, પર આધારિત છે

## ૧.૯ : સ્વાધ્યાય

૧) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં વ્યસનની સમસ્યાથી થતી અસરો વિષે તમારું મંતવ્ય જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૨) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં આરોગ્યની સમસ્યા વિષે લખો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૩) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં નિરક્ષરતાની સમસ્યા અંગે જણાવો.

.....................................................................................
.....................................................................................
.........................................................................

૪) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં રોજગારીના સ્ત્રોત વિષે લખો

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૫) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારની પ્રાથમિક સુવિધાનું વર્ણન કરો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૬) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં ચાલતી સરકારી યોજનાનું વર્ણન કરો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૭) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં કલ્યાણ પ્રવૃતિ વિષે જણાવો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૮) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારની ધાર્મિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૯) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારની સામાજિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૧૦) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારમાં આધુનિકરણની અસર અંગે વર્ણન કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૧૧) તમારા અભ્યાસના શહેરી ક્ષેત્રકાર્યના વિસ્તારના લોકોના સંઘર્ષની પરિસ્થિતિ અંગે ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૧૨) શહેરી સમુદાયની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૧૩) શહેરી સમુદાયના પ્રશ્નો નિવારણ અંગે તમારા મંતવ્ય જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 1.10 તમારી પ્રગતિ તપાસો :

(1) ક્ષેત્રકાર્યમાં મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની મહત્ત્વની બાબતો જણાવો.

(2) ક્ષેત્રકાર્યમાં તમને પડેલી મુશ્કેલીઓ જણાવો.

(3) ક્ષેત્રકાર્ય અંગે માર્ગદર્શક સાથે ચર્ચા કરો.

(4) શહેરી વિસ્તારનું સ્વ મૂલ્યાંકન કરો.

## 1.11 સંદર્ભ સૂચિ

(1) નગર સમાજશાસ્ત્ર, ડૉ. હરીશ દોશી, (૧૯૯૮) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ

(2) વિકાસનું સમાજશાસ્ત્ર, પ્રો. ડૉ. હેમિઆયર

(3) વંચિતોનો વાણોતર, મહમદ યુનુસ એલ. જોવટે

(4) સંગઠન તાલીમ માર્ગદર્શિકા, સુરેશ પ્રજાપતિ

(5) ગરીબ પણ છૈયે કેટલા બધા, ઈલા ભટ્ટ

(6) વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, ડૉ. આનદી પટેલ

(7) Bhagat R.D. (2014) : 'Urban community Development' Centrum Press, Delhi

(8) Anderson vels (1960) : 'The urban community' Routledge & kegun puul, Londan.

(9) Butten T.R. (1957) : 'Communities and Their development' Oxford university Press, Londan.

(10) Subherdar I.S. (2009), Field work Training in Social work, Rawat Publications, Jaipur

(11) Singh R.R. (1985), Field work in Social work Education – A Perspective for human service professions. Concept publication Company, New Dilhi.

(12) Srinivas, M.N.(1983), The Field workers and the field, Oxford university Press.

**એકમ ૨**

# શહેરી સમુદાયનો અર્થ પ્રકાર અને સમસ્યાઓ

રૂપરેખા


**2.0 ઉદ્દેશ્ય**

**2.1 પ્રસ્તાવના**

**2.2 શહેરી સમુદાયનો અર્થ અને વ્યાખ્યાઓ**

**2.3 શહેરી સમુદાયના પ્રકારો**

**2.4 શહેરી સમુદાયની મુખ્ય સમસ્યાઓ**

**2.5 સારાંશ**

**2.6 તમારી પ્રગતિ ચકાસો**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**2.8 સ્વાધ્યાય લેખન**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 સંદર્ભ – સૂચિ**


## 2.0 ઉદ્દેશ્ય

- **આ એકમ દ્વારા વિદ્યાર્થીઓ નીચે મુજબની બાબતો જાણી શકશે.**
- **શહેર સમુદાયનો અર્થ અને એની વ્યાખ્યા વિશે સમજૂતી મેળવશે.**
- **શહેરી સમુદાયના પ્રકારો વિશે માહિતગાર થશે.**
- **શહેરી સમુદાયની સમસ્યાઓ વિશે ઊંડાણપૂર્વક સમજી શકશે.**

## 2.1 પ્રસ્તાવના

શહેરી સમુદાય માનવસમાજનું અભિન્ન અંગ છે. ભારતમાં શહેરી સમુદાયનો ઉદભવ વિકાસ એ પશ્ચિમની દેણગી છે. ભારતમાં શહેરના સામાજિક-આર્થિક પ્રણેતા ડી.આર. ગાડગીલ છે. તેમને પશ્ચિમના એક શહેરના થયેલા સામાજિક સર્વેક્ષણ-અભ્યાસના નમૂનાના પાયા ઉપર ૧૯૩૬માં પૂના શહેરનો અભ્યાસ કર્યો હતો. ૧૯૫૧ના વસતિગણતરીના અહેવાલો ઉપરથી જાણવા મળ્યું કે ભારતમાં ઝડપી શહેરીકરણ થઈ રહ્યું છે અને શહેરોનું કદ ઝડપથી વધી રહ્યો છે અને તેના પરિણામે શહેરી સમુદાયમાં વિવિધ સમસ્યાઓ આકાર લઈ રહી છે. તેનો અભ્યાસ સમાજકાર્ય ક્ષેત્રકાર્ય દ્વારા કરે છે અને તે સ્થળ સુધી પહોચીને ઉકેલો આપવાનું કાર્ય કરે છે. જયારે સમાજશાસ્ત્ર નામનું સામાજિક વિજ્ઞાન તે શહેરી સમાજનો અભ્યાસ કરીને સિદ્ધાંતો સ્થાપવાના મુખ્ય ધ્યેય સાથે કાર્ય કરે છે અને સાથે સમાજશાસ્ત્રની જે વ્યવહારુ શાખા વિકસી છે તેમાં શહેરી સમાજની સમસ્યાઓના ઉકેલો આપવાનું ધ્યેય ધરાવે છે. અહી શહેરી સમુદાયનો અર્થ આપીને ભારતમાં શહેરી સમુદાયના પ્રકારો અને અને તેની સમસ્યાઓ અંગે વિગતે સમજૂતી આપીશું.

## 2.2 શહેરી સમુદાયનો અર્થ અને વ્યાખ્યાઓ.

શહેરી સમુદાય એ આધુનિક ઘટના નથી. ભારતના પ્રાગૈતિહાસિક યુગના મોહેં-જો-દડો અને હડપ્પા જેવા આયોજિત શહેરોથી આપણે પરિચિત છીએ જ . પ્રાચીન ભારતમાં વૈશાલી, પ્રયાગ, કાશી, અયોધ્યા, તક્ષશિલા, પાટલીપુત્ર, રાજગૃહ વગેરે શહેરો અસ્તિત્વ ધરાવતા હતા. એટલે ભારતમાં શહેરી સમુદાયનું અસ્તિત્વ પ્રાગૈતિહાસિક કાળથી લઈને આધુનિક સમય સુધી જોવા મળે છે અને વર્તમાનમાં તો અનુ- આધુનિક શબ્દનું પ્રયોજન થાય છે ત્યારે શહેરી સમુદાયનું અસ્તિત્વ વિશેષ રીતે જોવા મળે છે. જેમાં ભૌતિક, આર્થિક, રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરેએ જેવી સામાજિક સંસ્થાઓમાં આવેલ પરિવર્તન શહેરી સમુદાયની જીવનશૈલી અને સમસ્યાઓમાં પરિવર્તન આવતું જોવા મળે છે. તેમજ વર્તમાન શહેરી સમુદાય પશ્ચિમના દેશોના શહેરોની તુલનામાં થોડેઘણે અંશે સામ્યતા અને તફાવત જોવા મળે છે.

**શહેરી સમુદાયની વ્યાખ્યા :**

વસતિશાસ્ત્રીય દ્રષ્ટિએ જોઈએ તો શહેર વિસ્તારમાં વસવાટ કરતા લોકોના બનેલા સમુદાયને શહેર કહેવાય. જે વિસ્તારમાં વસવાટ કરતી વસતિનું કદ મોટું હોય અને વસતીની ઘનતા વધુ હોય તેમજ મોટાભાગની વસતિ બિનકૃષિ વ્યવસાયોમાં રોકાયેલી હોય અને વસતિમાં અનેકવિધતા હોય તેવા વિસ્તારને શહેરી સમુદાય કહેવાય. વસતિનું મોટું કદ એટલે એવડું કદ કે જેથી મોટા ભાગના રહેવાસીઓ બાકીના બીજા રહેવાસીઓને વ્યક્તિગત રીતે ઓળખવા શક્તિમાન રહેતા નથી તેમજ તેમની વચ્ચે આંતરક્રિયા અને સામાજિક સંબંધો બિનઅંગત હોય છે. વધુ ઘનતા એટલે મર્યાદિત વિસ્તારમાં અમર્યાદિત લોકો વસવાટ કરતા હોય છે. અનેકવિધતા એટલે ધર્મ, વ્યવસાય, હિતો, વલણો, કોમ વગેરે બાબતમાં વૈવિધ્ય. જેને આપણે શહેરી સમુદાય કે શહેરી સમાજ તરીકે ઓળખીએ છીએ.

મેકાઈવર અને પેજ લખે છે કે ''શહેર નવી નવી પ્રથાઓનું કેન્દ્રસ્થાન છે. આ ઘટનાઓના અવિરત આઘાતો માત્ર સામાજિક સંગઠનમાં પરિવર્તન આણતા નથી, પરંતુ ગ્રામ સમુદાયની સામાજિક રૂઢીચુસ્તતા અને પ્રસ્થાપિત રીવાજ-પ્રણાલીને પણ અવગણે છે.''

ડૉ.લલિતપ્રસાદ કહે છે કે ''સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોઈએ તો શહેર એ જીવનની એક શૈલી છે. શહેરોમાં વસતિ વધારે અને ગીચ હોય છે. ત્યાં અવરજવરની,આપ-લેની,ખરીદ-વેચાણની, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડતાઓ પ્રમાણમાં પુષ્કળ હોય છે. આથી શહેરીઓની સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓ તથા શ્રદ્ધાઓના પણ વિવિધ ઢંગ હોય છે.''

શહેરી સમુદાયની સાદી વ્યાખ્યા એવી આપી શકાય કે તે ગ્રામ સમુદાયથી ભિન્ન લક્ષણો ધરાવતો સમુદાય છે.

શહેર એ પ્રકૃતિથી દૂર માનવસર્જિત વાતાવરણમાં વસવાટ કરતા વિવિધ ઉદ્યોગ-ધંધા પર આધાર રાખતા વિવિધ લોકોનો બનેલો એવો દૂરવર્તી સમુદાય છે; જેમાં વસતિનું પ્રમાણ અને ગીચતા, વર્ગઅંતર અને સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધુ હોય છે. તેમજ આ સમુદાય વિભિન્ન સ્થાનિક ભૌગોલિક વિસ્તારોમાં વિભાજીત થયેલો હોય છે અને વિશાળ સામુદાયિક જીવનને શક્ય બનાવવા દૂરવર્તી સામાજિક નિયંત્રણની વ્યવસ્થા વિકસી હોય છે. અહીં સ્વૈચ્છિક મંડળો વ્યક્તિના વિવિધ ગૌણ હિતો સંતોષે છે અને સમુદાયની સમગ્ર પ રિસ્થિતિ વ્યક્તિના વ્યક્તિત્વને વિશિષ્ટ ઘાટ આપે છે.

**ભારતમાં શહેરોના પ્રકાર**

(1) કાર્યના આધારે શહેરીના પ્રકાર

(2) વસતિના આધારે શહેરોના પ્રકાર

(3) વહીવટના આધારે શહેરોના પ્રકાર

**1. કાર્યોના આધારે શહેરોના પ્રકાર (વર્ગીકરણ ૧)**

ઉદ્‌ભવ અને કાર્યની દ્રષ્ટિએ પ્રત્યેક શહેરની આગવી વિશિષ્ટતા હોય છે. આથી (1) અમુક શહેર તેના ધાર્મિક કાર્યને લીધે મહત્ત્વનું ગણાતું હોય છે, તો અમુક શહેર તેના વ્યાવસાયિક-ઔદ્યોગિક કાર્યને લીધે અગત્યનું ધરાવતું હોય છે. એ જ રીતે અમુક શહેર - તેના રાજકીય કે વહીવટી કાર્યને લીધે મહત્ત્વ ધરાવતું હોય છે, તો કોઈ શહેર પ્રવાસના ધામ તરીકે મહત્ત્વનું ગણાતું હોય છે. આમ, શહેર કે શહેરના ઉદ્‌ભવ-વિકાસ પાછળ તેનું અમુક મુખ્ય કાર્ય માટે પ્રસિદ્ધિ પામ્યું હોય છે. શહેરના ઉદભવ-વિકાસ પાછળ શરૂઆતમાં તેનું અમુક મુખ્ય કાર્ય કારણભૂત હોય છે, પરંતુ સમય જતાં એ શહેર અન્ય કાર્યો પણ કરવા લાગે છે, અને શહેરનું કાર્યાત્મક પાયા પર વિભાજન થવા લાગે છે. ડૉ. લલિતપ્રસાદ ભારતીય શહેરોની ઉત્પત્તિનો વિચાર તેના મુખ્ય કાર્યના આધારે કરીને શહેરોના પ્રકાર નીચે મુજબ દર્શાવે છે. આ વર્ગીકરણને શહેરોના કાર્યાત્મક વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે, જે નીચે મુજબ છે :

(1) ધાર્મિક શહેર

(2) વહીવટી શહેર

(3) વ્યાપારિક શહેર

(4) ઔદ્યોગિક શહેર

(5) ખનીજ શહેર

(6) હવાખાવાનાં શહેર

(7) બંદરનાં શહેર

(8) શૈક્ષણિક શહેર

(9) રેલવે સંબંધી શહેર

(10) સેના સંબંધી શહેર

(11) પુનર્વસવાટનાં શહેર

**ઉપર મુજબનાં વિભિન્ન શહેરો વિશેની સમજૂતી નીચે મુજબ છે :**

**(1) ધાર્મિક શહેર :**

જે શહેરના ઉદ્‌ભવનું મૂળ કારણ ધાર્મિક હોય અથવા ધાર્મિક પ્રવૃત્તિ હોય, તેને ધાર્મિક શહેર કહેવાય. દા.ત., ડાકોર, કાશી, મથુરા, પાલિતાણા, રામેશ્વર, પ્રયાગ, દ્વારકા, જગન્નાથપુરી, હરદ્વાર, અયોધ્યા, અજમેર વગેરે ધાર્મિક શહેરનાં દૃષ્ટાંત છે. શહેરોની ઉત્પત્તિ અંગેનો ઇતિહાસ મુખ્યત્વે ધાર્મિક સ્વરૂપનો હોય છે. એટલે કે આવાં શહેરો તીર્થસ્થાનો તરીકે પ્રસિદ્ધ હોય છે.

ધાર્મિક શહેરમાં દેવ-દેવીનાં મંદિરો, સ્થાનકો, ધર્મશાળાઓ વગેરે વિશેષ હોય / ગોમ

છે. કેટલાંક તીર્થસ્થાનો પાસે નદી, તળાવ કે સમુદ્રકાંઠો હોય છે અને તેમાં સ્નાન કરવાથી પવિત્ર થવાય છે એવી માન્યતા લોકોમાં પ્રચલિત હોય છે. તીર્થસ્થળે જવાથી પાપનો નાશ થાય છે અને પુણ્ય પ્રાપ્ત થાય છે એવી માન્યતાને કારણે લોકોની અવરજવર વિશેષ થતી હોય છે. ગ્રામજનો અને અન્ય શહેરોના લોકો ધાર્મિક શહેરોમાં હોરો પંજ તીર્થયાત્રાએ અવરજવર કરતા હોવાથી ધાર્મિક શહેરોમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના પરસંગ લોકોનું સંસ્કૃતીકરણ થતું રહે છે.

આવાં શહેરનાં ધાર્મિક સ્થાનોએ વિવિધ પ્રકારનાં ધાર્મિક વિધિ-વિધાન થતાં હોય (૧) ગૌધ છે. ઉત્તરક્રિયા સંબંધી, પુણ્યતિથિ સંબંધી, શ્રાદ્ધક્રિયા સંબંધી, અસ્થિ વિસર્જન સંબંધી કે ખાસ પ્રકારના પૂજાપાઠ સંબંધી ધાર્મિક વિધિ-વિધાન અહીં થતા હોય છે. આ હેતુ માટે ઘણાં લોકો આવાં શહેરોની યાત્રા કરતા હોય છે, તેમજ આવા શહેરમાં વિશિષ્ટ ધાર્મિક વિધી કરવાનું કાર્ય કરતા પુરોહિતો વસવાટ કરે છે. આ પુરોહિતો સમગ્ર દેશનાં શહેરો તથા ગામડામાંથી આવતા યજમાનો પાસેથી દાન-દક્ષિણા મેળવે છે, જે તેમની આજીવિકાનો આધાર હોય છે. અર્થાત્ અહીં ધાર્મિક કાર્યનું વ્યાવસાયિકરણ થયેલું જોવા મળે છે. ધાર્મિક શહેરો ભારતની સંસ્કૃતિની પ્રાચીનતાનાં પ્રતીક છે. તેની સાથે ગ્રામીણ સમાજની આંતરક્રિયા પણ પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રક્રિયા છે.

આવા શહેરમાં મંદિરની આસપાસના વિસ્તારમાં ધાર્મિક વિધિ માટે ઉપયોગી જરૂરી ચીજવસ્તુઓના વેચાણ માટેના બજાર વિકસી આવે છે. સમય જતાં ધાર્મિક શહેર વ્યવસાય, વહીવટ, ઉદ્યોગ, વેપાર વગેરેની દૃષ્ટિએ મહત્ત્વ ધારણ કરે છે; પરિણામે તેમાં કાર્ય વિભેદન અને વિશેષીકરણ વિકસે છે.

**(2) વહીવટી શહેર :**

જે શહેરની ઉત્પત્તિ અને વિકાસનું મૂળ વહીવટ હોય અને તેનું મુખ્ય કાર્ય વહીવટ હોય તેવા શહેરને વહીવટી શહેર કહેવાય. તાલુકા - જિલ્લા મથકો તેમજ રાજધાનીના શહેરોમાં રાજ્યના વહીવટનું કાર્ય કરતી તાલુકા-જિલ્લા કચેરીઓ હોય છે. આવાં શહેરોમાં ગ્રામજનોની વિશેષ અવરજવર હોય છે. આવાં શહેરોમાં ખરીદ-વેચાણ માટેનાં કેન્દ્રો, બજાર પણ વિકસ્યાં હોય છે; પરિણામે તે વ્યાવસાયિક કેન્દ્રો તરીકે મહત્ત્વ ધરાવે છે. ગ્રામજનોની ખરીદી અને વેચાણનું તે મુખ્ય જમીન-મહેસુલ. લોન વગેરે કામો માટે ગ્રામજનોને આવાં શહેરોની અવારનવાર મુલાકાત લેવી પડે છે તેમજ વિકાસની કામગીરીનું સંચાલન આવાં શહેરોમાંથી થતું જોવાને લીધે ગ્રામ-શહેર સંપર્ક વિશેષ રહેવા પામે છે. આવાં શહેરો ગામડામાં શહેરો સંસ્કૃતિનો ફેલાવો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(3) વ્યાપારિક શહેરો :**

પ્રત્યેક ક્ષેત્રમાં અમુક ચીજવસ્તુનું ઉત્પાદન થતું હોય છે. આવી ચીજવસ્તુની ખરીદી-વેચાણ માટે એ વિસ્તારમાં અમુક ગામડાં મહત્ત્વ ધારણ કરે છે; પરિણામે સમય જતાં તે ગામડું વેપારી મથક તરીકેના શહેરમાં રૂપાંતર પામે છે. એટલે જે શહેરના ઉદ્ભવ-વિકાસનું મૂળ વેપારમાં રહેલું હોય અને તેનું મુખ્ય કાર્ય વેપાર સંબંધી હોય તેવા શહેરને વ્યાપારિક શહેર કહેવાય. દરેક પ્રાદેશિક વિસ્તારોમાં વેચાણ અને ખરીદી માટેનાં નાનાં શહેરો ઉદ્ભવ-વિકાસ પામ્યાં હોય છે. ઘઉંના વેપાર માટેનાં કેટલાંક શહેરો પંજાબમાં જોવા મળે છે. ગુજરાતમાં ધોળકા, ધંધુકા, પાદરા, વલસાડ વગેરે વેપાર સબંધી શહેરો છે. આવાં શહેરો ધીમે ધીમે વેપાર ઉપરાંત અન્ય કાર્યો પણ કરવા લાગે છે, પરંતુ તે મુખ્યત્વે અમુક ચીજવસ્તુના વેપાર માટે પ્રખ્યાત હોય છે.

**(4) ઔદ્યોગિક શહેરો :**

જે શહેરનો ઉદ્ભવ અમુક ઉદ્યોગને લીધે થયો હોય અને તેનું પ્રધાનકાર્ય ઔદ્યોગિક હોય તેવા શહેરને ઔદ્યોગિક શહેર કહેવાય. ભારતમાં આવાં શહેરોનો ઉદ્ભવ બ્રિટિશઅમલ દરમિયાન થવા પામ્યો છે. જમશેદપુર, દુર્ગાપુર, રૂરકેલા, ભદ્રાવતી, સુરત, વડોદરા, લુધિયાણા, રાંચી, કોટા, ગાઝિયાબાદ વગેરે મુખ્ય ઔદ્યોગિક શહેરો છે. એ જ રીતે ગુજરાતમાં અતુલ, ઉધના, કોયલી ઔદ્યોગિક શહેરનાં દૃષ્ટાંત છે. સાકચી નાકના એક ગામડામાં ૧૯૧૧માં લોખંડનું કારખાનું શરૂ થયું અને ૫૦ વર્ષમાં તે જમશેદપુર શહેરમાં રૂપાંતર પામ્યું. એ જ રીતે ભિલાઈ અને રૂરકેલા ગામડાં હતાં, પરંતુ ત્યાં લોખંડનાં કારખાનાં સ્થાપતાં શહેરમાં રૂપાંતર, પામ્યાં. સ્વાધીન ભારતમાં એવાં ઘણાં સ્થળો છે, જે કારખાનાં-ઉદ્યોગો સ્થપવાને લીધે શહેરમાં રૂપાંતર પામવા લાગ્યાં છે. આવા શહેરમાં વસવાટ કરતા લોકો મુખ્યત્વે ગામડાંમાંથી અને અન્ય શહેરોમાંથી સ્થળાંતર કરીને આવ્યા હોય છે. સ્થાનિક લોકોની જરૂરિયાત પૂરી પાડવા વેપાર-બજાર પણ વિકાસ પામે છે અને ધીમે ધીમે તે રાજકીય, વહીવટી, ધાર્મિક વગેરે વિવિધ કાર્ય કરતું શહેર બને છે.

**(5) ખનીજ શહેર :**

જે શહેરોનો ઉદ્ભવ મુખ્યત્વે અમુક ખનીજ સંપત્તિ મળી આવવાને લીધે ખાણ ઉદ્યોગના વિકાસથી થયો હોય અને તેનું મુખ્ય કાર્ય જમીનમાંથી ખનીજ સંપત્તિ બહાર કાઢવાનું અને મેળવવાનું હોય, તેવા શહેરને ખનીજ સંબંધી શહેર કહેવાય. ધનબાદ, ઝરિયા, શિવરાજપુર, કોડરમાં આવાં શહેરો છે. કોડરમા ધનબાદ અને ઝરિયામાં કોલસાની ખાણો છે. ખાણ ઉદ્યોગ આ શહેરોના વિકાસનું મૂળ કારણ છે. આવાં શહેરોમાં આજીવિકા અર્થે આજુબાજુથી ગ્રામીણ વસતિ આવીને વસી હોય છે. તે ઉપરાંત ખાણ ઉદ્યોગનું જેમ જેમ વિસ્તૃતીકરણ થતું હોય છે તેમ તેમ તે સ્થળ શહેરમાં રૂપાંતર પામ્યું હોય છે. આવાં શહેરોમાં જરૂરિયાતોને લીધે બીજાં કાર્યો પણ વિકસતાં જાય છે.

**(6) હવા ખાવાનાં શહેરો :**

બ્રિટિશરોએ પોતાને વસવાટ માટે અનુકૂળ હોય તેવા સ્થળોની પસંદગી કરીને શહેરોની સ્થાપના કરી હતી. આબોહવા અને કુદરતી વાતાવરણ સ્વાસ્થ્ય માટે અનુકૂળ હોય તેવાં સ્થાનો શહેરમાં રૂપાંતર પામ્યાનાં ઘણાં દૃષ્ટાંતો છે/ દહેરાદૂન, સિમલા, મસૂરી, નૈનીતાલ, દાર્જિલિંગ, મહાબળેશ્વર વગેરે આવાં શહેરો છે. આ શહેરોની વસતિ ઉત્તરોત્તર વધતી જાય છે. ખાસ કરીને દેશ-વિદેશના સંપત્તિવાન લોકો આવાં શહેરોમાં ઉનાળાની ઋતુમાં હવા ખાવા જતા હોય છે અને તે જોવાલાયક સ્થળ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હોય છે. ગુજરાતમાં ચોરવાડને હોલીડે કેમ્પ તરીકે વિકસાવવા પ્રયત્ન થઈ રહ્યો છે. આવાં શહેરોમાં ઉચ્ચ વર્ગની વસતિ વિશેષ હોય છે અને મધ્યમ વર્ગની વસતિ ઓછી હોય છે. પર્યટકોની જરૂરિયાત પૂરી પાડતા વેપાર-વ્યવસાય અહીં વિકાસ પામે છે. આવાં શહેરોમાં મકાનોની રચના, શહેરનો આકાર અને કદ, બાહ્ય સ્વરૂપ, વગેરે અન્ય પ્રકારના શહેર કરતાં જુદા તરી આવે છે.

**(7) શિક્ષણસંબંધી શહેરો :**

જે શહેરની ઉત્પત્તિનું મૂળ શિક્ષણકાર્ય સાથે સંકળાયેલું હોય અને તેનું મુખ્ય કાર્ય શિક્ષણ હોય તેવા શહેરને શિક્ષણ સંબંધી શહેર કહેવાય. પ્રાચીન ભારતમાં તક્ષશિલા, નાલંદા વગેરે આવાં શહેરો હતાં. યાદવપુર, વલ્લભવિદ્યાશહેર આ પ્રકારનાં શહેરો છે. આવાં શહેરોમાં વિભિન્ન પ્રકારની શિક્ષણ સંસ્થાઓ, હોસ્ટેલો વગેરે હોય છે. ત્યાંની મુખ્ય વસંતિ પ્રારંભિક

તબક્કે વિદ્યાર્થીઓ અને શિક્ષકો હોય છે. પરંતુ પછી આ લોકોની વિભિન્ન જરૂરિયાતો પૂરી પાડતા અન્ય વ્યવસાયો, વેપાર, ઉદ્યોગ, ભોજનાલયો, હૉટેલો વગેરે વિકાસ પામે છે.

**(8) બંદરનાં શહેરો :**

જે શહેરનું મહત્ત્વ એ શહેરમાં આવેલા બંદરને કારણે હોય અને તે કારણે તેનો ઉદ્ભવ-વિકાસ થવા પામ્યો હોય તેવા શહેરને બંદરનાં શહેરો કે બંદરીય શહેરો કહેવાય. ભારતમાં સમુદ્રકાંઠાનાં કેટલાંક સ્થળો કુદરતી બંદર તરીકે વિકાસ પામ્યાં છે, તો કેટલાંક સ્થળોને કૃત્રિમ રીતે વિકસાવવામાં આવ્યાં છે. ભારતમાં મુંબઈ, કલકત્તા, મદ્રાસ, ઓખા, કંડલા, પોરબંદર, દીવ, દમણ, કોચીન, કાલિકટ, વિશાખાપટ્ટનમ્ વગેરે બંદરનાં શહેરો છે. આ શહેરોમાં શરૂઆતની વસતિ આયાત-નિકાસ સાથે સંકળાયેલા લોકોની અને ખલાસીઓ તથા મજૂરોની હોય છે. પરંતુ ધીમે ધીમે ત્યાં અન્ય વસતિ સ્થળાંતર કરવા લાગે છે અને વસતિનું વૈવિધ્ય વિકાસ પામે છે. આવાં શહેરોમાં જેમ જેમ ઉદ્યોગ-ધંધા, વેપાર વિકાસ પામતા જાય છે તેમ તેમ શહેરનું કદ અને ગીચતા વૃદ્ધિ પામે છે. સમય જતાં બંદરીય શહેર તરીકે ઉદ્ભવ-વિકાસ પામેલું શહેર ઔદ્યોગિક શહેરમાં પણ રૂપાંતર પામતું હોય છે. મુંબઈ બંદર સંબંધી શહેર હોવાની સાથોસાથ ઔદ્યોગિક શહેર પણ છે. એ જ રીતે અન્ય શહેરો માટે કહી શકાય. મુંબઈ, કલકત્તા વગેરે શહેરો અનેક કાર્યો કરતાં શહેરો છે.

**(9) લશ્કરી મુથકનાં શહેરો :**

જે શહેરોનો ઉદ્ભવ મુખ્યત્વે લશ્કરી છાવણીના સ્થળમાંથી થયો હોય તેવા શહેરને સેના સંબંધી શહેર કહેવાય. દાનપુર, રામગઢ, જલંધર, ખડકવાસલા વગેરે તેનાં ઉદાહરણ છે. અન્ય કારણસર ઉદ્ભવ-વિકાસ પામેલાં શહેરોમાં લશ્કરી છાવણી સ્થપાતાં કે તે લશ્કરી તાલીમનું કેન્દ્ર બનતાં આવાં શહેરોના વિકાસને વેગ મળે છે. દહેરાદૂન, રાંચી જેવાં શહેરોના વિકાસમાં લશ્કરી છાવણીએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આવાં શહેરોમાં ધીમે ધીમે ઉદ્યોગ-વેપાર-વાણિજ્યનો વિકાસ થતાં કાર્યવિભાજન થવા લાગે છે.

**(10) રેલવે સંબંધી શહેર :**

જે શહેરનો ઉદ્ભવ રેલવે સ્થાપવાને લીધે થયો હોય અને તે મુખ્ય રેલવે મથક હોય તેવા શહેર રેલવે સંબંધી શહેર કહેવાય. એટલે કે જે શહેરના ઉદ્ભવ-વિકાસનું મૂળ રેલવે હોય તેવાં શહેરો આ પ્રકારનાં છે. મુગલસરાઈ, જમાલપુર, દિબ્રુગઢ, પઠાણકોટ, સુરેન્દ્રશહેર, વિરમગામ રેલવે સંબંધી શહેર છે. આવાં શહેરોમાં મુસાફરોની જરૂરિયાત પૂરી પાડતા વ્યવસાય, વેપાર શરૂ થાય છે અને સમય જતાં તે વિવિધ કાર્યો કરતાં શહેરમાં રૂપાંતર પામ્યાં હોય છે.

**(11) પુનર્વસવાટનાં શહેર :**

અખંડ ભારતના ભારત-પાકિસ્તાન ભાગલા પડતા અસંખ્ય શરણાર્થીઓ ભારતમાં આવ્યા. તેઓના વસવાટની સમસ્યા હલ કરવાના ઉપાય તરીકે કે તેમના પુનર્વસવાટ માટે ભારતમાં કેટલાંક શહેરોનું નિર્માણ થયું. ફરીદાબાદ, નીલોખેરી, ચંડીગઢ, ઉલ્લાસ શહેર વગેરે આવાં શહેરો છે. નવાં નિર્માણ પામેલાં આ શહેરો આયોજિત સ્વરૂપનાં છે. ભૌતિક દેખાવની દૃષ્ટિએ આ શહેરોની તુલના પશ્ચિમનાં આધુનિક શહેરોની સાથે થઈ શકે તેમ છે. જોકે શરૂઆતમાં તે માત્ર વસવાટના કેન્દ્રરૂપે હોય છે, પરંતુ પછી ધીમે ધીમે તે શહેરમાં રૂપ ાંતર પામતા જાય છે. શહેરોનું આ વર્ગીકરણ જે તે શહેરના મુખ્ય કાર્ય અને ઉત્પત્તિના કારણને લક્ષમાં રાખીને કરવામાં આવેલું છે. પરંતુ સમયના વહેણમાં આ શહેરો વિવિધ કાર્યો કરતાં શહેરો તરીકે રૂપાંતર પામતાં હોય છે. એટલે કે તેના મુખ્ય કાર્ય ઉપરાંત, અન્ય કાર્યો પણ કરવા

લાગે છે. આમ, શહેરના કાર્યમાં વૃદ્ધિ અને કાર્યવિભાજન થતું રહે છે.એટલું જ નહીં પરંતુ આમાંના ઘણાં શહેરો તેના પરંપરાગત કાર્યો ચાલુ રાખે છે અને નવાં કાર્યો પણ થવા લાગે છે. આવાં શહેરોને દ્વિમુખી શહેરો કહેવામાં આવે છે. શહેરના ઉદ્દભવના પ્રારંભિક તબક્કે કોઈ એકાદ મુખ્ય કારણ જવાબદાર હોય છે. પરંતુ વર્તમાન સમયમાં શહેરના વિકાસની પાછળ અનેકવિધ પ્રવૃત્તિઓ અને પરિબળો જવાબદાર હોય છે. આવાં શહેરો એક બાજુ ગામડાં સાથે સંકળાયેલાં રહે છે, તો બીજ બાજુ, અન્ય શહેરો સાથે પણ સંકળાયેલાં રહે છે. આમ, પ્રત્યેક શહેર, ગામડાં અને અન્ય શહેરો સાથે સંપર્ક ધરાવે છે.

**2. વસતિના આધારે શહેરોના પ્રકાર (વર્ગીકરણ ૨)**

શહેરોનું વર્ગીકરણ કરવામાં શહેર સમાજશાસ્ત્રીઓ શહેરોની વસતિના પ્રમાણનો એક આધાર તરીકે ઉપયોગ કરે છે. આ દષ્ટિએ એટલે કે શહેરોની વસતિના કદ(જૈડી´ર્ક્ેર્ક્ષ્ક્રૈહ)ના આધારે શહેરોના પ્રકાર નીચે મુજબ છે :

(1) કસબા (Town)

(2) શહેર (City)

(3) મહાનગર (Metropolitan city)

શહેરના આ પ્રકારો વિશેની સમજૂતી નીચે મુજબ છે.

**(1) કસબા (Town):**

વસતિના આધારે જોઈએ તો વસતિગણતરીના અહેવાલોમાં ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની વસતિવાળા તથા ૧૦,૦૦૦ થી ૨૦,૦૦૦ સુધીની વસતિવાળા સમુદાયોને 'કસબા' તરીકે ઓળખવામાં આવે છે. વસતિના પ્રમાણને આધારે કસબાઓને નાના, મધ્યમ કદના અને મોટા કદના એમ ત્રણ પેટા વિભાગોમાં વહેંચી શકાય. સામાન્ય રીતે મહાલ અને તાલુકા મથક સ્વરૂપનાં વહીવટી કેન્દ્રો ધરાવતા સમુદાયોને કસબા તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે કસબામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે વહીવટી કામો કરવા માટે શહેર પંચાયત રચાયેલી હોય છે. આવા કસબા શહેર અને મહાશહેરની સરખામણીમાં પરંપરાભિમુખ હોય છે, પરંતુ ગ્રામ સમુદાયની સરખામણીમાં તેમાં શહેરી સમુદાયની કેટલીક લાક્ષણિકતાઓ વિકસી હોય છે. બીજી રીતે કહીએ તો કસબામાં જ્ઞાતિ, સંયુક્ત કુટુંબ, લગ્ન, ધર્મ તેમજ રિવાજોની પરંપરાનું પ્રાબલ્ય હોય છે. પરંપરાગત ધોરણો વધુ બલવત્તર હોય છે. પરંતુ ગ્રામ સમુદાયની સરખામણીમાં તે ઢીલાં હોય છે. કસબામાં ખેતીનો વ્યવસાય પણ હોય છે અને તેની સાથે સાથે નાના કદના ઉદ્યોગો અને નાનું બજાર પણ હોય છે. આસપાસનાં ગામડાંઓમાંથી લોકો કસબાની બજારમાં ખરીદી માટે આવે છે અને તેઓ પોતાનું ઉત્પાદન કસબાની બજારમાં વેચતા હોય છે. કસબા સાથે ગ્રામજનોનો વિશેષ સંપર્ક હોય છે. કસબા વસવાટની તેમજ રહેણીકરણીની દ્રષ્ટિએ ગ્રામીણ અને શહેરી જીવનનું મિશ્ર સ્વરૂપ ધરાવતા હોય છે. આ બાબતમાં નાના, મધ્યમ અને મોટા કદના કસબાઓ વચ્ચે વૈવિધ્ય હોય છે એ જ રીતે વસતિનું કદ અને ગીચતા ગ્રામ સમુદાય કરતાં કસબામાં વધુ હોય છે. સામાજિક રચનાતંત્રની દૃષ્ટિએ જોઈએ તો કસબાનું રચનાતંત્ર ગ્રામ સમુદાય કરતાં વધુ જટિલ પરંતુ શહેર સમુદાય કરતાં ઓછું જટિલ હોય છે.

કસબામાં ગામડાંઓ કરતાં જમીનની કિંમત વધારે જોવા મળે છે. વળી, કસબાની વસતિ કસબાની આજુબાજુની હાઉસિંગ સોસાયટીઓમાં રહેવા જવા વધુ ઉત્સુક હોય છે.

વસવાટની ઢબ ગ્રામ સમુદાય કરતાં કસબામાં જુદી તરી આવતી હોય છે. મોટા કસબામાં વસતિનું કદ વધતાં તે શહેર સ્વરૂપે રૂપાંતર પામે છે. કસબા વહીવટ, વેપાર-વાણિજ્ય અને બીજી કેટલીક બાબતોમાં શહેર સાથે સમાનતા કે સંબંધ ધરાવતા હોય છે. સ્થળાંતરની ઢબ સામાન્ય રીતે કસબામાંથી શહેર તરફની જોવા મળે છે.

**(2) શહેર (Town):**

વસતિની દૃષ્ટિએ ૨૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦ (વીસ હજારથી દસ લાખ) સુધીની વસતિવાળા સમુદાયને શહેર કે શહેર (city) તરીકે ઓળખવામાં આવે છે. આવાં શહેરોને નાનાં, મધ્યમ અને મોટા કદનાં શહેરો એમ ત્રણ પેટા વિભાગોમાં વહેંચી શકાય. ૨૦ હજારથી ૫૦ હજાર સુધીની વસતિવાળાં શહેરોને નાનાં શહેરો તરીકે, ૫૦ હજારથી I લાખ સુધીની વસતિવાળાં શહેરોને મધ્યમ કદનાં તેમજ I લાખથી ૧૦ લાખ સુધીની વસતિવાળાં શહેરોને મોટા કદનાં શહેરો (મોટાં શહેરો) તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે આવાં શહેરોમાં નગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા સ્થાનિક વહીવટ થતો હોય છે.

આ શહેરો મહાશહેરોની સરખામણીમાં વધુ પરંપરાભિમુખ હોય છે, પરંતુ ગ્રામીણ અને કસબાની સરખામણીમાં આધુનિક હોય છે. કસબાની સરખામણીમાં શહેરોમાં જ્ઞાતિ, સંયુક્ત કુટુંબ, લગ્ન, ધર્મ વગેરે બાબતોમાં પરંપરાઓનું પ્રાબલ્ય ઓછું હોય છે. પરંપરાગત ધોરણો પ્રમાણમાં ઢીલાં હોય છે. આવાં શહેરોમાં ખેતીનો વ્યવસાય ઓછો હોય છે, પરંતુ ઉદ્યોગોનું પ્રાધાન્ય હોય છે. આસપાસના ગ્રામ સમુદાય અને કસબાઓમાંથી શહેરોના બજારમાં લોકો ખરીદ-વેચાણ કરવા આવતા હોય છે. આજુબાજુના કસબા સાથે શહેર સમુદાય આંતર સંબંધથી જોડાયેલો હોય છે. કસબાની સરખામણીમાં શહેરમાં ફૅશનોનું પ્રચલન વિશેષ હોય છે. આ બધી બાબતોમાં નાનાં, મધ્યમ અને મોટાં શહેરો વચ્ચે વૈવિધ્ય કે તફાવત હોય છે. શહેરમાં વસતિની ગીચતા કસબા કરતાં વધુ હોય છે. શહેરનું સામાજિક રચનાતંત્ર કસબા કરતાં વધુ જટિલ હોય છે, પરંતુ મહાશહેર કરતાં ઓછું જટિલ હોય છે.

શહેરોમાં લોકો વચ્ચેના સામાજિક સંબંધો ઔપચારિક સ્વરૂપના હોય છે. લોકો કસબામાંથી શહેરોમાં સ્થળાંતર કરતાં નાનાં શહેરો મોટાં શહેરો સ્વરૂપે અને મોટાં શહેરો મહાશહેરો સ્વરૂપે વિકસી રહ્યાં છે.

**(3) મહાનગર (Metropolitan City):**

૧૦ લાખથી વધુ વસ્તીવાળાં શહેરોને મહાશહેરો તરીકે ઓળખવામાં આવે છે. મુંબઈ, કલકત્તા, મદ્રાસ, બેંગ્લોર, લખનૌ, અમદાવાદ, સુરત વગેરે ભારતમાં ૨૩ મહાશહેરો છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને સુરત એ ત્રણ મહાશહેરો છે.મહાશહેરોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્થાનિક વહીવટ માટે રચના કરવામાં આવે છે.

મહાશહેરોમાં ઝડપી શહેરીકરણ તથા ઉદ્યોગીકરણ જોવા મળે છે, અને તેના પરિણામે શહેર સમુદાયો કરતાં મહાશહેરોમાં સામાજિક અને નાગરિક સમસ્યાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

વળી મહાશહેરોને નાનાં, મધ્યમ અને મોટાં કદનાં મહાશહેરોમાં વહેંચી શકાય. ભારતમાં મુંબઈ એ સૌથી મોટું મહાશહેર છે, જેની વસતિ ૧૯૯૧ની વસતિગણતરી .. પ્રમાણે ૧ કરોડ ૨૫ લાખ જેટલી છે. ત્યાર પછીના ક્રમે કલકત્તા આવે છે.

યંત્રવત્ જીવન મહાશહેરોની આગવી લાક્ષણિકતા બની રહે છે. મહાશહેરોનું સામાજિક રચનાતંત્ર અત્યંત જટિલ હોય છે. ઉપશહેરો કે પરા વિસ્તારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહે છે. જીવનશૈલીની દૃષ્ટિએ મહાશહેરો શહેરોથી જુદાં તરી આવે છે.

**3. વહીવટી પાયા પર શહેરોના પ્રકાર (વર્ગીકરણ ૩)**

વહીવટી પાયા પર શહેરોને તાલુકા મથકનાં શહેરો, જિલ્લા મથકનાં શહેરો અને તરીકે પાટનગર મથકનાં શહેરો એમ ત્રણ પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

આ પ્રકારનાં શહેરોનું વર્ગીકરણ વસતિના કદની દષ્ટિએ નહીં પરંતુ વહીવટી કેન્દ્રની દૃષ્ટિએ કરવામાં આવેલું છે.

તાલુકા મથકનાં શહેરો સામાન્ય રીતે કસબા કે નાનાં શહેર સ્વરૂપનાં હોય છે, જ્યારે જિલ્લા મથકનાં શહેરો સામાન્ય રીતે મધ્યમ કદનાં કે મોટા કદનાં શહેરો સ્વરૂપે જોવા મળે છે. પરંતુ પાટનગર મથકનાં શહેરો મોટેભાગે મહાશહેર તરીકે જોવા મળે છે. વહીવટી પાયા પરનાં શહેરોનો સમાજશાસ્ત્રીય દષ્ટિએ નીચે મુજબ પરિચય આપી શકાય :

(1) તાલુકા મથકનાં શહેરો

(2) જિલ્લા મથકનાં શહેરો

(3) પાટનગર મથકનાં શહેરો

**(1) તાલુકા મથકનાં શહેરો :**

તાલુકો એ રાજ્યના વહીવટનું એકમ છે. તાલુકા મથકનું શહેર એક વહીવટી એકમ તરીકે તાલુકાના તાબા હેઠળનાં ગામડાંઓનો વહીવટ કરે છે. તાલુકા મથકનું વહીવટી શહેર રાજકીય પ્રવૃત્તિનું કેન્દ્ર હોય છે, અને તેના તાબા હેઠળનાં ગામડાંઓ અંગે નિર્ણયો લેવાની તેની પાસે સત્તા હોય છે. તાલુકા કક્ષાએ મુખ્ય રેવન્યુ અધિકારી તરીકે મામલતદાર હોય છે. ઉપરના મથકેથી આવતા નિર્ણયોનો તાલુકાના વહીવટી અધિકારીઓએ અમલ કરવાનો હોય છે.

તાલુકા મથકનાં શહેરો આજુબાજુનાં ગામડાં માટે વેપાર-વાણિજ્ય અને રોજગારનું કેન્દ્ર હોય છે. ગ્રામજનો વહીવટી કામો માટે તાલુકા મથકે આવેલી વિવિધ કચેરીઓનો સંપર્ક સાધે છે. તાલુકા મથકનાં શહેરો ગામડાંની જરૂરિયાતો જેવી કે ખેતીનાં સાધનો, બિયારણ, ખાતર, દવાઓ, ડૉક્ટર, શિક્ષણ વગેરે પૂરી પાડવાનું કાર્ય કરે છે. ગ્રામ-શહેર સંપર્કને લીધે શહેરી સંસ્કૃતિનાં તત્ત્વો ગ્રામીણ સમુદાયમાં પ્રસરણ પામે છે. સાથોસાથ આવાં શહેરોનું ગ્રામીણીકરણ કરવામાં ગામડાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(2) જિલ્લા મથકનાં શહેરો :**

જિલ્લા મથકનાં શહેરો આખા જિલ્લાના વહીવટ માટેનું એકમ છે. જિલ્લા મથકે રેવન્યુ ખાતાના મુખ્ય અધિકારી તરીકે કલેકટર હોય છે અને જિલ્લાનાં વહીવટી કામો કરવા માટે તેમની પાસે વિશાળ સત્તા હોય છે. જિલ્લાના તાબા હેઠળ કેટલાક તાલુકા આવેલા હોય છે. તાલુકા અને તાલુકાનાં ગામડાંઓનો વહીવટ જિલ્લા મથકેથી થાય છે. તાલુકા અને ગામડાંઓ માટેના વહીવટી નિર્ણયો જિલ્લા મથકે લેવાય છે. રાજ્યના અંગ તરીકે જિલ્લા મથકનું શહેર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

જીલ્લા મથકના શહેરો સામાન્ય રીતે મધ્યમ કદનાં અથવા મોટા કદનાં શહેરો સ્વરૂપે

જોવા મળે છે. સ્થળાંતરની ઢબ સામાન્ય રીતે તાલુકા મથકના શહેરથી જિલ્લા મથકના શહેર તરફની જોવા મળે છે.

**(3) પાટનગર મથકનાં શહેરો :**

દરેક રાજ્યનું એક પાટનગર હોય છે. સમગ્ર દેશનું પાટનગર દિલ્હી છે. ગુજરાતનું પ ાટનગર ગાંધીનગર છે. સામાન્ય રીતે પાટશહેરો મહાશહેરો સ્વરૂપે જોવા મળે છે.

રાજ્યના વહીવટની છેવટની સત્તા પાટનગર ખાતે કેન્દ્રિત થયેલી હોય છે. જિલ્લા અને તાલુકા મથકની વહીવટી કામગીરી પાટનગરમાંથી થતી હોય છે. તાલુકા અને જિલ્લા મથકનાં શહેરોના વહીવટી નિર્ણયો પાટનગરમાં લેવાય છે. પાટનગર સમગ્ર રાજ્યમાં રાજકીય પ્રવૃત્તિનું ધામ હોય છે.

સામાન્ય રીતે પાટનગર વેપાર-વાણિજ્ય અને ઉદ્યોગોનું મથક હોય છે. ઉચ્ચ શિક્ષણની સુવિધા પાટનગરમાં સારી પેઠે વિકસી હોય છે. પાટનગરમાં રાજ્યના મોટા નેતાઓનો વાસ હોવાથી તેને સુંદર બનાવવા માટે સરકાર અને મ્યુનિસિપાલિટી તરફથી સારો એવો ખર્ચ કરવામાં આવે છે.

## 2.4 શહેરી સમુદાયની મુખ્ય સમસ્યાઓ

શહેરીસમુદાયની મુખ્ય સમસ્યાઓમાં શહેરમાં વધતી વસ્તી તેના કારણે થતી વસ્તીગીચતા, ગંદાવસવાટો અથવા ઝૂપડપટ્ટી, રહેઠાણની સમસ્યા તેમજ ગુનાખોરી જેવી સમસ્યાઓ મુખ્ય છે. જેમાં શહેર સમુદાયમાં વસવાટ કરતા લોકો એના કારણો અને તેના ઉપ ાયો વિશે શું જાણકારી મેળવે છે ? તેમજ ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળતી સમસ્યાઓમાં કેટલું પ રિવર્તન અને તેનું સ્વરૂપ બદલાયું છે તે સાથે સમસ્યાઓ વિશે માહિતી જાણીએ.

**ભારતમાં શહેરી ગીચતાની સમસ્યા.**

એક ચોરસ કિલોમીટરમાં વસવાટ કરતા લોકોની સંખ્યાને વસતીની ગીચતા તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે એક ચોરસ કિલોમીટરમાં જેટલા લોકો વસવાટ કરતા હોય એ લોકોની સંખ્યાને વસતીની ગીચતા કહેવાય. આમ વસતીની ગીચતાનું માપ ૧ ચો.કીમી. જમીનના વિસ્તારમાં વસતા લોકોની સંખ્યા પરથી કાઢવામાં આવે છે.

**શહેરી ગીચતાના કારણો :**

**(1) વસતિવૃદ્ધિનું દબાણ**

ભારતમાં અત્યંત તીવ્ર ગતિથી વસતિમાં વધારો થતો રહ્યો છે. વસતિવૃદ્ધિનું દબાણ ગ્રામીણ અને શહેરી વિસ્તારો પર વધી રહ્યું છે. જમીનના કુલ ક્ષેત્રફળમાં વધારો થતો નથી, આથી જેમ જેમ વસતિ વધે તેમ તેમ વસતિની ગીચતામાં પણ વધારો થતો રહે એ સ્વાભાવિક પ્રક્રિયા છે. વસતિ માત્ર શહેરોમાં જ વધે છે એવું નથી, ગામડાંઓમાં તો વસતિવૃદ્ધિનો દર શહેરો કરતાં પણ ઊંચો છે. પરંતુ ગામડાંઓમાં વધતી જતી વસતિ રોજગારી માટે શહેરોમાં આવતાં શહેરો પર વસતિનો બમણો બોજો આવે છે.

**(2) સ્થળાંતર (Migration) :**

ગામડાંઓમાંથી શહેરોમાં થતું સ્થળાંતર શહેરી ગીચતા વધારતું પરિબળ છે. બ્રિટિશરોની જમીન મહેસૂલ નીતિ અને આર્થિક નીતિને પરિણામે ભારતનાં ગામડાંઓનું પરંપ રાગત આર્થિક માળખું તૂટવા લાગ્યું હતું. વળી વસતિવૃદ્ધિના ઊંચા દરને કારણે ગામડાંઓમાં

ખેતીની મર્યાદિત જમીન પર વસતિનું દબાણ ઉત્તરોત્તર વધવા પામ્યું છે.. આથી શહેરો માનવવસતિથી ઉભરાવા લાગ્યાં.

**(3) શહેરીકરણ :**

કેટલાક પશ્ચિમી વિદ્વાનો ભારતના શહેરીકરણને **'અતિનગરીકરણ'** તરીકે ઓળખાવે છે. ડૉ. એ. આર. દેસાઈ અને નીરા દેસાઈ કહે છે કે આ વિદ્વાનો ભારતના શહેરીકરણને **'અતિનગરીકરણ'** કહે છે ત્યારે તેઓ એમ માને છે કે ભારતમાં શહેરોનો વિકાસ, તે શહેરોની આર્થિક, ઔદ્યોગિક અને જરૂરી સેવાઓની ક્ષમતા જીરવી શકે અને નાગરિકોને સગવડો મળી રહે એવી સામગ્રીઓ પૂરી પાડી શકે એના કરતાં વસતિની દ્રષ્ટિએ વધુ ઝડપથી થઈ રહ્યો છે. આર. રામચંદ્રન સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતમાં મહાનગરીકરણ (Metropolization) થઈ રહ્યું હોવાનું જણાવે છે. આ લેખક જણાવે છે કે ઝડપી તથા ઓછેવત્તે અંશે બિનઆયોજિત અને આડેધડ રીતે થઈ રહેલા શહેરોના વિકાસને કારણે ભારતમાં શહેરી સમાજમાં વસવાટો, પાણી પુરવઠો, સફાઈ વગેરે સમસ્યાઓ જટિલ બનતી રહી છે અને આ સમસ્યાઓ ઉત્તરોત્તર વધુ જટિલ અને ચેતવણીરૂપ બનવા લાગી છે. ટૂંકમાં ભારતમાં શહેરી ગીચતા વધારવામાં શહેરીકરણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

**(4) ગ્રામીણ ગરીબી અને બેકારી :**

ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી અને બેકારીની સમસ્યા તીવ્ર બનતી રહી છે. ગરીબી અને બેકારી જોડિયા સમસ્યાઓ (twin problems) છે. એટલે કે બેકારીને કારણે ગરીબી સર્જાય છે અને ગરીબ લોકોમાં બેકારી વધુ હોય છે. અગાઉ જણાવ્યું તેમ, ગામડાંઓમાં વસતિવૃદ્ધિના ઊંચા દરને કારણે ગ્રામીણ વસતિનું કદ અતિશય વધતું રહ્યું છે. બીજી બાજુ, ગ્રામીણ વિસ્તારોમાં ખેતીની જમીન મર્યાદિત છે, જેથી સમગ્ર વસતિને નિભાવનું સાધન પૂરું પાડી શકે તેમ નથી. આ કારણથી શહેરોમાં અને તેમાંયે ખાસ કરીને ઔદ્યોગિક શહેરોમાં વસતિની ગીચતામાં વધારો થતો રહે છે

(5) **ગ્રામીણ હસ્તઉદ્યોગો -ગૃહઉદ્યોગોની પડતીઃ**

અંગ્રેજોના ભારતમાં આગમન સાથે ગામડાંઓમાં પરંપરાગત હસ્તઉદ્યોગો,ગૃ હઉદ્યોગો અને કુટિરઉદ્યોગો તૂટવાની શરૂઆત થઈ. અંગ્રેજોએ ભારતના શહેરી વિસ્તારોમાં ઉત્પાદનની કારખાના પદ્ધતિ દાખલ કરી. શહેરી વિસ્તારોમાં વિકસેલાં કારખાનાં અને વિશાળકાય ઉદ્યોગોમાં મોટા પાયે ચીજવસ્તુઓનું ઉત્પાદન થવા લાગ્યું.

**(6) શહેરો તરફનું આકર્ષણ :**

ગામડામાં રહેતા લોકોનું શહેરો તરફનું આકર્ષણ તેઓને શહેરોમાં ધકેલતું પરિબળ (Push factor) બની રહે છે. શહેરોમાં મળતી આધુનિક જીવનની સગવડો ગામડાંઓમાં ઉપલબ્ધ નથી. શહેરોમાં શિક્ષણ, મનોરંજનનાં સાધનો, ક્લબો અને જીમખાનાં, બાગબગીચા, થિયેટરો, તાર-ટેલિફોન, ટી.વી. અને તેની વિવિધ ચેનલો - વગેરે સુવિધાઓ હજી ભારતનાં બધાં ગામડાંમાં ઉપલબ્ધ નથી.

ગુનાખોરીની સમસ્યા 'ગુનો' અથવા 'અપરાધ' જેને માટે અંગ્રેજીમાં ક્રૌંઇ્રી' શબ્દ છે, તે મૂળભૂત રીતે કાનૂની ખ્યાલ છે. એટલે કે પુખ્ત ઉંમરની કોઈપણ વ્યક્તિ રાજ્યના કાયદા પ્રમાણે ગુનાહિત ગણાતું હોય એવું વર્તન કરે ત્યારે એવા વર્તનને 'ગુનો' કે 'અપરાધ' તરીકે ઓળખાવી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો 'ગુનો' એ કોઈપણ પુખ્ત ઉમરની વ્યક્તિએ કરેલું

એવું ગેરવર્તન છે, જેની સામે કાનૂન અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવાનું જરૂરી બને છે. આવું ગેરકાનૂની વર્તન કરનાર વ્યક્તિને 'ગુનેગાર' (ક્ષૌદ્વિહક્રજ્ઞ) તરીકે ઓળખવામાં આવે છે. આમ, ગુનેગાર એ એવી વ્યક્તિ છે, જેણે કાનૂનભંગનું ગુનાહિત વર્તન કર્યું છે અને તેની સામે પોલીસ તથા અદાલતી કાર્યવાહી કરીને તેને સજા કે દંડ કે બંને કરવાનું જરૂરી માનવામાં આવે છે. ગુનો એ સમાજવિરોધી વર્તન છે. એવાં વર્તનો સમાજની વ્યવસ્થા માટે ખતરારૂપ માનવામાં આવે છે, તેથી તે અટકાવવા માટે રાજ્યતંત્ર કાનૂન બનાવે છે. ભારતમાં ફોજદારી કાયદા(ઇન્ડિયન'પિનલ કોડ)ની જોગવાઈઓનો ભંગ કરતા વર્તનને ગુનો ગણવામાં આવે છે

**2. ગુનાના પ્રકાર**

ભારદ્વાજ કહે છે તેમ શહેરી વિસ્તારોમાં ગ્રામ વિસ્તારો કરતાં ગુનાના પ્રકાર ભિન્ન હોય છે, તેઓ વધુમાં કહે છે કે શહેરી વિસ્તારોમાં મુખ્યત્વે મિલકત વિરુદ્ધના ગુનાઓ થતા હોય છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મુખ્યત્વે વ્યક્તિ વિરુદ્ધના ગુનાઓ વિશેષ પ્રમાણમાં થતા જોવા મળ્યા છે. આમ, ભારદ્વાજ ગુનાના નીચે મુજબ બે પ્રકાર દર્શાવે છે :

**(1) મિલકત વિરુદ્ધના ગુનાઓ :**

આમાં ખાસ કરીને ડાકુગીરી, લૂંટફાટ, ઘરફોડ ચોરીઓ, સામાન્ય ચોરીઓ, છેતરપિંડી, ભેળસેળ, કરચોરી, દાણચોરી, નશીલી દવાઓની હેરાફેરી, વેશ્યાગીરી અને ગુનાહિત વિશ્વાસઘાત વગેરે ગુનાઓનો સમાવેશ થાય છે. આ બધા ગુનાઓમાં એક યા બીજી રીતે મિલકત કે પૈસાની બાબત સંકળાયેલી હોય છે.

**(2) વ્યક્તિ વિરુદ્ધના ગુનાઓ :**

આવા ગુનાઓમાં ખૂન, મારામારી, હુલ્લડ, અપહરણ, બળાત્કાર વગેરેનો સમાવેશ થાય છે.આધુનિક ભારતીય શહેરોમાં મિલકત વિરુદ્ધના ગુનાઓ ઉપરાંત વ્યક્તિ વિરુદ્ધના ગુનાઓનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે, તેથી હવે એમ કહેવું મુશ્કેલ છે કે શહેરોમાં કેવળ મિલકત વિરુદ્ધના જ ગુનાઓ થાય છે અને ગામડાંઓમાં કેવળ વ્યક્તિ વિરુદ્ધના ગુનાઓ થાય છે. ગુનાઓનું વર્ગીકરણ નીચે મુજબ બીજી રીતે પણ કરી શકાય છેઃ

**(i) વ્હાઈટકૉલર ગુનાઓ :** લાંચરુશવત, કરચોરી, સંગ્રહખોરી, કાળાબજાર, જમીનનું દબાણ, ભેળસેળ વગેરેને વ્હાઇટકૉલર ક્રાઈમ્સ તરીકે ઓળખાવી શકાય. આ બધા ગુનાઓ મિલકત અંગેના છે અને સામાન્ય રીતે શહેરી ઉચ્ચ વર્ગ, ઉચ્ચ મધ્યમ વર્ગ, વેપારી વર્ગ, અધિકારી વર્ગ દ્વારા આચરવામાં આવતા હોય છે.

(ii) **બ્લ્યૂકોલર ગુનાઓ :** ખૂન, લૂંટફાટ, ચોરી, અપહરણ, બળાત્કાર, છેતરપિંડી, મારામારી, હિંસાખોરી, સામૂહિક ગુનાખોરી, વેશ્યાવ્યવસાય, લોહીનો વેપાર, નશીલી દવાઓની હેરાફેરી, મદ્યપાન, દાણચોરી, જુગાર, ભિક્ષાવ્યવસાય વગેરેને બ્લ્યુકૉલર ક્રાઈમ્સ તરીકે ઓળખાવી શકાય. સામાન્ય રીતે આવા ગુનાઓમાં સંકળાયેલી વ્યક્તિઓ ગરીબ અને મજૂર વર્ગની કે નિમ્ન વર્ગની વિશેષ હોય છે. જો કે, જુગાર, દાણચોરી અને મદ્યપાન જેવા ગુનાઓમાં શહેરી ઉચ્ચ-મધ્યમ વર્ગની વ્યક્તિઓ સંકળાયેલી હોય એવું પણ જોવા મળે છે.

**(1) બાળ-અપરાધ-ગુનાખોરીનો પ્રાથમિક સ્ત્રોતઃ**

બાળ-અપરાધીઓ એ પુખ્તવયી ગુનાખોરીનો પ્રાથમિક સ્ત્રોત છે. બાળ-અપરાધીઓની સુધારણા કરવા માટેની સંસ્થાઓ અપૂરતી અને બિનઅસરકારક હોય તો અપરાધી બાળકોની સુધારણાનું કાર્ય બરાબર થતું નથી. આ બાળ-અપરાધીઓ સમય જતાં

પુખ્તવયી ગુનેગારો બની જાય છે. અપરાધી બાળકોની ગુન્હાહિત પ્રવૃત્તિઓ પર શરૂઆતથી જ અસરકારક અંકુશ મૂકવામાં ન આવે અગર સુધારણા માટે પૂરતી વ્યવસ્થા વિકસાવવામાં ન આવે ત્યારે તેના પરિણામે પુખ્તવયી ગુનાખોરી સર્જાય છે.

**(2) શહેરી સમાજમાં ઔપચારિક નિયંત્રણો :**

શહેરી સમાજમાં લોકો વચ્ચેના સામાજિક સંબંધો ઔપચારિક કે બિનઅંગત સ્વરૂપના હોય છે. તેથી શહેરીજન ઉપર સમાજનું નિયંત્રણ નબળું અને બિનઅસરકારક હોય છે. શહેરોમાં વસતિ ઉત્તરોત્તર વધતી જાય છે. લોકો એકબીજાને ઓળખતા હોતા નથી, તેઓ એકબીજા ક્યાં વસવાટ કરે છે તેની જાણ ધરાવતા હોતા નથી. આથી શહેરી સમાજમાં ધોરણો - રિવાજો, મૂલ્યો વગેરેનું સામાજિક નિયંત્રણનું કે ક્રિયાતંત્ર નબળું હોય છે.આમ, શહેરી સમાજમાં પારસ્પરિક ઓળખનો અભાવ કે અવૈયક્તિક સંબંધો ગુનાખોરીની પ્રવૃત્તિ માટે વધુ અનુકૂળ નીવડે છે.

**(3) ગરીબી અને બેકારીની પરિસ્થિતિ :**

સામાન્ય રીતે એવું જોવાયું છે કે મિલકત અંગેના અપરાધો જેવા કે ચૌરી,લૂંટફાટ, ધાડ, છેતરપિંડી, ખિસ્સા કાપવા, દાણચોરી, નશીલી દવાઓની હેરાફેરી, વૈશ્યાગીરી વગેરે માટે ગરીબી અને બેકારીની પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણા લેખકોએ ગરીબીને અપ રાધી વર્તનના સૌથી વધુ મહત્ત્વના કારણ તરીકે ગણાવેલ છે. ગરીબી અને બેકારી સાથે બીજી ઘણી પરિસ્થિતિઓ સંકળાયેલી છે. ગરીબ કુટુંબોને સામાન્ય રીતે નિમ્ન સ્તરના વિસ્તારમાં કે ગંદા વિસ્તારમાં વસવાટની ફરજ પડે છે. આવા વિસ્તારોમાં અનેકવિધ ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. વળી, ગરીબ કુટુંબના સભ્યોને પૂરતો પોષણદાયક ખોરાક, પહેરવા-ઓઢવા સારાં કપડાંલત્તાં, બાળકોને શિક્ષણ અને મનોરંજનનાં સાધનો વગેરે મળી શકતાં નથી. આમ, જરૂરી ચીજવસ્તુઓનો અભાવ તેમને શહેરના અનૌપચારિક વાતાવરણમાં ગુનાખોરીની પ્રવૃત્તિ કરવા તરફ ધકેલે છે. આમ છતાં ગરીબી અને બેકારી સાથે સંકળાયેલી પરિસ્થિતિ વ્યક્તિને ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે એવું કેટલાક અભ્યાસોમાં જોવામાં આવ્યું છે.

**(4) સામાજિક-આર્થિક અસલામતી :**

શહેરી સમાજમાં વ્યક્તિના અન્ય વ્યક્તિઓ અને જૂથો સાથેનાં સંબંધો પોતાનાં વિશિષ્ટ હિતો સંતોષવા પૂરતા જ મર્યાદિત હોય છે. વ્યક્તિ શહેરમાં એકલતા કે એકાકીપણું અનુભવે છે. ગ્રામ સમાજમાં વ્યક્તિને કુટુંબ, જ્ઞાતિ અને સમુદાય તરફથી સામાજિક-આર્થિક સલામતી મળી રહે છે. વ્યક્તિને આપત્તિના પ્રસંગે તેના સંયુક્ત કુટુંબના સભ્યો, જ્ઞાતિજનો અને ગામડાનો સમુદાય સામાજિક-આર્થિક રીતે મદદરૂપ બને છે, જ્યારે શહેરના યંત્રવત્ જીવનમાં દરેક વ્યક્તિ પોતપોતાનાં અંગત હિતો સંતોષવામાં ગળાડૂબ હોય છે. બીજાનાં સુખદુઃખનો, મુશ્કેલીનો વિચાર કરવાની ફુરસદ હોતી નથી. સુખદુઃખ કે આપત્તિના પ્રસંગે જે કાંઈ પૂછપરછ કરવામાં આવે છે તે પણ ઔપચારિકતા બતાવવા પૂરતી હોય છે. દરેક પ્રસંગે વ્યક્તિએ પોતાની મેળે જ પોતાનો માર્ગ શોધી લેવાનો હોય છે.

**(5) ગુનાખોરીનું વ્યવસાયીકરણ :**

શહેરોમાં ગુનાઓનું વ્યવસાયીકરણ થયેલું હોય છે. ધંધાદારી ગુનાખોરી એટલે કે સમાજ અને કાનૂનવિરોધી પ્રવૃત્તિઓનો એક ધંધા તરીકે સ્વીકાર કરનારી વ્યક્તિઓની ટોળકીઓ બનેલી હોય છે. આ ટોળકીના સભ્યો એકબીજાને ખૂબ વફાદાર હોય છે. તેઓ તેમની

ગુનાહિત પ્રવૃત્તિઓને લગતી બાબતો કોઈપણ ભોગે ગુપ્ત રાખતા હોય છે. આવી પ્રવૃત્તિઓ આચરનારી વ્યક્તિઓનો એક નાયક હોય છે અને તેની આજ્ઞા પ્રમાણે દરેક સભ્ય વર્તવાનું હોય છે. તેમના માટે નાયકની આજ્ઞા એ જ કાનૂન છે. દાણચોરી, ઘરફોડ ચોરીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ, નશીલી દવાઓની હેરાફેરી વગેરે ગુનાહિત પ્રવૃત્તિઓમાં કોઈ એકલદોકલ નહીં પણ આખી ટોળી સંકળાયેલી હોય છે અને તેને ભેદવાનું કામ કેટલીક વખત પોલીસને માટે પણ મુશ્કેલ હોય છે. એ લોકોને માટે આવી પ્રવૃત્તિઓ ચલાવવી એ જ તેમનો વ્યવસાય કે ધંધો છે, એ જ તેમની આવક અને ભરણપોષણનું સાધન બની રહે છે.

**(6) સ્પર્ધાત્મક જીવન :**

શહેરી જીવન સ્પર્ધાયુક્ત છે. વધુ ઊંચો દરજ્જો અને વધુ સંપત્તિ મેળવવા શહેરીજનો સતત સ્પર્ધામાં રહે છે. શહેરમાં સંપત્તિ એ જ મૂલ્યવાન ગણાય છે. ભૌતિક સુખસગવડો વધુમાં વધુ ભોગવવી એ શહેરીજનોનું સ્વપ્ન હોય છે. આથી વધુ સંપત્તિ પ્રાપ્ત કરવી એ તેમનું એકમાત્ર જીવનધ્યેય બની રહે છે. વધુ સંપત્તિ મેળવવાના માર્ગો સમાજમાન્ય છે કે નહીં તેનો વિચાર કરવાનું અસ્થાને હોવાનું માને છે. આથી લાંચરુશવત, દાણચોરી, ખાનગી વેશ્યાગીરી અને કોલગર્લ્સ, ભેળસેળ, સંગ્રહખોરી, કાળાબજાર જેવી અનેકવિધ ગુનાખોરીની પ્રવૃત્તિઓ શહેરોમાં ચાલે છે, વિકસે અને ફૂલેફાલે છે.

**(7) ગંદા વસવાટો :**

શહેરી વિસ્તારોમાં ગંદા વસવાટો એ ગુનાખોરીનાં કેન્દ્રોસમાં હોય છે. આવા વિસ્તારોમાં મુખ્યત્વે અશિક્ષિત અને ગરીબ લોકો વસતા હોય છે. તેઓ જુદા જુદા પ્રદેશોમાંથી કે ગામડામાંથી સ્થળાંતર કરીને આવેલા હોય છે. શહેરમાં જમીનની સટ્ટાખોરી અને મકાનોનાં ઊંચા ભાડાને લીધે તેઓએ ઝૂંપડાં બનાવીને વસવાટની સગવડ કરી લેવાની હોય છે. તેમની આવકનાં સાધનમાં હલકી જાતની મજૂરી કે લારીગલ્લા હોય છે.

**2. રહેઠાણની સમસ્યાનાં કારણો**

ભારતનાં મહાનગરોમાં અને મોટાં શહેરોમાં જ નહીં પરંતુ લગભગ બધાં શહેરોમાં રહેઠાણની સમસ્યા અત્યંત જટિલ છે. આ સમસ્યા માટે પરસ્પર સંબંધિત એવાં અનેકવિધ કારણો જવાબદાર છે. આમાંનાં કેટલાંક નોંધપાત્ર કારણો નીચે મુજબ વર્ણવી શકાય :

**(1) ઝડપી શહેરીકરણ :**

શહેરોમાં મકાનોની તંગી ઊભી કરવામાં ઝડપી શહેરીકરણ અગત્યનું કારણ છે. ૧૯૪૧માં ભારતની કુલ વસતિના લગભગ ૧૪ ટકા લોકો શહેરોમાં વસવાટ કરતા હતા, તેને બદલે ૧૯૮૧માં ભારતની કુલ વસતિના ૨૪ ટકા લોકો શહેરોમાં વસે છે. એ જ રીતે ભારતનાં મહાનગરોનાં કદ ઝડપથી વધતાં જાય છે. ૧૯૬૧માં અમદાવાદની વસતિ ૧૨.૬ લાખની હતી તે વધીને ૧૯૮૧માં ૨૫.૪૮ લાખ થવા પામી છે. આમ, ૨૦ વર્ષના ગાળામાં આ શહેરની વસતિ બમણી થઈ છે. આ સમયગાળામાં કલકત્તાની વસતિ ત્રણ ગણાથી વધારે થઈ ગઈ છે. મુંબઈ અને હૈદરાબાદની વસતિ આ સમયગાળામાં બમણી થઈ છે. દિલ્હી, મદ્રાસ, બેંગ્લોર અને પૂનાની વસતિ આ સમયગાળા દરમિયાન બમણાથી વધુ થઈ છે. શહેરીકરણની ઝડપ અને રહેઠાણોના બાંધકામની ઝડપ વચ્ચે પડતું મોટું અંતર રહેઠાણની વિકટ સમસ્યા ઊભી કરે છે.

**(2) રહેઠાણોની સંખ્યામાં અપૂરતી વૃદ્ધિ :**

ઝડપી વસતિવૃદ્ધિ અને ઝડપી શહેરીકરણને લીધે નવાં મકાનોની આવશ્યકતા વધતી જાય છે. વળી આરોગ્યની સવલતોને લીધે સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિ થવા પામી છે, તેથી વધુ સંખ્યાનાં રહેઠાણોની આવશ્યકતા ઊભી થાય છે. આ કારણે એક સમયે પર્યાપ્ત કદનું મકાન અપર્યાપ્ત થઈ જાય છે અને કુટુંબના અમુક સભ્યો માટે નવા મકાનની આવશ્યકતા ઊભી થાય છે

**(3) શહેરી-રહેઠાણ વિશેનો ભ્રમ :**

શહેરી-રહેઠાણ વિશેનો એક પ્રચલિત ભ્રમ એ છે કે નોકરિયાત લોકોના ઘરભાડા-ભથ્થાં વધારવાથી તેમના રહેઠાણની મુશ્કેલી હળવી કરી શકાય તેમ છે, પરંતુ અનુભવ એવો છે કે ઘરભાડા-ભથ્થા કરતાં ઘરભાડાં ઝડપથી વધે છે, એટલે ઘરભાડા-ભથ્થાં વધારવાની નીતિ રહેઠાણની સમસ્યા હળવી કરવામાં અસરકારક બનતી નથી.

**(4) બાંધકામની સામગ્રીની તંગી :**

મકાનોના બાંધકામ માટે લોખંડ, સિમેન્ટ વગેરે સામગ્રીની જરૂર રહે છે. ભારતમાં વરસો સુધી આવી બાંધકામ સામગ્રીની તંગી રહેવા પામી છે. આને લીધે રહેઠાણોનાં બાંધકામ ધીમાં થાય છે. નવાં રહેઠાણોના નિર્માણમાં આ એક અવરોધક પરિબળ બન્યું છે. ઉપલબ્ધ બાંધકામ સામગ્રીનો ઉપયોગ મહદ્અંશે સરકારી, અર્ધસરકારી અને અન્ય સંસ્થાકીય ભવનો તેમજ પુલોના બાંધકામ પાછળ થાય છે. જોકે હવે સિમેન્ટ, લોખંડ વગેરેનાં કારખાનાની સંખ્યા વધવાને લીધે બાંધકામ-સામગ્રી ઉપલબ્ધ થવા લાગી છે, પરંતુ તે ખૂબ મોંઘી થઈ છે. આથી ખાનગી ધોરણનાં મકાનો કે મકાનો માટેની યોજનાઓ માટે પ્રોત્સાહનજનક પરિસ્થિતિ જણાતી નથી. આમ, બાંધકામ- સામગ્રીની તંગી અને ખર્ચાળ બાંધકામ રહેઠાણની સમસ્યા ઊભી કરવામાં મોટો ભાગ ભજવે છે.

**● ગંદાવસવાટની સમસ્યાના કારણો :**

**(1) અતિ વસતિ :**

ગંદા વસવાટો પ્રાથમિક રીતે ગરીબોની રહેઠાણની સમસ્યા સૂચવતો ખ્યાલ છે. ભારતની વધતી જતી વસતિ માટે જરૂર હોય એટલા પ્રમાણમાં નવાં મકાનોનું

નિર્માણ થતું નથી. મહાનગરોમાં અનેક લોકો ફૂટપાથ પર સૂએ છે અને અનેક લોકો ગંદા વસવાટોમાં વસે છે. આમ, ભારતમાં અતિવસતિએ રહેઠાણના મકાનોની કારમી તંગી ઊભી કરી હોવાથી ગંદા વસવાટો વિકસ્યા છે

**(2) ગામડામાં જમીન ઉપરનું દબાણ :**

ગામડાના લોકોની આજીવિકાનું મુખ્ય સાધન ખેતીની જમીન છે. ખેતીની જમીન મર્યાદિત હોય છે. આથી ખેતી ઉપર નભતા લોકોની વસતિમાં વધારો થાય છે ત્યારે મર્યાદિત જમીન વધારાની વસતિને આજીવિકા પૂરી પાડવા સમર્થ રહેતી નથી. આથી આવી વસતિ આજીવિકા માટે શહેરોમાં સ્થળાંતર કરે છે અને શહેરોમાં ગંદા વસવાટોમાં વસવાટ કરવા લાગે છે.

**(3) ઝડપી શહેરીકરણ :**

ભારતમાં જે ઢબે અને જે પ્રમાણમાં શહેરીકરણ થઈ રહ્યું છે અને તેણે જે વિલક્ષણ સામાજિક ઘટનાઓ વિકસાવી છે તે કારણે પશ્ચિમી વિદ્વાનો ભારતના શહેરીકરણને 'અતિનગરીકરણ' કહે છે. એટલે કે ભારતનાં શહેરોનો વિકાસ તે શહેરોની આર્થિક,

ઔદ્યોગિક અને જરૂરી સેવાઓની ક્ષમતા જીરવી શકે અને નાગરિકોને સગવડો આપી શકે એવી સામગ્રીઓ પૂરી પાડી શકે તેના કરતાં વસતિની સંખ્યાની દૃષ્ટિએ ઘણી વધારે ઝડપથી આગેકૂચ કરી રહ્યાં છે. આમ, ઝડપી શહેરીકરણ રહેઠાણની તેમજ નાગરિક સુવિધાઓની સમસ્યા ઊભી કરે છે. એટલે ગંદા વસવાટો એ ઝડપી શહેરીકરણનું અનિવાર્ય પરિણામ છે.

**(4) ગરીબી અને બેરોજગારી :**

ગંદા વસવાટો ગરીબી અને બેરોજગારીનું ચિત્ર રજૂ કરે છે, તેની સાથોસાથ ગંદા વસવાટો વિકસાવવામાં ગરીબી અને બેરોજગારી જેવાં પરિબળોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ગામડામાં વસતિવૃદ્ધિ થતાં ખેતીની જમીન ઉપરનું દબાણ વધે છે. બીજી બાજુ ઉદ્યોગીકરણને લીધે ગામડાના ગૃહઉદ્યોગો ભાંગી પડવાથી રોજી-રોટી માટે ગ્રામજનો શહેરમાં સ્થળાંતર કરે છે. આવા લોકોએ પોતાની રહેઠાણની સમસ્યાના ઉકેલરૂપે ગંદા વસવાટો વિકસાવ્યા.

**(5) નિરક્ષરતા :**

નિરક્ષરતા ગંદા વસવાટની લાક્ષણિકતા છે. તેની સાથોસાથ નિરક્ષર લોકો રોજી-રોટી માટે માર્ગદર્શનના અભાવમાં શહેરો ભણી દોટ મૂકે છે. નિરક્ષર ગ્રામજનો અસ્તિત્વ ટકાવી રાખવા શહેરમાં ગમે તે સ્વરૂપની રોજી મેળવવા તૈયાર થાય છે,ગમે તે સ્થળે વસવાટ કરવા તૈયાર થાય છે. તેઓ નાગરિક સુવિધાની પરવા કર્યા વિના શહેરોમાં સ્થળાંતર કરી પોતાની રહેઠાણની સમસ્યા હલ કરવા ગંદા વસવાટો ઊભા કરે છે.

**(6) દૂરંદેશીપણાનો અભાવ :**

ભારતનાં મોટા ભાગના શહેરો બિનઆયોજિત સ્વરૂપે વિકસતાં રહ્યાં છે. શહેરની કઈ કઈ જરૂરિયાતો, સગવડો કે સુવિધાઓ પ્રાથમિક છે અને કઈ કઈ જરૂરિયાતો, સગવડો, કે સુવિધાઓ ગૌણ છે તે વિચારપૂર્વક નક્કી કરવું જરૂરી છે. રહેઠાણના મકાનની જરૂરિયાત પૂરી પાડ્યા વિના શહેરને સુંદર બનાવવા પાછળ થતાં મોટા ખર્ચ દૂરંદેશીપણાનો અભાવ સૂચવે છે. સારીનેન એવો અભિપ્રાય આપે છે કે આપણા પૂર્વજોના દૂરંદેશીપણાના અભાવમાં શહેરોનો વિકાસ બિનઆયોજિત સ્વરૂપે અને ભૂલભરેલી રીતે થયો છે. જો તેઓએ શહેરોના વિકાસનો યોગ્ય પાયો નાખ્યો હોત તો આજે આપણી સમસ્યાઓ ઘણી સાદી અને સરળ હોત.

**(7) ઉદ્યોગીકરણ :**

ગંદા વસવાટો ઉદ્યોગીકરણ અને શહેરીકરણની સંયુક્ત પેદાશ છે. જોકે, ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં પણ ગંદા વસવાટો અસ્તિત્વ ધરાવતા હતા, પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી થયેલા ઝડપી ઉદ્યોગીકરણે ગંદા વસવાટો વિકસાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. કારખાનાના વિસ્તારોમાં અને મોટા ઉદ્યોગોની આસપાસ ગંદા વસવાટો વિકસી આવે છે. શહેરીકરણ અને ઉદ્યોગીકરણ સાથે ગંદા વસવાટો એવી રીતે સંકળાયેલાં છે કે ચંદીગઢ જેવાં આયોજિત શહેરમાં પણ તે જોવા મળે છે. શહેરના ગંદા વસવાટો ઔદ્યોગિક વિસ્તાર પૂરતા સીમિત નથી, પરંતુ તે બિનઔદ્યોગિક વિસ્તારમાં પણ જોવા મળે છે. આમ છતાં ઔદ્યોગિક વિસ્તારોમાં ગંદા વસવાટોની સમસ્યા વધુ તીવ્ર હોય છે.

## 2.5 સારાંશ

શહેરી સમુદાય એ વિશાળ ભૌગોલિક વિસ્તાર અને વિવિધતા ભર્યા સમુદાય છે જેમાં તેના કાર્ય વસ્તી અને ભૌગોલિકતાના આધારે પ્રકારો પાડવામાં આવ્યા છે. જેમાં કસ્બા, શહેર અને મહાનગરોનો સમાવેશ થાય છે. તેમજ ધાર્મિક શહેર, વહીવટી શહેર જેવા કાર્યના આધારે પ્રકારો જોવા મળે છે જે તેની ખાસિયત છે જે સમાજકાર્યના ક્ષેત્ર અભ્યાસમાં અને તેની સમસ્યાઓ જાણવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમજ વધતું જતું શહેરીકરણ તેના કારણે સર્જાતી સમસ્યાઓ જેવી કે ગંદા વસવાટ, રહેઠાણની સમસ્યાઓ ઉદભવે છે. તેના અભ્યાસ કરીને સમાજકાર્ય તેના નિવારણના ઉપાયો આપવાના પ્રયાસ કરે છે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો.

(1) ભારતમાં શહેરી સમુદાયનો ઉદભવ વિકાસ એ કોની દેણગી છે ?

(2) ભારતમાં શહેરોના મુખ્ય પ્રકાર કેટલા છે ?

(3) ધાર્મિક શહેરોના કોઈપણ પાંચ નામ જણાવો ?

(4) વસતીના આધારે શહેરોના પ્રકાર કેટલા અને ક્યા ક્યા છે ?

(5) ગુના માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે ?

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(1) પશ્ચિમની

(2) ત્રણ

(3) કાશી, દ્વારકા, પાલિતાણા, હરદ્વાર, અયોધ્યા

(4) ત્રણ પ્રકાર, કસબા, શહેર, મહાનગર

(5) Crime

## 2.8 સ્વાધ્યાય લેખન

પ્ર-૧ શહેરી સમુદાયનો અર્થ આપી કાર્યના આધારે શહેરોના પ્રકાર જણાવો ?

પ્ર-૨ શહેરી સમુદાયની વ્યાખ્યા આપી વસતીના આધારે શહેરોના પ્રકાર સમજાવો?

પ્ર-૩ ગુનાખોરીનો અર્થ આપી ગુનાખોરીના પ્રકાર જણાવો ?

પ્ર-૪ ગંદાવસવાટની સમસ્યાના કારણો જણાવો ?

પ્ર-૫ રહેઠાણની સમસ્યાના કારણો જણાવો ?

## 2.9 ચાવીરૂપ શબ્દો

દૃષ્ટિકોણ- અભિગમ, પરિપ્રેક્ષ્ય

મહાનગર- ૧૦લાખથી વધુ વસતીવાળા શહેર

તાલુકો – રાજયના વહીવટનું એકમ

સમસ્યા – અડચણરૂપ પરિસ્થિતિ

## 2.10 સંદર્ભ-સૂચિ

Balsara j.f.:problems of rapid urbanization in india

Desai A.R. : Rural sociology in india.

દવે,જે.કે., શાહ,એ.જી..(૧૯૯૬). ''નગર સમાજશાસ્ત્ર'' અમદાવાદ અનડા.

દેસાઈ એ.આર. અને ડૉ.નીરા દેસાઈ (સંપાદકો)

દોશી,હરીશઃ નગર સમાજશાસ્ત્ર

# એકમ 3 ક્ષેત્રકાર્યની કુશળતાઓ અને કાર્યકરની ભૂમિકાઓ

3.1 પ્રસ્તાવના

3.2 અધ્યયનના હેતુઓ

3.3 વ્યાવસાયિક સમાજકાર્યનું અર્થ

3.3 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનો અર્થ

3.4 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના હેતુઓં

3.5 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની કુશળતાઓ

3.6 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના કાર્યકરની ભૂમિકાઓ

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 ઉપસંહાર

3.9 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

3.10 ચાવીરૂપ શબ્દ

3.11 સ્વાધ્યાય લેખન

3.12 સંદર્ભ ગ્રંથ

## 3.1 પ્રસ્તાવના

ક્ષેત્રકાર્ય એ કોઈપણ શિક્ષણમાં મહત્ત્વની ભૂમિકા બજાવે છે. ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અધ્યયનના અનુભવ મળે છે. વિવિધ વિષયોને લગતા જ્ઞાન, માહિતી સમજના અનુભવની પ્રાપ્તિ માટે જે તે સ્થળ, સંસ્થા, સમુદાય, ગ્રામીણ વિસ્તાર, ઓંધોગિક એકમની (ક્ષેત્રની ) મુલાકાત લઈ ક્ષેત્રની વિશે ઉડાણકપુર્વક અભ્યાસ કરવાની પ્રકીયાને ક્ષેત્રકાર્ય તરીકે ઓંળખવામાં આવે છે. સમાજકાર્ય એ માનવ વ્યવહાર, માનવ- સંબધો અને માનવ પ્રવૃતિઓ સાથે વિશેષ સંબંધ ધરાવે છે. સમાજકાર્ય આ વિષય વ્યાવસાયિક અભિગમ ધરાવે છે. એનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન, મુલ્યો, કુશળતાઓ, શિક્ષણ અને તાલીમ, અને આચારસંહિતા છે. સમાજકાર્ય માનવી વ્યવહાર સાથે જોડાયેલા હોવાનું કારણને આ વિષય સતત પોતાના ક્ષેત્રોમાં નવા જ્ઞાનનું સર્જન કરવું જરૂરી બને છે તે માટે શિક્ષણકાર્યમાં ક્ષેત્રકાર્યનું આયોજન સામેલ કર્યું છે. જેનાથી તમે માત્ર અમૃત ખ્યાલોને બદલે વાસ્તવિકતાને સાથે જોડી શકો છો.

વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમ ક્ષેત્રકાર્યને વધારે પ્રાધાન્યતા આપે છે, એટલે કે શિક્ષણકાર્ય દરમિયાન શીખેલી બાબતોને માનવીઓની સમસ્યાઓના ઉકેલના પગલાં તરીકે ઉપયોગ કરવો. જેવી રીતે ડોક્ટર, વકીલ વગેરે લોકો પોતે સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેક્ટિસ કરીને પોતાનો વ્યાવસાયિક વિકાસ કરે છે. તેવી રીતે વ્યવસાયિક સમાજકાર્યકર એ દેશ અને કાલ પ્રમાણે લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓના ઉકેલ માટે સતત મથનાર પ્રેકટીસ છે. લોકોને તેમની સમસ્યા નિવારણમાં કેટલા અંશે તે મદદરૂપ બને છે તેના આધારે અસરકારકતા

નક્કી થાય છે. સમાજકાર્યને અસરકારક બનાવવામાં ક્ષેત્રકાર્યની અગત્યની ભૂમિકા છે.

## 3.2 અધ્યયનના હેતુઓ

વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય આ આવશ્યક બાબત છે. વિદ્યાર્થી જયારે ક્ષેત્રકાર્ય કરવા માટે ક્ષેત્રવિસ્તાર માં જાયે ત્યારે તેને ક્ષેત્રકાર્ય માં કાર્યકરનું ભૂમિકા કેવી રીતે કરવાની અને એના માટે કેવા કૌશલ્યની જરૂરિયાત છે એના વિશે જ્ઞાન હોવું જોઈએ. પ્રસ્તુત વિભાગ આ બાબતે ચર્ચા કરે છે. જેને આપને નીચે પ્રમાણેના આ વિભાગના હેતુઓં તરીકે ઓંળખીશું.

(1) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણ વિશે સમજ આપવી.

(2) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના અર્થ અને મહત્ત્વ સમજ આપવી.

(3) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યના હેતુઓની સમજ આપવી.

(4) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની કુશળતાઓના વિકાસ કરવાની સમજ મળશે.

(5) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય કાર્યકરની ભૂમિકાઓ વિશે સમજ આપવી.

## 3.3 વ્યાવસાયિક સમાજકાર્યનું અર્થ

વ્યાવસાયિક સમાજકાર્ય એ આયોજનબધ્ય અને હેતુલક્ષી દરમ્યાનગીરી છે જે વ્યાવસાયિક જ્ઞાન, મુલ્યો અને કુશળતા પર આધારિત છે જેનો ધ્યેય વ્યક્તિગત અને સામાજિક પરિવર્તનનો છે. વ્યવસાયિક સમાજકાર્ય વ્યક્તિ પોતે પોતાની મદદ કરી શકે તે માટે તેને સક્ષમ કરવાની કળા છે. વ્યવસાયિક સમાજકાર્ય વ્યક્તિઓ, કુટુંબો, જૂથો અને સમુદાયોને તેમનું વ્યક્તિગત અને સામુદાયિક કલ્યાણ વધારવા માટે મદદ કરતો વ્યવસાય છે. સમાજકાર્યના આખરી ધ્યેય લોકકલ્યાણ અને લોકોના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. લોકો પોતે પોતાની સમસ્યાઓનું સમાધાન કરી શકે તે માટેની કુશળતાઓં વિક્સાવાવનો અને તેઓંને સશક્તિકરણ કરવાનું ધ્યેય સમાજકાર્ય રાખે છે.

માનવ હક્કો અને સામાજિક ન્યાયની તત્વદર્શીય ધારણાઓ પર આધારિત સમાજકાર્યનો વ્યવહાર ચોક્કસ કુશળતાઓનું મુલ્યો, જ્ઞાન અને કુશાલતાઓનું મિશ્રણ છે. તેથી જ સમાજકાર્યની સફળ પ્રક્રીયાને વ્યવસ્યાયના રૂપમાં સમજવી અઘરી છે.

જેમ જેમ સમાજકાર્યના જ્ઞાનનો વિકાસ થતો ગયો, તેમ તેમ સમાજકાર્યની તાલીમની પ્રકૃતિ અને વિભાવના બદલાતી ગઈ છે. ગરીબી, રોગ, સામાજિક વિઘટન જેવી સમસ્યાઓ માનવ ઇતિહાસથી શુરુઆતથી જ છે, પરંતુ ૧૯મી અને ૨૦મી સદીના ઓધોગિક સમાજમાં આ સમસ્યાઓંએ ગંભીર રૂપ ધારણ કર્યું. આપણી પરંપરાગત સંસ્થાઓ આ સમસ્યોનું સમાધાન શોધવામાં અપૂરતી નીવડી પરિણામે તેનું સ્થાન નવી સેવાઓએ લેવાનું શુરુ કર્યું. વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણનો ઉદય પણ આ સામાજિક સમસ્યાના સમાધાન માટે શુરુ થયુ હતું. આ શિક્ષણ દ્વારા વિદ્યાર્થી સમાજમાં, સમુદાય માં, ગ્રામીણ વિસ્તારમાં, શેહરી વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં જઈને ક્ષેત્રકાર્ય કરે અને સમાજની સમસ્યોને ઉકેલ લાવવ માટે કાર્ય કરે છે. વ્યાવસયિક સમાજકાર્ય વિશે વિભિન્ન વિદ્વવાનોએ વ્યાખા આપી છે એના વિશે ચર્ચા કરીએ.

**1. એન્ડરસન :** સમાજકાર્ય એ વ્યાવસાયિક સેવા છે. આ સેવા લોકોને વ્યક્તિગત સ્તરે અથવા જુથમાં પૂરી પાડવામા આવે છે. જેથી લોકો પોતાની વિશિષ્ઠ ઈચ્છાઓને સામર્થ્ય અનુસાર અને સમુદાય સાથે સંકલિત રહી સંબધોને સંતોષ અને જીવનધોરણની પ્રાપ્તિ કરી શકે.

**2. ફ્રિડલેન્ડર :** સમાજકાર્ય એ માનવ સંબધો વિશેના વૈધાનિક જ્ઞાન અને કુશળતા પર આધારિત વ્યાવસાયિક સેવા છે. જે વ્યક્તિઓને વ્યક્તિગત સ્તરે અથવા જુથમાં સામાજિક અને વ્યક્તિગત સંતોષ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે.

**3. ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કુલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સ્કુલ્સ ઓફ સોશ્યલ વર્ક :** વ્યાવસાયિક સમાજકાર્ય પરિવર્તનને ઉત્તેજન આપે છે. માનવ સબંધોમાં થતી સમસ્યાઓના સમાધાન અને લોકોનું કલ્યાણ વધારવા તેમની મુક્તિ અને સશક્તિકરણને ઉત્તેજન આપે છે. સમાજકાર્ય માનવીય વર્તણુક અને સામાજિક વ્યવસ્થાનો ઉપયોગ કરી જયાં લોકો તેમના વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે ત્યાં દરમ્યાનગીરી કરે છે. સમાજકાર્ય માટે માનવ હક્કના સિદ્ધાંત અને સામાજિક ન્યાય મૂળભૂત છે.

**ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી નિષ્કર્ષરૂપે કહી શકાય કે.**

(1) સમાજકાર્ય એ એક વ્યવસાયિક સેવા છે.

(2) તે વૈજ્ઞાનિક જ્ઞાન, કુશળતાઓ અને પદ્ધતિ પર આધારિત છે.

(3) તેના કેન્દ્ર સ્થાને માનવી અને સમાજની વર્તણુક છે.

(4) વ્યક્તિગત સ્તરે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રયત્ન કરે છે.

(5) સમાજકાર્ય સમસ્યાઓનું માત્ર સમાધાન જ નહિ પરંતુ અટકાવ પણ કરે છે.

(6) સમાજકાર્ય વ્યક્તિ, જૂથ અને સમુદાયને એવી રીતે મદદ કરે છે જેથી તેઓ પોતે પોતાની મદદ કરી શકે.

## 3.4 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનું અર્થ અને મહત્ત્વ

સમાજકાર્ય એક વ્યવસાય તરીકે ની શુરુઆત ૧૮૯૮ મા દાન સંગઠન સમિતિ ( ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી) દ્વારા અમેરિકામાં કરવામાં આવી હતી. દાન સંગઠન સમિતિ દ્વારા સમાજકાર્ય શિક્ષણ માટે નવી ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે તાલીમ આપવાની શુરુઆત કરવામાં આવી હતી. અહી તાલીમનું સ્વરૂપ માત્ર વ્યાવહારિક હતું. પાંચ અઠવાડિયાનો વ્યાવહારિક સૈદ્ધાંતિક તાલીમનો આ કાર્યક્રમ નવા ભરતી કરવામાં આવેલા કાર્યકરો માટે હતો. તાલીમની પદ્ધતિ પણ ખુબ જ સરળ હતી. દા. ત. જુનીયર કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલ કાર્યનું નિરીક્ષણ કરવું. આ માટે સૈદ્ધાંતિક જ્ઞાનના કોઈ વર્ગ ચલાવવામાં આવતા ન હતા, કે પછી તેમની કામગીરીરની કોઈ ચકાસણી કરવામાં આવતી ન હતી. આ રીતે સમાજકાર્ય શિક્ષણની શુરુઆત વ્યવહારિ ક્ષેત્ર તાલીમના માધ્યમથી થઈ. સમાજકાર્યમાં વ્યાવહારિક તાલિમ ( ક્ષેત્રકાર્ય) શુરુ કરવાનો સંપૂર્ણ શ્રેય મેરી રીચમંન્ડને જાય છે. તેઓ દાન સંગઠન સમિતિ સાથે જોડાયલા હતા.

વર્તમાન સંદર્ભમાં વ્યાવસાયિક સમાજકાર્યમાં વ્યાવહારિક તાલીમ (ક્ષેત્રકાર્ય)ના વિકાસ થયો છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થીઓં માટે એક પ્રયોગશાળા છે. અહીં તમારે સૈદ્ધાંતિક જ્ઞાનની વ્યાવહારિક સ્થિકિતની ચકાસણી કરવાની છે. જેનાથી તમારી સામાજિક જીવનની કુશળતા વિકાસ પામે છે.

ક્ષેત્રકાર્ય ના સમજવવા માટે એની પરિભાષાઓના સંદર્ભ સમજવાની જરૂરિયાત છે. સમાજશાસ્ત્ર શબ્દકોશ અનુસાર, " ક્ષેત્રકાર્ય એટલે સામાજિક સર્વેક્ષણ અથવા વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતી વસ્તીમાંથી પ્રાથમિક માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા". આ વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી તદ્દન સાચી છે. પરંતુ સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યનો અર્થ ભિન્ન છે. સમાજકાર્ય શિક્ષણમાં, " ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારની સામાજિક સંસ્થા કે એજન્સીમાં વ્યવહારિક અનુભવ મેળવવો, કોઈપણ વસ્તીમાંથી માહિતી એકત્ર કરવાની, આ વિસ્તારની સમસ્યાઓને સમજીને, સમુદાયને પોતે પોતાની સમસ્યાનો નિવારણ કરવા માટે સક્ષમ બનાવવાનું કાર્ય છે."

સમાજકાર્યના વ્યાવસાયિક કાર્યકરો દ્વારા સમાજકાર્યમાં ક્ષેત્રકાર્યની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

(1) સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારની સામાજિક સંસ્થા કે એજન્સીમાં વ્યાવહારિક અનુભવ મેળવવો. એ વિદ્યાર્થીઓ જેઓ સામાજિક કાર્યકર બનવા માંગે છે તેમને ધ્યાનમાં લઈને સમજી વિચારીને આ અનુભવ તેમના શિક્ષણ માટે આયોજિત કરવામાં આવે છે.

(2) ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી અને સામાજિક જીવનની સ્થિતિ વચ્ચેની માર્ગદર્શિત આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે. જેમાં વ્યાવસાયિક સમાજકાર્ય માનવ પર્યાવરણની સંભાવનાઓનો વિકાસ કરી જરૂરીયાતને લક્ષમાં રાખી ઈલાજ, સુધાર અને પરિવર્તન માટે બંધાયેલ છે અને ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.

(3) ક્ષેત્રકાર્ય એ સામાજિક કલ્યાણ સંસ્થા અને સમુદાયમાં થતું કાર્ય છે. જ્યાં વિદ્યાર્થી કુશલતાઓ શીખે છે. શૈક્ષણિક આયોજન અનુસાર જ્ઞાનની ચકાસણી કરે છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી અને ક્ષેત્ર આધારિત છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય મહત્ત્વની ભૂમિકા બજાવે છે. સમાજકાર્ય એ વ્યાવસાયિક શિક્ષણ છે. વ્યાવસાયિક શિક્ષણમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન કરતા વ્યાવહારિક જ્ઞાન જરૂરી છે. સમાજકાર્ય ક્ષેત્રકાર્ય એ સૈદ્ધાંતિક જ્ઞાન દ્વારા કુશળતા અને પદ્ધતિઓને ક્રિયામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. આ રીતે સમાજકાર્ય ક્ષેત્રકાર્ય દ્વિમાર્ગી પ્રક્રિયા છે. ટૂકમાં કહીએ તો પ્રેકિટસ વગર થિયરી જ્ઞાન ખાલી છે અને થિયરી વગર પ્રેકિટસ અર્થહીન છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય આપને રોજગારક્ષમ બનાવે છે. વિદ્યાર્થીઓને સક્ષમ બનવા માટે, સમાજકાર્ય શિક્ષણ લેતા વિદ્યાર્થીને વિભિન્ન વિસ્તાર ક્ષેત્રકાર્ય માટે મોકલવાનું આવે છે. આજે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય શહેરી સ્લમ્સ, ગ્રામીણ ક્ષેત્રકાર્ય, બાળકોના અધિકાર કે સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રી અધિકાર, માનવ અધિકાર ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય, બિનસરકારી સંસ્થાઓમાં કે સરકારી વિભાગમાં ક્ષેત્રકાર્ય, પ્રથમ વર્ષનું કે બીજા વર્ષનું ક્ષેત્રકાર્ય વિદ્યાર્થીને તાલીમ આપવા.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ ક્ષેત્રના નિષ્ણાત અને સમાજકાર્યની તાલીમ પ્રાપ્ત કરેલ કાર્યકરને સુપરવિઝન હેઠળ વિદ્યાર્થી માટે કરવામાં આવતી કામગીરી છે. શૈક્ષણિક રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓનું જોડાણ સંસ્થાઓ, એજન્સીઓ અને સમુદાય સાથે થાય છે જ્યાં તેઓ માનવ જરૂરીયાતને પોતાના જ્ઞાન, સમજ અને અનુભવથી સમજી મદદ કરવાનો પ્રયાસ કરે છે. આ અનુભવ સમજી વિચારીને પૂર્ણ સમય કે પછી ખંડ સમય માટે ગોઠવવામાં આવે છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન સમાજકાર્યને અનુકુળ તમારું વલણ વિકસાવવામાં આવે છે અને

વિવિધ કુશળતાઓ વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય એ જ્ઞાનની વિભિન્ન સ્થિતિમાં સર્જનાત્મક, નાવીન્યપૂર્ણ અને ગત્યાત્મક પ્રક્રિયા છે. ક્ષેત્રકાર્યથી વલણોને બોદ્ધક અને સાર્વત્રિક વિકાસ થાય છે.

## 3.4 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનું હેતુઓં

ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અહેવાલમાં સોશ્યલ રીવ્યુ કમિટી (૧૯૭૮) દ્વારા ક્ષેત્રકાર્ય તાલીમ અંગેના ચોક્કસ હેતુઓં દર્શાવે છે જે નીચે મુજબ છે.

(1) વ્યાવહારિક શિક્ષણ પ્રસ્તુત ક્ષેત્રની હકીકતોના અભ્યાસ કરવા માટે મેળવેલ જ્ઞાનનો અમલ કરવા માટે, સમસ્યાઓનું પૃથ્થકરણ અને સમસ્યાઓના ઉચિત ઉકેલની પસંદગી માટે વ્યાવસાયિક કુશળતાઓના વિકાસ કરે છે.

(2) વ્યક્તિ, કુટુંબ, જૂથ અને સમુદાયની સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવાની અને સામાજિક સંસ્થાઓ તેમજ તેની પ્રક્રિયાઓમાં સુક્ષ્મ સ્તરે પરિવર્તન લાવવા માટેની કુશળતાઓને વિકાસ કરવો.

(3) સ્વ અને વ્યાવસાયિક વિચારધારણા સંદર્ભ મા જાગરુકતા લાવવી.

(4) ચોક્કસ તાલીમના સ્તરે વ્યાવસાયિક પ્રેકટીસ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ કરવો.

(5) કોઈપણ પરિસ્થિતિમાં વ્યાવસાયિક નિર્ણયાત્મકતા, નિષ્પક્ષતા અને વસ્તુલક્ષીતાના વલણોનો વિકાસ કરવો.

(6) વર્ગખંડ શિક્ષણ અને ક્ષેત્રકાર્ય વચ્ચે જોડાણ ઉભું કરવાની તક પૂરી પાડવી.

(7) વ્યાવસાયિક મુલ્યો અને પ્રતિબદ્ધતા વિકસિત કરવા, જેવા કે માનવ ગૌરવને આદર આપવો, સહભાગિતાના અધિકારનું મૂલ્ય.

(8) જ્ઞાન, કુશળતા અને વલણોના સંધર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ માટે વિદ્યાર્થીઓના વલણોનો વિકાસ કરવો.

(9) સમાજકાર્યની પદ્ધતિઓના ઉપયોગ અને સંસ્થાકીય કાર્ય દ્વારા જરુરીયાતમંદોને સહાયતા પૂરી પાડવા માટે જરુરી કુશળતાઓનો વિદ્યાર્થીમાં વિકાસ કરવો.

(10) વિદ્યાર્થીઓની સૈદ્ધાંતિક જ્ઞાનની પ્રેક્ટીસ સાથે અનુભવોની અને સૈદ્ધાંતિક જ્ઞાન સાથે અનુબંધ જોડાણ કરવાની ક્ષમતાને મજબુત બનાવવી.

## 3.5 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની કુશળતાઓ

સમાજકાર્ય વિદ્વાન જહોન્સન કુશળતાને એ રીતે વર્ણવે છે કે " પ્રક્ટીસ દરમ્યાન સેવાર્થીની જરૂરિયાતો પૂરી કરવામાં અને તેની અસમાયોજનની સ્થિતિમાં મદદ કરવા માટે જ્ઞાન અને મુલ્યોને ક્રિયામાં ફેરવવા તે કુશળતા છે".

ક્ષેત્રકાર્ય દરમિયાન વિદ્યાર્થી સમાજકાર્યકર્તા ને નીચે મુજબ કુશળતાઓની વિકાસ કરવાની જરૂરીયાત છે.

### 1. સૈદ્ધાંતિક જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવાની કુશળતા :

સમાજકાર્યના પ્રત્યેક વ્યવહારમાં સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કુશળતાપૂર્વક થવો જોઈએ. સમાજકાર્યકરે માનવ વ્યવહારની સમાજનો ઉપયોગ વ્યક્તિઓમાં રહેલી ભિન્નતાને ધ્યાન માં રાખી, વ્યવહારમાં કરે છે. કોશલ્યયુક્ત કાર્યકર સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ

સમજદારીથી તેના વ્યવહારમાં કરે છે અને તેનું મૂલ્યાંકન પણ સમાજકાર્યના નૈતિક ધોરણોના સંદર્ભમાં કરે છે.

**2. સંબંધ સ્થાપનની કુશળતા :**

સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચેનો વ્યાવસાયિક સંબંધ સમાજકાર્યનું હૃદય છે. સમાજ કાર્યકરની સંબંધ સ્થાપનની ક્ષમતાનો આધાર તેઓની આંતરવૈયક્તિક પ્રત્યાયનની અસરકારકતા અને સ્વજાગૃતિ પર આધારિત છે. સમાજ કાર્યકરે સમાનુભૂતી, સચ્ચાઈ, વિશ્વાસ પાત્રતા , સમાનતા અને સહયોગ આધારિત પ્રત્યાયનમાં કોશલ્ય પ્રાપ્ત કરવું જરૂરી બને છે.

**3. પ્રત્યાયનની કુશળતા :**

સમાજકાર્યની મુખ્ય પ્રક્રિયા માહિતીના આદાન-પ્રદાનની છે આથી લેખિત તથા મૌખિક પ્રત્યાયનની કુશળતામાં માહિર હોવું સમાજકાર્યકર માટે જરૂરી બને છે. સમાજકાર્યકર એક ચોક્કસ સમજ સાથે સાંભળે અને ચોક્કસ ઉદ્દેશ્ય સાથે જવાબ આપે તે જરૂરી છે. મૌખિક રજૂઆત કરવામાં નિપુણતા હોય તો સમાજ કાર્યકરની જૂથ, સંગઠન અને સમુદાય સાથે કાર્ય કરવાની ક્ષમતામાં વધારો થાય છે. લખવામાં કૌશલ્ય હોય તો તે સમાજકાર્યકરની અસરકારતા વધારે છે, આથી તે પણ જરૂરી બને છે.

**4. સંશોધનની કુશળતા :**

સમાજ કાર્યકર સંશોધનકાર તરીકે સક્ષમ હોવા જોઈએ. સમાજ કાર્યકર સંશોધનની કુશળતાનો ઉપયોગ સાહિત્યના મૂલ્યાંકન માટે, સંશોધન પ્રોજેક્ટ કરવા માટે, નીતિઓના પૃથક્કરણ માટે અને વ્યવહારને ભૂલવવા માટે કરે છે. સંશોધનની કુશળતામાં માહિતી એકત્ર કરવાની, તેનું પૃથક્કરણ કરવાની તારણોને રજુ કરવાની, આંકડાકીય પૃથક્કરણ લાગુ કરવાની અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાની ક્ષમતાનો સમાવેશ થાય . કોમ્પ્યુટર ઈ વ્યવસ્થાપન માટે એક આવશ્યક સહાય હોવાથી સમાજકાર્યકર કોમ્પ્યુટર જાણતો હોય તે જરૂરી છે. એટલુજ નહિ સેવાર્થી સાથે પણ સીધા કાર્ય કરવાનું વધુ સરળ બને છે.

**5. પાયાની મદદકર્તા કુશળતાઓ :**

જયારે મદદની પ્રક્રિયા શુરુ થાય ત્યારે સમસ્યાને સમજવા તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે કેમ કે ઘણીવાર સમસ્યાના મુદ્દા વિશે ગુંચ ઉભી થવી હોય છે. અનુભવના આધારે સમસ્યાના ઊંડાણ અંગેની સમજ મેળવવીએ પણ એક કુશળતા છે. પાયાની મદદકર્તા પ્રક્રિયાની શુરુઆતથી અંત સુધી ઉપયોગમાં લેવામાં આવતી સર્વે કુશળતાઓનો સમાવેશ થાય જેમકે હુંફાળા અને હેતુ પૂર્વકના સંબધો વિકસાવવા, મદદકર્તા ટીમ સાથેના સંબધો, સ્વીકૃતિ, સ્વનિર્ણય વગેરે કુશળતાઓ સમાજકાર્ય કર્તા માટે જરૂરી છે.

NASW એ સમાજ કાર્યકર માટે જરૂરી હોય તેવી બાર કુશળતાઓની યાદી બનાવી છે.

(1) ચોક્કસ સમજ અને હેતુ સાથે સાંભળવું.

(2) સેવાર્થીની જરૂરિયાતો માટે નવીન સમાધાનો શોધવા.

(3) માહિતી બહાર કઢાવવી અને સંબધિત હકીકતોનું મુલ્યાંકન કરી અહેવાલ તેયાર કરવા માટે એકઠી કરી ગોઠવવી અને કેસ હિસ્ટ્રી બનાવવી.

(4) વ્યક્તિ, કુંટુંબ, જૂથ અને સમુદાય ને સમસ્યા સમાધાનના પ્રયત્નોમાં જોડવા અને તેમના વિશ્વાસ જીતવો.

(5) સંઘર્ષ ધરાવતા પક્ષો વચ્ચે મધ્યસ્થી બની વાટાઘાટો કરવી.

(6) વ્યાવસાયિક સંબધમાં ટિકાત્મક વિચારને લાગુ કરવાની કુશળતા.

(7) સામાજિક અને આર્થિક ન્યાયને આગળ વધારે તેવા પરિવર્તનો અને રણનીતિ લાગુ કરવાની કુશળતા.

(8) સંગઠનો વચ્ચે સંપર્ક જળવાઈ રહે તે માટે સેવાઓ પૂરી પાડવી.

(9) જુદા જુદા પ્રકારના સેવાર્થીઓ, સાથી અને સમુદાયને સભ્યો સાથે જુદી-જુદી રીતે પ્રત્યાયન કરવાની કુશળતા.

(10) દરેક કદના માળખાં સાથે કાર્ય કરવાની કુશળતા અને જ્ઞાનને લાગુ કરવાની કુશળતા.

(11) મદદકર્તા વ્યાવસાયિક સંબધ બાંધવા અને ટકાવી રાખવાનું કૌશલ્ય.

(12) શાબ્દિક અને અશાબ્દિક વર્તણુંકનું અવલોકન અને અર્થઘટન કરવું. આ માટે વ્યક્તિત્વના સિદ્ધાતોના અને નિદાન કરવાની પદ્ધતિઓના જ્ઞાનનો ઉપયોગ કરવો.

કુશળતા એટલે અસરકારક વ્યવહાર માટે વ્યાવસાયિક જ્ઞાન અને મૂલ્યોને ઉપયોગ કરવાની સમાજકાર્યકરની ક્ષમતા. સમાજકાર્યના વ્યવહારને નૈતિક વર્તનનું અને અસરકારક બનાવવા કુશળતાઓ વિકસાવવી જરૂરી થઈ રહે છે.

## 3.6 વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યનું કાર્યકરની ભૂમિકાઓ

ભૂમિકા એટલે કોઈ ચોક્કસ વર્તણુક કરવી અને કોઈ ખાસ પરિસ્થિતિમાં તે પરિસ્થિતિને યોગ્ય પ્રતિભાવ આપવો. ભૂમિકા સાથે મનોવૈજ્ઞાનિક પાસું સંકળાયેલું છે. જેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય. પહેલું વ્યકિતગત ખ્યાલોનું પાસું. પોતે કઈ રીતે વર્તવું તે અંગે લોકો શું માને છે તે અંગે તેમની પોતાની અનુભૂતિ અને ખ્યાલ. બીજું, સામાજિક પાસું એટલે કે પોતાની વર્તણુક અંગે અન્ય લોકો શું માને છે અને કોઈ ખાસ દરજ્જે મેળવવા તેને કઈ રીતે વર્તવું જોઈએ તે વિષેનો ખ્યાલ. ત્રીજું, વર્તણુક સંબંધી પાસું. વાસ્તવમાં લોકોનું વર્તન શું હોય છે તે બાબતોનો ખ્યાલ પણ ધ્યાનમાં રાખવો જરૂરી થઈ પડે છે.

સમાજ કાર્યકરની ભૂમિકા વ્યાવસાયિક પ્રવૃત્તિ માટેની દિશા પૂરી પાડે છે. તે સમાજકાર્યકર અને સેવાર્થી વચ્ચેના વ્યવહારની પ્રકૃતિ  નિશ્ચિત કરે છે. અને કયા રસ્તે ધ્યેય પ્રાપ્ત કરાશે તેની રણનીતિ અને અભિગમ નક્કી કરે છે.

સમાજકાર્યના વિદ્વાનો સમાંજકાર્યકરની ભૂમિકાને મુખ્ય ત્રણ ભાગોમાં વિભાજીત કરે છે. સલાહ મસલત (consultancy ) સંશાધનોનું વ્યવસ્થાપન (resource management) અને શિક્ષણ (education) આ ત્રણે સંદર્ભમાં સમાંજકાર્યકરની જુદી જુદી ભૂમિકા જુદા-જુદા સ્તરે ઉદ્ભવે છે. સુક્ષ્મ સ્તરે તે વ્યક્તિ સાથે કાર્ય કરે છે જયારે મધ્ય સ્તરે તે ઔપચારીક જૂથો, સંગઠનો અને વહીવટી માળખાં સાથે કાર્ય કરે છે. બૃહદ સ્તરે તે સમુદાય અને સમાજ સાથે કાર્ય કરે છે.

**1. સલાહ-મસલત (consultancy ) :** સલાહ-મસલત એટલે એવી વ્યાવસાયિક પ્રવૃત્તિ જેના દ્વારા સમાજકાર્યકર અને સેવાર્થી પરિવર્તનની પ્રક્રીયામાં જોડાય છે. આમાં મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓનો સમાવેશ થાયઃ સેવાર્થીની જરૂરિયાતના મુદ્દા સ્પષ્ટ કરવા, તેના અભિપ્રાયો શોધવા અને વ્યવહાર માટેનું આયોજન કરવું. આ કાર્યો પુરા કરવા સેવાર્થીને સક્ષમ કરવો પડે, તેને આગળ વધવા માટે સરળતા કરી આપવી પડે અને તેને સંબંધિત કેટલાક મુદ્દાઓ વિશે

સંશોધન કરી પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવું પડે. ટૂંક મા આ કાર્યોનું આકૃતિ દ્વારા પણ રજુ કરી શકાય.

**2. સક્ષમ કરનાર તરીકેની ભૂમિકા (Enabler) :** સક્ષમ કરનાર તરીકેની ભૂમિકાનો હેતુ સેવાર્થીની સામાજિક કામગીરી આડે આવતા પડકારોના નિવારણનો છે. આ ભૂમિકા માટે કાઉન્સેલિંગની રણનીતિ સહાયક બને છે. આ ભૂમિકામાં સમાંજકાર્યકર એક બાજુ સેવાર્થીની વર્તણુક સુધારવાનો પ્રયત્ન કરે છે અને સેવાર્થીની સંબંધો જાળવવાના ચોક્કસ લઢણને બદલવાનો પ્રયત્ન કરે છે. જેથી નવા પ્રકારના સંબધો ઉભા કરી શકે. બીજી બાજુ સેવાર્થીના સામાજિક અને ભૌતિક વાતાવરણના પરિબળોમાં સુધાર લાવવાનો પ્રયત્ન કરે છે. આ બધા દ્વારા સમાંજકાર્યકર સેવાર્થીમાં એવી ક્ષમતાનો વિકાસ કરે છે જેથી તે પોતાના જીવનના પડકારો સામે અસરકારક રીતે કાર્ય કરી શકે અને પોતાની સમસ્યાનું સમાધાન પોતે કરી શકે.

**3. સમાજકાર્યકારની આયોજક તરીકેની ભૂમિકા :** આયોજક તરીકેની ભૂમિકામાં કાર્યકર વિશિષ્ટ જ્ઞાન અને કુશળતાઓ ઉપયોગ કરે છે. આયોજનની પ્રક્રિયામાં સમુદાયની જરૂરિતાયોને શોધવા અને તેના સંશોધન વિકસવાના કાર્યમાં સમાજકાર્યકર સમુદાયના નેતાઓંને સામેલ કરે છે. તેમની ભાગીદારી વધારે છે. પોતે માત્ર ભલામણો કરે છે. આ રીતે આયોજનની પ્રક્રિયામાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય. ભાગીદારી, મુલવણી અને ભલામણો.

આયોજનની પ્રવૃતિમાં જે ક્રિયાઓને સમાવેશ છે તે આ મુજબ છે. સંકલન કરતી સેવાઓ, વિકાસના કાર્યક્રમો અને મુલ્યાંકન કરતી નીતિઓ વિશે જાણકારી મેળવવી. આર્થિક કલ્યાણના કાર્યક્મોની હિમાયત કરાવી. સંશોધનની કુશળતાઓ ઉપયોગ કરવો. જેમકે જરૂરિયાતનું મુલ્યાંકન, સેવા શોધવી, સમુદાયનો પરીચય તયાર કરવો. વાતાવરણના પ રિબળો વિશેની વાસ્તવિક જાણકારી તેને હોવી જોઈએ, સમુદાય અને તેમાં રહેલ સંશોધનની ક્ષમતા ચકાસી તેનો પુરો ઉપયોગ કરવો પડે. ત્યાર પછી તે પરિવર્તનને ઉત્તેજન આપી શકે.

**4. મધ્યસ્થી તરીકેની ભૂમિકા :** સમાજકાર્યકર જે જૂથો અને સંગઠન માટે કાર્ય કરે છે તેઓની સામાન્ય સમસ્યોઓની ઓળખ માટે, શક્ય સમાધાનની ચર્ચા કરવા, સંશોધનનો ગતિશીલ કરવા અને કાર્ય આયોજનનું મુલ્યાંકન કરવા અનેકને મળે છે. આ સમયે તે મધ્યસ્થીની ભૂમિકા કરે છે, તે પોતાના સેવાર્થી, જૂથો અને સંગઠનના મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે, તે પોતાના સેવાર્થી જૂથો અને સંગઠનના મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે.

મધ્યસ્થી તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકર મધ્યસ્તરની વહેચણી વ્યવસ્થામાં જે કમી કે અવરોધો છે તેને ઉદ્દેશે છે અને સામાજીક જોગવાઈઓને વધારી જરૂરી ફંડ પૂરું પાડે છે. ટીમના સભ્યો વચ્ચે જયારે સઘર્ષ થાય ત્યારે સમાજકાર્યકર મધ્યસ્થી તરીકેની કુશળતાયોને ઉપ યોગ કરે છે અને મતભેદનું સમાધાન કરે છે.

**5. ક્રિયાશીલ તરીકેની ભૂમિકા :** બૃહદ સ્તર પર સમાજકાર્યકર ભૂમિકા ભજવે છે. ક્રિયાશીલ તરીકે સમાજકાર્યકર સામાજિક પરીવર્તનની શુરુઆત કરવા ચાવીરૂપ સામાજિક અને આર્થિક નેતાઓને ભેગા કરે છે. સામાજિક ક્રિયા અને હિમાયત કરવાની રણનીતિ તરીકે સમાજકાર્યકર સંશોધનોની વહેચણી પર ધ્યાન આપે છે. કેટલીકવાર સામાજિક ન્યાયને ઉતેજન આપવા કાનૂની પરિવર્તન માટે કોર્ટનો સહારો પણ લે છે.

**6. પરિવર્તન લાવનાર તરીકેની ભૂમિકા (Catalyst):** પરિવર્તન લાવનાર તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકર સમાજકાર્યના અન્ય સાથીયો અને અન્ય વિદ્યાશાખાના સાથીઓ સાથે સંબધો રાખી સમાજસેવાની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા વ્યાવસાયિક સાહસને

સંગઠિત  કરે છે. સામુદાયિક સેવાની રણનીતિ દ્વારા સમાજકાર્યકર સ્વયંસેવક તરીકે સેવા કરવા પોતાની વ્યાવસાયિક પ્રતિબધ્ધતા પર કાર્ય કરે છે. આ ભૂમિકામાં સમાજકાર્યકર પ રિવર્તન અને નવીનીકરણ માટે કામ કરે છે. સેવાની વહેચણી વધુ માનવીય થાય તેવા પ્રયત્ન કરે છે. સામાજિક ન્યાય અને સમાનતાનો વૈશ્વિક ફેલાવો કરવા સામાજિક અને પર્યાવરણીય રાજકારણને પ્રભાવિત કરે છે.

**7. શિક્ષક તરીકેની ભૂમિકા (Educator) :** શિક્ષક તરીકેની ભૂમિકા એટલે સેવાર્થીની અનુકુળતા પ્રાપ્તય કરવાની કુશળતા શીખવવી. આ માટે કેટલાંક કાર્યો કરવા પડે. જેમ કે સંબધિત માહિતી સેવાર્થી સમજી શકે છે તે રીતે પૂરી પાડવી. સૂચનો અને સલાહ આપવી. વિકલ્પો શોધવા અને તેનાથી ઉભી થનારી શક્ય પરિસ્થિતિ જણાવવી, વર્તણુકની લઢણો પૂરી પાડવી. સમસ્યા સમાધાનની ટેકનિક શીખવવી અને તેમના ખ્યાલોને સ્પષ્ટ કરવા વગેરે.

સમાજકાર્ય શિક્ષણના વિદ્યાર્થી જયારે ક્ષેત્રકાર્ય કરવા માટે ફિલ્ડ માં જાયે ત્યારે તેમણે સમાજકાર્ય ની કુશળતા અને ભૂમિકા ભજવવી પડે અને એનું અમલીકરણ કરવું પડે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

1. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ શું છે તે જણાવો.

   અ) સામાજિક પ્રયોગશાળા    બ) વર્ગખંડ

   ક ) નિશાળ    ડ)  એક પણ નહિ

૨. ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યકર્તાની શું ભૂમિકા હોય છે.

   અ) માર્ગદર્શક    બ) પ્રોત્સાહક

   ક) શિક્ષક    ડ) આગળના દરેક

૩. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય માટે કોનું હોવું પ્રાથમિક જરૂરિયાત છે તે જણાવો

   અ) વિદ્યાર્થી    બ) સુપરવાઈઝર    ક) ક્ષેત્ર    ડ) ત્રણેય

૪) સમાજકાર્યકર્તા પાસે શું કૌશલ્ય હોવું જોઈએ.

   અ) સંશોધનની કુશળતા    બ) પ્રત્યાનની કુશળતા

   ક) સંબંધ સ્થાપનની કુશળતા    ડ) આગળના દરેક

## 3.8 ઉપસંહાર

સમાજકાર્ય પારંગત અભ્યાસક્રમ વ્યાવસાયિક અભિગમ ધરાવે છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહાર બને વ્યવસાયના વિકાસ માટે પરસ્પર આધારિત છે. વ્યવહાર સાથે જોડાયેલા વ્યાવસાયિકોએ  સતત પોતાના ક્ષેત્રમાં નવા જ્ઞાનનું સર્જન કરવું જરૂરી બને છે. તેથી શિક્ષણવિદ્દોએ સમાજકાર્યના અભ્યાસક્રમ વ્યવહાર સાથે જોડાઈ રહે તે માટે શિક્ષણ કાર્યમાં ક્ષેત્રકાર્યનું આયોજન સામેલ કર્યું છે. ક્ષેત્રકાર્ય કરવા માટે વિદ્યાર્થીને વિભિન્ન પ્રકારની ભુમિકા ભજવી પડે , દા.ત. સલાહ-મસલત કરનાર , સક્ષમ કરનાર તરીકેની ભૂમિકા, પરિવર્તન લાવનાર તરીકેની ભૂમિકા, ક્રિયાશીલ તરીકેની ભૂમિકા, મધ્યસ્થી તરીકેની ભૂમિકા, શિક્ષક તરીકેની ભૂમિકા વગેરે ભૂમિકા સામાજિક કાર્યકરે ભજવવી પડે છે.

ક્ષેત્રકાર્ય તાલીમ માટે ચોક્કસ જ્ઞાન અને કુશળતાઓના વિકાસ વિદ્યાર્થીઓએ કરવું પડે, દા.ત. પાયાની મદદકર્તા કુશળતાઓ, સૈદ્ધાંતિક જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવાની

કુશળતા, સંશોધનની કુશળતા, પ્રત્યાયન કુશળતા , સંબંધ સ્થાપનની કુશળતા, સૈદ્ધાંતિક જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવાની કુશળતા વગેરે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

૧.(અ) ૨.(ડ) ૩.(ડ) ૪.(ડ)

## 3.10 ચાવીરૂપ શબ્દ

**1. વ્યાવસાયિક સમાજકાર્ય :** સમાજકાર્ય એ માનવ સંબધો વિશેના વૈજ્ઞાનિક જ્ઞાન અને કુશળતા પર આધારિત વ્યાવસાયિક સેવા છે. જે વ્યક્તિઓને વ્યક્તિગત સ્તરે અથવા જુથમાં સામાજિક અને વ્યક્તિગત સંતોષ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે.

**2. ક્ષેત્રકાર્ય :** ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી ને જાતે કામ કરીને શીખવાની પ્રક્રિયા છે. જયાં સૈદ્ધાંતિક જ્ઞાનની વ્યવહારિક સ્થિતિમાં ચકાસણી કરવાની છે.

**3. ભૂમિકા :** ભૂમિકા એટલે કોઈ ચોક્કસ વર્તણુક કરવી અને કોઈ ખાસ પરિસ્થિતિમાં તે પ રિસ્થિતિને યોગ્ય પ્રતિભાવ આપવો.

**4. કુશળતા :** કુશળતા એટલે અસરકારક વ્યવહાર માટે વ્યાવસાયિક જ્ઞાન અને મૂલ્યોને ઉપ યોગ કરવાની સમાજકાર્યકરની ક્ષમતા.

## 3.11 સ્વાધ્યાય લેખન

(1) વ્યાવસાયિક સમાજકાર્યની વ્યાખ્યા આપો.

(2) સમાજકાર્ય ક્ષેત્રકાર્યના હેતુઓં શું છે.

(3) વ્યાવસાયિક સમાજકાર્યકર માટે આવશ્યક કુશળતા જણાવો

(4) વ્યાવસાયિક સમાજકાર્યકરની શું ભુમિકા છે તે જણાવો

## 3.12 સંદર્ભ ગ્રંથ


(1) ચાવડા ગીતા ; ૨૦૦૮ ; વ્યાવસાયિક સમાજકાર્ય ; લોક પ્રકાશન રતનપુર

(2) કૃપાલસિંહ સુદન; ૨૦૦૪ ; સમાજકાર્ય સિદ્ધાંત એવમ અભ્યાસ; રામા બૂક ડીપો, લખનઉ

(3) ચોધરી ધર્મપાલ ; ૧૯૯૦ ; સામાજિક કાર્યકર પરિચય; આત્મારામ એન્ડ સન્સ, ભુજ

(4) સુભેધાર આઈ. એસ; ૧૯૮૫; ફિલ્ડ વર્ક ઈન સોશ્યલ વર્ક એજયુકેશન; રાવત પ્રકાશન; જયપુર

(5) શ્રીનિવાસ એમ. એન; ૧૯૮૩; દ ફિલ્ડ વર્ક્સ એન્ડ દ ફિલ્ડ; ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ; દિલ્હી

**એકમ ૪**

# ક્ષેત્રકાર્યની પદ્ધતિઓ અને ક્ષેત્રકાર્ય માર્ગદર્શિકા

## 4.1 : એકમના હેતુ :

કોઈપણ કાર્યની સફળતાનો આધાર હેતુ પર હોય છે. નક્કી કરેલ હેતુઓ દ્વારા કાર્યને ગતિ અને ચોક્કસ દિશા મળે છે. કોઈપણ ક્ષેત્રનું કાર્ય હેતુ વગર સફળ થતું નથી. આ ક્ષેત્રકાર્ય હાથ ધરતા પહેલા હેતુ નક્કી કર્યા હોય તે પ્રમાણે હેતુલક્ષી આયોજન કરવામાં આવે છે. કોઈપણ ક્ષેત્ર નક્કી કર્યા પછી શું-શું કાર્ય થઈ શકે તેમ છે તે પ્રશ્નો, બાબતો કે સમસ્યાઓ, યોજનાઓની સફળતા-નિષ્ફળતા, લોકજીવનની સ્થિતિ અંગેના કાર્યના હેતુ નક્કી કરે છે. આનાથી કાર્યકર્તા પોતાના કાર્ય કરવા અંગેની સ્પષ્ટતા વધે છે.

**પ્રસ્તુત એકમમાં કેટલાક મહત્ત્વના હેતુઓ જે નીચે મુજબ છે.**

(1) વિદ્યાર્થીને વ્યાવસાયિક સમાજકાર્યની સમજ આપવી.

(2) ક્ષેત્રકાર્ય ઉપયોગમાં લેવાતી વ્યાવસાયિક સમાજકાર્યની પદ્ધતિઓની તાલીમ આપવી.

(3) વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્યમાં ઉપયોગમાં લેવાની વ્યાવસાયિક સમાજકાર્યની પધ્ધતિઓ અંગે વિસ્તારમાં જઈ પ્રત્યક્ષ સમજ આપવી.

(4) ક્ષેત્રકાર્ય માટે વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શિકા તૈયાર કરતાં શીખી શકશે.

(5) સંશોધન માટે વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય અથવા સર્વે કરવામાં રસ રુચિ ઉત્પન કરી શકશે.

(6) સમાજની સમસ્યાઓને સમજવાના નવા પાસાનો વિસ્તાર થઈ થશે.

(7) શહેરી સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા વિશે જાણકારી મેળવી શકશે.

(8) રાજ્ય સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃતિ વિશે સમજી શકશે

(9) વિસ્તારની વિવિધ સમસ્યાઓ અંગે વિસ્તૃત સમજ મેળવી અને પોતાની જાતે તેના ઉકેલ માટે સક્ષમ બનાવવા.

(10) વિસ્તારની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીની ભૂમિકા સમજાવવી.

## 4.2 પ્રસ્તાવના :

ક્ષેત્રકાર્ય એ એક શીખવાની પ્રક્રિયા છે, જેમાં વિદ્યાર્થી કાર્યકર્તાના વ્યવસાયિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. ક્ષેત્રકાર્યમાં વિદ્યાર્થી કાર્યકર્તા સમાજકાર્યના ધ્યેયો, મૂલ્યો, પધ્ધતિઓ, કુશળતા અને સિદ્ધાંતોનો વ્યાવહારિક ઉપયોગ કરીને સમાજકાર્યકર્તાની કુશળતાની પ્રાપ્તિ કરે છે. અભ્યાસક્રમમાં શહેરી, ગ્રામ્ય, સરકારી, બિનસરકારી સંસ્થામાં ક્ષેત્રકાર્ય કરવાનું છે. સમાજકાર્ય અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન આપ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિસ્તારમાં સંપર્ક કરવાનો રહેશે. જેમ કે, લોકો, વિસ્તાર, શાળા, આંગણવાડી, મહિલા ઉત્કર્ષ કેન્દ્રો, એન.જી.ઓ., સમસ્યા, યોજનાઓ વગેરે. આ સમગ્ર સત્ર દરમ્યાન વિસ્તારમાં જઈને ક્ષેત્રકાર્ય શીખવાનું છે.

તમારા ક્ષેત્રકાર્યનું શહેરી વિસ્તાર નક્કી કરવો અગત્યનું બની જાય છે. તમારે ક્ષેત્રકાર્ય વિસ્તારની પસંદગી મોટા ભાગે પોતાના વિસ્તાર સિવાયના વિસ્તારને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમજ તમારા રહેઠાણ કે વતનથી ક્ષેત્રકાર્ય વિસ્તારનું અંતર વધારે ન રહે તેની કાળજી

પણ રાખવી જોઈએ. ક્ષેત્રકાર્ય વિસ્તાર સુધી પહોંચવાની અગવડતાઓ હોઈ શકે એટલે કે સગવડતાઓ /સુવિધાઓ ઓછી હોય તેવા વિસ્તારની ક્ષેત્રકાર્ય તરીકે પસંદગી કરવામાં આવે તો વધુ ઉપયુક્ત બની રહેશે. પરંતુ આવી પસંદગી સમયે તમારા રહેઠાણથી દૂર ન હોય તે જોવું. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય વિસ્તાર નક્કી કરવાની નિર્ણય પ્રક્રિયામાં સુપરવાઈઝરની ભૂમિકાથી તેમને મદદરૂપ થશે. જેથી ક્ષેત્રકાર્યનું કાર્ય સરળ અને વાસ્તવિક થઈ શકે.

તમારા મનમાં એ સવાલ આવતો હશે કે અમારે ક્ષેત્રકાર્ય માટે શહેરમાં જઈને કરવાનું શુ? આ પ્રશ્નનો જવાબ આ ભાગમાં રહેલો છે. તેમાં છતાં આ સંપૂર્ણ નહી કહી શકાય કારણ કે ક્ષેત્રકાર્યને નિશ્ચિત માળખામાં બેસાડવુ યોગ્ય નથી. તે એક જીવંત પ્રક્રિયા છે. અહિંયા તમેશહેરી સમુદાયનાં જીવન સાથે શીખવાની પ્રક્રિયાને ગોઠવી રહ્યા છો. તેમ છતાં તમને કામગીરી અંગેનું માર્ગદર્શન મળી રહે. તેમજ ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓમાં શહેરી સમુદાય અંગેની સમજ અને જાણકારી વધવી જોઈએ તે બાબતને ધ્યાનમાં રાખીને ક્ષેત્રકાર્ય હેતુઓને નજર સમક્ષ રાખીને કેટલાક મૂદ્દાઓની તારવણી કરી છે જેનાથી તમને ક્ષેત્રકાર્યમાં જઈને એક વિદ્યાર્થી તરીકે શું સમજ, જાણકારી મેળવવી જોઈએ તેનું માર્ગદર્શન આ ભાગમાંથી મળી રહે તેવી કાળજી રાખી છે.

પ્રસ્તુત એકમમાં ક્ષેત્રકાર્ય શહેરમાં પ્રત્યક્ષકાર્ય કરીને આરોગ્ય, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સ્થિતિ, સમસ્યાઓની સમજ મેળવવી, તેમજ તેમાં કાર્યરત વ્યવસ્થાઓનો પરિચય, અસરકારકતા-મર્યાદાઓની સમજૂતી પ્રાપ્ત કરવી. આ સમસ્યાઓના સંભવિત ઉકેલો શુ હોઈ શકે તેવા પગલાઓ આપવાના રહેશે. ઉપરાંત તમે ક્ષેત્રકાર્ય શહેરના વાસ્તવિક સ્વરૂપનો પ રિચય અને ઓળખ કરશો જે તમને ભવિષ્યની કરવાની કામગીરીમાં સહાયક બની શકે. શહેરમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે તમારે સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાન અને વિવિધ પધ્ધતિઓને અમલીકૃત કરવું.

## 4.3 સમાજકાર્યનો ખ્યાલ :

આપણા સમાજમાં 'સમાજસેવા' શબ્દથી તો બધાજ પ્રચલિત છો જ. પરંતુ ભારતના સંદર્ભમાં સમાજકાર્ય નો ખ્યાલ હજી સુધી ખુબ વિસ્તૃત થયો નથી. પ્રાચીન સમયમાં વૃધ્ધો, બાળકો, અંપગો, અશકતો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ, અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ, ઔદ્યોગીકરણ અને શહેરીકરણ અને વિકાસ પ્રક્રિયાએ અનેક નવીન અને જટિલ સમસ્યાઓ ઉભી કરી હતી. જેનો ઉકેલ પ્રાચીન સામાજીક સંસ્થાઓ દ્વારા અશક્ય બન્યો પરિણામે આ સમસ્યાઓના ઉકેલ માટે સમાજવિજ્ઞાનનાં જ્ઞાન અને વૈજ્ઞાનિક પધ્ધતિઓની જરૂરિયાત ઉભી થઈ સમસ્યાનાં સમાધાનને એક સામાજિક જવાબદારીનાં ભાગ તરીકે સ્વીકારવાનું શરૂ થયું અને ધીરે-ધીરે આ સાહજિકવૃતિએ વ્યવસાયનું રૂપ લીધું ઔધોગીક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઈંગ્લેંડમાં સમાજકાર્યની શોધ થઈ ત્યારબાદ અમેરીકામાં તેનો વધુ વિકાસ થયો અને દુનિયામાં અનેક દેશોમાં વ્યાવસાયિક સમાજકાર્યનો સ્વીકાર થયો.

**સમાજકાર્યની વ્યાખ્યાઓ :**

**વિટમર (Witmer Helen) ૧૯૪૨**

''સમાજકાર્ય નું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યકિતને મદદ કરવાનું છે આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે. અથવા તો એને કોઈ સમૂહનાં સભ્ય બનાવી સમૂહની પ્રવૃતિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાનું નિવારણ કરવામાં આવે છે.''

**ફ્રીડલેન્ડર (Fridlander W. A.) ૧૯૫૫**

''સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યકિત ને વ્યકિતગત કે જુથમાં વ્યકિતગત અને સામાજીક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સમાજકાર્ય મોટે ભાગે સામાજીક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે.''

**નેશનલ એસોસિયેશન ઓફ સોશ્યલ વર્ક - ૧૯૭૩**

''સમાજકાર્ય એ વ્યકિતઓ, જુથો અથવા સમુદાયની સામાજીક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃધ્ધિ તથા સામાજિક પરિસ્થિતિઓને અનુકુળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે સમાજકાર્ય પ્રેકિટસ નીચેનામાંથી એક કે વધુ ઉદેશ્યોની પ્રાપ્તિ માટે સમાજકાર્યનાં મુલ્યો સિધ્ધાંતો તથા રીતો નાં ઉપયોગ પર આધારીત હોય છે.

વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાય ને મદદ કરવી વ્યક્તિઓ કુટુંબો અને જુથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર આપવી, સમુદાયો તથા સમૂહોને સામાજિક અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃધ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાનૂની પ્રક્રિયાઓમાં સહભાગી બનવું સમાજકાર્ય પ્રેકટીસ માટે માનવવિકાસ અને વર્તન માટે મહત્ત્વની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે''

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કુલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ વર્કસ દ્વારા સ્વીકૃત-૨૦૦૧

''સમાજકાર્ય વ્યવસાય સામાજીક પરિવર્તનને માનવસંબંધમાં થતી સમસ્યાઓમાં ઉકેલને અને લોકોના સશકતીકરણ, મુક્તિ તથા સુખાકારીને ઉતેજન આપે છે લોકો તેમનાં પર્યાવરણ સાથે આંતરકિયા કરે છે ત્યાં સમાજકાર્ય માનવ વર્તુણક અને સામાજીક તંત્રના સિધ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવ અધિકાર અને સામાજીક ન્યાયના સિધ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભૂત છે''

સમાજકાર્ય એ એક મદદ કરવાનો વ્યવસાય છે. તેવો ઉલ્લેખ ઉપરોક્ત વ્યાખ્યામાં થયેલો છે, સમાજકાર્યમાં મદદનું ચોકક્સ અર્થઘટન કરવામાં આવેલું છે. મદદનાં આ કાર્યમાં સૌ પ્રથમ તો એ જરૂરી છે કે સેવાર્થી બાહય મદદ લેવા માટે તૈયાર હોય, બીજું કાર્ય કરે તેને સ્વસુધારણાની કે સ્વસહાયની પ્રેરણા આપવાની છે. પરંતુ તેણે સેવાર્થી ઉપર કોઈ સલાહ કે ઉકેલ લાદવાનો નથી તેને પોતાની સમસ્યા માંથી મુક્ત થવા માટે જાતે પ્રયત્ન કરવા દેવાનો છે. સ્વનિર્ણયનો સિદ્ધાંત એ સમાજકાર્યનો પાયાનો સિધ્ધાંત છે ત્રીજી મહત્ત્વની બાબત એ છે કે મદદ કરનારમાં મદદ લેનાર પ્રત્યે ઉપરીપણાનો ભાવ કે મોટાઈ ભર્યું વર્તન કે દયા કે તિરસ્કારની લાગણી ના હોવી જોઈએ કારણ કે તેણે સેવાર્થી માટે નહી, સેવાર્થી સાથે કામ કરવાનું છે સમાજકાર્યમાં વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા સાધનો એવી રીતે પુરા પાડવામાં આવે છે જેથી વ્યક્તિ સ્વયં સહાય કરી શકે. આમ, સેવાર્થીને પૂનઃ ક્યારેક મદદ ન લેવી પડે તે સમાજકાર્યનો હેતુ છે.

## 4.4 ક્ષેત્રકાર્યના ક્ષેત્રોનો પરિચય :

**1) બાળ કલ્યાણ :**

બાળકલ્યાણમાં અનાથ, નિરાશ્રિત તથા અપરાધી બાળકોની સમસ્યાઓ આવે છે. જેના સમાધાન માટે સંસ્થા દ્વારા પાલન પોષણની સુવિધા પુરી પાડવામાં આવે છે. ઉત્તમ

પર્યાવરણનું નિર્માણ કરવા તથા બાળકના સ્વસ્થ વિકાસ કરવો જરૂરી છે. આ ઉપરાંત બાળકના ગહન અભ્યાસ, નિદાન અને સારવાર કરવામાં આવે છે. ૧૯૧૪માં ઘોષિત બાળરાષ્ટ્રીય નીતિમાં બાળકો રાષ્ટ્રની ખૂબ જ મહત્ત્વપૂર્ણ સંપત્તિ છે. તેનું પાલન, પોષણ તથા દેખરેખ આપણી જવાબદારી છે. એ વાતની ઘોષણા આ નીતિને આધિન બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકારના અલગ – અલગ વિભાગો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અનેક કાર્યક્રમો ચલાવવામાં આવ્યા. જેમાં બાળ કલ્યાણ સેવાઓ, પોષક આહાર સેવાઓ અને પૂર્વ પ્રાથમિક સેવાઓ ઉલ્લેખનીય છે. બાળકલ્યાણના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સંસ્થાઓ તથા વ્યકિતઓને માનવ સંશાધન વિકાસ મંત્રાલયના અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય બાળ કલ્યાણ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવે છે.

**2) મહિલા કલ્યાણ :**

મહિલા કલ્યાણ ક્ષેત્ર અંતર્ગત કાર્યકર્તા મહિલાઓના સામાજિક, આર્થિક વિકાસ સબંધી સમસ્યાઓને દૂર કરવાના પ્રયાસ કરે છે. મહિલાઓના પુનઃવસનના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓની કામગીરી યોગ્ય રીતે ગતિશીલ કરવા વિશિષ્ટ સંસ્થાઓના સંયોજન હેતુએ સામાજિક કાર્યકર્તા સમાજ કાર્યની વિભિન્ન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. સામાજિક કાર્યકર સામાજિક ક્રિયા પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાજીક દૂષણો, કુરિવાજોની સ્થિતિમાં પરીવર્તન લાવવાના પ્રયાસ કરે છે. આશરે કુલ વસ્તીના ૪૫% હિસ્સો મહિલાઓનો છે, જેનાથી મોટાભાગની મહિલાઓ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. પુરૂષોની સરખામણીએ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ નીચું જોવા મળે છે. મહિલાઓનો વિકાસ કરી તેમને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગની સ્થાપના કરી છે. જેના દ્વારા અનેકવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે તથા યોજનાઓ પણ બનાવવામાં આવે છે. દા.ત.. શ્રમજીવી મહિલાઓ માટે આવાસ, વિધવા પેન્શન, રોજગાર તાલીમ, મહિલા વિકાસ ગૃહ, પુનઃવસન કેન્દ્રો, કાનુની સલાહ કેન્દ્રો, અત્યાચાર નિવારણ કાર્યક્રમ. ભારત સરકારના માનવ સંશાધન વિકાસ વિભાગ દ્વારા મહિલાઓના વિકાસ માટે મહિલા સાંપ્રત કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

**3) વૃદ્ધ કલ્યાણ :**

સ્વાસ્થ્ય સેવાઓમાં થયેલ સુધારણાના લીધે આયુષ્યમાં વૃદ્ધિ થઈ. સંયુક્ત કુટુંબો તૂટવાના લીધે નિરાશ્રિત વૃદ્ધોની સંખ્યામાં વધારો થયો. વૃદ્ધોને શારીરિક, માનસિક, સામાજિક તમામ સમસ્યાઓ ગંભીર બની છે. ભારત સરકાર દ્વારા આ સમસ્યાને રોકવા માટેના પ્રયાસો શરૂ છે. આ માટે સરકાર દ્વારા વ્યક્તિગત તથા સામૂહિક વિમા, વૃદ્ધ પેન્શન, પ્રોવીડન્ટ ફંડ જેવી યોજનાઓ ચલાવવામાં આવે છે. સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વૃદ્ધાશ્રમો ચલાવવામાં આવે છે. નિરાધાર વૃદ્ધોને સંસ્થામાં રાખી તેની યોગ્ય દેખભાળ કરવામાં આવે છે. વૃદ્ધોની જરૂરિયાતોમાં પરીવર્તન આવવાના લીધે તથા શારીરિક શકિતઓ ક્ષીણ થવાને લીધે તેઓ સમાયોજન સાધી શકતા નથી. તેમની જરૂરિયાતો પણ સંતોષાતી નથી. સમાજકાર્યના કાર્યકર્તા સમગ્ર સ્થિતિનો અભ્યાસ કરી તમામ સ્તરે સ્થિતિનો સુધાર કરે છે.

**4) યુવા કલ્યાણ :**

યુવા કલ્યાણ અંતર્ગત નવયુવક વ્યક્તિના વ્યકિતત્વના સર્વાંગી વિકાસ તથા શકિતઓના રચનાત્મક સર્જન માટે કાર્યકર્તા પોતાના સામુદાયિક સાધનોના ઉપયોગ દ્વારા સહાયતા પ્રદાન કરે છે. ઈ.સ. ૧૯૫૯માં ભારત સરકાર દ્વારા યુવાઓના કલ્યાણ તથા વિકાસ માટે રાષ્ટ્રીય યુવા નીતિની ઘોષણા કરી. જેનો ઉદ્દેશ યુવાનોમાં બંધારણમાં રજૂ કરવામાં આવેલા

સિદ્ધાંતો તથા મુલ્યો પ્રતિ જાગૃતિ લાવવી, સન્માનની ભાવના પેદા કરવી, રાષ્ટ્રીય એકતા, ધર્મ નિરપેક્ષતા તથા કાયદાના શાસન પ્રત્યે નિષ્ઠા પેદા કરવી. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ કરવો તથા વ્યકિતત્વના વિકાસ માટે અપેક્ષિત સુવિધાઓ પ્રાપ્ત કરવાનો છે. યુવાનોના કલ્યાણ માટે અનેક પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી તથા કાર્યક્રમો ચલાવવમાં આવે છે.

દા.ત.: રમત-ગમત સ્પર્ધાઓ, પુરસ્કાર, પુસ્તકાલયો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સ્કોલરશીપ, શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, યુવા કલબ, એડવેન્ચર કલબો, NCC, NSS જેવા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. ૧૯૮૬ના વર્ષને આંતરરાષ્ટ્રીય યુવાવર્ષ તરીકે મનાવવામાં આવેલ. ૧૨ જાન્યુઆરીને યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે.

**5) વિકલાંગ કલ્યાણ :**

દેશની કુલ વસ્તીમાં વિકલાંગોનું પ્રમાણ ૮% છે. શારીરિક દ્રષ્ટિએ વિકલાંગોમાં અંધ, બહેરા, મુંગા, અપંગ વ્યકિતઓનો સમાવેશ થાય છે. જયારે, માનસિક રીતે વિકલાંગ વ્યકિતમાં મંદબુદ્ધિ, પાગલ, માનસિક અસ્થિરતા ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. વિકલાંગ માટે ડિસેબલ હેન્ડીકેપ અને ચેલેન્જ પર્સન જેવા શબ્દો વાંપરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા વિકલાંગોના કલ્યાણ માટે અનેક યોજનાઓ તથા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. વિકલાંગ લોકોના આશ્રય માટે અનેકવિધ રાષ્ટ્રીય સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓ વિકલાંગ સબંધી ક્ષેત્રોના શિક્ષણ, પ્રશિક્ષણ, વ્યાવસાયિક માર્ગદર્શન, સલાહ, સંશોધન, પુનઃવસન, સહાયક સાધનોનું ઉત્પાદન વગેરે કામગીરી કરી છે. આ ઉપરાંત, સ્કોલરશીપ, મફત મુસાફરી પાસ, સબસીડી જેવી યોજનાઓ અમલમાં છે. વિકલાંગોની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ગૌરવ પુરસ્કાર પણ આપવામાં આવે છે. વિકલાંગતા રોકવા માટે સરકાર દ્વારા રસીકરણ તથા પોષણના કાર્યક્રમો ચલાવવામાં આવે છે. સામાજીક કાર્યકર્તા વિકલાંગ વ્યકિતના જીવનમાં પેદા થયેલ વિકલાંગતાનો સામનો કરવા સહાયતા કરે છે. તેના કુટુંબનું પુનઃસ્થાપન થાય એવો પ્રયાસ કરે છે. વિકલાંગ વ્યકિત તેની ક્ષમતા તથા યોગ્યતા અનુસાર કામગીરી કરે અને સમાજમાં સન્માન મેળવે એવા પ્રયાસો કરે છે.

**6) : SC / ST કલ્યાણ : અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કલ્યાણ :**

**અનુસૂચિત જાતિ (SC) :**

અનુસૂચિત જાતિના વિકાસ સબંધી નિતિઓના નિર્માણ હેતુએ ૧૯૮૫માં કલ્યાણ મંત્રાલયને આધિન એક અનુસૂચિત જાતિ વિભાગની રચના કરવામાં આવી. અનુસૂચિત જાતિઓના વિકાસ માટેની યોજનાઓને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

અ : સંરક્ષણ પુરૂ પાડનાર યોજનાઓ

બ : વિકાસ માટે સેવા પૂરી પાડનાર યોજનાઓ

ક : હકારાત્મક ભેદભાવ

અનુસૂચિત જાતિનું આર્થિક, સામાજીક તથા રાજકીય પછાતપણું દૂર કરવા માટે અનેક યોજનાઓ તથા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. તેમના માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. કાયદાકીય રક્ષણ પણ પુરૂ પાડવામાં આવ્યું છે. રાજકારણમાં તેની વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકો રાખવામાં આવી છે. શૈક્ષણિક પછાતપણું દૂર કરવા માટે શિષ્યવૃ ત્તિ, છાત્રાલય, શૈક્ષણિક સંસ્થાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ તથા ગણવેશ આ ઉપ રાંત તેઓના ઉત્કર્ષ માટે અનેક યોજનાઓ તથા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. અનુસૂચિત

જાતિના કલ્યાણ માટે સરકારી તથા વિદેશી ભંડોળ મેળવી, વિદેશી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના ઉત્કર્ષ માટે કાર્યરત છે. ખાસ કરીને તેમના અધિકારોના રક્ષણ માટે સક્રિય ભૂમિકા નિભાવી રહયાં છે.

**અનુસૂચિત જન જાતિ (ST) :**

ભારતીય બંધારણમાં તથા કાયદાકીય રીતે અનુસૂચિત જન જાતિને ખાસ રક્ષણ પુરૂ પાડી જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં અનુસૂચિત જન જાતિના કલ્યાણ માટે વિવિધ તપાસ પંચોની નિમણૂંકો પણ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ રાજય સરકારને અનુસૂચિત જન જાતિના વિકાસ માટે ખાસ સહાય આપવામાં આવે છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રોની સ્થાપના પણ કરવામાં આવી છે. કેન્દ્ર તથા રાજય સ્તરે આદિવાસી વિકાસ વિભાગની રચના કરવામાં આવી છે.

અનુસૂચિત જન જાતિનું સામાજીક, આર્થિક તથા રાજકીય પછાતપણું દૂર કરવા માટે સરકાર દ્વારા અનેક વિકાસ પ્રેરક કાર્યક્રમો તથા યોજનાઓ ચલાવવામાં આવે છે. શૈક્ષણિક પછાતપણું દુર કરવા માટે છાત્રાલય, શિષ્યવૃત્તિ શૈક્ષણિક સંસ્થાઓ જેવી યોજનાઓ તથા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આર્થિક ઉન્નતિ માટે લોન, સબસીડી, સરકારી મંડળી જેવા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. અનુસૂચિત જન જાતિની અસ્મિતા જળવાઈ રહે એવા પ્રયાસો કરવામાં આવી રહયાં છે. અનુસૂચિત જન જાતિની સમસ્યાઓની નાબુદી માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા કર્મશીલોનું યોગદાન રહેલું છે.

**7) કુટુંબ કલ્યાણ :**

કુટુંબને સમાજકાર્યથી અલગ કરી શકાય તેમ નથી. કારણ કે સમાજકાર્યના ઉદ્ભવ અને વિકાસમાં કુટુંબ સંસ્થાનું યોગદાન રહેલું છે. કુટુંબ દ્વારા વ્યકિતનો સર્વાંગી વિકાસ શકય બને છે. વ્યક્તિની તમામ જરૂરિયાતો કુટુંબ દ્વારા સંતોષાય છે. આ સેવા અંતર્ગત કુટુંબના સભ્યોના આંતરિક અને બાહય સબંધો સુધારવા માટે ભાર આપવામાં આવે છે. કુટુંબને સમાજની મહત્ત્વપૂર્ણ વ્યવસ્થા માનીને તેને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. વ્યકિતની સમસ્યાને સંપૂર્ણ પરીવારના પરીપ્રેક્ષ્યમાં સમજવામાં આવે છે. કુટુંબની સમસ્યાઓ સમજી તેને દૂર કરવામાં આવે છે. કુટુંબની સેવાઓમાં આવાસ, સ્વાસ્થ્ય, ખોરાક, પોષણ તથા સલાહ અને નિરિક્ષણ વગેરે જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા કુટુંબ કલ્યાણ માટે અલગથી જ પરીવાર કલ્યાણ મંત્રાલયની રચના કરવામાં આવી છે. જેના દ્વારા વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો ચલાવવામાં આવે છે. વસ્તી વધારો રોકવા માટે ૧૯૫૨માં વસ્તી નીતિ બનાવવામાં આવી.

**8) જેલના કેદીઓનું કલ્યાણ :**

જેલના કેદીઓ સાથેની કામગીરીમાં વિવિધ પ્રકારના વિચલનપૂર્ણ વ્યવહારોની ઉપચાર તથા પુનઃવસનની કામગીરીનો સમાવેશ થાય છે. જેના લીધે સમાજમાં સ્વસ્થ પ રિસ્થિતિઓનું નિર્માણ કરી સમાજને વિઘટનની દિશામાં જતો રોકી શકાય છે. આ ક્ષેત્રમાં ખૂની, બળાત્કાર કરનાર, ચોર, લૂંટફાટ કરનાર, ભિખારી, દારૂડીયા, માદક દ્રવ્યોના સેવન કરનાર તથા હેરાફેરી કરનાર અને બાળ અપરાધ વગેરેનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા ગુનાખોરી રોકવા માટે અનેક સુધારાત્મક કાર્યો કરવામાં આવે છે. દંડશાસ્ત્રના સિદ્ધાંતોમાં પરિવર્તન આવ્યું છે. જેમાં સુધારાત્મક સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવે છે. કેદીઓને જેલમાં રોજગાર અંગેની તાલીમ આપી, સમાજમાં પુનઃસ્થાપિત કરવામાં

આવે છે. આ ઉપરાંત યોગ, ધ્યાન જેવી સાધના શિબિરો યોજી માનસ પરિવર્તનની કામગીરી કરવામાં આવે છે. કેદીઓનો ગહન અભ્યાસ કરી સામાજીક કાર્યકર્તા ગુનાહીત પ્રવૃત્તિ માટે જવાબદાર પરીબળો શોધી તેને ઉકેલવા તથા અટકાવવામાં સહાયતા કરે છે. સમાજમાં કાયદાનું શાસન સ્થપાયએ માટે જાગૃત્તિ લાવે છે.

**9) ગ્રામીણ સમુદાય :**

ગ્રામીણ સમુદાય એ પ્રકૃતિની નિકટ વસવાટ કરતા અને મુખ્યત્વે ખેતી સાથે સંબંધિત ધંધા ઉપર આધાર રાખતાં વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો લઘુસમુદાય છે. તે સામાજિક, આર્થિક અને વિધિ વિધાનનો એકમ છે. તેમાં એક પ્રકારની એકવિધતા અને એકંદરે ઐક્ય હોય છે, જે વિશિષ્ટ સંજોગોમાં વ્યક્ત થાય છે. તેમાં જ્ઞાતિ અને કૃષિ આધારિત વર્ગરચનાના પાયા ઉપર સામાજિક અસમાનતા હોય છે. સામાજિક ગતિશીલતા ઓછી હોય છે. પરંપરાને વળગી રહેવાનું વલણ અને પરિવર્તન પ્રત્યે અરુચિ જોવા મળે છે. ગ્રામીણ સમુદાયને તેની પોતાની ઓળખ, તેનું નિશ્ચિત કદ, મહેસૂલ અને જંગલ, ખેતીની જમીન, ગોચરની જમીન તથા પંચાયત હોય છે.

**10) શહેરી સમુદાય :**

ડૉ. એસ. સી. દુબે નોંધે છે તેમ, ભારત ગામડાંઓનો દેશ તરીકે ઓળખાય છે. પરંતુ ભારતને તેનાં શહેરોની પ્રાચીન પરંપરા રહી છે. સિંધુખીણની સભ્યતા મુખ્યત્વે શહેરી હતી. શહેરો અને તેની આસપાસનાં ગામડાં વચ્ચે ચોક્કસ પ્રકારના સંપર્કો હતા. આવા સંપર્કો હવે ઘણા જ વધવા લાગ્યા છે. વહીવટ, ન્યાય, વિકાસ, વેપાર-વાણિજય અને અન્ય હેતુઓ માટે ગ્રામજનો હવે પહેલાંના સમય કરતાં શહેરોની મુલાકાત વારંવાર લેવા લાગ્યા છે.

ડૉ. લલિત પ્રસાદ નોંધે છે તેમ, ‘સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોઈએ તો શહેર એ જીવનની એક શૈલી છે. શહેરોમાં વસ્તી વધારે અને ગીચ હોય છે તથા અવરજવરની, આપ-લેની, ખરીદ-વેચાણની, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડતાઓ પ્રમાણમાં પુષ્કળ હોય છે. શ્રદ્ધાઓમાં પણ વૈવિધ્ય હોય છે.’’

**11) અપરાધ/ગુના ક્ષેત્ર :**

આજે શહેરો/નગરો અને ખાસ કરીને મહાનગરોમાં કાયદા અને વ્યવસ્થાને સ્પર્શતી સમસ્યાઓમાં ગુના/અપરાધની સમસ્યા એક ગંભીર સ્વરૂપ ધારણ કરતી જાય છે. રાજ્યો અને શહેરોમાં દિલ્હી, મુંબઈ,કલકતા, અમદાવાદ, સૂરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, જામનગર, અને બીજાં નાનાં-મોટા નગરો/શહેરોમાં પણ ખૂન, બળાત્કાર, ઘરફોડી ચોરી, વાહનોની ઉઠાંતરી અને મારપીટના બનાવોને લગતા સમાચારો રોજે રોજ મળતા રહે છે. અને આવાં ગુનાહિત કૃત્યોમાં રોકાયેલી વ્યક્તિઓને શોધવી પોલિસ માટે માથાના દુઃખાવા જેવી સ્થિતિ છે. હકીકત તો એવી છે કે શહેરોમાં ગુનાનું પ્રમાણ ઘણું ઉંચુ છે, પરંતુ બધી ઘટનાઓ પોલીસ દફતરે નોંધાયેલી હોતી નથી તેથી અનેક કિસ્સાઓ જાહેર થતાં રહી જાય છે.

આજે ભારત અને ગુજરાતનાં શહેરોમાં ગુનાહિત વ્યવહારની સમસ્યા ઉગ્રરૂપ ધારણ કરતી જાય છે. આ પાછળનાં કારણો મુખ્યત્વે આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં રહેલાં હોય છે. પાશ્ચાત્ય દેશોમાં થયેલાં અભ્યાસોએ પણ એવું દર્શાવ્યું છે કે ગુના, બાળગુનેગારી, દેહવેપાર, દારૂ તેમજ કેફી પીણાનું સેવન, આપઘાત અને માનસિક વિકૃતિઓ વગેરે આર્થિક રીતે પછાત અને ગંદા વસવાટોના વિસ્તારમાં વધુ જોવા મળે છે. તેથી તમારા ક્ષેત્રકાર્ય વિસ્તારમાં આ ગુનાઓનું પ્રમાણ, પ્રકાર અને જવાબદાર પરિબળો સમજવા જરૂરી છે.

ગુના/અપરાધ માટે જવાબદાર પરિબળોને દૂર કરવા હકારાત્મકતા કેળવવા કામગીરી કરવી સામાજિક મનોવલણો બદલવા. ક્ષેત્રકાર્ય વિસ્તારમાં ગુનાઓના કારણે લોકોના જીવન ઉપર કેવી અસરો પડી રહી છે તેને સમજવી અને તપાસવી જોઈએ.

**12) પર્યાવરણ ક્ષેત્ર :**

પર્યાવરણને લીધે જ માનવનું અસ્તિત્વ સજીવસૃષ્ટિનું અસ્તિત્વ ઉદ્ભવ્યું છે. આમ, પૃથ્વીને મળેલી પ્રાકૃતિક પર્યાવરણની ભેટ એ કુદરતી છે. પર્યાવરણ એટલે પૃથ્વીની આસપાસ ફેલાયેલું આવરણ, પર્યાવરણમાં પાંચ તત્વો હોય છે. વાતાવરણ, જલાવરણ, મૃદાવરણ, ભૂમિ આવરણ અને જૈવિક આવરણ. આ બધા પરસ્પર સંકળાયેલા છે. માનવીની આસપાસના સમગ્ર વાતાવરણને પર્યાવરણ કહેવામાં આવે છે. પૃથ્વીની ચારેબાજુ જે કંઈ પણ સજીવ અથવા નિર્જીવ ઘટકો છે તે બધા પરસ્પર હળી-મળી પર્યાવરણની જાળ ગૂંથે છે. વેદોમાં માનવીનું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. તેવું કહેવામાં આવ્યું છે. પંચમહાભૂતો એટલે કે પૃથ્વી, જળ, વાયુ તેમજ આકાશ. આ પાંચેય તત્વો પર્યાવરણના છે. પર્યાવરણ અને માનવી બન્નેએ એકબીજાનું રક્ષણ કરવાનું છે. બન્ને એકબીજા સાથે પારસ્પરિક રીતે સંકળાયેલા છે. માનવીએ પોતાના જીવનની સરળતા સુખ- સગવડતાના સાધનો એટલા બધા વધારી દીધા છે કે જેનાથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ ગઈ છે. પર્યાવરણના હિત ચિંતકો પર્યાવરણ પણ સુરક્ષિત રહે અને માનવ વિકાસ પણ ટકે તેવી નીતિ અને કાર્યક્રમો માટે વિચારવા લાગ્યા છે. કુદરતી પ ર્યાવરણનો આજે નાશ થવા લાગ્યો છે. પ્રદૂષણ ફેલાઈ ગયા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે પર્યાવરણ દિવસ તરીકે ૫ મી જૂન પસંદ કર્યો છે.

**13) ભિક્ષાવૃત્તિ ક્ષેત્ર :**

ભારતીય શહેરોમાં ભિક્ષાવૃત્તિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સામાન્ય રીતે શહેરોમાં વિવિધ જાહેર સ્થળો ભિક્ષાવૃત્તિ માટેના કેન્દ્રસ્થાને હોય છે. સામાન્ય શબ્દોમાં કહીએ તો વિવિધ જાહેર સ્થળો એ આવા લોકો ઉપસ્થિત હોય છે. અને સામાન્ય શબ્દોમાં કહીએ તો ભિક્ષાવૃત્તિ વ્યક્તિના જીવનનિર્વાહની એક એવી રીત હોય છે કે જેમાં ભિક્ષા માંગનાર વ્યક્તિ તેના ભરણ-પોષણ માટે જવાબદારી ન હોય એવી વ્યક્તિ પાસેથી કોઈ પણ વસ્તુ કે સેવા આપ્યા વિના નાણાં, ખાદ્ય પદાર્થો અને અન્ય વસ્તુઓ માંગવા માટે ટેવાયેલી હોય છે.

'ભીખ માગવી' એટલે - કોઈ સાર્વજનિક જગ્યામાં ભિક્ષાની યાચના કરવી અથવા લેવી પછી ગાવા, નાચવા, ભવિષ્ય કહેવા, ચાલાકીના ખેલ કરવા અથવા વેચાણ માટે કોઈપણ ચીજ આપતા જેવા કોઈપણ બહાના હેઠળ તેમ કરવામાં આવતું હોય કે ન હોય તો પણ હરકત નથી. ભારતીય સમાજમાં સારી એવી સંખ્યાના લોકો ભિક્ષાવૃત્તિથી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. આને માટે આપણી સંસ્કૃતિનો વારસો અને ધર્મ જવાબદાર છે, કારણ કે ધર્મ દ્વારા તેને પ્રોત્સાહન મળે છે. પણ આ ભિક્ષાવૃત્તિની અટકાયત માટે ભિક્ષા પ્રતિબંધક ધારો અમલમાં છે.

**14) વૈશ્યાવૃત્તિ ક્ષેત્ર :**

સામાન્ય શબ્દોમાં વૈશ્યાવૃત્તિની વ્યાખ્યા આપીએ તો જયારે નાણાં અને આર્થિક લાભના એકમાત્ર હેતુથી સ્ત્રી-પુરુષા જાતિય સમાગમ કરે છે, ત્યારે એ કૃત્ય વેશ્યાવૃત્તિ કહેવાય છે. આ સંબંધોમાં જોડાનારા સ્ત્રી-પુરુષ વચ્ચે લાગણીના અથવા પારસ્પરિક જવાબદારીના ભાવ હોતા નથી. વળી, દેહનો આ રીતનો વેપાર મોટેભાગે ગમે તે વ્યક્તિ સાથે થાય છે. ફક્ત તે વ્યક્તિ એ પૈસા ચૂકવવાની શરત પાળવાની રહે છે. સાચા અર્થમાં વેશ્યા આ રીતે પોતાના

શરીર અને જાતિય બાબતોનો વેપાર કરી જે આવક પ્રાપ્ત કરે છે તેના ઉપર તેનું અને આશ્રિતોનું ભરણ- પોષણ અને અન્ય ખર્ચ થાય છે. આ રીતે શરીરનો વેપાર કરતા સ્ત્રી અથવા પુરુષ બન્ને હોઈ શકે છે. પુરૂષ વૈશ્યાવૃત્તિમાં સજાતીય સંબંધો થાય છે. કોઈપણ નગર/શહેરમાં સ્ત્રી વેશ્યાઓ અથવા પુરૂષ વેશ્યાઓની સંખ્યા ચોક્કસ પણે ક્યારેય જાણી શકાતી નથી.

**15) પ્રદૂષણ ક્ષેત્ર :**

ભારતમાં ઔદ્યોગિકરણના આધુનિક પ્રવાહોને કારણે માનવ જીવનની સુખાકારી તથા સ્વાસ્થ્યને ભયમાં મૂકે તેવી એક અન્ય ગંભીર સમસ્યા વાતાવરણનાં પ્રદૂષણની છે શહેરોમાં તે પાછળનું મુખ્ય કારણ આડેધડ વિકાસ અને વસ્તીની વધતી જતી ગીચતા છે. આ સમસ્યા એક એવો પ્રશ્ન છે કે જે સામાન્ય માનવીની સમજમાં ઉભરતો નથી. પરંતુ ધીમી ગતિએ સૌ કોઈ તેની વિપરીત અસરનો ભોગ બને છે. ભારતના શહેરોની વાત કરીએ તો આપણાં મોટા શહેરો પ્રદૂષણના શિકાર થઈ ગયા છે. હવે આ દૂષણ નાના શહેરો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ ખરાબ અસર નીચે ચાલે છે. શહેરોના વિવિધ ભાગો તેમની પરંપરાગત સાંકડી અને ગીચ બાંધણીને કારણે અવરજવરના આધુનિક સાધનો તથા વધતી જતી વસ્તીના વાતાવરણને નુકશાન પહોંચાડ્યા વિના સમાવી શકાતા નથી.

**16) ચિકિત્સકીય ક્ષેત્ર :**

આ ક્ષેત્રમાં બીમાર વ્યક્તિઓને મેડિકલ સુવિધાઓ તથા સેવાઓના ઉપયોગની વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી તેમની બિમારીમાં સુધારો લાવી શકાય, કારણ કે સામાજિક મનોવિજ્ઞાનના મત મુજબ વ્યક્તિની શારીરિક બીમારીઓને લીધે જ માનસિક સંઘર્ષો અને સમાયોજન અંગેની તકલીફો ઊભી થતી હોય છે ક્યારેક વ્યક્તિની માનસિક અશાંતિ કે આવેગોના અસંતુલનથી કેટલીક શારીરિક ખામીઓ જન્મતી હોય છે - આવા સેવાર્થીઓની સારવાર આ ક્ષેત્ર અંતર્ગત કરવામાં આવે છે. સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓમાં તથા હોસ્પિ ટલોમાં મેડિકલ સોશ્યલ વર્કર દ્વારા આ કામગીરી કરવામાં આવે છે.

**17) મનોચિકિત્સકીય ક્ષેત્ર :**

માનસિક રોગીઓની સારવાર માટે આ ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી સમાજકાર્યકરો દ્વારા કરવામાં આવે છે. વ્યક્તિના સામાજિક સમાયોજનમાં જ્યારે અસંતુલન પેદા થાય છે ત્યારે તીવ્ર સંઘર્ષની મનોસ્થિતિમાં વ્યક્તિ મનોસામાજિક રોગોનો ભોગ બને છે. આવા રોગીઓની સારવાર માટે આ ક્ષેત્રમાં માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો, મેન્ટલ હોસ્પિટલો, મોટી હોસ્પિટલોમાં માનસિક સ્વાસ્થ્ય વિભાગોમાં સમાજકાર્યકરો દ્વારા સારવાર અને મદદરૂપ થવામાં આવે છે. આ દર્દીઓને પરામર્શ, ભાવનાત્મક સહકાર તથા જરૂર જણાયે વિશિષ્ટ મેડિકલ સારવાર, સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવે છે. આ રીતે દર્દીને સમસ્યામાંથી મુક્ત કરાવીને તેના સમાયોજનને સામાન્ય બનાવવામાં આવે છે.

## 4.5 ક્ષેત્રકાર્યની પધ્ધતિઓ :

ક્ષેત્રકાર્ય શહેરી વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિઓ માટે કેવી પધ્ધતિઓ હોઇ શકે તેમાં સમાજકાર્યના કયા જ્ઞાનને જોડીને પ્રત્યક્ષકાર્ય કરવું તેની જાણકારી આ મુદ્દામાં આપ વામાં આવી છે. જેમાં મુલાકાત પધ્ધતિ, નિરીક્ષણ પધ્ધતિ, પ્રશ્નાવલી પધ્ધતિ, અનુસૂચિ પ ધ્ધતિ, સહભાગી શહેરી વિસ્તારની ચકાસણીની પધ્ધતિ અને સમાજકાર્યની વિવિધ પધ્ધતિઓ અંગેની જાણકારી મળશે.

### 4.5.1 વૈયક્તિક સેવાકાર્ય પધ્ધતિ :

સામાજિક વ્યક્તિગત સેવાકાર્યમાં એક સમયમાં એક જ વ્યક્તિને મદદ કરવામાં આવે છે. વ્યક્તિ સેવાકાર્યનું કેન્દ્રબિંદુ હોય છે. આ પ્રક્રિયાથી સેવા આપનાર કાર્યકર્તા સેવાર્થીની આંતરિક અને બાહ્ય ક્ષમતાઓથી પરિચિત થાય છે. કાર્યકર્તા સેવાર્થીને એ રીતે મદદ કરે છે કે, જેથી તે પોતાની ક્ષમતાઓને પોતાની જરૂરિયાત મુજબ વિકસાવે જેથી તે બાહ્ય જગત સાથે સમાયોજન સ્થાપિત કરી શકે. આથી સામાજિક વૈયક્તિક સેવાકાર્ય એક એવી પ્રક્રિયા છે જે વ્યક્તિત્વ(આંતરિક સંબંધ) અને સામાજિક પરિસ્થિતિ(બાહ્ય સંબંધ)માં સમાયોજન સ્થાપ વાનો પ્રયાસ કરે છે.

વૈયક્તિક સેવાકાર્ય એક વ્યક્તિનાં સંદર્ભમાં મનોસામાજિક સમસ્યાઓથી ઘેરાયેલી વ્યક્તિને મદદ કરવાની પ્રાથમિક પદ્ધતિ છે. જેના ઉપયોગ દ્વારા કાર્યકર્તા સેવાર્થીની ક્ષમતાઓનો વિકાસ કરવાની સાથે તેની સમસ્યાઓનું સમાધાન કરી સમાયોજન સ્થાપવા માટે યોગ્ય બનાવે છે. આમ ''વ્યક્તિની વર્તમાન સ્થિતિની સાથે સમાયોજન કરવાનું તેમજ પ રિવર્તનના નવા નવા ક્ષેત્રોમાં પરિવર્તન પામતા પર્યાવરણ સાથે જોડાવાની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનવામાં સહાયતા પ્રદાન કરવાની પ્રક્રિયા છે.''

### 4.5.2 જુથ સેવાકાર્ય પધ્ધતિ :

સામાજિક જૂથ એ કાર્ય સમાજકાર્યની બીજી પદ્ધતિ છે. આ વૈયક્તિક સેવાકાર્યની જેમ સમસ્યાગ્રસ્ત પરિસ્થિતિ અથવા કુસમાયોજનને ઓછુ કરવા ઉપરાંત એવું માનવામાં આવે છે કે સબંધોની કોઈક સમસ્યાઓ જે વ્યક્તિ દ્વારા સામાજિક જીવનધારામાં ભાગ લેવામાં અંતરાયો (તકલીફો) ઉભી કરે છે તેમને જૂથપ્રક્રિયાના પ્રયોગથી અસરકારકરૂપથી રોકી શકાય છે. જૂથકાર્યનું કેન્દ્રબિન્દુ જૂથ સંબંધોના જાગૃત અને નિર્દેશિત પ્રયોગ કરવામાં આવે, આ પ્રયોગ તો સમગ્ર જૂથ જીવનનું કેન્દ્ર-બિન્દુ હોય છે. જયાં પણ વ્યક્તિ સાથે કામ કરે છે જેમ કે, ઉદ્યોગો કે અન્ય સ્થળોએ અથવા કુટુંબ યા પડોશમાં. જૂથના દરેક સભ્યોનું શિક્ષણ, વિકાસ અને સાંસ્કૃ તિક સમૃદ્ધિ પર ભાર આપે છે. સામાજિક જૂથકાર્ય કાર્યકર્તાના માર્ગદર્શનમાં મોકળાશના સમયમાં સ્વૈચ્છિક ક્રિયાકલાપોના રૂપમાં કરવામાં આવે છે. સામાજિક જૂથકાર્ય પ્રક્રિયામાં, સ્વૈચ્છિક જૂથક્રિયા અને જૂથમાં અન્ય વ્યક્તિઓની સાથે સંપર્કોના માધ્યમથી વ્યક્તિના વિકાસ અને સામાજિક સમાયોજન મેળવવાની સંભાવનાઓ પર ભાર આપવામાં આવે છે. અર્થાત જૂથકાર્ય પદ્ધતિનો પ્રયોગ વ્યક્તિના વિકાસ અને તેના દ્વારા સામાજિક સમાયોજન મેળવવામાં મદદ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. પરંતુ, સહાયતાનું માધ્યમ વ્યકગિત ન રહિને સમૂહ અને સામુહિક અનુભવ બને છે સમૂહ અને સામુહિક અનુભવ પરિવર્તનનું માધ્યમ છે આ પરિવર્તન હકારાત્મક સ્વરૂપનું હોઈ સમૂહના એક-એક વ્યક્તિમાં હકારાત્મક પરિવર્તન થતાં વ્યક્તિનો વિકાસ અને સમૂહ સાથે જોડાયેલ દરેક વ્યક્તિના વિકાસથી એ સમૂહનો વિકાસ શક્ય બને છે.

### 4.5.3 સામુદાયિક સંગઠન પધ્ધતિ :

સામુદાયિક સંગઠન પદ્ધતિ સમાજકાર્યની એવી પદ્ધતિ છે; જેની જરૂર સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા અને સમુદાયમાં એકતા વધારવાના સંદર્ભે જરૂર પડતી હોય છે. સમુદાયની સમસ્યાઓને હલ કરવાના માનવતાવાદી અભિગમથી સામુદાયિક સંગઠન પધ્ધતિનો ઉપયોગ થાય છે લોકોનું સામુદાયિક જીવન સારી રીતે જીવવાના માર્ગો શોધવાના પ્રયત્નો કરી રહ્યાં છે. કોઈ ક્ષેત્રમાં તેની આવશ્યકતાઓ જરૂરિયાતો તથા ઉપલબ્ધ સાધનોની વચ્ચે યોગ્ય તથા પ્રભાવપૂર્ણ સંબંધ સ્થાપિત કરીને તેઓ વચ્ચે સમાયોજન સ્થાપિત કરવું અને

તે પ્રક્રિયામાં જે કોઈ મુશ્કેલીઓ અને સમસ્યાઓ ઉત્પન્ન થાય તેનું સમાધાન કરવું તે છે. આ ઉપરાંત, સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ માટેના ઉપાયો નક્કી કરવા તે માટેના જરૂરી સાધનો ભેગા કરવા તેમજ સેવાર્થી પોતે જ પોતાને મદદ કરે તેવાં પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત સમાજ કાર્યની ત્રણ મુખ્ય પદ્ધતિઓ સાથે સમાજકાર્યની ગૌણ પદ્ધતિઓ પણ ઉપયોગી બની શકે જે અંગેની વિગતે ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

### 4.5.4 સમાજકાર્ય સંશોધન પધ્ધતિ :

સમાજકાર્ય એક વ્યવસાય હોવાના કારણે વ્યવસાયને વિકસાવવા માટે નવા-નવા સંશોધનો કરવાની જરૂરિયાત ઊભી થાય છે. નવી-નવી હકીકતો કે તથ્યોની શોધ કરવામાં આવે છે. જૂની હકીકતો કે તથ્યોની ચકાસણી કરી નવી હકીકતો કે તથ્યોને સ્થાપિત કરવામાં આવે છે. સમાજકાર્યકરો સમાજના અનેક ક્ષેત્રમાં લોકોને સીધી કે આડકતરી રીતે મદદ આપવાનો અને વિકાસની પ્રક્રિયાને આગળ વધારવાનો પ્રયાસ કરે છે. સમાજકાર્યકર પોતાના ક્ષેત્રમાં લોકોને મદદ કરવા માટે જુદી-જુદી પદ્ધતિઓ કે પ્રયુક્તિઓનો પોતાની સમજ અનુસાર ઉપયોગ કરે છે. ક્યારેક સમાજની એવી જટિલ સમસ્યાનો પણ સામનો તેને કરવો પડતો હોય છે. આ જટીલ પ્રકારની સમસ્યાના ઉકેલ માટે સમાજકાર્યના ક્ષેત્રોમાં સંશોધનો કરવામાં આવે છે. દરેક વ્યવસાયને ટકી રહેવા માટે કંઈક ને કંઈક નવી શોધો કરવી પડે છેઃ પોતાની તાકાત અને નબળાઈઓને ઓળખવી પડે છે. પોતાના વ્યવસાયની નબળાઈઓ દૂર કરવા અને થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે નવા જ્ઞાનનું સર્જન કરવું પડે છે. આ સંશોધનમાં એવો પ્રયાસ કરવામાં આવે છે કે વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યા ઉકેલવા માટે જે પદ્ધતિઓ, પ્રયુક્તિઓ કે કુશળતાઓનો ઉપયોગ કરવામાં આવે છે તે કેટલી અને ક્યાં સુધી ઉપયોગી નીવડે છે. તેની અસરકારકતા શોધવામાં આવે છે. આ પ્રકારની પ્રક્રિયા સમાજકાર્ય સંશોધન દ્વારા સમસ્યાના ઉકેલ માટે કરવામાં આવે છે.

### 4.5.5 સમાજકલ્યાણ વહીવટ પધ્ધતિ :

સમાજકલ્યાણ વહીવટનો સંબંધ નિઃસહાય, લાચાર અને નબળા લોકોને સામાજિક કાર્યો અને સેવાઓના સુવ્યવસ્થિત સંચાલન કરે છે. સમાજકલ્યાણ વહીવટ સમાજકાર્ય (Social Work)ની એક ગૌણ પદ્ધતિ છે. આ પદ્ધતિના અભ્યાસનો આધાર સામાન્યરૂપે વહીવટના સિદ્ધાંતો અને પ્રવિધિઓ ઉપર છે. સમાજકલ્યાણ વહીવટનો સબંધ સમાજકાર્યના તે ઉદેશ સાથે છે જેનો સંબંધ માનવીય સમસ્યાઓનું સમાધાન અને માનવીય જરૂરિયાતોની પૂર્તિ સાથે છે. સામાજિક સેવાઓનો મુખ્ય ઉદેશ મનુષ્યોની સહાયતા કરવાનો છે.

દરેક સમાજમાં એવા લોકો જોવા મળે છે કે જે પોતે પોતાની આજીવિકા સર્જન કરી શકતા નથી. આ લોકો એટલે અંધ, અપંગ, માનશિક અને અસ્થિર, અશક્ત, રોગી, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, નિરાશ્રિત, વૃદ્ધ વ્યક્તિ વગેરેની સારસંભાળ કે કાળજી રાખનાર કોઈ નથી. આ વર્ગોના લોકોની સમસ્યાઓનું સમાધાન એક મુખ્ય કાર્ય છે કે જેમની પાસે આવક જે સંસ્થાઓ કે મંડળો અથવા વિભાગો આ દિશામાં કાર્ય કરે છે. સમાજકલ્યાણ વહીવટ સમાજના અસક્ષમ વ્યક્તિઓ અને કુટુંબોને મદદ કરવાનો છે. જયારે સકારાત્મા (હકારાત્મક) દષ્ટિકોણથી સમાજના દરેક વ્યક્તિઓ અને કુટુંબીના કલ્યાણ કાર્યક્રમ સંબધિત વહીવટ કરવાનો છે.

### 4.5.6 : સામુદાયિક ક્રિયા પધ્ધતિ :

સામાજિક ક્રિયાને શિક્ષણ, પ્રચાર, સમજાવટ અથવા કાર્યકરો દ્વારા કરવામાં આવતા

દબાણ દ્વારા વર્તમાન સામાજિક પદ્ધતિઓ અથવા પરિસ્થિતિમાં ફેરફાર લાવવા અથવા અટકાવવાના પ્રયત્નો તરીકે ઉપયોગ કરી શકાય છે, સામાન્ય રીતે સામાજિક ક્રિયામાં જૂથો અથવા વ્યક્તિઓના ટેકા સાથે જાહેર અભિપ્રાય અથવા સત્તવાર નીતિ અથવા કારોબારી ક્રિયાને પ્રભાવિત કરવાના સંગઠિત પ્રયત્નો સામેલ છે. જયારે, કોઈ ક્રિયા અન્ય વ્યક્તિઓની ક્રિયાથી પ્રભાવિત થાય છે ત્યારે તેને સામાજિક ક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. મનુષ્યના જીવનમાં અનેક જરૂરિયાતો હોય છે. વ્યક્તિ જે કંઈપણ કાર્ય કરે છે તેની પાછળ કોઈને કોઈએ ઉદ્દેશ કે હેતુ જરૂર હોય છે અને આ હેતુને પુરા કરવા માટે તેને ક્રિયા કરવી પડે છે, જેને સામાજિક ક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

### 4.5.7 મુલાકાત પધ્ધતિ :

વ્યકિત અને તેની પરિસ્થિતિને જાણવા માટે રૂબરૂમાં મળવું એટલે મુલાકાત. મુલાકાતએ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. મુલાકાત કરતી વખતે કાર્યકરમાં જુદાં-જુદાં પ્રકારની કુશળતા જેમ કે, સંબંધ સ્થાપન, સંદેશાવ્યવહાર અને સાંભળવાની કુશળતાઓ હોવી જોઈએ, જેથી સેવાર્થી પાસેથી સમસ્યા સંબંધિત ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકાય છે. મુલાકાતની સફળતા માટે વાતાવરણ ખૂબ જ મહત્ત્વનું છે. ખાસ કરીને કૌટુંબિક પ્રશ્નોમાં સેવાર્થી મુક્તપણે કાર્યકરની સમક્ષ પોતાની વાત મૂકી શકે તેવું વાતાવરણ કાર્યકરે ઊભું કરવું જોઈએ. સેવાર્થી પોતાની મૂંઝવણ અને હૈયું ખોલી શકે તેવું મુક્ત અને શાંત વાતાવરણ હોવું જોઇએ. કાર્યકરમાં શાંતિથી સાંભળવાની કુશળતા હોવી જરૂરી છે. કેટલાંક પ્રશ્નોમાં સેવાર્થી માનસિક તાણ અનુભવે છે. મનમાં ડર, ભય અને ખચકાટની લાગણી અનુભવે છે. આવી વિકટ પરિસ્થિતિમાં સેવાર્થી પોતે એવું ઈચ્છે કે કોઈક મને સાંભળે, આવા સમયે કાર્યકરે સૌથી ઓછું બોલી સેવાર્થીને સાંભળવો જોઇએ. આમ, મુલાકાત લેતી વખતે કાર્યકરે આવી નાની-નાની બાબતોનો પણ વિશેષ ખ્યાલ રાખવો જોઇએ.

### 4.5.7 પ્રશ્નાવલી પધ્ધતિ :

ક્ષેત્રમાં સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ કે સાધન તરીકે પ્રશ્નાવલિ ખૂબ મહત્ત્વનું સાધન છે. જ્યાં માહિતી મેળવવાની અન્ય પદ્ધતિઓ ઉપયોગી બનતી નથી. ત્યાં પ્રશ્નાવલિ પદ્ધતિ ખૂબ ઉપયોગી બને છે. પ્રશ્નાવલિ પદ્ધતિમાં ઉત્તરદાતા સાથે સંશોધક માહિતી મેળવવા માટે પ્રશ્નોત્તરી રચે છે. જેના પરિણામે ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકાય છે. રોજ-બરોજ આપણે આપણાં વ્યાવહારિક જીવનમાં તેનો ઉપયોગ કરીએ છીએ. ટૂંકમાં, પ્રશ્નાવલિએ વાસ્તવમાં પ્રશ્નોની યાદી કે પત્રક છે. જેના જવાબો જે-તે વ્યક્તિ ભરે છે. પ્રશ્નાવલિ એટલે જે વિશે માહિતી મેળવવાની છે તે વિશે રચેલા જુદા- જુદા પ્રશ્નોનું બનેલું એક પત્રક છે. જે પત્રકમાં ઉત્તરદાતા પોતે પ્રશ્નોના જવાબ ભરે છે, લખે છે.

પ્રશ્નાવલિ શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. આ પત્રકમાં ઉત્તરદાતા પોતે જ પ્રશ્નોના જવાબ ઉમેરી લખે છે. આવી પ્રશ્નાવલિ જેમનો અભ્યાસ કરવાનો હોય તે વ્યક્તિઓને હાથો હાથ રૂબરૂ પણ આપી શકાય છે અને ટપાલ દ્વારા તેમના ઘરે પણ મોકલી શકાય છે.

### 1.4.8 અનુસૂચિ પધ્ધતિ :

અનુસૂચિએ પ્રશ્નોનું એવુ પત્રક છે. જે ઉત્તરદાતાને રૂબરૂ મળીને સંશોધક કે મુલાકાત લેનાર પોતે ભરે છે. જયારે, પશ્નાવલિ પદ્ધતિમાં સંશોધક ટપાલ દ્વારા અથવા ઉત્તરદાતા પાસે રૂબરૂ મુલાકાત કરીને પ્રશ્નાવલિ આપે છે. પ્રશ્નાવલિ ઉત્તરદાતા જાતે ભરે છે. જયારે, અનુસૂચિ સંશોધનકર્તા પોતે ભરે છે, જેના પરિણામે ઉત્તરદાતા અને સંશોધક વચ્ચે સીધો સંવાદ થાય છે.

ઉત્તરદાતાનું પ્રત્યક્ષીકરણ થાય છે. જેના પરિણામે ઉત્તરદાતાની માન્યતાઓ, પ્રેરકો, વલણો, અભિપ્રાયો, ભૂતકાલિન વર્તન વગેરે અંગેની માહિતી મેળવે શકાય છે. બાળકો, વૃદ્ધો, તેમજ અશિક્ષિત ઉત્તરદાતાઓની પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી મેળવી શકાય છે. અનુસૂચિ એ પણ ક્રમબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે, સંશોધનકર્તા પોતાના અભ્યાસના મૂળ હેતુઓને અનુરૂપ પ્રશ્નવલિનું ઘડતર કરે છે. જેમાં વિવિધ પ્રકારની બાબતો પ્રશ્નોત્તરીના રૂપમાં ઉત્તરદાતાઓને પૂછે છે. જેના પરિણામે ઝીણવટ ભર્યો અને ઊંડો અભ્યાસ શક્ય બને છે. સમાજજીવનના તમામ પાસાંઓનો અભ્યાસ આ માધ્યમથી શક્ય બને છે. અનુસૂચિમાં માહિતી મેળવવાની પ્રક્રિયા દરમ્યાન સંશોધક સભાનપર્ણ માહિતી એકત્ર કરે છે. માટે ગેરસમજ થવાની શક્યતા ઓછી રહે છે. સંશોધક જરૂર લાગે ત્યાં ઉત્તરદાતા સાથે સ્પષ્ટતા કરી શકે છે.

### 4.5.9 નિરીક્ષણ પધ્ધતિ :-

નિરીક્ષણ પદ્ધતિએ માહિતી મેળવવાની જુદી-જુદી પદ્ધતિઓ પૈકી ખૂબ મહત્ત્વની પ દ્ધતિ છે. નિરીક્ષણ માટેનો પર્યાય અવલોકન છે. નિરીક્ષણએ જ્ઞાનેન્દ્રિય દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. જેને આંખથી જોવાની અને કાનથી સાંભળી જ્ઞાનેન્દ્રિયોની મદદ વડે પ્રત્યક્ષ અનુભવ કરીને માહિતી મેળવવામાં આવે છે. આ પ્રકારે લીધેલી માહિતીને નિરીક્ષણ કર્યું કહેવાય. આપણે રોજ-બરોજના જીવનમાં કઈ-કઈ વસ્તુઓ જોઇએ છીએ; પરંતુ, તેને વૈજ્ઞાનિક નિરીક્ષણ કહેવાય નહીં. બનાવ જયારે બનતો હોય ત્યારે બનાવના સ્થળે સંશોધનના હેતુને લક્ષમાં રાખીને આંખ, કાન અને બીજી જ્ઞાનેન્દ્રિયો દ્વારા માહિતી મેળવવી તેને નિરીક્ષણ કહેવાય. સંશોધક સંશોધન વિષયના અનુસંધાનમાં જે જુએ, માહિતીની નોંધ લે, હકીકતો એકત્ર કરે વગેરે નિરીક્ષણની મહત્ત્વની લાક્ષણિકતાઓ છે. નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પ રિસ્થિતિ વિશેની માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વાસ્તવિક ઘટના કે પરિસ્થિતિ સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તે નિરીક્ષણ કહેવાય.

### 4.5.10 સર્વેક્ષણ પધ્ધતિ :

નગર/શહેરી સમાજશાસ્ત્રની શરૂઆતથી જ નાગરી પર્યાવરણ અને નગર સમુદાયોના સર્વેક્ષણાત્મક અભ્યાસોને પ્રાધાન્ય મળ્યું છે. પ્રારંભના તબક્કામાં એવા અભ્યાસો મુખ્યત્વે નગરજીવનની સુધારણાના લક્ષ્ય સાથે સંકળાયેલા હતા. આ પધ્ધતિની મદદ વડે નગર સમુદાય અગર તો નાગરી જીવનની કોઈ પણ બાબતને લગતા આંકડાઓ અને હકીકતદર્શી માહિતી એકઠી કરવામાં આવે છે, અને જે એકઠી થયેલી માહિતી હોય છે તેનું સરળ વર્ગીકરણની મદદથી વર્ણનાત્મક આલેખન થાય છે. કેટલીક વખતે જે તે અભ્યાસ સાથે સંકળાયેલી ઘટનાને લગતી હકીક્તદર્શી માહિતીને આધારે તેના લક્ષણો પણ તારવવામાં આવે છે. આ પ ધ્ધતિથી થતાં સંશોધનો સૈદ્ધાંતિક ધારણાઓ ઉપર આધારિત ન હોવાથી મોટા ભાગે તે શહેરી માળખાની સર્વસામાન્ય એવી સમજૂતી આપવામાં સમર્થ હોતા નથી. તેથી હવે નગર/શહેરી સમાજશાસ્ત્રીઓ નગર અને નગરજીવનની વાસ્તવિક પરિસ્થિતિઓને લગતી માહિતી પૂર્વ પ રિભાષિત ખ્યાલો (પ્રિડિફાઈન્ડ ઓબ્જેકિટવસ) અને ધારણાઓના સંદર્ભમાં એકઠા કરવાનું વધુ ઉપયોગી જણાવે છે. જો કે સર્વેક્ષણ પધ્ધતિની મદદ વડે એકઠા કરાયેલા આંકડાઓ અને માહિતીનું આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓથી વિશ્લેષણ કરી ઉચિત અર્થઘટન કરવામાં આવે તો વધુ અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરી શકાય છે. ભોગર્સે પણ સર્વેક્ષણ પધ્ધતિ એકઠા કરેલા આંકડાઓના આંકડાશાસ્ત્રીય માપનમાં ખૂબ રસ દર્શાવ્યો છે, કારણ કે તેઓ માનતા હતા કે નગર સમુદાયો અને નાગરી જીવનને લગતા હકીકતદર્શી આંકડાઓનું આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓથી માપન કરીને વિશ્વસનીય આગાહી અને સુધારણા માટેના અસરકારક પગલાં સૂચવવામાં ખૂબ મદદ રહે છે.

## 4.5.11 : CASE STUDY (વ્યક્તિક અભ્યાસ પધ્ધતિ) :-

કોઈ એક પ્રકરણના અથવા એકમના ગહન, સૂક્ષ્મ તેમજ સર્વાંગી અભ્યાસને વૈયક્તિક અધ્યયન કહે છે. આ એકમ એક વ્યક્તિ, એક સંસ્થા, એક પરિવાર, ઍક સમુદાય, એક સંગઠન, એક ઘટના, એક વ્યવસ્થા અથવા એક સપૂર્ણ સંસ્કૃત હોય શકે છે. આ માહિતી સંકલનની ઍક પધ્ધતિ હોવાની અપેક્ષા અધ્યયન વિશ્લેષણનો એક અભિગમ, એક સંશોધન રૂપરેખા આથવા ઍક વ્યુહરચના છે. જે અભ્યાસના કોઇ એક એકમને અને સમગ્રતામાં અભ્યાસ કરવાનું બળ અથવા શક્તિ આપે છે.

ઘટનાઓનો ક્રમ, વ્યક્તિઓની પ્રેરણાઓ અને સામાજિક સંબંધો અભ્યાસ પર વધુ ભાર આપવામાં આવે છે. માહિતી એકત્રિત કરવા માટે આમાં પ્રાથમિક, મનોવૈજ્ઞાનિક, શારીરિક, વ્યાવસાયિક તેમજ પર્યાવરણલક્ષી વિગતોનો સંગ્રહ કરવામાં આવે છે જે કોઇ વ્યક્તિ અથવા સામાજિક એકમ, કોઇ ઘટના અથવા એકમ સંબંધી માહિતીના સંકલન માટે કંઇ પ ધ્ધતિ સહભાગી અથવા અસહભાગી નિરીક્ષણ, રચિત અથવા અરચિત મુલાકાત, દસ્તાવેજોનુ વિષયવસ્તુનું વિશ્લેષણ વિશિષ્ટ ઘટનાઓનું વિશ્લેષણ વગેરેનો ઉપયોગ કરવાથી થાય. આ બધું સંશોધનનો હેતુ, એકમનું સ્વરૂપ, માહિતીની ઉપલબ્ધતા જેવા ઘટકો પર નિર્ભર કરે છે.

## 4.5.12 : ફોકસ ગ્રુપ ડીસ્કસન (FGD) કેન્દ્રવર્તી જૂથ ચર્ચા :-

ક્ષેત્રકાર્ય શહેરી વિસ્તારમાં જઈને કરવાની કામગીરી છે અને તેના માટે જરૂરી માહિતી હોવી જરૂરી છે. શહેરી વિસ્તારમાં રહેલા તમામ વસાહતીઓની, સામાજિક સમસ્યાઓ, ભૌતિક સમસ્યાઓ, તેઓનું આર્થિક રોજગારીના સ્ત્રોતો, શૈક્ષણિક સામાજિક ગતિશીલતા વગેરેનો અભ્યાસ કરવો જરૂરી બને છે. જેના માટે માહિતી મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. જેમાં પ્રાથમિક માહિતી - જે આંકડાકીય રીતે માહિતી ઉપલબ્ધ હોય છે જે નગરની, વોર્ડની કે કસ્બાની કચેરીમાંથી તેની માહિતી મળતી હોય છે મળતી માહિતીમાંથી તે મુદ્દાઓને મુખ્ય ગણીને તેની ખરાઇ કરવાના (સાચા તથા ખોટાની પરખ માટે) અસરકારકતાં જૂથ સાથે બેસીને વ્યક્તિગત અથવા સામૂહિક પ્રશ્નોના ઉકેલની દિશા માટેનું પણ આ પગથીયું છે. અહીંયા પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની હોય છે. મુદ્દાઓ ભલે નિશ્ચિત હોય પરંતુ પરિસ્થિત પ્રમાણેનું અનુકૂલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો પણ લઈ શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.

## 4.5.13 તુલનાત્મક પધ્ધતિ :

સંશોધનોમાં તુલનાત્મક પધ્ધતિ અગત્ય ધરાવે છે. આ પધ્ધતિની મદદથી સામાજિક પર્યાવરણની જટિલતા વચ્ચે પણ વિશ્વસનીય અને પધ્ધતિસર રીતે જુદી - જુદી ઉપકલ્પનાઓ અને ખ્યાલોનું પરીક્ષણ કરી શકાય છે. વળી એક પરિવર્ત્યની ક્રિયાશીલતાનો જુદી - જુદી પ રિસ્થિતિઓ હેઠળ અભ્યાસ કરી ઉચિત સિધ્ધાંતો અને ખ્યાલો તારવવામાં પ્રસ્તુત પધ્ધતિની સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં આગવી ઉપયોગિતા રહેલી છે. આ અર્થમાં નગર સમાજશાસ્ત્રની સંશોધન પધ્ધતિઓમાં પણ તુલનાત્મક પધ્ધતિનું પણું મહત્ત્વ રહેલું છે. સ્થળ અને કાળના ભેદ વિના માનવસમાજમાં નગરોનું અસ્તિત્વ માનવ ઇતિહાસ જેટલું જ જુનું ગણાવી શકાય છે. તેમ છતાં સમયે સમયે અને સ્થળે સ્થળે નગરોનું વર્ચસ્વ, કાર્યો, વસ્તીવિષયક બંધારણ વગેરે. સરખા રહ્યો નથી. તુલનાત્મક અભ્યાસ પધ્ધતિની મદદથી સ્થળ અને કાળના સંદર્ભમાં

નગર - નગર વચ્ચે રહેલી આધારભૂત સમરૂપતા અને તફાવતો તારવી શકાય છે. એવી માહિતી નગર સમુદાય અને નગર જીવનની વૈજ્ઞાનિક સમજૂતીમાં ખૂબ જ ઉપયોગી થઈ રહે છે. આધુનિક યુગની જ વાત કરીએ તો નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરો આજે વિશ્વવ્યાપી હોવા છતાં તેના પરિણામો સર્વસમાજમાં એકસરખાં જોવા મળતાં નથી. વિકસતા સમાજોમાં નગરીકરણનાં પરિણામો વિકસિત સમાજોની તુલનામાં ભિન્ન પ્રકારના છે તેમજ વિકસતા સમાજોમાં પણ અંદરોઅંદર આ બાબતમાં સમરૂપતા જોવા મળતી નથી. એવી પરિસ્થિતિમાં તુલનાત્મક પધ્ધતિની મદદ વડે નાગરી પર્યાવરણ અને નગરીકરણની સાર્વત્રિક હોય તેવી સામાન્ય અસરો અને સ્થાનિક એવી વિશિષ્ટ પ્રકારની તારવી શકાય છે.

### 4.5.14 ઐતિહાસિક પધ્ધતિ :

નગર સમુદાયોના પધ્ધતિસરના સંશોધનોમાં ઐતિહાસિક પધ્ધતિ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. જો કે આ પધ્ધતિની મદદ વડે નગરને લગતા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણો અનેક મર્યાદાઓ રહેલી છે. તેમ છતાં નગર વિકાસની ગુણાત્મક ઘટનાઓ અને તેમની અસરો સમજવામાં ઐતિહાસિક પધ્ધતિ પાયાનું મહત્ત્વ ધરાવે છે. હકીકતમાં કેટલાક વિદ્વાનો તો એવું પણ માને છે કે નગર વિકાસના ક્રમમાં વર્તમાન પરિસ્થિતિઓની વાસ્તવિક સમજૂતિ મેળવવામાં ઐતિહાસિક પધ્ધતિ ચાવી રૂપ થઇ રહે છે.

### 4.5.15 : સહભાગી શહેરી વિસ્તારની ચકાસણી (PRA)ની પધ્ધતિઓ :-

સહભાગી શહેરની ચકાસણી (PRA)થી સ્થાનિક લોકો પોતાના જીવનના અનુભવો, જ્ઞાન અને પરિસ્થિતિ વિશેની સમજણને એકબીજા સાથે ચર્ચા વિચારણા કરી, તેમાં સુધારા વધારા કે પરિવર્તન લાવવાની કાર્યક્ષમતાને સારી રીતે ઓળખતા થાય છે. અહિંયા તમારે ક્ષેત્રકાર્ય શહેરી વિસ્તારમાં પી.આર.એ.ના માધ્યમથી લોકોને પોતાના શહેરી વિસ્તારના વિવિધ મુદ્દાઓનો પરિચય કરાવતા કરાવતા તમારે પરિચય મેળવવાનો છે.

(1) સહભાગી નકશા બનાવવા (Mapping)

(2) દિનચર્યા (Daily Work)

(3) સમય રેખા (Time line)

(4) ઋતુચક્ર (Seasonal Cycle)

(5) ગુણાંકન અને અગ્રતાક્રમ (Ranking and Matrix)

(6) ગોળ રેખાકૃત (Pie chart/Chapattı Diagram)

(7) સંપતિ અથવા સુખાકારીનો નિશ્ચિત ક્રમ (Wealthier Ranking)

(8) વેન રેખાકૃતિ (Venn Diagram)

(9) જોડાણ દર્શાવતી રેખાકૃતિ (Linkage Diagram)

(10) ઐતિહાસિક અવલોકન (Historical Diagram)

(11) પદચલન (Transect Walk)

- **પી.આર.એ.ની પ્રક્રિયા સમયે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો.**

(1) આરામપ્રદ સ્થળ અને સમયની પસંદગી કરો, જરૂરી સાધન સામગ્રી સાથે રાખો,

(2) બધા લોકો/જૂથ પ્રક્રિયામાં જોડાય તેવા પ્રયત્નો કરી અને પ્રક્રિયા સતત ગતિશીલ એ તે માટે પ્રયત્નશીલ રહો

(3) લોકોને પોતાની વાત કહેવાની તક અને સમય આપતા સતત અવલોકન કરતાં રહો.

(4) લોકો પાસેથી અને લોકો સાથે રહી શીખવું તેમજ લોકોને પ્રક્રિયાની જવાબદારી સત્તા અધિકાર સોંપવા.

(5) લોકોની સાથે વિશ્વસનીય વાતાવરણ ઉભું કરતાં તેઓ કરી શકે તેવું આશ્વાસન, પ્રોત્સાહન અને વિશ્વાસ આપતા રહો.

(6) પી.આર.એ. માટે એક ટીમ બનાવો અને ટીમની મદદથી જ પી.આર.એ. કરાવો.

(7) પ્રક્રિયાનું વિગતવાર દસ્તાવેજીકરણ કરવું.

## 5.5 ક્ષેત્રકાર્ય મુલાકાત માર્ગદર્શિકા :

વિદ્યાર્થીનું નામ :-

સુપરવાઈઝરનું નામ : ..................................................

મુલાકાત તારીખ : વાર : કામનો કુલ સમય :

1) શહેરની પ્રાથમિક માહિતી

શહેરનું નામ : ..................................................

તા.......................... જી. ...............................

શહેરના વિસ્તારના બોર્ડ મેમ્બર / કોર્પોરેટરનું નામ :- ...............................

**(1) શહેરની વસ્તી**

| | | | |
|---|---|---|---|
| કુલ વસ્તી :- | પુરુષ :- | સ્ત્રી :- | બાળકો :- |

(2) વિસ્તારના નજીકનું મખ્ય મથક (ખરીદીનું સેન્ટર) : ...........................

(3) મુખ્ય મથક થી વિસ્તારનું અંતર :.......................................

(4) વાહન વ્યવહારની કઈ કઈ સુવિધા : ....................................

(5) સંદેશા વ્યવહારની સૂવિધા : ........................................

(6) શહેરનો ઇતિહાસ :- ......... ......................................

..................................................................

..................................................................

(7) વિસ્તારમાં આગેવાનોની માહિતી :

1. કોર્પોરેટરનું નામ : ...............................................

2. સભ્યનું નામ : ....................................................

..

3. સામાજિક/રાજકીય આગેવાનનું નામ :

૧) : ............................ ૨) ...............................

## (૨) શહેરમાં ઉપલબ્ધ સુવિધા અંગેની માહિતી

| વિગત | સંખ્યા | ધારકનું નામ |
|---|---|---|
| (ક) સામાન્ય જરૂરિયાતની દુકાનો<br>- અનાજ અથવા કરિયાણાની દુકાન<br>- શાકભાજીની દુકાનો<br>- ગલ્લાં<br>- દરજી<br>- બુકસ્ટૉલ<br>- હેર કટિંગ સલુન<br>- અન્ય | | |
| (ખ) આરોગ્ય સુવિધાઓ<br>- ખાનગી દવાખાના<br>- સામુહિક આરોગ્ય કેન્દ્ર<br>- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | |
| (ગ) સરકારી સુવિધાઓ<br>- પોસ્ટ ઓફીસ<br>- વ્યાયામ શાળા<br>- બેંક સુવિધા<br>- રેશન શોપ<br>- દવાખાના<br>- શાળા | | |

## ૩) સામાજીક જીવન અંગેની માહિતી :

(1) ઘરની બાંધણીની વિશેષતામાં તમને શું જોવા મળે છે ?

1 લીપણ : ..........................................................
2 ભીતચિત્રોનો ઉપયોગ : ..........................................

3 સિમેન્ટના મકાન : ...............................................

4 ઝુંપડા : ............................................................

5 અન્ય : ..............................................................

(2) મુખ્ય ખોરાક અંગેની માહિતી : ..................................
..........................................................................
..........................................................................

(3) પોશાક અંગેની માહિતી

1) ભાઈઓ : ........................................................

2) બહેનો : ..........................................................

(4) રિવાજો અને સમાજના મૂલ્યો

1) જન્મ સમયે ક્યાં ? .................................................
.....................................................................
.....................................................................

2) લગ્ન સમયે ક્યાં ? .................................................
.....................................................................
.....................................................................

3) મૃત્યુ સમયે ક્યાં ? ...............................................
.....................................................................
.....................................................................

(5) લગ્નની વ્યવસ્થા તથા તેને લગતા નિયમો રિવાજો અને માન્યતાઓ : ................
.....................................................................
.....................................................................

(6) વિસ્તારના અન્ય રીતિ-રીવાજો અને માન્યતાઓ :

1) : ................................ 2) .................................

3) : ................................ 4) .................................

3) **શિક્ષણ અંગેની માહિતી**

| સાક્ષરતા દર :- | પુરુષ :- | સ્ત્રી :- |
|---|---|---|
| શહેરી – વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાની વિગતો :- | | |
| આંગણવાડી :- | | |
| પ્રાથમિક શાળા :- | | |
| માધ્યમિક શાળા :- | | |
| ઉચ્ચતર માધ્યમિક શાળા :- | | |
| સ્નાતક :- | | |
| અન્ય :- | | |

1) શાળાનું નામ : ...................................................

2) શાળાના આચાર્યનું નામ : .........................................

3) બાળકોની સંખ્યા : ભાઈઓ .............. બહેનો ............કુલ.........

4) શાળાની અન્ય સુવિધા :.............................................

5) મધ્યાહન ભોજનની સુવિધા : .......................................

6) રમત ગમત : ........................................................

7) બાળકોને શાળામાં મળતા લાભો ક્યાં છે ? : ................................
....................................................................
....................................................................

4) **આરોગ્ય અંગેની માહિતી**

1) દવાખાનાની સુવિધા :

1) સરકારી ......... 2) પ્રાઈવેટ ......... 3) આયુર્વેદિક .........

2) ઘરેલું ઉપચાર માટે કેવા પગલાંઓ લેવામાં આવે છે ? :

1) .................................. 2) ..............................

3) .................................. 4) ..............................

3) બાળકોનું નિયમિત કઈ કઈ રસીકરણ અપાય છે ?

1) .................................. 2) ..............................

3) .................................. 4) ..............................

4) સગર્ભા મહિલાઓની સ્થિતિ અને તેમના આરોગ્યની કાળજી માટેના પગલાઓ

1) .................................. 2) ..............................

3) .................................. 4) ..............................

5) આરોગ્ય અંગેની જાગૃતિ કાર્યક્રમ :

1) .................................. 2) ..............................

3) .................................. 4) ..............................

6) આરોગ્યલક્ષી યોજના કઈ કઈ છે ?

1) .................................. 2) ..............................

3) .................................. 4) ..............................

7) ઋતુગત રોગો :

શિયાળો : 1)............. 2) ............. 3) ............. 4) .............

ઉનાળો : 1)............. 2) ............. 3) ............. 4) .............

ચોમાસું : 1)............. 2) ............. 3) ............. 4) .............

8) આશા વર્કર / લીંક વર્કર :- નર્સ બહેન (એ.એન.એમ)

9) આંગણવાડી :

રસીકરણ : ........... ........... ........... ........... ...........

ધાત્રીમાતા : ........... ........... ........... ........... ...........

કિશોરી : ........... ........... ........... ........... ...........

10) આરોગ્યલક્ષી સમસ્યાઓ :-

1) : ................................. 2) ..................................

3) : ................................. 4) ..................................

5) : ................................. 6) ..................................

5) **મનોરંજન અંગેની માહિતી**

1) કયા તહેવારોની ઉજવણી કરાય છે ?

1)..............2) ................ 3).............. 4) ................ 5) ................
6) ................7) ................ 8)...............

૨) કયા મેળા ભરાય છે ? :

1)..............2) ................ 3)............... 4) ................ 5) ................ 6)
................7) ................ 8)............... 9) .................

૩) ફિલ્મ-થિયેટર 1)............... ગેમઝોન 1)...............

૪) તહેવારો સમયે પહેરવામાં આવતા પોશાક અને ઘરેણાઓ:

..................................................................................................................
..................................................................................................................

**૬) આર્થિક માહિતી**

(1) મુખ્ય વ્યવસાય :

1) : .............................. 2) .................................3) : ..............................
4) ................................. 5) : .............................. 6) ...............................
7) : .............................. 8) .................................

(2) આવકનાં સાધનો ક્યાં છે ?

1) : .............................. 2) .................................3) : ..............................
4) ................................. 5) : .............................. 6) ...............................
7) : .............................. 8) .................................

7) **ઉદ્યોગ અંગે માહિતી**

1) ઉદ્યોગો

| ક્રમ | ઉદ્યોગો | ઉત્પાદન |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |

2) ઉત્પાદન વસ્તુ માટે બજાર વ્યવસ્થા કેવી છે ?

1)....................2) .......................3)...................

3) ઉદ્યોગના વિકાસ માટેની સરકારી કઈ યોજનાનો લાભ લીધો ?

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

**૮) ધર્મ અંગેની માહિતી**

(1) દરરોજની પ્રવૃતિમાં કરવામાં આવતી ધાર્મિક ક્રિયાઓ કઈ કઈ છે ?

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

(2) ધર્મ સ્થળ ક્યાં ક્યાં છે ?

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

(3) પૂજ્ય દેવી/દેવતા/કુળદેવતા/કુળ દેવી

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

(4) પ્રાકૃતિક દેવી દેવતા

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

(5) પૂજ્ય દેવી/દેવતાને મનાવવા માટે ઉજવવામાં આવતાં તહેવારો/ઉત્સવો

1)...................................................

2)...................................................

3)...................................................

4)...................................................

(6) ધાર્મિક વિધિઓ કઈ છે ?

1)..................................................

2)..................................................

3)..................................................

4)..................................................

7) **વિસ્તારમાં અન્ય સુવિધાઓ :**

1) શૌચાલયની સ્થિતિ : 1).....................

2) સ્ટ્રીટ લાઈટ : 1).....................

3) પીવાના પાણીની વ્યવસ્થા : 1).....................

4) ગટર/પાણીના નિકાલ માટેની વ્યવસ્થા : 1).....................

5) રોડ-રસ્તા : 1).....................

6) વ્યાયામ શાળા : 1).....................

**8) કુલ ઘરો :-**

1) કાચા ઝૂંપડા :-.............................

2) અર્ધ પાકા મકાનો :- ...........................

3) પાકા મકાનો :- ..........................

**9) વિસ્તારની સરકારી વિકાસની પ્રવૃત્તિ :**

1)..................................................

2)..................................................

3)..................................................

4)..................................................

5)..................................................

6)..................................................

**10) વિસ્તારની સ્વૈચ્છિક સંસ્થા(દ્વઈ)ની વિકાસની પ્રવૃત્તિ :**

1) સંસ્થાનું નામઃ....................................... પ્રવૃતિ : .............

2) સંસ્થાનું નામઃ....................................... પ્રવૃતિ : .............

3) સંસ્થાનું નામઃ....................................... પ્રવૃતિ : .............

**11) વિસ્તારમાં કાર્યરત મંડળ અને તેની પ્રવૃત્તિ :**

1) યુવાનું નામ :....................................... પ્રવૃતિ : .............

2) મહિલાનું નામ :....................................... પ્રવૃતિ : .............

3) સામાજિકનું નામ :.................................... પ્રવૃતિ : .............

૪) અન્યનું નામ :....................................... પ્રવૃતિ : .............

12) વિસ્તારની વિવિધ સમસ્યાઓ :

1) સામાજિક સમસ્યા :- ..................................................

2) આર્થિક સમસ્યા :- .....................................................

3) બેરોજગારીની સમસ્યા :- ...............................................

4) વસ્તી ગીચતાની સમસ્યા :- ..............................................

5) પર્યાવરણની સમસ્યા :- ..................................................

6) પાણીની સમસ્યા :- .......................................................

7) રાજકીય સમસ્યા :- ......................................................

8) અપરાધની સમસ્યા :-.....................................................

9) પ્રદૂષણની સમસ્યા :- ....................................................

10) રહેઠાણની સમસ્યા :- ..................................................

11) સ્વચ્છતાની સમસ્યા :- .................................................

12) વ્યસનની સમસ્યા :- ...................................................

13) ભિક્ષાવૃતિની સમસ્યા :- ................................................

14) વૈશ્યાવૃતિની સમસ્યા :- ................................................

## 4.6 સમાપન :

આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પધ્ધતિઓ અને મુલાકાત માર્ગદર્શિકાનો પરિચય કર્યો. સમાજકાર્યની પધ્ધતિઓ સાથે ક્ષેત્રકાર્ય હેતુઓનું જોડાણ આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને ક્ષેત્રકાર્યના ક્ષેત્રોનો પરિચય કર્યો તમે ક્ષેત્રકાર્યના વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે મુલાકાત માર્ગદર્શિકા શહેરી વિસ્તારની ચકાસણીની પ્રયુક્તિનો ઉપયોગ કરી તેની જાણકારી મળી. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનની પધ્ધતિઓનું સમજ મળી છે. આ સમાજને ક્ષેત્રકાર્યમાં ઉપયોગ કરી ક્ષેત્રકાર્યને અસરકારક બનાવવું.

વિદ્યાર્થી તરીકે વિસ્તારના અલગ-અલગ ભાગોની સમસ્યાઓ, પોષણ, સ્વચ્છતા, વ્યસન, બિમારી રોગો સારવાર અને તેના માટે કાર્યરત વ્યવસ્થાઓની માહિતી-જાણકારી તેમજ કેળવવા પાછળનો આશય એ રહેલ છે કે તમે તેમાં રહેલી સમસ્યાઓને ઓળખો. આ સમસ્યાની ઓળખ તમારે અભ્યાસ, નિરીક્ષણ અને મુલાકાત જેવી વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવાની છે. જે ક્ષેત્રકાર્યનું અગત્યનું અંગ છે. અહીં તમારે વિદ્યાર્થી સામાજિક કાર્યકર તરીકે સમસ્યાની ઓળખ, પ્રમાણનો અભ્યાસ કરીને સાથે તેમાં ઉકેલના પગલાં પણ શોધવા રહ્યા

## 4.7 ચાવીરૂપ શબ્દો

(1) અન્વેષણ : જે તે ક્ષેત્રમાં ઊંડાણપૂર્વકનું સંશોધન

(2) સુધારણા : સમાજની કુપ્રથાઓ, રૂઢિઓ, રિવાજો, માન્યતાઓમાં પરિવર્તન લાવવું.

(3) સંસ્કૃતિ : લોકોની જીવનશૈલી, રીત-રિવાજો માન્યતાઓ

(4) સેવાર્થી : સમસ્યાગ્રસ્થ વ્યક્તિ, જરૂરિયાતમંદ વ્યક્તિ, સેવાનો લાભ લેનાર વ્યક્તિ

(5) ક્ષેત્રકાર્ય : જે વિસ્તારમાં પ્રત્યક્ષ કાર્ય કરવાનું હોય તે કાર્યોની જગ્યા

(6) સમાયોજન : જુદા જુદા પરિબળો સાથેનો હકારાત્મક સબંધ

(7) કેસ સ્ટડી : વૈયક્તિક અભ્યાસ

(8) સમસ્યા : રોજિંદા જીવનમાં અનેક જરૂરીયાતો હોય છે જે પૂરી ન થતાં સમસ્યા ઉદભવે.

(9) સબંધ : બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચેનું ભાવનાત્મક જોડાણ છે.

## 4.8 સ્વાધ્યાય :

1) સમાજકાર્યના ક્ષેત્રની માહિતી જણાવો. ..........................................
...............................................................................................
...............................................................................................
...............................................................................................

2) શહેરી વિસ્તાર વિશે તમારું મંતવ્ય જણાવો. .......................................
...............................................................................................
...............................................................................................
...............................................................................................

3) શહેરી સમુદાયની વિવિધ સમસ્યાઓ અંગે વર્ણન કરો. ...........................
...............................................................................................
...............................................................................................
...............................................................................................

4) શહેરી સમુદાયની યોજના વિશે લખો. ..........................................
...............................................................................................
...............................................................................................
...............................................................................................

5) માહિતી મેળવવાની પધ્ધતિઓ વિશે ઉદાહરણ સાથે લખો. .........................
...............................................................................................
...............................................................................................
...............................................................................................

## 4.9 તમારી પ્રગતિ તપાસો

(1) સમસ્યાઓનો ચાર્ટ બનાવો.

(2) વિવિધ સમસ્યાનોનું મૂલ્યાંકન કરો

(3) કોઈ એક કેસ સ્ટડી કરો

(4) સફળ યોજના અને અહેવાલ લખો

(5) ક્ષેત્રકાર્યમાં થયેલા અનુભવો જણાવો

(6) ક્ષેત્રકાર્ય અંગે આયોજન કરો

(7) શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનો તફાવત જણાવો.

(8) ક્ષેત્રકાર્ય અંગે તમારા માર્ગદર્શક સાથે ચર્ચા કરો.

## 4.10 સંદર્ભ સૂચિ


(1) Devi, Rameshwari and Parkash Ravi (1998), "Social Work and Social Welfare Administration, Methods and Practices", Vol. I,

(2) Kahn, Alfed. J - Studies in Social Policy and Planning, Russell Sage Foundation, New York, 1969 Website : www.wed.nic.in

(3) પ્રા. દવે. જે. કે., 'સમાજશાસ્ત્ર'(૨૦૦૮-૦૯), લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

(4) એનસાયક્લોપીડિયા ઑફ સૉશ્યલ વર્ક : મિનિસ્ટ્રી ઑફ વૅલ્ફેર, ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા

(5) ચાવડા ગીતા, (૨૦૧૦)- વ્યાવસાયિક સમાજકાર્ય', લોક પ્રકાશન, રતનપુર-બનાસકાંઠા

(6) પટેલ આનંદી, (૨૦૦૯)– 'વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો', વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન,અમદાવાદ.

(7) तेज संगीता (२००६) 'समाजकार्य', संगीता तेज निर्देशक जुबली, एच फाडशन, लखनौ

(8) सुदन कृपालसिंह (२००८), 'समाजकार्य सिद्धांत एवं अध्ययन' रिया बुक डेपो, लखनौ

(9) Narayana, E.A., voluntary organizations and Rural Development in India, Delhi, Uppal 1990.

(10) NGO's Management - UTRAKHAND VISHV VIDYALAY

(11) INTRODUCTION TO NGO MANAGEMENT - DR. BENARD LANGO

(12) "Non-Governmental Organizations (NGOs)". www.usaid.gov. 2017-09-25. Retrieved 2020-01-24.

(13) ડૉ. નેહલ બી. ત્રિવેદી, સમાજકાર્ય નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ

(14) ડૉ. નેહલ બી. ત્રિવેદી, સમાજકાર્યના ક્ષેત્રો, રેડ સાઇન પબ્લિકેશન – લુણાવાડા

(15) Fields of Social Work : new thinking, new Direction - Dr. Nehal B. Trivedi - Red shine Publication – lunavada

# એકમ ૫ શહેરીકરણ અને સમાજ પર તેની અસરનું નિરીક્ષણ


**5.1 પ્રસ્તાવના**

**5.2 અધ્યયનના હેતુઓ**

**5.3 શહેરનો અર્થ**

**5.4 શહેરની વ્યાખ્યા**

**5.5 શહેરીકરણની પ્રક્રિયા**

**5.6 શહેરીકરણના પરિબળો**

**5.7 શહેરીકરણની સમાજ ઉપર અસરનું નિરીક્ષણ**

**5.8 તમારી પ્રગતિ ચકાસો**

**5.9 ઉપસંહાર**

**5.10 તમારી પ્રગતિ ચકાસોના જબાબો**

**5.11 ચાવીરૂપ શબ્દ**

**5.12 સ્વાધ્યાય લેખન**

**5.13 સંદર્ભ ગ્રંથ**


## 5.1 પ્રસ્તાવના

શહેરીકરણની પ્રક્રિયા વિકાસની પ્રક્રિયા સાથે પ્રત્યક્ષ રીતે જોડાયલી છે. આપણે સૌ શહેરીકરણથી પરિરિચત છીએ. શહેરીકરણ શબ્દ સાંભળ્યો હશે. એવું કહેવાય છે કે ભારત દેશ ગામડાઓનો બનેલો દેશ છે . શહેરીકરણ એ વસ્તીવૃદ્ધિની એવી પ્રક્રિયા છે જેમાં ગામડાનું શહેરમાં રૂપાંતર થાય છે અથવા ભૌગોલિક પરિબળોની અનુકૂળતા વાળા કોઈ એક મોકાના સ્થળે તેની આજુબાજુનાં ગામડાંઓની વસ્તી સ્થળાંતર કરીને વસવાટ કરે છે. આજની શહેરીકરણની પ્રક્રિયા એકાએક અસ્તિત્વમાં આવેલી પ્રક્રિયા નથી એનો વર્ષો જૂનો ઈતિહાસ છે. શહેરીકરણની પ્રક્રિયાના મૂળ ઔધોગિક ક્રાંતિના સમયગાળા સાથે સંકલાયેલા છે. ટૂંકમાં, શહેરીકરણ એ શહેરોના ઉદ્ભવ અને વિકાસની પ્રક્રિયા છે. તેમાં ગામડાંમાંથી શહેરમાં થતી સ્થળાંતરની પ્રક્રિયાનો તેમજ શહેરમાં રહેતી વસ્તીના પ્રમાણમાં થતી રહેતી વૃદ્ધિનો સમાવેશ થાય છે. આ સાથે શહેરના કદમાં પણ વધારો થતો રહે છે. વિદ્યાર્થી મિત્રો, તમે શહેર અને ગ્રામ જોયા હશે. આ એકમ માં આપણે શહેરીકરણ અને સમાજ પર તેની અસર શું થાય છે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરીશું.

## 5.2 અધ્યયનના હેતુઓ

આ એકમનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થી મિત્રો,

(1) શહેરની વિભાવના સમજી શકશે.

(2) શહેરીકરણની પ્રક્રિયા વિશે ખ્યાલ આવશે.

(3) શહેરીકરણના જવાબદાર પરિબળો અંગે ખ્યાલ આવશે.

(4) શહેરીકરણની સામાજિક અસરો અને નિરીક્ષણ અંગે અભ્યાસ કરી શકશો.

## 5.3 શહેરનું અર્થ

**શહેર :**

શહેર એટલે જ્યાં મોટી સંખ્યામાં લોકોનો સમુદાય વસતો હોય એવું સ્થળ. ભારતમાં શહેરીકરણની પ્રક્રિયાનું વિચાર કરતા પહેલા તે પરત્વે એક ઐતિહાસિક દૃષ્ટિપાત કરવો જરૂરી છે. પ્રાચીન કાલ થી ભારતમાં શહેરોના ઉદ્ભવ, નિર્માણ અને વિકાસ ની પ્રક્રિયા તથા ગામડામાંથી શહેરમાં સ્થળાંતર કરવાની પ્રક્રિયા ઓછે વત્યે અંશે અવિરત રીતે ચાલુ રહી છે.

પ્રાચીન કાળમાં પણ મોહેંજોદડો અને હડપ્પા જેવા શહેરનું અસ્તિત્વ હતું. પ્રાચીન યુગ ની તુલનામાં મધ્યયુગના શહેરીકરણનો વ્યાપ વિસ્તૃત બન્યો હતો અને તેમાં મુખ્યત્વે રાજકીય કારણો કેન્દ્ર સ્થાને હતા. બ્રિટીશ કાળ દરમિયાન ભારત માં શહેરીકરણની પ્રક્રિયા મધ્ય યુગ કરતા વધુ ઝડપી બની તેમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આમ છતાં ૧૯૫૧ સુધી ભારતમાં શહેરીકરણની પ્રક્રીયા એકંદરે ધીમી રહી હતી. પરંતુ છેલ્લા સિતેર વર્ષમાં ગ્રામ વાસીઓની શહેરોમાં સ્થળાંતર કરવાનું પ્રમાણ વધેલું જણાય છે.

સ્વતંત્ર ભારતમાં સામાજિક આયોજનનું એક ધ્યેય ઝડપી ઉદ્યોગીકરણ કરવાનું રહ્યું હતું એને પરિણામે શહેરોમાં અનેકવિધ જાહેર અને ખાનગી ઉદ્યોગો સ્થપાતા રહ્યા અને તે રીતે ઉદ્યોગીકરણ ની પ્રક્રિયા તુલનાત્મક રીતે ઝડપી બનતા શહેરોની વૃદ્ધિનો દર પણ વધતો રહ્યો. પ્રથમ વાર ૧૯૭૧ ની વસ્તી ગણતરીએ શહેરી સંકલન અને શહેરો વિશેની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.

## 5.4 શહેરની વ્યાખ્યા

વિદ્યાર્થી મિત્રો, શહેરીકરણની પ્રક્રિયા સમજતા પહેલા આપને શહેર એટલે શું? સમજવાની જરૂર છે. તમે શહેર અને ગામડાઓ જોયા હશે. બનેમાં શું તફાવત છે? જ્યાં વસ્તી ઓછી તે ગ્રામ અને જ્યાં વસ્તી વધારે હોય, પરિવહનની સુવિધા હોય, શાળા, કોલેજો, વિદ્યાપીઠો હોય, હોસ્પિટલ ની સગવડ હોય. એ વિસ્તારને સામાન્ય રીતે શહેર કહેવામાં આવે છે. પણ અત્યારે તો ગામડા માં પણ બધી સુવિદ્યાઓ દેખાય છે, તો પછી શહેરી વિસ્તાર કોને કહેવાય ?

શહેરને એક સરળ વ્યાખ્યામાં બાંધવું મુશ્કેલ છે. કારણકે શહેરો વચ્ચે કેટલીક સામ્યતાઓ હોવા છતાં કેટલાક ભેદ છે. સમય, સ્થળ, સંજોગો, દેશ અને વસ્તી ગણતરી કરતાં અધિકારીઓ દ્વારા ગ્રામ્ય અને શહેરો તરીકેનો દરજ્જે નક્કી કરવાના ધોરણો બદલાતા ગયા છે. જોકે શહેર ની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. છતાં ઘણા વિદ્વાનોએ શહેરની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કરેલ છે. મોટાભાગે વસ્તી ગણતરીના અધિકારીઓએ વસ્તીનું કદ, વ્યવસાય અને આધારે શહેર ની વ્યાખ્યા આપી છે.

**વસ્તીના માપદંડ ના આધારે શહેરની વ્યાખ્યા**

જુદા જુદા દેશોમાં વસ્તીના કદને આધારે શહેર ની વ્યાખ્યા આપવામાં આવેલી છે.

(1) “યુ. એસ.એ (જીછ) માં ૨૫૦૦ કે તેથી વધુની વસ્તી ધરાવતા વિસ્તારને શહેર તરીકે

ગણવામાં આવે છે.''

(2) ''ઈજીપ્તમાં (ઈજિપ્ત) ૧૧૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારને શહેર તરીકે ગણવામાં આવે છે.''

(3) ''મોટાભાગના યુરોપીય રાષ્ટ્રોમાં ૨૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારને શહેર ગણવામાં આવે છે.''

**ભારતીય વસ્તી ગણતરી બોર્ડ આપેલી શહેરની વ્યાખ્યા –**

ભારતીય વસ્તી ગણતરી બોર્ડે શહેરની બે પ્રકારની વ્યાખ્યા સ્પષ્ટ કરી હતી , જેમાં શહેરની નીચેની વ્યાખ્યા વધુ પ્રચલિત અને સરળ છે.

ભારતીય વસ્તી ગણતરી બોર્ડના મંતવ્ય પ્રમાણે જે સ્થળ નીચેના ક્રાઇટએરિયા સંતોષે તેનો શહેરમાં સમાવેશ કરવામાં આવે છે.

અ) ''જે વિસ્તારની વસ્તી ઓછામાં ઓછી ૫૦૦૦ લોકોની હોય ,

બ) ''૭૫% પુરુષોની વસ્તી બિન ખેતી વિષયક ધંધામાં રોકાયેલી હોય''

ક) ''દર ચોરસ કિલોમીટરે ૪૦૦ માણસોની વસ્તીની ગીચતા હોય''

ઉપરોક્ત ક્રાઈટેરીયા સંતોષતા વિસ્તારને ભારત દેશમાં શહેર ગણવામાં આવે છે.

**બિનખેતી ક્ષેત્રઃ**

આમ, ઉપરોક્ત ત્રણ માપદંડો જોતા, જે વિસ્તારના લોકો મોટાભાગે પ્રાથમિક કે કૃષિ વ્યવસાય સાથે જોડાયલા હોય તે વિસ્તારને શહેર તરીકેના દરજ્જો મળતો નથી. વ્યવસાયિક બંધારણીય સંરચનાને આધારે કૃષિ વિષયક વ્યાવસાયોમાંથી બિન કૃષિવિષયક વ્યવસાયોમાં વસ્તીના વધતા જતા પ્રમાણને આધારે શહેરની વ્યાખ્યા સમજાવવામાં આવે છે. આ માપદંડને આધારે પ્રાથમિક વ્યવસાયોમાંથી દ્વિતિય કક્ષાના અને તૃતીય કક્ષાના વ્યવસાયોના વસ્તીના વધતા પ્રમાણને શહેરીકરણના નિર્દેશ તરીકે જોવામાં આવે છે.

ઉપરોક્ત બધી વ્યાખ્યાઓને એક સરળ ભાષામાં આવરી લઈએ તો , શહેર એટલે જે કોઈ વિસ્તાર કે પ્રદેશમાં જે વસ્તુનું કદ સતત વધતું જતુ હોય , ગ્રામ્ય કે અન્ય પ્રદેશ કે દેશમાંથી વસ્તી , ઉદ્યોગ ધંધાનું સ્થળાંતર થતું હોય, બિન ખેતીવિષયક વ્યવસાયો, ઉદ્યોગો અને સેવાક્ષેત્રમાં રોકાયેલી પ્રજાનું પ્રમાણ વધતું જતું હોય ત્યારે તેને શહેરીકરણ થઈ રહ્યું છે તેમ કહી શકાય.

**વિશ્વમાં શહેરી વસ્તીનું પ્રમાણ**

| વર્ષ | શહેરીમાં વસવાટ કરતી વસ્તીનું પ્રમાણ (%) |
|---|---|
| ૧૯૮૦ | ૩૯.૪% |
| ૧૯૮૫ | ૪૧.૨% |
| ૧૯૯૦ | ૪૩.૧% |
| ૨૦૦૦ | ૪૭.૬% |
| ૨૦૧૦ | ૫૨.૮% |
| ૨૦૧૯ | ૫૫.૭% |

Sources: Population Estimates and Projections

ઉપરોક્ત માહિતી દર્શાવે છે કે વિશ્વમાં શહેરી વસ્તીનું પ્રમાણ વધારે છે.

## 5.5 શહેરીકરણની પ્રક્રિયા

શહેરીકરણ એ વૈશ્વિક પરિવર્તનના પરિણામે શહેરી વિસ્તારોની થતી ભૌતિક વૃદ્ધિ છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા શહેરીકરણને ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં થતી લોકોની હેરફેર તરીકે પણ વ્યાખ્યાયિત કરવામાં આવે છે , જેમાં વસ્તીની વૃદ્ધિ શહેરી સ્થળાંતરને સમાન હોય છે.. ઓલ્ડરીજ નામ ના વિદ્વાન શહેરીકરણ ને વસ્તી ના કેન્દ્રીકરણ તરીકે ઓંળખાવે છે.

આ સંદર્ભ માં ઓટીસ લખે છે : "Urbanization also involves an increase in the proportion of population living in cities."

શહરીકરણની વધુ વિસ્તૃત વ્યાખ્યા આપતા વર્ગલ લખે છે : ''શહરીકરણ એવી પ્રક્રિયા છે જેમાં ગામડું શહરી રૂપ ધારણ કરે છે , જેના દ્વારા શહરો ઉદભવે છે અને વિકાસ પામે છે''

ડો. ગોરે ભારતના શહરીકરણ ને સમજવા માટે , '' શહેરો માં વસવાટ કરતી વ્યક્તિઓના વધતા જતા દર ને સૂચિત કરવા ''શહેરીકરણ'' શબ્ધ પ્રયોજવાનું વધુ ઉચિત લેખે છે.

સુવિધાઓનો શહેરીકરણ એક પ્રક્રિયા છે, જેમાં શહેરી સુવીધાયોના લાભ લેવા માટે લોકો ગ્રામીણ વિસ્તાર થી શહેર માં સ્થળાંતર કરે છે. ગ્રામીણ લોકો શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે આવતા હોવાથી વસ્તી ગીચ બને છે. અને આ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે.

શહેરીકરણની પ્રક્રિયા એ વિકાસની પ્રક્રિયા સાથે પ્રત્યક્ષ રીતે જોડાયલી છે. વર્તમાન નું શહેરીકરણ આ એકાએક અસ્તિત્વમાં આવેલી પ્રક્રિયા નથી. શહેરીકરણની પ્રક્રિયાના મૂળ ઔધોગિક ક્રાંતિના સમયગાળા સાથે સંક્લાયેલા છે. ઇ.સ ૧૭૫૦ થી ૧૮૫૦ નો સમયગાળો ઔધોગિક ક્રાંતિના સમયગાળો તરીકે ઓળખાય છે. જેની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઇ અને ઈંગ્લેન્ડ શાસિત તમામ રાષ્ટ્રોમાં ઝડપથી પ્રસરી ગઈ. જેથી તે દરેક રાષ્ટ્રોમાં આધુનિક યંત્રો, ટેક્નોલોજ અને રેલ્વેનો વિકાસ ખુબજ ઝડપથી થયો. જેથી મોટા અને નાના પાયાના ઉદ્યોગો અને કારખાનાઓ સ્થપાયા. ઈંગ્લેન્ડમાં માન્ચેસ્ટર, અમેરિકામાં પીટર્સબર્ગ, ભારતમાં મુંબઈ, કલકત્તા, દિલ્હી, મદ્રાસમાં શહેરીકરણ ઝડપથી થયું.

બીજા તરફ ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટાપાયા પર જથ્થાબંધ ઉત્પાદન થવા લાગ્યું. જે ઈંગ્લન્ડ શાસિત રાષ્ટ્રોમાં ઠલવાવા લાગ્યું જેની હરિફાઈઓમાં ગામડાના નાનાપાયાના ઉદ્યોગો ટકી શક્ય નહિ. જેથી ખેતી ઉદોગ ધંધા પડી ભાગ્યા, જ્યાંથી શહેરીકરણની પ્રક્રિયાના મૂળ નખાયા જેને વસ્તી વધારાએ અને ગરીબીએ પોષણ પૂરું પાડ્યું અને આજે શહેરીકરણએ વર્તમાન સમયની એક વિશાળકાય સમસ્યા બની રહી છે.

વિકસિત અને વિકાસશીલ દેશો માટે શહેરીકરણ એ વિકાસના ચિન્હ રૂપ ગણાય છે. શહેરીકરણનું પ્રમાણ એ વિશ્વમાં અનેક દેશોના લોકોના જીવનધોરણનો સુધારો દર્શાવે છે. શહેરીકરણ વિકાસનું પ્રતિક મનાવા લાગ્યું છે. ભારતમાં પણ આજ સ્થિતિ છે. સાચી વાત છે કે શહેરીકરણનું પ્રમાણ એ ભારતમાં લોકોના જીવનમાં આવેલો સુધારો દર્શાવે છે. આ એક સારી બાજુ છે. માળખાકીય , સામાજિક, આર્થિક પરીસ્થિતિમાં હકારાત્મક પરિવર્તનો એ શહેરીકરણની ભેટ છે.

શહેરીકરણ એટલે : ''પારંપરિક ગ્રામીણ ખેતી પ્રધાન અર્થતંત્રથી આધુનિક ઔદ્યોગિક અર્થતંત્રમાં રૂપાંતરિત થવું એટલે શહેરીકરણ.''

"પ્રાથમિક પ્રકારની રોજગારીથી ઉદ્યોગપ્રધાન પદ્ધતિ વિકસવાની પ્રક્રિયાને શહેરીકરણ કહે છે." શહેરીકરણ એ માળખાકીય રૂપાંતરની પ્રક્રિયા છે.

આમ, શહેરીકરણ માટે નીચેના મુદ્દાઓ જરૂરી બને છે.

(1) મોટી સંખ્યામાં લોકોનું શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતરીત થવું.

(2) જે તે ભોગોલિક વિસ્તારમાં વીજળી, પાણી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય જેવી માળખાકીય સુવિધાઓથી સજ્જ હોવું.

(3) આધુનિક સમયમાં જદ્ધક્ર્દૈક્ષક્ષક્ષ્ની ના ખ્યાલ અંતર્ગત વસ્તીગીચતા અને માળખાકીય સુવિધાઓથી શહેરીકરણનો ખ્યાલ બદલાઈ શકે છે.

**ભારતમાં શહેરીકરણની વિગતો :**

| વસ્તી | કુલ વસ્તી (મિલિયન) | શહેરી વસ્તી | કુલ વસ્તીમાં શહેરી વસ્તીની ટકાવારી |
|---|---|---|---|
| ૧૯૫૧ | ૩૫૧. ૦૮ મિલિયન | ૬૨.૪૪ | ૧૭.૨૯ % |
| ૧૯૬૧ | ૪૩૯.૨૩. મિલિયન | ૭૮.૯૩ | ૧૭.૮૭ % |
| ૧૯૭૧ | ૫૪૮.૧૫. મિલિયન | ૧૦૮.૧૧ | ૧૯.૯૧ % |
| ૧૯૮૧ | ૬૮૩.૩૨ મિલિયન | ૧૫૯.૪૬ | ૨૩.૩૪ % |
| ૧૯૯૧ | ૮૪૬.૩૦ મિલિયન | ૨૧૭.૬૧ | ૨૫.૭૧ % |
| ૨૦૦૧ | ૧૦૨૭.૦૧ મિલિયન | ૨૮૫.૦૦ | ૨૭.૭૫% |
| ૨૦૧૧ | ૧૨૧૦૧.૧૯ મિલિયન | ૩૭૭.૧૦ | ૩૧.૧૬ % |

સ્તોત્રોઃ ૨૦૧૧ વસ્તીગનતી

ભારતમાં મુંબઈ, કોલકતા, દિલ્હી, ચેન્નાઈ, હૈદરાબાદ , બેંગ્લોર, અહમદાવાદ, સુરત, વડોદરા, વગરે શહેરો ઝડપથી વિકસી રહ્યા છે. અને ત્યાં શહેરી વસ્તીનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. ભારતમાં ૧૯૧૯ પછીથી શહેરીકરણમાં સતત વધારો જોવા મળેલ છે.

**ગુજરાતમાં શહેરીકરણ :**

ગુજરાત માં દર વર્ષે અડધા ટકાના દરે શહેરીકરણ વધવા પામ્યું છે. વર્તમાન વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતના આઠ મહાનગરોમાં ૨૫% વસ્તી વસે છે. આમાં સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, ગાંધીનગર, અને અમદાવાદનો સમાવેશ થાય છે.

**રાજ્યની શહેરી-ગ્રામીણ વસ્તીની પ્રમાણ :-**

| રાજ્ય | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|
| ગુજરાતની વસ્તી | ૫,૦૬,૭૧,૦૧૭ | ૬,૦૩,૮૩,૬૨૮ |
| શહેરી વસ્તી | ૧,૮૮,૩૦,૨૫૦ (૩૭.૪%) | ૨,૫૭,૧૨,૮૧૧ (૪૨.૫%) |
| ગ્રામીણ વસ્તી | ૩,૧૭,૪૦,૭૮૫ (૫૨.૫%) | ૩,૪૫,૫૦,૮૧૭ (૫૭.૪%) |

ગુજરાતના શહેરોમાં શહેરીકરણનુ પ્રમાણ ખુબજ વધવા પામ્યું છે. ઈ. સ. ૨૦૦૧ માં ૩૭.૪% જેટલું શહેરીકરણ હતું તે ૨૦૧૧ માં વધીને ૪૨.૫% જેટલો વધવા પામ્યો છે. રાષ્ટ્રીય શહેરીકરણના દર કરતા પણ ગુજરાતમાં શહેરીકરણનું પ્રમાણ વધારે છે.

## 5.6 શહેરીકરણના પરિબળો

**વધતી જતી શહેરો અને શહેરીકરણના પાછળ જે પરિબળો છે એની વિશે ચર્ચા કરીએ.**

**1. ઔદ્યોગિક ક્રાંતિઃ** ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું, ઉદ્યોગોનું પ્રમાણ વધવાથી શ્રમિકોની માંગ વધી, જે ખેતીક્ષત્રમાંથી ફાજલ થયેલા શ્રમિકોએ પૂરી કરી. ઔદ્યોગિક એકમો સ્થાપના શ્રમિકો ગામડાના નિવાસથી દુર થવા લાગ્યા. પરિણામે દરરોજનું આવાગમન મુશ્કેલ બનતા ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઇ, જે શહેરીકરણ તરફ લઇ જાય છે.

**2. ઐતિહાસિક અને વહીવટી કારણો :** ઐતિહાસિક દષ્ટિએ જોઈએ તો રાજાશાહી સમયે તથા બ્રિટીશ શાસન દરમિયાન વ્યાપારના કેન્દ્ર તરીકે પરિવહન સુવિધા ધરાવતા દરિયાઈ વિસ્તારોની આસપાસ આર્થિક પ્રવૃતિઓ વધી અને શહેરોનું નિર્માણ થયું. આધુનિક સમયમાં પણ આ જ કારણો ઉપરાંત વહીવટી સંચાલનના કેન્દ્ર તરીકે નગરોનો વિકાસ થયો. તાલુકા/જિલ્લા મથકોએ વહીવટી કર્મચારિયો તથા અધિકારીઓના કાયમી વસવાટથી શહેરી વિસ્તારમાં વધારો થયો. બીજા શબ્દોમાં કહીએ તો શહેરીકરણ થયું.

**3. આર્થિક નીતિ :** ઈ.સ. ૧૯૯૧ ની નવી આર્થિક નીતિ અમલમાં આવ્યા બાદ ખાનગી ક્ષેત્રે રોજગારીની તકોનું વધુ ઝડપથી સર્જન થયું હોવાથી શહેરી વિસ્તારો વધુ વિકાસ પામ્યા છે જેના પરિણામ સ્વરૂપ રોજગારીની તકોનું સર્જન પણ થવા પામ્યું છે, માટે ગ્રામીણ યુવાધન શહેરો તરફ દોટ મુકે છે.

**4. સરકાર દ્વારા અપાતી સાર્વજનિક સુવિધાઓઃ** લોકશાહી એટલે કે લોકોના જ પ્રતિનિધિત્વની સરકાર હોવાથી પ્રજાની સુખાકારી અને સગવડયુક્ત જીવન આપવા માટે સરકાર તત્પર હોય છે. ઓછી કિંમતે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાયોની પીવાનું પાણી, પરિવહન, પાક્કી સડકો, મફત શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓનુ, બાગબગીચા વગેરેનો લાભ લેવા માટે લોકો ગામડામાંથી શહેરો તરફ કાયમી સ્થળાંતર કરે છે અને શહેરીકરણ થાય છે.

**5. ટેક્નોલોજીકલ પ્રગતિ :** ટેકનોલોજીના કારણે યંત્રોનો વપરાશ વધી અને કૃષિ શ્રમિકો ફાજલ થયા. ફાજલ શ્રમિકો રોજગારની શોધમાં શહેરો તરફ જવા લાગ્યા. આમ, શહેરીકરણ પ્રક્રિયામાં ટેક્નીકાલોજી ના મહત્ત્વનો ફાળો છે.

**6. વસ્તીવધોરો :** વસ્તીવધારોને કારણે પણ શહેરીકરણનું પ્રમાણ વધ્યું છે. વસ્તીવધારાને કારણે શહેરોની હદ વિસ્તારવાની જરૂર પડે છે. તેથી આગળ જતા નજીકના ગામડાઓ શહેરમાં મળી ગયા તથા નવા શહેરી વિસ્તાર તરીકે વિકસવા લાગ્યા.

**7 . લોકોનું સારું જીવન જીવવાની ઈચ્છાઓમાં વધારો :** શિક્ષણમાં વધારો, અન્ય પ્રદેશના લોકો સાથેના સંપર્ક, આવકમાં વધારો, સુવિધાયુક્ત જીવનની ઈચ્છાને કારણે, શહેરી માળખાંકીય સુવિધાઓની વિશે લોકોમાં જાગૃતિ આવી. આ માંગ પ્રમાણે કલ્યાણલક્ષી લોકશાહી સરકારે સુવિધાઓ ઉપલબ્ધ કરાવતા શહેરીકરણ થયું.

**8. માળખાકીય સુવિધાઓની પ્રાપ્તિ :** શહેરમાં નાગરિકોને જીવવા માટે જરુરી એવી સુવિધાઓ જેવી કે વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, પરિવહનના સાધનો, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ વગેરેના વિકાસ થયેલો હોય છે. પરિણામે આવા વિસ્તારોમાં વસવાટ કરવાનું લોકો વધારે પંસદ કરે છે. ગ્રામ્યવિસ્તારોમાંથી લોકો આ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે કાયમી ધારણે વસવાટ કરવાનું પંસંદ કરે છે.

**9. સામાજિક કારણ :** શહેરીકરણનું એક સામાજિક કારણ એ પણ છે કે શહેરી વિસ્તારમાં રહેતા લોકોના સામાજિક મોભ્ભો ગ્રામીણ વિસ્તાર કરતા સમાજમાં મોભાનું સ્થાન ધરાવે છે માટે લોકો શહેરી વિસ્તારમાં રહેવાનું પસંદ કરે છે.

## 5.7 શહેરીકરણની ભારતીય સમાજ ઉપર અસર

ભારતમાં બ્રિટીશ રાજ્યના અમલ દરમ્યાન ઉદ્યોગીકરણની સાથોસાથ આધુનિક ઢબના શહેરોના વિકાસની પ્રક્રિયા ઝડપી બની. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ આયોજિત વિકાસ કાર્યક્રમો અને ખાનગી તેમજ જોહરક્ષેત્રમાં થયેલા ઔદ્યોગિક વિકાસને લીધે શહેરીકરણની પ્રક્રિયા અગાઉનાં બધા યુગો કરતા વધુ ઝડપી બની રહી છે. સામાજિક-સાંસ્કૃતિક બહુવિધતા, ગીચ વસ્તી, વ્યવસાયોની વિપુલતા, બિનઅંગત સામાજિક સંબધો , સામાજિક ગતિશીલતા, ઔપચારિક સામાજિક નિયંત્રણ , બિન સાંપ્રદાયિક અને વ્યક્તિવાદી વલણો વગેરેની શહેરી સમુદાયમાં મુખ્ય હોય છે. શાળા-કાલેજો, ગ્રંથાલયો , છાપાંઓ , સિનેમાઓ , પરિસંવાદો વગેરે મારફત શહર સમુદાય માં એવું એક ઉદાર , સહિષ્ણુ અને બોદ્ધિક વાતાવરણ સર્જાય છે જેમાં રૂઢિગત પ્રણાલિકાઓ અને ધર્મનો પ્રભાવ ઘટી જાય છે. વિભિન્ન હિતોના સંતોષ અર્થે શહર સમુદાય માં વ્યક્તિ વિવિધ જૂથોનું સભ્ય પદ ધરાવે છે અને આવા જૂથો વ્યાવસાયિક કે આર્થિક હિતોને કેન્દ્ર માં રાખીને ઉદભવતા હોય છે. આ પ્રકાર ની શહરી જીવનપદ્ધતિએ ભારતીય સમાજ જીવન અને સામાજિક સંસ્થાઓ ઉપર ઊંડી અસર નીપજાવી છે. શહરી વાતાવરણ માં પરંપરાગત જીવન પદ્ધતિને ટકાવી રાખવી મુશ્કેલ બને છે. પરિણામે સામાજિક નિયંત્રણ , સામાજિક સંસ્થાઓમાં પરંપરામાંથી આધુનિકતા તરફના પરિવર્તનો આવે છે. અહી આપણે શહેરીકરણની અસરો ઉપર એક નજર કરીએ.

શહેરીકરણ પ્રક્રિયાની અસરરૂપે ભારતમાં વિવિધ સમસ્યાઓ પણ સર્જાતી રહી છે.આથી જ ભારતના સમાજશાસ્ત્રીઓ માટે શહેરીકરણની સામાજિક અસરોનું પાસું એક મહત્ત્વનું અભ્યાસ ક્ષેત્ર બની રહે છે.

**1) સંયુક્ત કુંટુંબપ્રથા પર અસર :** શહેરીકરણ ની સંયુક્ત કુટુંબ પ્રથા પર થયેલી અસર તપાસીશું તો જણાશે કે શહેરી વલણો અને મુલ્યોએ સંયુક્ત કુંટુંબના કદમાં અને સંયુક્ત પરંપરાગત સ્વરૂપમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શહર માં કુંટુંબના સભ્યો વિભિન્ન વ્યવસાયોમાં રોકાયેલા હોય છે, તેથી તેમની આવક માં તફાવત સર્જાય છે. તે જ રીતે એકજ કુંટુંબના સભ્યોની જીવનશૈલી માં તફાવત વિકસે છે. આ ઘટના સંયુક્ત કુંટુંબની રચના અને આંતરસંબંધ ઉપર અસર કરે છે. શહેરમાં વ્યક્તિ વાદી વલણ કુંટુંબવાદના રૂઢિગત આદર્શને ગૌણ બનાવી દે છે. આથી સંયુક્ત કુંટુંબના રૂઢિગત સત્તાના માળખાંમાં રૂપાંતર થાય છે.

**2) જ્ઞાતિવ્યવસ્થા ઉપર અસર :** શહેરીકરણની જ્ઞાતિવ્યવસ્થા પર થયેલી અસરના સંદર્ભમાં ધુર્યે નોંધે છે કે , શહેરના કારખાનાઓના અને ઓફિસોમાં કામ કરતાં માણસોને પોતાની જ્ઞાતિના પરંપરાગત ખાનપાન અને શુદ્ધિ-અશુદ્ધીના ખ્યાલો છોડવા પડે છે. શહરોની હોટલો, રેસ્ટોરન્ટ, નાટ્યગૃહે , બાગબગીચા, શાળા-કાલેજો, જાહેર વાહનો વગેરે સ્થળોએ વિવિધ જ્ઞાતિના લોકો એકબીજાના સંપર્કમાં આવે છે. આથી તેમની વચ્ચેના આંતર સબંધના પરંપરાગત ધોરણો નબળા પડે છે. શહેરમાં જ્ઞાતિના વ્યાવસાયિક નિયંત્રણો પણ તુટવા લાગે છે. કુપ્પુસ્વામી નોધે છે તેમ, જ્યાં સુધી દેશમાં મોટા શહેરોનો અભાવ હતો અને લોકો નાના ગામડામાં રહતા હતા ત્યાં સુધી જ્ઞાતિના ધોરણો મુજબનું પરંપરાગત જીવન જીવવું શક્ય હતું, પણ વિશાળ શહેરી સમુદાયમાં ઉપર વર્ણવેલી પરિસ્થિતિના કારણે જ્ઞાતિના બંધનો ઢીલા પડ્યા છે.

**3) ગ્રામજીવન ઉપર અસર :** શહેરીકરણે ભારતીય ગ્રામજીવન ઉપર પણ ઘેરી અસર નીપજાવી છે. મુસાફરીના સાધનોના વિકાસના કારણે ગામડાના લોકોની શહેરોમાં અવરજવર વધી છે. સંદેશાવ્યવહારના વિકસિત સાધનોએ પણ ગામડાંઓનો શહેરો સાથેનો સંપર્ક વધાર્યો છે. આથી શહેરી સંસ્કૃતિના વ્યક્તિવાદી વલણો અને મુલ્યો ગામડામાં પ્રસરવા લાગ્યા છે. આના પરિણામે ગામડામાં લોકોનો ખોરાક, પોશાક, કુટુંબજીવન, જ્ઞાતિજીવન, ધર્મ, રીતરીવાજે, રૂઢીયો, આંતરસંબધો વગેરેમાં પરિવર્તન આવ્યું છે. ગામડાંમાંથી સ્થળાંતર કરીને શહેરોમાં વસવા આવેલા લોકો પણ પ્રસંગોપાત્ત ગામડામાં આવતા-જતા રહે છે. તેઓ પણ તેમની સાથે શહેરી સંસ્કૃતિના વિભિન્ન તત્વો ગામડામાં ફેલાવે છે.

**4) સ્ત્રીના દરજ્જ ઉપર અસર :** શહેરીકરણની સ્ત્રીઓના પરંપરાગત સ્થાન ઉપર પણ વ્યાપક અસર પડી છે. શહેરોમાં સ્ત્રીઓને વ્યવસાય અને શિક્ષણક્ષેત્રે વિકાસની વધુ તકો મળે છે, તેઓ આર્થીક રીતે પગભર બને છે, શિક્ષણ મેળવીને ઉદારમતવાદી વિચારો વિકસાવે છે; પ રિણામે તેઓ નવા અધિકારો માંગે છે, પોતાનું પરંપરાગત સ્થાન સુધારવાની માંગણી કરે છે. શહરીકરણે સ્ત્રીઓને વ્યવસાય અને શિક્ષણની તક પૂરી પાડી  છે. તેઓમાં વ્યક્તિવાદ, સમાનતા. સ્વાતંત્ર્ય, સ્વમાન અને ગૌરવની લાગણી વિકસતી જાય છે. તેઓ હક્કો પ્રત્યે વધુ સભાન બનવા લાગી છે. શહેરોમાં આ કારણે સ્ત્રી-સંસ્થાઓ સવિશેષ જોવા મળે છે. શહેરીકરણે સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવામાં, સ્ત્રી પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલવામાં તેમજ સ્ત્રીનો પોતાની જાત પ્રત્યેની દ્રષ્ટિકોણ બદલવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

**5) જીવનની ગુણવત્તા ઉપર અસરઃ** શહેરીજીવનથી  રોજગારપ્રાપ્તિ, ઉર્જા, પાણી જેવી પાયાની સગવડો, શિક્ષણ વગેરે જેવી સુવિધાઓને કારણે લોકોનું સરેરાશ જીવનધોરણ ઊંચું આવે છે. ખોરાકની ઉપલબ્ધિ કુપોષણને  દુર કરી શકાય છે. લોકોનું સરેરાશ આયુષ્ય પણ ઊંચું આવે છે. લોકો રોજગાર મેળવતા હોવાથી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. આમ, શહેરીનિર્માણથી વસ્તીના સમૂહનું જીવનધોરણ એક સાથે સુધારવાની દિશામાં ગતિ કરે છે.

**6) સામાજિક દુષણો દુર થાય છે :** આગળના મુદામાં જોયા પ્રમાણે શિક્ષણનો પ્રસાર, સ્રીઓનો વ્યવસાય/ કામકાજ અર્થે ઘરથી બહાર આવવું. અન્ય પ્રદેશોની સંસ્કૃતિનો પરિચય વગેરેથી ઘણા બધા પરિવર્તનો આવતા હોય છે, જે સામાજિક- આર્થીક વિકાસને પોષક હોય છે. સ્ત્રીશિક્ષણમાં વધારો, વિધવાવિવાહ, સતીપ્રથા અને દહેજપ્રથાને તિલાંજલિ, આંતરજ્ઞાતીય લગ્નો વગેરેથી લોકોની સંકુચિત વિચારધારા દુર થાય છે.

**શહરીકરણની નકારાત્મક અસરો/ગેરલાભો**

આગળ ઉપર જોયા અનુસાર શહેરો અને શહેરીકરણ આર્થીક વિકાસનું એન્જીન બની શકે છે, પરંતુ સુઆયોજિત નગર વ્યવસ્થાના અભાવે શહેરો લાભને બદલે ગેરલાભો વધારે પ્રસરાવે છે. તેથી ઘણા લોકો આધુનિક સમયમાં નિવૃત જીવન ગાળવા માટે કે સારા સ્વાસ્થ્યના હેતુથી ફરીથી ગામડાંઓમાં વસવાટ કરવાનું પસંદ કરતા હોયે છે એવું જોવા મળ્યું છે. શહેરીકરણની નકારાત્મક અસર વિશે ચર્ચા કરીએ.

**8) પ્રદુષણ :** કારખાનાઓ, વાહન ને કારણે વાયુ પ્રદુષણ અને આયોજન વગરના શહેરોની રચનાથી ગંદા અને ગીચ વસવાટો, ઝુપડપટ્ટી વગેરે અસ્તિત્વમાં આવે છે. કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય તો શહેર ગંદકીનો પર્યાય બને છે. ઉભરાથી ગટરોથી લોકોનું આરોગ્ય જોખમાય છે. ઘણી વખત રહેણાંક અને અન્ય વ્યાવસાયિક હેતુથી જંગલો કાપીને કે ખેતી અને ગોચરની જમીન લઈ લેવામાં આવે છે તેનાથી આબોહવામાં પરિવર્તનો આવતા વાવેતર

હેઠળના કૃષિ વિસ્તારમાં ઘટાડો જેવા પરિણામો આવે છે.

**9) વસ્તીગીચતા :** શહેરોમાં નાના ભૌગોલિક વિસ્તારમાં ઘણા લોકો વસવાટ કરવા માટે એકઠા થાય છે. પરિણામે ચેપી, રોગો,સતત ઘોંઘાટને કારણે માનસિક રોગો, સાંભળવાની અને જોવાની શક્તિમાં ઘટાડો થાય છે. લોકોના અંગતજીવન પર તેની વિપરીત અસર જોવા મળે છે.

**10) અસામાજિક પ્રવૃત્તીઓમાં વધારો :** કોઈ વખત પાત્રતાના અભાવે કે રોજગારીની તકોના અભાવે , બેરોજગાર વ્યક્તિ અસામાજિક પ્રવૃતિઓ તરફ  વળે છે. ચોરી, લૂંટ, હત્યા, માર્ગ અકસ્માતો વગેરેનું પ્રમાણ વધે છે. છેલ્લી કેટલીક ઘટનાઓનો અભ્યાસ કરીએ તો આતંકવાદી પ્રવૃત્તિ કરનારા તત્વો શહરોની ગીચ વસ્તી પસંદ કરે છે. આમ શહરો અસામાજિક પ્રવૃતિઓનું પણ કેન્દ્ર બને છે. તેના માટે કાયદો અને વ્યવસ્થા સઘન બનાવવા પડે,  જો કે  સાચો ઉપાય લોકજાગૃતિ કેળવવાનો છે.

**11) અપૂરતી માળખાકીય સુવિધાઓ :** ભારત અતિ વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. શિક્ષણ અને સાંસ્કૃતિક ભિન્નતા પણ છે. આવી સ્થિતિમાં સરકાર જયારે, પાયાની સગવડો પૂરી પાડવામાં કે લોકોના સહકાર મેળવવામાં પાછી પડે તેવા સમયે વ્યવસ્થા ખોરવાય છે. વધતી વસ્તી માટે શિક્ષણ, આરોગ્ય, સુઘડ આવાસો, પરિવહન જાહેર સફાઈ, કાયદો અને વ્યવસ્થા વગેરે સાધનોના અભાવથી ઝડપથી પુરા પડી શકતા નથી કે તેનો અભાવ જેવા મળે તો આ માટે નાણાંકીય ભંડોળ, વાસ્તવિક સાધનો, સરકારની ઈચ્છાશક્તિ વગેરે મુખ્ય ભાગ ભજવે છે.

**12) ખેતીલાયક જમીનમાં ઘટાડો :** શહરીકરણને કારણે રહેણાંક, આર્થિક પ્રવૃતિઓ, પરિવહન માટે વધુને વધુ જમીનની જરૂર પડે છે. આપણે જાણીએ છીએ કે જમીન સાધનનો પુરવઠો સ્થિર છે, પરિણામે શહરીકરણથી વધતી જમીનની માંગ પૂરી પાડવા માટે ખેતીલાયક જમીન, ગોચર જંગલો વગેરેને શહેરોમાં સમાવી લેવામાં આવે છે. આ પગલાથી કુદરતી પર્યાવરણના ઘટકોને હાની પહોચે છે. ખેતીલાયક જમીન ઓછી થવાથી પણ મુશ્કેલી ઉભી થઈ શકે છે.

**13) ટ્રાફિકજામ અને સમયનો બગાડ :** શહેરોમાં  વાહનોનું પ્રમાણ વધારે હોય છે. ઘરનું અને કામકાજનું સ્થળ દૂર હોવું , સામાજિક મોભાના પ્રતિક  તરીકે ખાનગી વાહનોનું માલિકીનું પ્રમાણ વધવું તથા સારી જાહેર પરિવહન સેવા આપવામાં સરકારની નિષ્ફળતા જેવા કારણોથી વાહનોના પ્રમાણમાં અતિશય વધારો થાય છે. સારી સડકોના અભાવે પણ ટ્રાફિકજામ થઈ જાય છે, જેમાં અસંખ્ય  માનવકલાકોનો બગાડ થાય છે.

**14) સામાજિક પ્રશ્નો :** શહેરીકરણની લીધે બાળ ગુનાખોરી બાળમજૂરી અને અનૈતિક વ્યવહાર જેવાં સામાજિક  પ્રશ્નો પણ સમાજમાં જોવા મળે છે.

## 5.8 તમારી પ્રગતિ ચકાસો (M.C.Q)

**1.** ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે કેટલી પ્રતિ ચો. કી.મી. ની વસ્તી -ગીચતાનો માપદંડ અપનાવવામાં આવેલો છે તે જણાવો.

(અ) ૧૦૦૦ (બ) ૫૦૦૦

(ક) ૩૦૦૦ (દ) ૪૦૦૦

2. શહેરોના વિકાસમાં કઈ ક્રાંતિએ મહત્ત્વના ભાગ ભજવ્યો છે તે જણાવો.

(અ) ઔધોગિક ક્રાંતિ (બ) શ્વેત ક્રાંતિ

(ક) હરિયાળી ક્રાંતિ (ડ) ટેક્નીકલ ક્રાંતિ

3. વ્યાવસાયિક બંધારણીય સંરચનાને આધારે કયા વ્યવસાયોમાંથી બિન કૃષિવીષયક વ્યવસાયોમાં વસ્તીના વધતા જતા પ્રમાણને આધારે શહેરની વ્યાખ્યા સમજાવવામાં આવે છે.

(અ) કૃષિ વ્યવસાય (બ) લઘુ વ્યવસાય

(ક) ઔદ્યોગિક વ્યવસાય (ડ) હીરા વ્યવસાય

4. શહેરોમાં સ્ત્રીઓને વ્યવસાય અને શિક્ષણમાં વધુ તકો મળે છે અને સ્ત્રીઓ શેમાં પગભર બને છે.

(અ) સામાજિક રીતે (બ) આર્થિક રીતે

(ક) રાજકીય રીતે (ડ) ઘરકામ રીતે

## 5.9 ઉપસંહાર

શહેરીકરણ એક પ્રક્રિયા છે, જેમાં શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે લોકો ગ્રામીણ વિસ્તાર થી શહેર માં સ્થળાંતર કરે છે. ગ્રામીણ લોકો શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે આવતા હોવાથી વસ્તી ગીચ બને છે. અને આ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે.

શહેરને એક સરળ વ્યાખ્યામાં બાંધવું મુશ્કેલ છે. શહેરોની વૈશ્વિક સ્તરે સર્વસામાન્ય એવી કોઈ એંક વ્યાખ્યા નથી, જુદા જુદા દેશો જુદી જુદી વ્યાખ્યા અપનાવે છે. ભારતમાં ૨૦૧૧ ની વસ્તીગણતરી પ્રમાણે (1) જ્યાં ૫૦૦૦ કે તેથી વધુ લોકો વસવાટ કરતા હોય. (2) કુલ વસ્તીના ૭૫% પુરુષોનો મુખ્ય વ્યવસાય બિનખેતી ક્ષેત્રનો હોય તથા (3) વસ્તીગીચતા પ્રતિ ચો. કી. મી ૪૦૦ કે તેથી વધારે હોય તેને શહેર કહેવામાં આવે છે. સાંસ્કૃતિક આદાનપ્રદાન, આધુનિક માળખાગત સુવિધાઓ, મનોરંજનની સુવિદ્યાઓ તથા મુકત જીવનના આકર્ષણથી શહેરીકરણ થાય છે. ઔધોગિક ક્રાંતિ, ટેક્નોલોજીકલ પ્રગતિ એના કારણે શહેરીકરણને ઉત્તેજન મળ્યું છે.

શહેરીકરણ પ્રક્રિયાની અસરરૂપે ભારતમાં વિવિધ સમસ્યાઓ પણ સર્જાતી રહી છે.આથી જ ભારતના સમાજશાસ્ત્રીઓ માટે શહેરીકરણની સામાજિક અસરોનું પાસું એક મહત્ત્વનું અભ્યાસ ક્ષેત્ર બની રહે છે.

## 5.10 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

(૧) બ) ( ૫૦૦૦) (૨) અ) ઔધોગિક

(૩) અ) ( કૃષિ વ્યવસાય (૪) બ) આર્થિક રીતે

## 5.11 ચાવીરૂપ શબ્દ

**1. વસ્તીધીનતાઃ** ભોગોલીક વિસ્તારના નક્કી કરેલા એકમમાં વસવાટ કરતા લોકોના સરેરાશને જે તે વિસ્તારની વસ્તીધનતા કે વસ્તીગીચતા કહે છે.

**2. સ્માર્ટ વિલેજ :** સ્માર્ટ વિલેજ એટલે કે સ્માર્ટ ગામડું. આ એવો વિસ્તાર છે કે જ્યાં

પોષણક્ષમ ઉર્જાસ્રોત વિકાસ માટેનું મુખ્ય પરિબળ બને છે. તે ઉપરાંત સારું શિક્ષણ, અને સ્વાસ્થ્ય સુવિધાઓ, પીવાનું સ્વચ્છ પાણી, સફાઈ અને પોષણક્ષમ આહાર, લોકોની ભાગીદારીયુક્ત વિકાસ પ્રક્રિયા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**3. શહેરીકરણ એટલે :** ''પારંપરિક ગ્રામીણ ખેતી પ્રધાન અર્થતંત્રથી ઔદ્યોગિક અર્થતંત્ર રૂપાંતરિત થવું એટલે શહેરીકરણ.''

## 5.12 સ્વાધ્યાય લેખન

(1) શહેરની વ્યાખ્યા આપો.

(2) શહેરીકરણનો ખ્યાલ વિગતે સમજાવો.

(3) શહેરીકરણ માટે જવાબદાર પરિબળોનો પરિચય આપો.

(4) શહેરીકરની સમાજ ઉપર સકારાત્મક અસરોનું વર્ણન કરો.

(5) શહેરીકરણની સમાજ ઉપર નકારાત્મક અસરોનું વર્ણન કરો.

## 5.13 સંદર્ભ ગ્રંથ


(1) ઓઝા ગુણવંત; (૧૯૯૪) ; વસ્તી અને પર્યાવરણ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.

(2) ભટ્ટ બી.કે ; (૨૦૧૧ ); પર્યાવરણ નું અર્થશાસ્ત્ર, પોપ્યુલર પ્રકાશન સુરત,

(3) ભટ્ટ બી.કે ; (૨૦૧૨); ગુજરાતનું અર્થતંત્ર; પોપ્યુલર પ્રકાશન, સુરત.

(4) દવે જગદીશ કે.;(૨૦૦૧) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન ; અનડા પ્રકાશન

(5) World urbanization prospects 2018. United Nations Department of Economic and Social Affairs: 2018

(6) જોષી વિ. એચ;(૧૯૯૫) ભારતની આર્થીક સમસ્યાઓ; યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(7) શાહ રમેશ બી; (૧૯૯૫) ; વિકાસશીલ રાષ્ટ્રો નું અર્થશાસ્ત્ર, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

# એકમ ૬ શહેરી ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન-૧

6.1 પ્રસ્તાવના

6.2 શહેરી ક્ષેત્રકાર્ય એટલે શુ

6.3 શહેરી ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો

6.4 શહેરી સમુદાયમાં ક્ષેત્રકાર્ય અને સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય

6.5 ઉપસંહાર

6.6 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

6.7 દૈનિક અહેવાલ લેખનની સમજૂતી

ચાવીરૂપ શબ્દ

6.8 સ્વાધ્યાય લેખન

6.9 સંદર્ભ ગ્રંથ

## 6.1 પ્રસ્તાવના

સમાજકાર્યના અનેક ક્ષેત્રો છે .જેમકે આદિવાસી કલ્યાણ, મહિલા કલ્યાણ, યુવા કલ્યાણ વગેરે તેવી જ રીતે ભૌગોલિક ક્ષેત્રનાં સંદર્ભમાં વિચાર કરીએ તો ગ્રામિણ વિકાસ, શહેરી વિકાસ જેવા ક્ષેત્ો જોવા મળે છે. ગ્રામિણ વિસ્તારના ક્ષેત્રકાર્ય કરતા શહેરી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરવાની ઢબ જુદી હોય છે. જેમ ગામડામાં સરળતાથી ક્ષેત્રકાર્ય ગોઠવી કાય છે તેવું શહેરી વિસ્તારમાં જોવા મળતું નથી. કારણે કે શહેરી વિસ્તારના લોકોની પ્રવૃત્તિઓમાં વિવિધતા જોવા મળે છે. શહેરીજનો મુખ્યત્વે પોતાની કામની વ્યસ્તાને કારણે વિદ્યાર્થી કાર્યકરને પુરતી માહીતી કે સમય નહિ આપે તેવું બની શકે છે. ગામડુ એક નાનું એકમ છે તેથી ગ્રામીણ સમાજમાં મોઢામોઢના સંબંધો તેમજ ઝડપથી એકબીજાને સ્વીકારવાની વૃત્તિ જોવા મળે છે. જ્યારે, શહેરી સમાજમાં આ બાબતે સંકુચિતતા જોવા મળે છે. આમ ગ્રામિણ સમાજ કરતાં શહેરી સમાજ અનેક રીતે જુદો પડે છે. ગ્રામિણ સમાજમાં પંચાયતની રાજનું રાજકીય માળખુ હોય છે. જ્યારે શહેર ખૂબ વિશાળ હોય છે. અહી વોર્ડ પ્રમાણે કોર્પોરેટ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની વ્યવસ્થા હોય છે. વસ્તીની વિશાળતાને કારણે લોકોના કામ ઝડપથી ના થતા હોય તેવું પણ બને છે. શહેરોમાં ટેકનોલોજી વીજળી, પાણી, ગટરની વ્યવસ્થા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રયત્નશીલ હોય છે. તેમ છતા શહેરના ઝુપડટ્ટી વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

આમ, શહેર વિસ્તાર અને વસ્તીની રીતે ખૂબ મોટું એકમ છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે આપણે સમગ્ર શહેરમાં ક્ષેત્રકાર્ય કરી શકીએ નહિ. પણ અભ્યાસક્રમ દરમ્યાન સમય, શ્રમ અને નાણાંની મર્યાદાને ધ્યાનમાં રાખીને શહેરના કોઈ ચોક્કસ વિસ્તારને ક્ષેત્રકાર્ય માટે પસંદ કરવામાં આવે છે. અહી અભ્યાસના સંદર્ભમાં શહેરી ક્ષેત્રકાર્યની સમજ મેળવવા પ્રયત્ન કરીશું.

## 6.2 શહેરી ક્ષેત્રકાર્ય એટલે શું ?

સમાજકાર્યના સ્નાતક તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમમાં ક્ષેત્રકાર્ય એ મહત્વની બાબત છે. સમાજકાર્યના અભ્યાસક્રમમાં ગ્રામીણ ક્ષેત્રકાયની જેમજ શહેરી ક્ષેત્રકાર્ય પણ એક અગત્યનો પ્રાયોગિક ભાગ છે. ગ્રામીણ સમાજ કરતાં શહેરી સમાજની સમસ્યાઓ વિભિન્ન હોય છે. શહેરી સમાજ જટિલ અને વિવિધતા સભર હોય છે. અહીં જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, રોજગાર, ઉદ્યોગ ધંધા વગેરેમાં વિવિધતા જોવા મળે છે. સાથે સાથે સમાજમાં કાયદા વિરુદ્ધનું વિચલિત વર્તન અને અન્ય સામાજિક સમસ્યાઓ પણ જોવા મળે છે. આ સમસ્યાઓ મોટાભાગે શહેરનાં ઝુંપડપટ્ટી વિસ્તાર એટલે કે ગંદા વસવાટોમાં જોવા મળે છે. તેથી સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે આપણે શહેરી સમાજના આવા ગંદા વસવાટોમાં જઈને ક્ષેત્રકાર્ય કરવું જોઈએ. જેથી શહેરી સમાજ જીવનની વાસ્તવિકતાનો ખ્યાલ આવી શકે.

શહેરી ક્ષેત્રકાર્ય સમાજકાર્ય અભ્યાસક્રમ દરમ્યાન વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલા શહેરી વિસ્તારમાં જઈને કામ કરવાનું તેમજ અનુભવ મેળવવા માટેનું કાર્ય છે. શહેરી ક્ષેત્રકાર્ય દરમ્યાન આપણે શુ શીખવા માંગીએ છીએ તેની સ્પષ્ટતા શહેરી ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો દ્વારા મળી રહેશે. શહેરી ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

## 6.3 શહેરી ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો :

- શહેરી સમુદાયના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય માળખાને ઓળખવું.
- શહેરી સમુદાયની સમસ્યાઓની ઓળખ કરવી.
- શહેરી સમુદાયમાં કાર્યરત વિવિધ સમાજિક સંસ્થાઓ અને સરકારના વિવિધ કાર્યક્રમો વિશેની માહિતી મેળવવી.
- ક્ષેત્રકાર્ય વિસ્તારના વ્યક્તિ, જૂથ અને સમુદાયના પ્રશ્નો જાણવા.
- શહેરી સમુદાય વિકાસ વિભાગ (UCD) સાથ સંકલન કરીન કાર્યક્રમો ગોઠવવા.
- સ્થાનિક સમુદાયની જરૂરિયાતના સંદર્ભમાં કાર્યક્રમો કરવા.
- કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીને સમાજકાર્યની પદ્ધતિઓ, સિદ્ધાંતો તેમજ અન્ય સૈદ્ધાંતિક પ્રેક્ટિકલ કરવીન તક મળે તેવા પ્રયાસો કરવા.
- શહેરી સમુદાયના સમસ્યા નિવારણ તેમજ વિકાસ માટેના કાર્યોમાં સામાજીક સંસ્થાઓ અને સરકારશ્રીના વિભાગો તેમજ નિષ્ણાંત વ્યક્તિઓને જોડવા.
- ક્ષેત્રકાર્ય વિસ્તારના લોકોની સમસ્યા નિવારણ અને વિકાસ માટેના પ્રયાસો કરવા.
- વ્યક્તિ, જૂથ અને સમુદાયની સુખાકારી વૃદ્ધિ કરવી અને જીવનની ગુણવત્તા સુધારવી.
- ક્ષેત્રકાર્યના અનુભવ દ્વારા ક્ષાનની પ્રાપ્તિ કરવી અને વિદ્યાર્થીઓની કુશળતાઓનો વિકાસ કરવો.

## 6.4 શહેરી સમુદાયમાં ક્ષેત્રકાર્ય અને સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ :

શહેરી ક્ષેત્રકાર્યના ઉપર જણાવેલ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે સામાજિક કાર્યકર્તા પાસે શહેરી સમુદાય વિશેનું કેટલુંક પાયાનું જ્ઞાન હોવું જરૂરી છે. મોટેભાગે આપણે શહેરનાં ઝૂંપડપટ્ટી

વિસ્તારમાં કામ કરીએ છીએ ત્યારે અહીં ઝુપડપટ્ટી વિસ્તાર અંગેની સૈદ્ધાંતિક સમજ કેળવવાનો પ્રયાસ કરીશું.

**1. ઝુપડપટ્ટી વિસ્તાર (ગંદા વસવાટો)**

બધા વિશાળ શહેરોમાં ગંદા વસવાટો એટલે કે ઝૂપડપટ્ટી હોય છે. અક્ષયકુમાર દેસાઈ નોંધે છે તેમ મૂળભૂત રીતે વિચારતાં ગંદાવસદાટ એટલે એક હલકા પ્રકારના મકાનો અને એ રીતે ગંદા વસવાટની સમસયાએ ચોક્સપણે ગરીબવર્ગની રહેઠાણની સમસ્યા જ કહી શકાય. ૧૯૫૬ના સ્લમ એરિયા એકટ અનુસાર ગંદા વસવાટ એવા વિસ્તારો છે. જયાં રહેયાણ માટેના મકાનો માનવ વસવાટ માટે અયોગ્ય હોય છે. તેમાં વધુ પડતી ભીડ હોય છે. આવા મકાનોની ગોઠવણી અને રચના ખામી ભરી હોય છે. શેરીઓ સાંકડી હોય છે. અને તેની ગોઠવણી ખામીભરી હોય છે. તેમાં હવા ઉજાશ પ્રકાર કે સફાઈની સુવિધાનો અભાવ હોય છે. આ બધી બાબતોને લક્ષમાં લેતા ગંવાવસવાટોમાં રહેઠાણો સાલામણી, સ્વાસ્થ્ય અને નૈતિક દ્રષ્ટિએ હાનિકારક હોય છે.

નેલ્સ એન્ડસન ગંદાવસવાટનો ખ્યાલ વર્ણવતા નોંધે છે તેમ ગીચ વસ્તી અધ:પતવાળી પરિસ્થિતિ ગદકીનો નિકાલ કરવાની વ્યવસ્થાનો અભાવ અને આવી અને બાબતોને કારણે જોખમાતુ આરોગ્ય તથા ભયમાં મુકાતી માણસોની જિંદગી અને નીતિમત્તા વિહીન વાતાવરણ જયાં હોય  તેવું રહેયાણ તેવા રહેયાણોનો સમૂહ અગર લત્તો એટલે ગંદાવસવાટ.

આમ ગંદાવસવાટો એટલે શહેરોમાં વિકસેલા નિમ્નતમ કક્ષાના વસવાટો કે જેમાં શહેરના ગરીબ લોકો રહેઠાણની સમસ્યાથી પીડાય છે. અને જયાં સામાન્ય નાગરિક સુવિધાઓનો અભાવ હોય છે અથવા આવી સુવીધાઓ અલ્પતમ હોય છે.

**2. ગંદાવસવાટના લક્ષણો (Characteristics of Slums)**

ગંદાવસવાટો શહેરોની ભૌતિક-સામાજિક ખાસિયતો પૈકીની એક મુખ્ય ખાસિયત છે. દરેક શહેરમાં ગંદાવસવાટોનું અસ્તિત્વ રહેલું છે. ગંદાવસવાટોના સામાન્ય લક્ષણો નીચે મુજબ છે.

**(1) ગરીબી :** ગંદાવસવાટો એ શહેરી ભારતની ગરીબીનું એક પ્રગટ સ્વરૂપ છે. અક્ષયકુમાર દેસાઈ નોંધે છે તેમ દરેક અભ્યાસ પરથી એક જ બાબત ફલિત થાય છે અને તે એ કે ગંદા વસવાટ એટલે અંધારયુક્ત ગરીબીનો વાસ. ગરીબી સ્પષ્ટપણે ગંદાવસવાટનું મુખ્ય લક્ષણ છે. ગરીબ લોકો હંમેશા શહેરના નિમ્નકક્ષાના વસવાટોમાં જીવન જીવાતા આવ્યાં છે. ગંવા વસવાટમાં રહેતા ગરીબોની મૂળભૂત જરૂરિયાતોને પૂર્તિ માટે સંઘર્ષયુક્ત જીવન જીવતા હોય છે. તેમનો આ સંઘર્ષ અસ્તિત્વ ટકાવ રાખવા માટેનો સંઘર્ષ હોય છે. તેમના ઘણા બાળકો ભવિષ્યની કોઈ આશા વિશ્વ શેરીઓમાં અર્ધભૂખ્યા અને અર્ધનગ્ન અવસ્થામાં રખડતા હોય છે.

**(2) પછાતપણાના સૂચક મકાનો :** ગંદાવસવાટોમાં રહેયાણ માટેના ઘર, મકાન આર્થિક પછાતપણાના  સૂચક હો છે. આ મકાનો કામચલાઉ સાધનસામગ્રીથી બનેલા હોય છે. તેમાં ભંગાની સામગ્રી ઉયપોગમાં લેવાઈ હોય છે. રહેઠાણ માટે મકાનો માનવવસવાટ માટે અયોગ્ય હોય છે. આ મકાનને કોઈપણ રીતે ગર્વ લઈ શકાય તેવી સંપત્તિ ગણી શકાય તેમ  હોતુ નથી. સામાન્ય રીતે તેઓના મકાન તેમની માલિકીની જમીન પર બાંધોલા

હોતા નથી. આથી તેઓને ગમે ત્યારે હાંકી કાઢી શકાકય તેમ હોય છે. રહેયાણના મકાનમાં વધુ પડતી ભીડ હોય છે કારણ કે આ મકાનો વિસ્તાર અને ઊંચાઈની દૃષ્ટિએ નાના હોય છે. પ્રવેશદ્વાર સાંકડા હોય છે. આવા નાના મકાનમાં ૫ થી ૧૦ વ્યક્તિઓ રહેતી હોય છે. તેમાં યુગલો માટે એકાંત મેળવવું મુશ્કેલ હોય છે. હવા ઉજાશનો અભાવ હોય છે. ચોમાસામાં પાણી ટપકતુ હોય છે. ગંદાવસવાટોના આવા મકાનો સલામતી, સ્વાસ્થ્ય અને નૈતિક દૃષ્ટિ હાનિકારક હોય છે.

**(3) ગંદાવસવાટોની ખામીભરી ભૌતિક રચના :** ગંદાવસવાટોમાં પછાતપણાના સૂચક એવા રહેયાણના મકાનોની ગોઠવણી અને રચના ખામીભરી હોય છે. તેમાં શેરીઓ સાંકડી હોય છે અને શેરીઓની ગોઠવણી અવ્યવસ્થિત હોય છે. તેમાં સફાઈની સુવિધાનો અભાવ હોય છે. ચોમાસામાં પાણી ભરાઈ જતુ હોય છે. ગંદા પાણીની નિકાલ માટેની વ્યવસ્થાનો અભાવ હોય છે. ચોમાસામાં ભરાઈ જતુ પાણી ગંદુ અને બિનઆરોગ્યપ્રદ હોય છે. ગંદા વિસ્તારોની શેરીઓમાં અને ગંદાવિસ્તારોની આસપાસના વિસ્તારોમાં વ્યાપક ગંદકી અને પ્રદૂષિત કચરો એકત્ર થયેલો હોય છે, જે આરોગ્ય પ્રશ્નો ઊભા કરે છે.

**(4) મૂળભૂત સુવિધાઓ અને નાગરિક જીવનની સુવિધાઓની અલ્પતા :** ગંદાવસવાટોમાં મોટાભાગની વસ્તી ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતી હોય છે. તેઓ પાસે ખોરાક પોષાક, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણ વગેરે મૂળભૂત સુવીધાનું વંચિતપતું કે અલ્પતા હોય છે. તેઓ સ્વીકૃત જીવનની ગુણવત્તાથી વંચિતપણું ધરાવતા હોય છે. તેમની આવકનું સ્તર નિન્નતમ હોય છે. એ જ રીતે ગંદાવસવાટોમાં ગરીબો માટે બહું થેડી નાગરિક સુવિધાઓ હોય છે. તેઓ પાણી, રસ્તા, વીજળી, ટગર વગેરે પાયાની નાગરિક સુવિધાઓના અભાવ કે અલ્પતાની સ્થિતિમાં જીવન ગુજાતરતા હોય છે. નાગરિક વ્યાપક જીવનની સુવિધાઓની દ્રષ્ટિએ તેઓ નિમ્નકક્ષાના ભૌતીક પર્યાવરણમાં જીવન જીવતા હોય છે. ગંદકીની વ્યાપક અને ગંભીર સમસ્યા હોય છે. આથી રોગો ફેલાય છે. પ્રાથમિક આરોગ્યની પર્યાપ્ત સુવિધા હોતી નથી. શિક્ષણ સુવિધાની પણ અલ્પતા હોય છે. તેમજ મનોરંજનના સાધનોની પણ અલ્પતા હોય છે. આથી સ્થિતિમાં બાળકોનું યોગ્ય સામાજિકરણ થતું નથી.

**(5) શહેરીજીવનનો કદરૂપો ચહેરો :** ગરીબી નિમ્ન કક્ષનું ભૌતીક પર્યાવરણ અને નાગરિક જીવનની સુવધાઓની અલ્પતાની પરિસ્થિતિમાં ગંદાવસવાટોમાં બાળકોનું યોગ્ય રીતે સામાજીકરણ થતુ નથી. માનવતા રૂંધાય છે. શારીરિક સ્વાસ્થ્ય ક્ષીણ થાય છે. સ્ત્રીત્વનું અપમાન થાય છે અને બાળકોમાં દૂષણો પેદા થયા છે. ગંદાવસવાટોમાં મનોરંજનના સાધનોની અલ્પતા રહેવા પામે છે. સિનેમા અને વિડીઓ પાર્લર્સ થોડું મનોરંજન પૂરું પાડે છે. ડ્રિંક્સ, ડ્રગ્સ, જુગાર પણ સ્લમ કલ્ચરનો ભાગ બની રહે છે અને તે મનોંરજનના સાધન પણ બની રહે છે. ગંદાવસ્વાટોમાં રહેતા લોકો સામાન્ય મજૂરીથી માંડીને ગેરકાયદેસર દારૂ ગાળીને જીવન ગુજરાન ચલાવતા હોવાનું અભ્યાસોમાં નોંધાયું છે. ગંદાવસવાટમાં કેટલાક લોકો પટાવાળા, કારકુન, ઘરઘાટી, ડ્રાઈવર, પરચુરણ વેપાર, ફેરી, લારીમાં ફરતી દુકાન, ચોકીદાર, કારખાનામાં કામદાર અને શહેરી અર્થવ્યવસ્થાના ખાનગી વિભાગોમાં છૂટક મજૂરી કરીને પરિશ્રમપૂર્ણ જીવન જીવી શહેરના આર્થિક-સામાજિક વિકાસમાં પ્રદાન આપતાં હોય છે તે બાબત પણ લક્ષમાં લેવા જેવી છે.

**(5) સાંસ્કૃતિક વિચ્છેદ :** ગંદાવસવાટોમાં રહેતા લોકો સાંસ્કૃતિક વિચ્છેદની સમસ્યાથી પીડિત છે. ગંદાવસવાટમાં રહેનાર લોકો તેમના વતતના ગામ, જ્ઞાતિ, કુટુંબ, સગપણ સંબંધો અને ધાર્મિક બંધનોથી વિચ્છેદિત થઈ ગયા હોય છે. એટલે કે તેઓ બધા બંધનોથી વિખૂટા પડી ગયા હોય છે. તેઓની મૂળ સંસ્કૃતિનો નાશ થયો હોય યે. તેઓની મૂળ સંસ્કૃતિને ગંદા વસવાટના જીવનથી એટલી હાનિ પહોંચી હોય છે કે તેઓ એક પ્રકારના શૂન્યાવકાશમાં જીવન જીવતા હોય છે. તેઓ શહેરી ભાવવરણ સાથે બંધબેસતા થવામાં, અનૂકુલન સાધવામાં અને શહેરના સામાન્ય જીવનપ્રવાહમાં ભળી જવા અશક્તિમાન બની ગયા હોય છે. તેઓ એકાકી જીવન તરફ વળી જાય છે અથવા અનિષ્ટ સોબતમાં પડી જાય છે. પરુરુષો કામે જાય છે. ત્યારે ધમાં હેતી સ્ત્રી માટે બહુ સલામતી રહેતી નથી. મા-બાપની સત્તા નબળી પડી જવાથી કિશોરવયના સંતાનો કાબૂ બહાર જતા રહે છે. કેટલાક કિશોરો - માદક દ્રવ્યોના વ્યસન તરફ વળી જાય છે અને કેટલાંક કિશોર બાળઅપરાધી બની જાય છે. જેઓ ભવિષ્યના ગુનેગારોની દુનિયામાં ભળી જતી હોય છે.

**3. ગંદાવસવાટોના જવાબદાર કારણો (Responsible Causes of Slums) :**

સોવિયત રશિયા, પૂર્વ યુરોપીય દેશો તેમજ કેટલાક બિનપૂડીવાદી દેશોને બાદ કરતા વિશ્વના લગભગ દરેક દેશમાં ઝુપડપટ્ટી વિસ્તાર છે અને શહેરી વિકાસની સાથોસાથ ઝુપડપટ્ટી વિસ્તારનો ઉદ્ભવ એક અનિવાર્ય કહી શકાય તેવી ઘટના બની રહી હોવાનું ડૉ. દેસાઈ નોંધે છે. ઔદ્યોગિક ક્રાંતિ પૂર્વે પણ શહેરોમાં ઝુપડપટ્ટી વિસ્તાર હતા. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી ઝડપી ઉદ્યોગીકરણ અને ઝડપી શહેરીકરણની પ્રક્રિયાના પરિણામરૂપે લગભગ પ્રત્યક શહેરમાં અમુક વિસ્તારો ગંદા વિસ્તારો તરીકે આકાર લેવા લાગ્યા. આ માટે મુખ્યત્વે નીચેના કારણો જવાબદાર છે.

**(1) અતિવસ્તી :** ઝુપડપટ્ટી વિસ્તાર પ્રાથમિક રીતે ગરીબોની સમસ્યા સુચવતો ખ્યાલ છે. ભારતની વધતી જતી વસ્તી માટે જરૂરી હોય એટલા પ્રમાણમાં નવા મકાનોનું નિર્માણ થતુ નથી. મહાનગરોમાં અનેક લોકો ફૂટપાથ પર સૂએ છે અને અનેક લોકો ઝુપડપટ્ટી વિસ્તારમાં વસે છે. આમ ભારતમાં અતિવસ્તીને રહેઠાણનાં મકાનોની કારમી તંગી ઊભી કરી હોવાથી ઝુપડપટ્ટી વિસ્તાર વિકસ્યા છે.

**(2) ગામડામાં જમીન ઉપરનું દબાણ :** ગામડાના લોકોની આજીવિકાનું મુખ્ય સાધન ખેતીની જમીન છે. ખેતીની જમીન મર્યાદિત હોય છે. આથી ખેતી ઉપર નભતા લોકોની વસ્તીમાં વધારો થાય છે. ત્યારે મર્યાદિત જમીન વધારાની વસ્તીને આજીવિકા પૂી પાડવા સમર્થ રહેતી નથી. આથી આવી વસ્તી આજીવિકા માટે શહેરોમાં સ્થળાંતર કરે છે અને શહેરોમાં ઝુપડપટ્ટી વિસ્તારમાં વસવાટ કરવા લાગે છે.

**(3) ઝડપી શહેરી કરણ :** વિદેશોની તુલનામાં ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણના આધારે ભારતમાં શહેરીકરણ ધીમુ દેખાતુ હોવા છતાં ભારતના શહેરોમાં વસ્તિવૃદ્ધિનો જે દર છે. તે વિદેશોનાં શહેરોની વસ્તીવૃદ્ધિના દર કરતાં ઘણાં ઊંચો છે. ભારતમાં જે ઢબે અને જે પ્રમાણમાં શહેરીકરણ થઈ રહ્યું છે અને તેણે જે વિલક્ષણ સામાજિક ઘટનાઓ વિકસાવી છે તે કારણે પશ્ચિમી વિદ્વાનો ભારતના શહેરીકરણને અતિનગરીકરણ કહે છે. એટલે કે ભારતનાં શહેરોનાં વિકાસ, તે શહેરોની આર્થિક, ઔદ્યોગિક અને જરૂરી સેવાઓની ક્ષમતા જીરવી શકે અને નાગરિકોને સગવડ આપી શકે એવી સામગ્રીઓ પૂરી

પાડી શકે તેનાં કરતાં વસ્તીની સંખ્યાની દૃષ્ટિએ ઘણી વધારે ઝડપથી આગેકૂચ કરી રહ્યાં છે. આમ ઝડપી શહેરીકરણ રહેઠાણની તેમજ નાગરીક સુવીધાઓની સમસ્યા ઊભી કરે છે. એટલે ઝુપડપટ્ટી વિસ્તાર ઝડપી શહેરીકરણનું અનિવાર્ય પરિણામ છે.

**(4) ગરીબી અને બેરોજગારી :** ઝુપડપટ્ટી વિસ્તાર ગરીબી અને બેરોજગારીનું ચિત્ર રજૂ કરે છે. તેની સાથોસાથ ઝુપડપટ્ટી વિસ્તાર વિકસાવવામાં ગરીબી અને બેરોજગારી જેવા પરિબળોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ગામડામાં વસ્તીવૃદ્ધિ થતાં ખેતીની જમીન ઉપરનું દબાણ વધે છે. બીજી બાજુ ઉદ્યોગીકરણને લીધે ગામડાંના ગૃહઉદ્યોગો ભાગી પડવાથી રોજીરોટી માટે ગ્રામજનો શહેરમાં સ્થળાંતર કરે છે. આવા લોકોએ પોતાની રહેઠાણની સમસ્યાના ઉકેલરૂપે ઝુપડપટ્ટી વિસ્તાર વિકસાવ્યા છે.

**(5) નિરક્ષરતા :** નિરક્ષરતા ગંદાવસવાટની લાક્ષણિકતા છે. તેની સાથોસાથ લોકો રોથજી રોટી માટે માર્ગદર્શનના અભાવમાં શહેરી ભણી દોટ મૂકે છે. નિરક્ષર ગ્રામજનો અસ્તિત્વ ટકાવી રાખવા શહેરમાં ગમે તે સ્વરૂપની રોજી મેળવવા તૈયાર થાય છે. તેઓ નાગરિક સુવિધાની પરવા કર્યા વિના શહેરોમાં સ્થળાંતર કરી પોતાની રહેઠાણની સમસ્યા હલ કરવા ગંદા વસવાટો ઊભા કરે છે.

**(6) દૂરંદેશીપણાનો અભાવ :** ભારતના મોટા ભાગનાં શહેરો બિનઆયોજિત સ્વરૂપે વિકસતા રહ્યા છે. શહેરની કઈ કઈ જરૂરિયાતો, સગવડો કે સુવિધાઓ પ્રાથમિક છે અને કઈ કઈ જરૂરિયાતો સગવડો કે સુવીધાઓ ગૌણ છે તે વિચારપૂર્વક નક્કી કરવું જરૂરી છે. રહેઠાણની જરૂરિયાત પૂરી પાડયા વિના શહેરને સુંદર બનાવવા પાછળ થતા મોટા ખર્ચ દૂરદેશીપણાનો અભાવ સૂચવે છે. સારીનન એવો અભિપ્રાણ આપે છે કે આપણા પૂર્વજોના દૂરદેશીપતાના અભાવમાં શહેરોનો વિકાસ બિન આયોજિત સ્વરૂપે અને ભૂલ ભરેલી રીતે થયો છે. જો તેઓને શહેરોના વિકાસનો યોગ્ય પાયો નાખ્યો હોત તો આજે આપણી સમસ્યાઓ ઘણી સાદી અને સરળ હોત.

**(7) ઉદ્યોગીકરણ :** ઝુપડપટ્ટી વિસ્તાર ઉદ્યાગીકરણ અને કહેરીકરણની સંયુક્ત પેદાશ છે. જોકે ઔદ્યોગિક ક્રાંતિ પહેલા પણ ઝુપડપટ્ટી વિસ્તાર અસ્તિત્વ ધરાવતા હતા. પરંતુ ઔદયોગિક ક્રાંતિ પછી થયેલા ઝડપી ઉદ્યોગીકરણે ઝુપડપટ્ટી વિસ્તાર વિકસાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. કારખાનાનાં વિસ્તારોમાં અને મોટા ઉદ્યોગોની આસપાસ ગંદા વસવાટો વિકસી આવે છે. શહેરીકરણ અને ઉદ્યોગીકરણ સાથે ગંદા વસવાદ એવી રીતે સંકળાયેલા છે કે ચંદીગઢ જેવા આયોજિત શહેરમાં પણ તે જેવા મળતા હતા. શહેરના ઝુપડપટ્ટી વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર પૂરતા સીમિત નથી. પરંતુ બિનઔદ્યોગિક વિસ્તારમાં પણ જોવા મળે છે. આમ છતાં ઔદ્યોગિક વિસ્તારોમાં ઝુપડપટ્ટી વિસ્તારની સમસ્યા વધુ તીવ્ર હોય છે.

નેલ્સ એન્ડરસન ગંદાવસવાટનો ખ્યાલ વર્ણવતા નોંધ છે. તેમ ગીચવસ્તી અધઃપતનવાળી પરિસ્થિતિ ગંદકીનો નિકાલ કરવાની વ્યવસ્થાનો અભાવ અને આવી અનેક બાબતોને કારણે જોખમાતુ આરોગ્ય તથા ભયમાં મુકાતી માણસોની જિંદગી અને નીતિમત્તા વિહીન વાતાવરણ જયાં હોય તેવું રહેઠાણ, તેવા રહેઠાણોનો સમૂહ અગર લત્તો એટલે ગંદાવસવાટ.

આમ ગંદા વસવાટો એટલે શહેરોમાં વિકસેલા નિમ્નતમ કક્ષાના વસવાટ વિસ્તારો છે કે જેમાં શહેરના ગરીબ લોકો રહેઠાણની સમસ્યાથી પીડાય છે અને જયાં સામાન્ય નાગરિક

સુવિધાઓનો અભાવ હોય છે અથવા આવી સુવિધાઓ અલ્પતમ હોય છે.

## 6.6 શહેરી ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન :

દૈનિક અહેવાલ લેખનનું માળખુ

(1) અહેવાલ નંબર

(2) તારીખ

(3) વાર

(4) સમય

(5) સ્થળ

(6) હેતુ

(7) કાર્યપ્રક્રિયા

(8) સ્વમૂલ્યાંકન

(9) ભાવિ આયોજન

**દૈનિક અહેવાલનું માળખુ**

અહેવાલ નંબર .................

તારીખ :........................

વાર :..........................

સમય :..........................

સ્થળ :..........................

હેતુ :

કાર્ય પ્રક્રિયા :

સ્વ મૂલ્યાંકન :

ભાવિ આયોજન

## 6.7 દૈનિક અહેવાલ લેખનની સમજૂતી :

શહેરી ક્ષેત્રકાર્ય અને ગ્રામીણ ક્ષેત્રકાર્ય બંનેમાં બહુ મોટો તફાવત નથી બનેમાં માત્ર વિસ્તાર જુદો છે અને સમુદાય જુદા છે ગામડામાં ગ્રામીણ સમુદાય છે અને શહેરમાં શહેરી સમુદાય છે. તેમ છતાં બંને સમુદાયના પોતાના પ્રશ્નો/સમસ્યાઓ, તેમજ સ્થાનિક સામાજિક રાજકીય વગેરે પરિસ્થિતિ જુદી હોવાને કારણે આપણે અહીં શહેરી સમુદાયને ક્ષેત્રકાર્ય સંદર્ભમાં એક વિશિષ્ટ સમુદાય તરીકે સમજવાનો પ્રયાસ કરીશું

સમાજકાર્યની કોલેજોમાં અઠવાડિયાના બે અથવા ત્રણ દિવસ ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવે છે. UGC ના નિયમ પ્રમાણે અઠવાડિયાના ૧૫ કલાક ક્ષેત્રકાર્ય વિદ્યાર્થીઓએ કરવાનું થાય છે. જેને આપણે બે અથવા ત્રણદિવસમાં વિભાજિત કરી શકીએ અને ઘણીવાર કુલ કલાકો થઈ જાય તે રીતે સળંગ ૩૦ થી ૩૫ દિવસનું ક્ષેત્રકાર્ય પણ કરતાં હોય છે. શહેરી ક્ષેત્રકાર્યનો અહેવાલ વિદ્યાર્થીએ તેના માર્ગદર્શકને લેખિત સ્વરૂપ આપવાનો હોય છે. અહેવાલ લેખનના માળખામાં આપાવમાં આવેલ વિવિધ મુદ્દાઓની અહીં આપણે વિગતવાર સમજૂતી મેળવીએ.

**અહેવાલ નંબર :**

અહેવાલ નંબર એ અહેવાલ માટે આપવામાં આવેલ ક્રમ છે. સામાજિક કાર્યકર્તા પ્રથમ વખત ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવેલ શહેરી વિસ્તારમાંજાય છે. ત્યારે તે પ્રથમ અહેવાલ લખે છે. જેને અહેવાલ નંબર-૧ આપી શકાય આમ વિદ્યાર્થી કાર્યકર્તા જેમ જેમ ક્ષેત્રકાર્યના ફાળવેલા દિવસો દરમ્યાન ક્ષેત્રકાર્ય વિસ્તારની મુલાકાત લે છે તેમ ક્રમ બદ્ધ રીતે અહેવાલ નંબર ૧...૨,...૩...૪ આપવો જોઈએ ક્ષેત્રકાર્યના ફાળવેલા દિવસો દરમ્યાન જો વિદ્યાર્થી ક્ષેત્રકાર્ય માટે જઈ શકતો નથી તો તેણે જે તે દિવસનો રજા રીપોર્ટ અહેવાલ નંબરના ક્રમ વિક્ષેપ પડયા વગર વચ્ચે મૂકી દેવો. જેથી માર્ગદર્શક જ્યારે અહેવાલની ચકાસણી કરે ત્યારે તેઓ વિદ્યાર્થીની રજા અંગેની વિગત સાથે સાથે મેળવી લે. ટૂકમાં રજા રિપોર્ટ કે સંસ્થા કે વિભાગમાં કાર્યકર્મ હોય તો અંગેની નોંધ રિપોર્ટમાં મૂકવી પણ તેને અહેવાલ નંબર આપવો નહિ. કારણે કે આ ફિલ્ડવર્કની કામગીરી નથી પણ આ દિવસે તમે કયાં હતાં તે અંગેની જાણકારી માટે આ વિગત અગત્યતા બની જાય છે.

**તારીખ અને વાર :**

દરેક અહેવાલ બિડાણ-૧ માં જણાવેલ મળખાં પ્રમાણે લખવાનો હોય છે. વિદ્યાર્થી જે દિવસે ક્ષેત્ર કાર્ય માટે ફાળવવામાં આવેલ શહેરી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે જાય છે. તે દિવસની તારીખ અને વાર અહી લખવાના હોય છે.

**સમય :**

વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્ય માટેના વિસ્તારમાં પહોંચે તેમજ પોતાની કામગીરી કે પુર્ણ કરીને જે તે વિસ્તારમાંથી બહાર નીકળે ત્યાં સુધીનો સમય અહીં લખવાનો હોય છે. ઉદાહરણ તરીકે મહેશ ઘરેથી સવારે ૧૦ કલાકે નીકળે છે. તે બસ સ્ટેશન પર ૧૫ મિનીટ બસની રાહ જુવે છે. બસ આવ્યા પછી ૩૦ મિનીટ બસમાં મુસાફરી કરે છે. બસમાંથી ઉતરીને ક્ષેત્રકાર્ય માટેના વિસ્તારમાં પહોંચતા પહેલા પોતાના અન્ય સાથી મિત્રોની ૧૦ મિનિટ રાહ જવે છે મિત્રો આવ્યા પછી તે પોતાના ફિલ્ડ વિસ્તારની મુલાકાત માટે જાય છે. આમ અહી બસમાં મુસાફરી તેમજ મિત્રોની રાહ જોવા માટે વિતાવેલ સમય એ ક્ષેત્રકાર્ય નથી. તેથી મહેશના

ગામમાં પ્રવેશતા પહેલાના ૫૫ મિનિટ સમય ક્ષેત્રકાર્ય માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. પરંતુ ક્ષેત્રકાર્ય માટે જવાનો સમય અને આવવાનો સમય અહેવાલ લેખનનો સમય વગેરે મુદ્દાને નોંધવા જોઈએ. આ મુદ્દાને સમય સારણીમાં ઉલ્લેખ કરવા જોઈએ જેથી સમય અંગે આપણને વધારે ખ્યાલ આવી શકે. ક્ષેત્રકાર્ય માટે ફાળવવામાં આવેલ શહેરી વિસ્તારમાં પછી કામગીરી માટે પ્રસાર કરેલ સમય જ અહીં જ ક્ષેત્રકાર્યના સમય તરીકે ગણવામાં આવશે.

**સ્થળ :**

શહેરી ક્ષેત્રકાર્ય માટે વિદ્યાર્થીને કોઈ ચોક્કસ વિસ્તાર ફાળવવામાં આવેલ હોય છે. તેથી તેના ક્ષેત્રકાર્યનું મુખ્ય સ્થળ શહેરનો જે તે વિસ્તાર છે. જેમકે અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલ સોનાની ચાલીમાં વિદ્યાર્થી ક્ષેત્રકાર્ય કરે છે તો તે તેનું ક્ષેત્રકાર્ય સ્થળ ગણાશે પરંતુ ક્ષેત્રકાર્યને કામગીરી સંદર્ભમાં વિદ્યાર્થી જુદી જુદી જગ્યાએ જાય છે. જેમકે કોઈ દિવસ જીલ્લા પંચાયતની મુલાકાત લે છે. અથવા સમાજ કલ્યાણ વિભાગની મુલાકાત લે છે ત્યારે તે દિવસ પુરતુ તેણે જે સ્થળની મુલાકાત લીધી હોય તેને સ્થળ તરીકે દર્શાવી શકે છે.

**હેતુ :**

ક્ષેત્રકાર્યના દરેક દિવસે વિદ્યાર્થી કાર્યકર્તાએ તે શા માટે ક્ષેત્રકાર્ય માટે જઈ રહ્યો છે ? આજે ક્ષેત્રકાર્યમાં જઈને શુ કામગીરી કરવાની છે ? કોને મળવાનું છે ? કઈ કઈ પ્રવૃત્તિ હાથ ધરવાની છે ? તેની સ્પષ્ટતા માટે ક્ષેત્રકાર્ય માટે જતા પહેલા પોતાના ક્ષેત્રકાર્યમાં જવાનો હેતુ નક્કી કરી લેવાનો હોય છે.

કેટલીક વાર એવું બને છે કે જે હેતુ નક્કી કરીને ક્ષેત્રકાર્ય માટે ગયા હોઈએ એ હેતુ પૂર્ણ ના થઈ શકે ઉદાહરણ તરીકે UCD વિભાગમાં જઈને કાર્યરત સરકારી યોજનાઓ વિશે માહિતી મેળવવી - આ પ્રમો હેતુ નક્કી કર્યો હોય પણ UCD (શહેરી વિકાસ વિભાગ) ની ઓફિસમાં પહોંચ્યા પછી ખ્યાલ આવે છે કે સાહેબ ત્ત્યના કામથી બહાર ગયા હોવાથી આજે ઓફિસે મળી શકશે નહિ. - આવા સંજોગોમાં વિદ્યાર્થી કાર્યકર્તાઓ તાત્કાલિક એ દિવસ માટેની કામગીરી ગોઠવી લેવી જોઈએ. જેમકે, UCD ના અધિકારીની મુલાકાત થઈ શકે એમ નથી ત્યારે અન્ય કોઈ કામગીરી ગોઠવી લેવી જોઈએ.

આમ જ્યારે, વિદ્યાર્થી કાર્યકર્તાને લાગે કે પોતે નક્કી કરેલ હેતુ પૂર્ણ થાય એમ નથી ત્યારે તાત્કાલિક કોઈ ની પ્રવૃત્તિ ગોઠવી લેવી જોઈએ. પરંતુ કયારેય કામગીરી કર્યા વગર ક્ષેત્રકાર્યમાંથી પાછા ન આવવું કે રજા ન પાડવી જોઈએ.

**કાર્યપ્રક્રિયા :**

કાર્યપ્રક્રિયાના મુદ્દામાં વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્ય વિસ્તારમાં પ્રવેશે તેમજ ક્ષેત્રકાર્ય પૂર્ણ કરીને પરત નીકળે તે સમય દરમ્યાન તેણે જે કોઈ પ્રવૃત્તિ કરી છે તેની વિગતવાર નોંધ આ મુદ્દામાં લખવાની હોય છે. જેમકે ક્ષેત્રકાર્યના ચાલી (સ્લમ્સ) વિસ્તારમાં ગયા પછી સ્થાનિક આગેવાનની મુલાકાત કરી હોય, શાળાના આચાર્ય સાથે કાર્યક્રમ ગોઠવવા બાબત ચર્ચા થઈ હોય, ત્યારબાદ સ્થાનિક લોકો સાથે બેઠક કરી હોય અને છેલ્લે UGC સેન્ટરના આરોગ્ય કાર્યકર સાથે સ્થાનિક વિસ્તારમાં આરોગ્ય બાબતે શુ કામગીરી કરી શકાય તેની ચર્ચા થયા પછી વિદ્યાર્થી કાર્યકર્તા ક્ષેત્રકાર્યના ચાલી વિસ્તારમાંથી પોતાના ઘરે કે હોસ્ટેલ પર પરત આવવા માટે ગામમાંથી વિદાય લે છે. - આમ આ સમગ્ર કામગીરી વ્યવસ્થિત રીતે પોતાના દૈનિક અહેવાલના કાર્યપ્રક્રિયાના મુદ્દામાં લખવી જોઈએ. ક્ષેત્રકાર્ય માટેના ગામમાં પહોંચ્યા પછી તેમજ મિત્રો

ક્ષેત્રકાર્ય માટેના ગામમાં પહોચ્યા પછી તેમજ મિત્રો સાથે કયાંક રોકાઈને ચા-પાણી પીધા, મિત્રોએ ગામમાં પહોંચ્યા પછી પોતાના બસના મુસાફરી દરમ્યાન થયેલ અનુભવની વાતો કરી હોય તમે મોટર સાયકલ લઈને ક્ષેત્રકાર્ય માટે જતા હોવ અને તમારું કયારેક બાઈક પંચા પડયું હોય અ આવી અંગત બાબતોની ચર્ચા અહેવાલમાં કરવી નહિ.

**સ્વ મૂલ્યાકન :**

સ્વ મૂલ્યાંકન એટલે કે વિદ્યાર્થી કાર્યકર્તાએ ક્ષેત્રકાર્ય દરમ્યાન જે અનુભવ કર્યા તેમાં તેને શું સારું લાગ્યું ? શું આયોગ્ય લાગ્યું ? સ્થાનિક લોકોની સ્થિતિ વિશે તેના મનમાં શું ધારણા બંધાઇ ? સરકારી યોજનાના અમલીકરણ વિશે જે માહિતી મળી છે તેના આધારે સરકારી યોજના વિશે વિદ્યાર્થી કાર્યકર્તા પોતે શું વિચાર છે ? આમ ક્ષેત્રકાર્ય દરમ્યાન થયેલ વિવિધ અનુભવોની મુલવણી વિદ્યાર્થી કઇ રીતે કરે છે. તેની વિગત સ્વ મૂલ્યાંકનમાં લખવાની હોય છે.

સ્વ મૂલ્યાંકન એ દૈનિક અહેવાલ લેખનમાં ખૂબ અગત્યનો મુદ્દો છે. ક્ષેત્રકાય માટે એકસાથે ચાલી વિસ્તારમાં જતા પાંચ મિત્રોની ''કાર્યપ્રક્રિયા'' સમાન હોઇ શકે. કારણ કે તેઓ બધીજ મુલાકાતો સમયે સાથ રહ્યા છે. તેમ છતાં દરેક વિદ્યાર્થી કાર્યકર્તાનું સ્વ મૂલ્યાંકન વિશિષ્ટ અને જુદું હોઇ શકે. કારણ કે દરેક વિદ્યાર્થી ઘટનાને જુદી જુદી રીતે જીવે છે. જુદી રીતે મૂલવે છે.

વિદ્યાર્થી એ પોતે સમાજકાર્યની કઇ પદ્ધાતિ પ્રમાણે કામ કર્યું ? તેને કામ કરવામા સમાજકાર્યના મૂલ્યો સિદ્ધાંતો, તેમજ અન્ય સૈધાંતિક બાબતો ઉપયોગી બની શકે છે તેની ચર્ચા સ્વ મૂલ્યાંકનમાં કરવી જોઇએ.

સ્વ મૂલ્યાંકનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થી ખરેખર સમાજકાર્યના સૈધાંતિક જ્ઞાનને સમજી શક્યો છે.? તે વર્ગખંડમાં અભ્યાસ કરેલ બાબતોને ક્ષેત્રકાર્ય દરમ્યાન અમલમાં મૂકી શક્યો છે? તેન સામાજીક બાબતોને વૈજ્ઞાનિક રીતે જોવાની દ્રષ્ટિ વિકસી છે ? તે સમાજકાર્યના જ્ઞાન કુશળતા મૂલ્યો પ્રમાણે વર્તન વ્યવહાર કરતો થયો છે. વગેરે બાબતો સ્વ મૂલ્યાંકનમાં ધ્યાનમાં લેવામાં આવે છે.

**ભાવી આયોજન**

ભાવી આયોજન શબ્દ પ્રમાણે ભવિષ્યમાં કરવાના કામ માટેનું આયોજન છે. વિદ્યાર્થી કાર્યકર્તા દરમ્યાન આજે જે કામગીરી પૂર્ણ કરે છે તે પછ આવતીકાલે અથવા ત્યારબાદ જ્યારે પણ તે કાર્યક્ષેત્ર માટેના વિસ્તારમાં જશે ત્યારે તેણે શું કરવાનું છે ? તેની વિચારણા વિદ્યાર્થી કાર્યકર્તાએ કરી લેવાની હોય છે. તેમજ તેની લેખિત નોંધ અહી ભાવિ આયોજનના મુદ્દામાં લખવાની હોય છે.

ભાવિ આયોજન એ બીજા દિવસના ક્ષેત્રકાર્ય માટેના હેતુ બની શકે છે. ભાવિ આયોજન મુજબ બીજા દિવસે ક્ષેત્રકાર્યમાં જઈએ ત્યારે ભાવિ આયોજન મુજબ કામ થાય જ તે શક્ય નથી. જેમકે ઉદાહરણ તરીકે બીજા દિવસે સ્થાનિક આગેવાનની મુલાકાત લેવાનું ભાવિ આયોજન નક્કી કર્યું હોય, બે દિવસ પહેલા તમારી મુલાકાત બાબત ચૃચા પણ કરી હોય તેમ છતાં તમે જયારે ચાલી વિસ્તારમાં જાવ છો ત્યારે સ્થાનિક આગેવાન અગત્યની મીટીંગ આવતા તે તમને મળી શકતા નથી અ આમ ઘણીવાર ભાવિ આયોજન મુજબ કામ ના થાય એવું પણ બની શકેછે. આવી પરિસ્થિતિમાં ક્ષેત્રકાર્ય માટેના વિસ્તારમાંથી ક્યારેય પરત ન આવું પણ તાત્કાલિક ધોરણે શુ પ્રવૃત્તિ ગોઠવી શકાય તેની ચર્ચા સાથી મિત્રો સાથે કરીને ક્ષેત્રકાર્ય માટેની

અન્ય કામગીરી ગોઠવી લેવી. જોઈએ.

સત્ર પુરુ થવાનું હોય ત્યારે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ક્ષેત્રકાર્ય માટેની મૌખિક ટેસ્ટ (વાઈવા)નું આયોજન કરવામાં આવેછે ત્યારે વિદ્યાર્થી કાર્યકર્તાએ પોતાના બધા જ દૈનિક અહેવાલ તેમજ ક્ષેત્રકાર્ય વિસ્તારની વિગતવાર માહીતી દર્શાવતી એરિયા પ્રોફાઈલ બનાવીને રજૂ કરવાની હોય છે. તેમજ પ્રથમ સત્ર દરમ્યાન જે કામગીરી કરીને છે. તેના કામના કલાકોની ગણતરી કરીને સમય સારણી રજૂ કરવાની હોય છે. અહીં એરિયા પ્રોફાઈના મુદ્દા તેમજ સમય સારણી માર્ગદશન માટે રજૂ કરવામાં આવેલ છે. અહીં આપેલ મુદ્દા માત્ર માર્ગદર્શન માટે છે, વિદ્યાર્થી પોતાના ક્ષેત્રકાર્ય વિસ્તારની સ્થિતિ તેમજ માર્ગદર્શક સાથે ચર્ચા કરીને પોતાના કામના સંદર્ભમાં મુદ્દાઓમાં પરિવર્તન કરી શકે છે.

એરિયા પ્રોફાઈના મુદ્દાઓ :

- સ્થાનિક વિસ્તારની ઐતિહાસિક વિગત
- સ્થાનિક વિસ્તારનો નકશો (વિદ્યાર્થીએ જાતે બનાવેલ)
- સ્થાનિક વિસ્તારની સામાજિક સ્થિતિ - (જ્ઞાતિ, કુટુંબ, જ્ઞાતિના આગેવાનો, ઊંચ-નીંચ સ્તરીકરણ વગેરે)
- સ્થાનિક વિસ્તારની આર્થિક સ્થિતિ- (આવકના સ્ત્રોતો, બેરોજગારીની સ્થિતિ, સરકારી યોજનાઓનું અમલીકરણ વગેરે)
- સ્થાનિક વિસ્તારની સંસ્કૃતિક સ્થિતિ - ધાર્મિક તહેવારોની ઉજવણી, મેળાઓ, રીત-રિવાજો, કોઈ વિશિષ્ટ પરંપરા (જો હોય તો) રહેણીકરણી, પહેરવેશ ખાવા-પીવાની ટેવો, જન્મ-મરણ અને લગ્ન અંગેની વિધિઓ અને સંસ્કાર)
- વિદ્યાર્થીએ કરેલ નિરીક્ષણ
- સ્થાનિક સ્તિારમાં જોવા મળેલ વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાઓ
- સ્થાનિક વિસ્તારના વિકાસ અને સમસ્યા નિવારણ માટેનું વિદ્યાર્થી કાર્યકર્તાનું આયોજન
- સમય સારણી

સમય સારણી

| અહેવાલ ક્રમ | તારીખ | વાર | હેતુ | જવાનો સમય | આવવાનો સમય | ક્ષેત્રકાર્યનો સમય | કામના કલાકો | માર્ગદર્શકની સહી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | કુલ સમય (કલાકમાં) | | | | | |

નોંધ : જરૂર જણાય તો બીજા પેજ ઉમેરવા

## 6.8 ઉપસંહાર

આમ શહેરી વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરવા માટે શહેરી વિસ્તારની સામાજિક આર્થિક પરિસ્થિતિ, વ્યક્તિ, જૂથ અને સમુદાય વચ્ચેના સામાજિક સંબંધો, શહેરી સમુદાયમાં કાર્યરત, અપૌચારિક અને અનૌપચારીક સંસ્થા, સરકારી એજનઢસીએની કામગીરી, ગંદા વસવાટોનીની સમસ્યાઆ તેમની જરૂરિયાતો, મુશ્કેલીઓ જીવન સંઘર્ષ, જીવનની ગુણવત્તા વગેરે બાબત અંગે પ્રથમ તબક્કે માહીતી મેળવવી જોઈએ શહેરી ક્ષેત્રકાર્ય દરમ્યાન કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવી તેની વિગત શહેરી ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન ભાગ-૨માં આપને મી રહેશે.

શહેરી વિસ્તારના પ્રથમ ક્ષેત્રકાર્યમાં વિસ્તારનો પરિચય મેળવવો તેમજ બીજા સત્ર દરમ્યાન શું કામગીરી કરી શકાય તે માટેનું આયોજન કરવાનું હોય છે.

## 6.9 તમારી પ્રગતિ ચકાસો

(1) શહેરી સમુદાયની વિશેષતા જણાવો

(A) ઔપચારિક સંબંધો (B) ગંદા વસવાટ

(C) આજીવિકામાં વિવિધતા (C) ઉપરોક્ત બધા

(2) ગંદા વસવાટોની લાક્ષણિકતાઓ જણાવો

(A) વસ્તી ગીચતા (B) સુવિધા વગરના આવાસો

(C) A અને B બંને (C) એકપણ નહિ

(3) શહેરોમાં ઝુપડપટ્ટી વિકસાવવાના કારણો જણાવો

(A) અતિ વસ્તી (B) ઝડપી શહેરીકરણ

(C) A અને B બંને (C) એકપણ નહિ

(4) સામાજિક કાર્યકર્તાએ શહેરી સમુદાયના વિકાસ માટે કયા વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

(A) પાણી પુરવઠા વિભાગ (B) રોડ અને બાંધકામ વિભાગ

(C) શહેરી વિકાસ વિભાગ (C) ઉપરોક્ત એકપણ નહિ

## 6.10 ચાવીરૂપ શબ્દો

- શહેરી વિસ્તાર

  જે વિસ્તારમાં વસવાટ કરતી વસ્તીનું કદ મોટું હોય અને વસ્તીની ઘનતા વધુ હોય તેમજ મોટાભાગની વસ્તી બિનકૃષિ વ્યવસાયોમાં રોકાયેલી હોય અને વસ્તીમાં અનેકવિધતા હોય તેવા વિસ્તારને નગર કે શહેરી વિસ્તાર કહેવાય.

- સમુદાય વિકાસ વિભાગ

  મહાનગરપાલિકા અંતર્ગત આવતો સરકારી વિભાગ છે. જે શહેરી લોકોનો સર્વે કરીને વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે.

- શહેરી સમાજકાર્ય

  સમાજકાર્યની સ્નાતક કે અનુસ્નાતકની પદવીના ભાગરૂપ વિદ્યાર્થી કાર્યકર્તા દ્વારા શહેરના પછાત વિસ્તારોમાં જઈને કરવામાં આવતુ વ્યાવસાયિક કાર્ય એટલે શહેરી ક્ષેત્રકાર્ય

## 6.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) (D) ઉપરક્ત બધા

(2) (3) A અને B બંને

(3) (3) A અને B બંને

(4) (C) શહેરી વિકાસ વિભાગ

## 6.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- તમારા ક્ષેત્રકાર્યના વિસ્તારનું સામાજીક આર્થિક સર્વેક્ષણ કરો
- તમારા ક્ષેત્રકાર્ય વિસ્તારનો નકશો તૈયાર કરો
- તમારી કોલેજ નજીક આવેલ ઝુપડપટ્ટી વિસ્તારની મુલાકાત લો
- શહેરી સમુદાય વિકાસ વિભાગની મુલાકાત લઈને તેની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવો

- નગરપાલિકા અને મહાનગરપાલિકા વિશે માહિતી મેળવો.

## 6.13 સંદર્ભ ગ્રંથો


(1) S. Subedar (2014) Filed work training in Social Work, Rawat Publication, Jaipur

(2) Methyu (1999) Field work Menual, Tata institute of Social Sciences, Mumbai

(3) Field Work Menual - Udaipur School of Social Work

(4) પટેલ આનંદી (૨૦૧૪) વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યાવસાયિક અભિવૃદ્ધિ પ્રકાશન, અમદાવાદ

(5) ચાવડા ગીતા (૨૦૦૭) વ્યાવસાયિક સમાજકાર્ય, લોકનિકેતન પ્રકાશન, રતનપુર

(6) દવે જે. (૨૦૧૪) નગર સમાજશાસ્ત્ર, અનડા પ્રકાશન અમદાવાદ

(7) દવે જે. (૨૦૧૪) ભારતીય સમાજનું સમાજનું માળખુ, અનડા પ્રકાશન, અમદાવાદ

(8) દવે જે. (૨૦૧૪) ભારતીય સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ